Downloaded from https:// www.studiestoday.com

# ગુજરાતી

## (સાહિત્ય)

## ધોરણ 12

માધ્યમિક શિક્ષણ બૉર્ડ-રાજસ્થાન, અજમેર

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# પાઠ્યપુસ્તક નિર્માણ સમિતિ

## ગુજરાતી, સાહિત્ય, ધોરણ - 12


**સંયોજક**

**ડૉ. અશોક પટેલ - એમ.એ., એમ.એડ્. , પીએચ.ડી.**
એસોસિયેટ પ્રોફેસર, એસ.યુ.જી. કૉલેજ ઑફ ઍજ્યુકેશન, વાસણા, અમદાવાદ.

**વિષયનિષ્ણાત**

**ડૉ. યોગેન્દ્ર વ્યાસ - એમ.એ., પીએચ.ડી.**
પૂર્વ નિયામક, ભાષા સાહિત્યભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

**સંપાદક**

1. **ડૉ. જગદીશભાઈ મહિડા - એમ.એ., એમ.એડ્., પીએચ.ડી.**
   એસોસિયેટ પ્રોફેસર, એસ.યુ.જી. કૉલેજ ઑફ ઍજ્યુકેશન, વાસણા, અમદાવાદ.
2. **ડૉ. પી.જે.પટેલ - એમ.એ., બી.એડ્., પીએચ.ડી.**
   પ્રિન્સિપાલ અને ડીન, આર્ટ્સ ડિપાર્ટમેન્ટ
   નોર્થ ગુજરાત યુનિવર્સિટી.
3. **ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ - એમ.એ., એમ.એડ્., પીએચ.ડી.**
   ભૂ. પ્રિન્સિપાલ, ઉપાસના હાયરસેકન્ડરી સ્કૂલ, અમદાવાદ.
4. **શ્રીમતી રઝિયા કબાન - એમ.એ., બી.એડ્.**
   છીપા વેલ્ફેર ગર્લ્સ હાયરસેકન્ડરી સ્કૂલ, જમાલપુર, અમદાવાદ.


## આભાર


સંપાદક મંડળ અને માધ્યમિક શિક્ષણ બૉર્ડ-અજમેર, એ બધા લેખકો પ્રત્યે આભાર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે કે, જેમના મૂલ્યવાન વિચારો અને સર્જન આ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કરેલ છે.

આ પાઠ્યપુસ્તકમાં મુદ્રિત સમગ્ર વિષયવસ્તુનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવેલ છે, છતાં પણ વિષયવસ્તુનો કોઈ ભાગ કે અંશ ભૂલથી પણ સમાવિષ્ટ થયો ન હોય તો તેના માટે સંપાદક મંડળ ખેદ વ્યક્ત કરે છે. આવી બાકી કોઈપણ વિગત કે વિષયવસ્તુ પ્રત્યે જો ધ્યાન દોરવામાં આવશે તો અમે એનો સહર્ષ સ્વીકાર કરીશું.


Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# બે શબ્દ

શિક્ષણ પ્રતિમાનના ઉદ્દેશ્યની પૂર્તિ માટે પાઠ્યપુસ્તકની અનિવાર્યતાને નકારી શકાય નહીં. અધ્યાપનને પ્રભાવશાળી બનાવવા તેમજ વિદ્યાર્થીના વ્યવહારનું સંવર્ધન કરવા, મૂલ્યાંકન કરવા પાઠ્યપુસ્તક એક આધાર સ્તંભ બની રહે છે. અર્થાત્ પાઠ્યપુસ્તક એ સાધન છે. જે દ્વારા સાધ્યને સાધી શકાય છે. આજના ટેકનોલોજીના યુગમાં પણ આ સાધનની અનિવાર્યતા-ઉપયોગીતા એવી ને એવી જ અકબંધ રહી છે. તેને ઉપેક્ષી શકાય નહીં.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં માધ્યમિક શિક્ષણ બૉર્ડના પાઠ્યક્રમમાં રાજસ્થાનની ભાષાકીય અને સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકાના પ્રતિનિધિત્વનો અભાવ અનુભવાતો હતો. રાજસ્થાની ભાષા અને સંસ્કૃતિનું ગૌરવ વધે તે દૃષ્ટિકોણ પાઠ્યક્રમ રચના વખતે નજર સમક્ષ રાખ્યો છે. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખતાં રાજ્ય સરકાર દ્વારા ધો.9 થી 12 સુધીના વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ બૉર્ડ-રાજસ્થાન, અજમેર દ્વારા પોતાના પાઠ્યક્રમનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. તે મુજબ બૉર્ડ દ્વારા શિક્ષણ સત્ર 2017-18થી ધોરણ 10 અને 12નાં પાઠ્યપુસ્તકો બૉર્ડ દ્વારા નિર્ધારિત પાઠ્યક્રમના આધારે તૈયાર કરવામાં આવ્યાં છે. આશા છે કે, આ પુસ્તકો વિદ્યાર્થીઓમાં મૌલિક વિચાર, ચિંતન અને અભિવ્યક્તિ માટેની પૂરતી તકો પૂરી પાડશે.

**પ્રો. બી.એલ.ચૌધરી**
**અધ્યક્ષ**
**માધ્યમિક શિક્ષણ બૉર્ડ, રાજસ્થાન, અજમેર**

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ભૂમિકા

પ્રસ્તુત પુસ્તક 'ગુજરાતી સાહિત્ય' ધોરણ - 12ના વિદ્યાર્થીઓના અધ્યયન-અધ્યાપન માટે માધ્યમિક શિક્ષણ બૉર્ડ-રાજસ્થાન દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ પાઠ્યપુસ્તકની અનેક વિશેષતાને કારણે તેને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતા હર્ષની લાગણી અનુભવાય છે. આ પાઠ્યપુસ્તક એ વિદ્યાર્થીઓની વયકક્ષા, સમાજની અપેક્ષાઓ, રાષ્ટ્રીય આકાંક્ષાઓ અને ભાષા કૌશલ્યોને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલ છે.

ગુજરાતી ભાષાના વ્યાવહારિક વપરાશનો વિકાસ થાય તે પાઠ્યપુસ્તકનો મુખ્ય હેતુ છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે પાઠ્યપુસ્તક ઉપયોગી સાધન છે. પાઠ્યપુસ્તકમાં સમય, સ્વરૂપ અને લેખન શૈલીને ધ્યાનમાં રાખી ગદ્ય, પદ્ય અને વ્યાકરણનો સમાવેશ કરેલ છે. દરેક કૃતિની શરૂઆતમાં જે તે કૃતિના કર્તાનો અને કૃતિનો ટૂંકમાં પરિચય આપેલ છે. તદ્ઉપરાંત કૃતિનું જે સાહિત્ય સ્વરૂપ વિદ્યાર્થીઓ ભણવાના છે તેનાથી વિદ્યાર્થીઓ સામાન્ય પ્રમાણમાં પરિચિત થાય તેને ધ્યાનમાં રાખીને સાહિત્યના સ્વરૂપનો પરિચય પણ કૃતિની સાથે આપેલ છે.

વિદ્યાર્થી કૃતિને સરળતાથી સમજી શકે તે માટે કૃતિમાં આવતા અપરિચિત શબ્દો જે તે કૃતિના અંતે 'ટિપ્પણ'માં આપેલ છે. વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા માટે તેમજ તેના સ્વઅધ્યયન માટે દરેક કૃતિની સાથે સ્વાધ્યાય આપેલ છે. આ પાઠ્યપુસ્તકની અનેક વિશેષતામાંની ધ્યાનાકર્ષક વિશેષતા જો હોય તો તે છે - કૃતિના અંતે આપવામાં આવેલ 'આટલું કરો' દ્વારા થતી ભાષાસજ્જતા. અહીં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવી છે કે જેનાથી વિદ્યાર્થી સરળતાથી ભાષા શીખે, સમાજજીવનને જાણે, સામાજિક પ્રવૃત્તિ કરવા પ્રેરાય. સાહિત્યને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીએ શીખવું જોઈતું વ્યાકરણ યોગ્ય જગ્યાએ કૃતિના અંતે આપેલ છે.

આ પાઠ્યક્રમમાં ભાષા અધ્યયન, ભાષા વિકાસની સાથોસાથ ભાષાના વ્યાવહારિક વપરાશને નજર સમક્ષ રાખવામાં આવ્યો છે. આ પાઠ્યપુસ્તકમાં વિવિધ પ્રકારની સાહિત્યકૃતિઓનો સમાવેશ કરેલ છે. ખાસ કરીને રાજસ્થાની ભાષા અને ભવ્ય સાંસ્કૃતિક, ભૌગોલિક વારસાને પ્રગટ કરતી કૃતિઓને પણ સ્થાન આપ્યું છે. જેથી વિદ્યાર્થીઓમાં ભાષા વિકાસની સાથોસાથ સંસ્કૃતિ અને કળાના વારસાનો મહિમા થાય, કુટુંબપ્રેમ, રાષ્ટ્રપ્રેમ, પ્રકૃતિપ્રેમ, પશુ-પક્ષીપ્રેમ, બંધુત્વની ભાવના, સ્વચ્છતા જેવાં અનેક મૂલ્યો વિકસે.

સંપાદક મંડળે પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી, વ્યવહારુ અને ક્ષતિ રહિત બનાવવાની પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં જો કોઈ ક્ષતિ કે ખામી રહી ગઈ હોય તો તે માટે સંપાદક મંડળ દિલગીરી વ્યક્ત કરે છે. ઉપરાંત જો કોઈ અભ્યાસીના ધ્યાનમાં આ પાઠ્યપુસ્તકની કોઈ ભૂલ કે ખામી આવે તો તે પ્રત્યે અમારું ધ્યાન દોરે તેવી નમ્ર વિનંતી છે. અભ્યાસીઓના આવા પ્રયત્નોને અમે સહર્ષ સ્વીકારીશું.

સંપાદક મંડળ

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અનુક્રમણિકા



| ક્રમ | વિગત | કૃતિનો પ્રકાર | કર્તા | પાના.નં. |
|---|---|---|---|---|
| | | **પદ્ય** | | |
| 1. | મન નો ડગે | પદ | ગંગાસતી | 01 |
| 2. | દ્રવ (દ્રવ્ય) | ચોપાઈ | શામળ ભટ્ટ | 03 |
| 3. | ના હઠવું | શૌર્યગીત | નર્મદ | 09 |
| 4. | કલ્યાણ | કથાકાવ્ય | ચંદ્રવદન મહેતા | 11 |
| 5. | ચાલ, ફરીએ ! | ઊર્મિગીત | નિરંજન ભગત | 21 |
| 6. | મળે એટલું માણ | ઊર્મિગીત | ગીતા પરીખ | 23 |
| 7. | મળે ન મળે | ગઝલ | શેખાદમ આબુવાલા | 25 |
| 8. | બેનીનું ગીત | ઊર્મિગીત | મોહન મઢીકર | 27 |
| 9. | તેજલી | લોકગીત | સં.રેવાબહેન તડવી | 29 |
| | | **ગદ્ય** | | |
| 1. | ચહેરો | ટૂંકીવાર્તા | તોલ્સ્તોય | 34 |
| 2. | આંગળી ઝાલીને એને દોરજે | પત્ર | અનુ : કુન્દનિકા કાપડિયા | 41 |
| 3. | ખેડૂત રાજકુંવરી | લોકકથા | — | 43 |
| 4. | રેવતી - અમરો | વ્યક્તિચિત્ર | ડૉ.સુધીર મોદી | 48 |
| 5. | રાષ્ટ્રરોગ | કટાક્ષિકા | ડૉ.યોગેન્દ્ર વ્યાસ | 52 |
| 6. | મીનુ | ટૂંકીવાર્તા | રાજેન્દ્ર પટેલ | 57 |
| 7. | એક સમયનું જેસલમેર | પ્રવાસનિબંધ | કે.કા.શાસ્ત્રી | 62 |
| 8. | સપ્તરંગી ઈન્દ્રધનુષ | નવલકથાખંડ | સુરેન્દ્ર વર્મા<br>અનુ : શર્મિષ્ઠા પટેલ | 66 |
| 9. | પેટ | હાસ્યનિબંધ | જ્યોતીન્દ્ર દવે | 73 |
| 10. | ભગવાને મોબાઈલ માર્યો | એકાંકી | સંકલિત | 77 |
| 11. | આપણી આશાઓનાં બીજ | માહિતીનિબંધ | રાજેન્દ્રસિંહ<br>અનુ : દીપક દોશી | 82 |


Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 1. મન નો ડગે

ગંગાસતી



જન્મ : ઈ.સ. ૧૮૪૬ મૃત્યુ : ઈ.સ. ૧૮૯૪

ગંગાસતીનો જન્મ ભાવનગર જિલ્લાના રાજપરામાં થયો હતો. તેમના પિતાનું નામ ભાઈજીભી અને માતાનું નામ રૂપાળીબા હતું. તેમનાં સાસુ-સસરા અને પતિ દ્વારા ભાવ-ભક્તિનું વાતાવરણ મળતાં ગંગાસતીનાં આધ્યાત્મિક જીવનનો પૂર્ણ વિકાસ થયો હતો. તેમણે તેમનાં પુત્રવધૂ અને શિષ્યા પાનબાઈને બાવન દિવસ સુધી રોજેરોજ એક એક રચના સંભળાવી હતી, જે ભજનો રૂપે પ્રચલિત છે.

'વીજળીના ચમકારે મોતી પરોવવું પાનબાઈ !', 'મેરુ રે ડગે પણ જેનાં મન નો ડગે', 'શીલવંત સાધુને વારે વારે નમીએ', 'ભક્તિ કરવી તેણે રાંક થઈને રહેવું', 'પીવો હોય તો રસ પી લેજો પાનબાઈ' વગેરે ગંગાસતીનાં જાણીતાં પદો છે. પ્રસ્તુત પદ 'સોરઠી સંતવાણી' નામના સંકલનમાંથી લીધું છે.

પદ એટલે પગ, ચરણ, કવિતાની મૂળ કડી અથવા એક કડીને (બે પંક્તિને) ચરણ અથવા પદ કહેવાનો રિવાજ હતો. સંસ્કૃતમાં 'પદપાઠ' એટલે વેદ અથવા શાસ્ત્રની બે પંક્તિ (અથવા મંત્ર)ને અમુક ચોક્કસ આરોહ-અવરોહ, સ્વરભાર, લય વગેરે સાથે ગાવાની પરંપરા. કવિતાની બે પંક્તિને પદ અથવા ચરણ તરીકે ઓળખવાની પરંપરા આગળ ચાલી. એ માટે કારણ પણ ખરું. માન્યતા એવી કે પક્ષી કે માણસના બે પગ હોય તે ચાલીને ક્યાંક પહોંચે છે. (ક્યાંક ચાર પંક્તિની કડી કે ચરણ પણ હોય તેની પાછળનો તર્ક પણ આ.) એ રીતે કવિના મનનાં સંવેદન, ભાવ, લાગણી, વિચાર વગેરે આ ચરણ કે પદ થકી વાચક અથવા સાંભળનાર સુધી પહોંચે છે.

પછી તો આ પદનું બનેલું આખું કાવ્ય પદ્ય તરીકે ઓળખાવા માંડ્યું. મધ્યકાળમાં જે ગુજરાતી સાહિત્ય રચાયું તે મોટાભાગનું પદ્યમાં લખાયેલું છે. રાસ, ફાગુ, આખ્યાન, છપ્પા, ગરબા, ગરબી, પ્રબંધ બધું પદ્યમાં છે. એ પદ્યથી પ્રભાતિયાં, ભજન જેવાં સાહિત્યસ્વરૂપોને અલગ રાખવા તેમને માટે પદ શબ્દ વપરાવાની પરંપરા આરંભાઈ. પ્રભાતમાં ગવાતાં પદ તે પ્રભાતિયાં. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યના ભાવો રજૂ કરતાં ગમે તે સમયે ગવાતાં તે પદને ભજન કહ્યાં.

એટલે વસ્તુની રીતે ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ વગેરે ભાવોને જુદાજુદા લય અથવા રાગમાં ચાર-છ કડી અથવા ચરણમાં ગવાતાં ગીતો (ભાવભર્યા ઉદ્ગારો) તે પદ. આનો લાભ એ થયો કે વાંચતાં-લખતાં ન આવડતું હોય તેવા મોટાભાગના સમાજે તેને પોતાના કંઠમાં સાચવી રાખ્યાં. ગુજરાતીમાં નરસિંહ, મીરાં વગેરેનાં પદો જાણીતાં છે.

અહીં આપેલા પદમાં ગંગાસતીએ સાચા હરિજનનાં લક્ષણ વર્ણવ્યાં છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ સાચા ભક્તનું મન ડગતું નથી. તે સુખમાં છકી જતા નથી કે દુઃખમાં ભાંગી પડતા નથી. આવા ભક્તો હંમેશાં સજ્જનોના સંગમાં રહે છે, ગુરુના વચનમાં વિશ્વાસ રાખે છે, સંસારની માયાનાં બંધનોથી પર રહે છે. સાચા ભક્તને અંતે અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે. તળપદી શૈલીમાં રચાયેલું આ પદ ખૂબ લોકપ્રિય છે.

---

મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે
મરને ભાંગી રે પડે ભરમાંડ રે;
વિપદ પડે પણ વણસે નહિ,
ઈ તો હરિજનનાં પરમાણ રે. – મેરુ રે.
ભાઈ રે ! – હરખ ને શોકની ના'વે જેને હેડકી ને
શીશ તો કર્યાં કુરબાન રે,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સતગુરુ વચનમાં શૂર લઈ ચાલે,
જેણે મેલ્યાં અંતરનાં માન રે. – મેરુ રે.
ભાઈ રે ! – નિત્ય રે'વું સતસંગમાં ને
જેને આઠે પો'ર આનંદ રે,
સંકલપ વિકલપ એકે નહીં ઉરમાં
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે. – મેરુ રે.
ભાઈ રે ! – ભગતિ કરો તો એવી રીતે કરજો પાનબાઈ !
રાખજો વચનુંમાં વીશવાસ રે,
ગંગાસતી એમ બોલિયાં
તમે થાજો સતગુરુજીનાં દાસ રે. – મેરુ રે.
('સોરઠી સંતવાણી'માંથી)

## ટિપ્પણ

**મેરુ**- એક કાલ્પનિક પર્વત **મરને** - ભલેને **ભરમાંડ** - બ્રહ્માંડ **વિપદ** - વિપત્તિ, મુશ્કેલી **વણસવું** - ખરાબ થવું, બગડવું **પરમાણ** - સાબિતી **માન (અહીં)** - મોટાઈ **આઠે પો'ર (આઠ પ્રહર)** - રાત દિવસ (એક પ્રહર = ત્રણ કલાક) **માયા કેરો ફંદ** - માયા જાળ

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. કાવ્યમાં વર્ણવાયેલા સત્સંગના મહિમાને ઉદાહરણ સહિત સમજાવો.
2. કાવ્યને આધારે સાચા હરિજનનાં લક્ષણ વર્ણવો.
3. ગંગાસતી કોના વચનોમાં વિશ્વાસ રાખવાનું કહે છે ? શા માટે ?

**પ્રશ્ન 2. નીચેની પંક્તિઓ સમજાવો :**

1. 'મેરુ રે ડગે ને જેનાં મન નો ડગે મરને ભાંગી રે પડે ભરમાંડ રે;
   વિપદ પડે પણ વણસે નહીં, ઈ તો હરિજનનાં પરમાણ રે.'
2. 'ભાઈ રે ! – હરખ ને શોકની ના'વે જેને હેડકી ને શીશ તો કર્યાં કુરબાન રે,
   સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે, જેણે મેલ્યાં અંતરનાં માન રે.'

**પ્રશ્ન 3. નીચે જણાવ્યા પ્રમાણે કરો.**

1. કાવ્યમાં આવતા તળપદા શબ્દોની યાદી બનાવો. તેને માટે વપરાતા 'માન્ય' ભાષાના શબ્દો લખો. માન્યભાષાના શબ્દોમાં જોડાક્ષર છે, જ્યારે તેમને માટે વપરાતા તળપદા શબ્દોમાં જોડાક્ષર નથી. એનું કારણ જણાવો.

**પ્રશ્ન 4. નીચેના શબ્દોની જોડણી લખીને યાદ રાખો :**

વિપદ, નિત્ય, શીશ, વિકલ્પ

**આટલું કરો**

1. આ કાવ્ય કંઠસ્થ કરી તેનું ગાન કરો.
2. નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન' તથા દયારામના 'વૈષ્ણવ નથી થયો તું રે' સાથે આ કાવ્યને સરખાવો.

•



Downloaded from https:// www.studiestoday.com


Downloaded from https:// www.studiestoday.com

# 2. દ્રવ (દ્રવ્ય)

**શામળ**

**જન્મ : સોળમી સદીનો અંત (૧૬૮૪ અથવા ૧૬૯૫)**

**મૃત્યુ : (૧૭૬૫ અથવા ૧૭૭૦)**



માતા : આનંદીબાઈ, પિતા : વીરેશ્વર. ઓળખાય છે શામળ ભટ્ટ તરીકે પણ કેટલાક તેમની અટક ત્રિવેદી હોવાનું માને છે. જન્મસ્થળ નક્કી નથી પણ કથાકાર તરીકેની શરૂઆત અમદાવાદના રાજપુર-ગોમતીપુરમાં કરી અને પછી ચરોતરમાં માતર પાસેના સિંહુજમાં વસ્યા. ગુજરાતી સાહિત્યમાં શામળની પદ્યવાર્તાઓ જાણીતી છે.

'ચંદ્ર-ચંદ્રાવતી', 'પદ્માવતી', 'મદનમોહના', 'નંદબત્રીસી', 'બત્રીસપૂતળીની વાર્તા' વગેરે છવ્વીસ જેટલી રચનાઓ તેમણે કરી છે. આમાંની મોટાભાગની પદ્યવાર્તાઓ તરીકે ઓળખાય છે. 'આખ્યાન'ની જેમ એ સમયે શ્રોતાઓને કથાકારો પદ્યવાર્તાઓ સંભળાવતા.

એને પદ્યકથા તરીકે પણ ઓળખાવાય છે. એ સમયે ધર્મ, નીતિ, લોકરંજન માટે કથાઓ કહેવાતી. તેમાં દોહરા, ચોપાઈ અને છપ્પા જેવા પદ્યનો ઉપયોગ થતો. લોકકથામાં વચ્ચે વચ્ચે આડકથા ઉમેરાતી. લોકોને રસ પડે તેવાં વિશેષ પાત્રો રજૂ થતાં. પાત્રોના સંવાદમાં સમસ્યા, ઉખાણાં, બોધવચન, ક્યારેક સંસ્કૃત શ્લોક પણ રજૂ થતાં. એમાં ચમત્કારો ખાસ રજૂ થતા. આ બધાનો મૂળહેતુ પ્રજાને અથવા શ્રોતાઓને મનોરંજન સાથે નીતિબોધ કે ધર્મબોધ આપવાનો હતો.

સામાન્ય રીતે 'ચોપાઈ'એ ચાર (ચો)-(પાઈ)-પાયા અથવા પગ એમ ચારચાર ચરણની કડીઓ હોય છે. કવિ તુલસીદાસે 'રામચરિતમાનસ'માં ચોપાઈનો ઘણો ઉપયોગ કર્યો છે. એ લયમાં ગાઈ શકાય છે.

એની 'નંદબત્રીસી' કૃતિમાંથી દ્રવ (દ્રવ્ય-ધન, પૈસા) વિશેની ચોપાઈ અહીં રજૂ કરી છે. રાજા નંદ, તેનો પ્રધાન વિલોચન, પ્રધાનપત્ની પદ્મિની અને તેના પિતા એમ ચાર જણાં ચોપાટ રમે છે અને 'પડ પાસા પોબાર' એમ વાર્તા આગળ ચાલે છે. રાજા પોતે પોલીયા (પ્રતિહાર અથવા દરવાન)ને પ્રધાનના ઘરનો દરવાજો ખોલવા માટે કાનનાં કુંડળ લાંચમાં આપે છે ત્યારે કવિ 'દ્રવ્ય' વિશેની આ પંક્તિઓ ચોપાઈમાં રજૂ કરે છે. દ્રવ્ય અથવા ધન માણસના જીવનમાં કેવી ભૂમિકા અથવા ભાગ ભજવે છે તેની સરળ છતાં ચોટદાર વાત કવિ આ આઠ પંક્તિમાં કરે છે. 'પૈસો' માણસની મજબૂતી પણ છે અને મજબૂરી પણ. પૈસાથી ચીજ-વસ્તુઓ જ નહીં, પણ માણસને પણ ખરીદી શકાય અને તેની પાસેથી કામ કઢાવી શકાય. પણ એ જ પૈસો માણસની ખૂમારીનું કારણ બની શકે. દ્રવ્ય હોય તે શાહ-શેઠ-મોભાવાળો-રાજા ગણાય ને દ્રવ્ય ન હોય તે ગરીબ, રંક ને ક્યારેક ચોર પણ ગણાય. (ને ક્યારેક દ્રવ્ય માટે ચોર પણ થાય.) બહુ દ્રવ્ય હોય તે દાનેશ્વરી પણ હોય ને લોભી હોય તો કરપી(કંજૂસ) પણ હોય. પૈસો હોય તેના મિત્રો ઘણા થાય અને પૈસાને કારણે જ શત્રુતા પણ થાય. દ્રવ્યનો અથવા પૈસાનો માણસ કેવી રીતે, શાને માટે ઉપયોગ કરે છે તેના ઉપર બધો આધાર છે. દ્રવ્યનું અથવા પૈસાનું પવિત્રપણું (અર્થશૌચ) તેથી જ સાચવવા જેવું ગણાયું છે. પવિત્ર પૈસો એટલે સીધી-સાચી-સહજ રીતે મેળવેલો પૈસો માણસને સુખી કરે અને ખોટો પૈસો માણસને જ નહીં તેના સમગ્ર પરિવારને દુઃખી કરે એ વાત જાણીતી છે.

---

દ્રવ દેખીને માણસ ચલે, દ્રવ દેખી સહુ લોભે ભલે,
દ્રવ દેખીને કરે બહુ પ્રીત, દ્રવ દેખી ચાલે સહુ રીત.
દ્રવે લાભ ને દ્રવે હાંણ, દ્રવે આસ, આસંકને આણ,
દ્રવે જીવ જાયે ને રહે, દ્રવે ઘેલાને ડાહો કહે.
દ્રવે કાયર દ્રવે શૂર, દ્રવે મેલો ને દ્રવે નુર,
દ્રવે ચોર ને દ્રવે સાહા, દ્રવે રંક ને દ્રવે રાયા.
દ્રવે કરપી ને દ્રવે દાતાર, દ્રવે ઉગાર ને દ્રવે માર,
દ્રવથી શત્રુ ને દ્રવથી મિત્ર, દ્રવે નીચ ને દ્રવે પવિત્ર.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણ

**દ્રવ** - દ્રવ્ય, ધન, પૈસો, સંપત્તિ **ચલે** - ચળે, ડગી જાય, મક્કમતા ખોઈ બેસે **ભલે** - ભળે, ભળી જાય **હાંણ** - નુકસાન **આસ** - આશા **આસંક** - આશંક, શંકાશીલ, વહેમાય **આણ** - આજ્ઞા, શપથ **ઘેલો** - થોડો ધૂની, થોડો ગાંડા જેવો **ડાહો** - ડાહ્યો **કાયર** - બીકણ **શૂર** - બહાદૂર **નુર** - પ્રકાશ (અહીં પ્રકાશમાન, તેજસ્વી, કાંતિમાન) **સાહા** - શાહ, શરીફ **રાયા** - રાજા **કરપી** - કૃપણ, કંજૂસ **દાતાર** - દાનવીર **ઉગાર** - ઉગારી લેવું તે, બચાવી લેવું તે **શત્રુ** - દુશ્મન **નીચ** - હલકો **પવિત્ર** - પાવન

## રૂઢિપ્રયોગ

**આણ ચાલવી** - હુકમ કે સત્તા ચાલવી

**આશંકા હોવી** - વહેમ અથવા સંશય હોવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. પૈસો જોઈને માણસનું મન શા કારણે ડગી જાય છે ?
2. દ્રવ્યને કારણે શું લાભ થાય ?
3. દ્રવ્યને કારણે જીવ કઈ રીતે જાય ?
4. દ્રવ્યને કારણે વ્યક્તિ મેલો-ઘેલો કેમ રહે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યમાં આપો.**

1. 'માણસ ચલે' - એ પ્રયોગમાં 'ચલે' એટલે 'ડગી જાય' એવો અર્થ લેવાને બદલે 'ચલે' - એટલે ચાલે એવો અર્થ લઈએ તો ? પૈસા જોઈને માણસ ચલે છે નું એક ઉદાહરણ આપો.
2. પૈસાને કારણે માણસને અન્ય માણસો પ્રેમ કરે એવું બને ? કારણ આપો.
3. જેની પાસે પૈસો હોય તેનો હુકમ ચાલે એવું બને ? શા કારણે ?
4. પૈસા વિના માણસ કાયર થઈ જાય ? અહીં 'કાયર'નો અર્થ 'નાહિંમત' લઈએ તો ?

**પ્રશ્ન 3. નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો.**

દ્રવે કરપી ને દ્રવે દાતાર, દ્રવે ઉગાર ને દ્રવે માર
દ્રવથી શત્રુ ને દ્રવથી મિત્ર, દ્રવે નીચ ને દ્રવે પવિત્ર.

**પ્રશ્ન 4. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ચોર, અમીર, દાતાર, નીચ

**પ્રશ્ન 5. માંગ્યા પ્રમાણે કરો.**

અણધાર્યો, અઢળક, દાનો, જીગરી એ ચાર વિશેષણો દુશ્મન, મિત્ર, લાભ અને દ્રવ્ય એ ચાર શબ્દોમાંથી યોગ્ય શબ્દને લગાડો.

**આટલું કરો**

1. પૈસાને કારણે તમારે કોઈની સાથે શત્રુતા થઈ હોય તેવો પ્રસંગ લખો.
2. પૈસા વિનાના માણસનો સામાજિક મોભો નીચો અને પૈસાવાળા માણસનો સામાજિક મોભો મોટો એ મતલબની ગુજરાતી કહેવત શોધીને લખો.
3. 'પૈસાથી માણસને ખરીદવામાં આવ્યો હોય' તેવી કોઈ એક વાર્તા મેળવીને વાંચો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ એકમ : ૧

### અલંકાર

તમે ‘દ્રવ’ કવિતામાં નીચેની કડી (બે કાવ્યપંક્તિ) વાંચી

દ્રવ દેખીને માણસ ચલે, દ્રવ દેખી સહુ લોભે ભલે,
દ્રવ દેખીને કરે બહુ પ્રીત, દ્રવ દેખી ચાલે સહુ રીત.

આ કાવ્ય પંક્તિઓમાં ‘ચલે’ અને ‘ભલે’ તથા ‘પ્રીત’ અને ‘રીત’ શબ્દોના અંત ભાગ, ‘અલે’ અને ‘ઈત’ એક સરખી રીતે ઉચ્ચારાય છે. જે શબ્દોના અંત ભાગ સરખી રીતે ઉચ્ચારવાના હોય તેમનો ‘પ્રાસ’ મળ્યો કહેવાય. કવિતા વાંચતી-સાંભળતી વખતે આવા પ્રાસને કારણે અવાજમાં-ઉચ્ચારણમાં મધુરતાનો અનુભવ થાય છે.

ખાસ કરીને કવિતામાં શબ્દોના આવા પ્રાસ મેળવવા એ કવિતાની શોભાને વધારનારી બાબત ગણાય. બીજી રીતે કહીએ તો કવિતાને એ શણગારે છે. ભાષામાં આવા ખાસ અથવા વિશેષ શણગારને ‘અલંકાર’ કહે છે.

તમે ‘મન નો ડગે’ કવિતામાં પણ આવા પ્રાસ સાંભળ્યા હશે. દા.ત.

“ભાઈ રે ! - ભગતી કરો તો એવી રીતે કજો પાનબાઈ ! રાખજો વચનુંમાં વીશવાસ રે;
ગંગાસતી એમ બોલિયાં તમે થાજો સતગુરુનાં દાસ રે.”

અહીં ‘વીશવાસ’ અને ‘દાસ’માં છેલ્લે ‘આસ’નો ઉચ્ચાર સરખો છે અને પ્રાસ મળે છે.

પણ ‘દ્રવ’ કવિતામાં એક જ પંક્તિમાં પહેલી અડધી પંક્તિના અંતના અને બાકીની અડધી પંક્તિના અંતના શબ્દના પ્રાસ મળે છે જ્યારે ‘મન નો ડગે’માં પહેલી પંક્તિ પૂરી થાય પછીના અથવા અંતના શબ્દનો બીજી પંક્તિ પૂરી થાય તેના અંતના શબ્દ સાથે પ્રાસ મળે છે.

જ્યારે એક જ પંક્તિમાં અડધી પંક્તિના અંતના શબ્દનો બીજી અડધી પંક્તિના અંતના શબ્દ સાથે પ્રાસ મળે ત્યારે તે **પ્રાસાનુપ્રાસ** અલંકાર બને છે. જેની જશોદા માવલડી, તે ગોકુળમાં ચરાવે ગાવલડી.

જ્યારે બે પંક્તિના અંતે આવતા શબ્દના પ્રાસ મળે ત્યારે તેને **અત્યાનુપ્રાસ** અલંકાર કહે છે. દા.ત.

“ત્રણ વાનાં મુજને દીધાં; હૈયું, મસ્તક, હાથ,
જા ચોથું નથી માગવું, બહુ દઈ દીધું નાથ.”

આવી જ રીતે જ્યારે એક જ કાવ્યપંક્તિમાં પહેલી અડધી પંક્તિનો છેલ્લો શબ્દ અને બીજી અડધી પંક્તિનો પહેલો શબ્દ પ્રાસ ધરાવતા હોય તો તેને **પ્રાસસાંકળી** અલંકાર કહે છે. દા.ત. ‘મહેતાજી નિશાળે આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ.’ અથવા ‘વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો.’

આ જ રીતે એક જ કાવ્યપંક્તિમાં કે વાક્યમાં આવતા સળંગ બે, ત્રણ, ચાર કે વધુ શબ્દો એક જ સરખા વર્ણથી શરૂ થાય તો તેને **વર્ણાનુપ્રાસ** અલંકાર કહે છે. દા.ત. કામિની કોકિલા કેલિકૂજન કરે.’ અથવા ‘કવિએ કાચના કબાટમાંથી કવિતાની કિતાબ કાઢી.’

ઉપના બધા અલંકારો શબ્દને કારણે થતા હોવાથી શબ્દાલંકાર કહેવાય. એ રીતે અર્થ ઉપર આધારિત અર્થાલંકાર કહેવાય.

#### ઉપમા અલંકાર :

બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે કોઈ એક ખાસ ગુણ અંગે સરખામણી કરવામાં આવી હોય ત્યારે ઉપમા અલંકાર બને છે.

‘જેવો’, ‘પેઠે’, ‘જેવું’, ‘જેમ’, ‘માફક’, ‘પ્રમાણે’, ‘સમ’, ‘સમાન’, ‘સમોવડુ’, ‘સાદશ’, ‘શું’, ‘તુલ્ય’ જેવા સરખામણી સૂચવતા શબ્દો આવે છે. એમને ઉપમાનવાચક અથવા વાચક શબ્દો કહે છે.

ઉપમા અને એના પ્રકારના સાધર્મ્યમૂલક અલંકારોમાં ઉપમાન, ઉપમેય, સાધારણધર્મ અને સાધર્મ્યવાચક શબ્દ એમ ચાર અંગો હોય છે.

ઉપમેય : જે વસ્તુની સરખામણી કરવાની હોય તે.

ઉપમાન : જે વસ્તુની સાથે સરખામણી કરવામાં આવે તે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સાધારણધર્મ : ઉપમેય અને ઉપમાન વચ્ચે જે સમાન બાબત માટે સરખામણી કરવામાં આવે તે.

સાધર્મ્યવાચક અથવા ઉપમાવાચક શબ્દ : ઉપમેય અને ઉપમાન વચ્ચે સરખામણી દર્શાવનાર શબ્દોને સાધર્મ્યવાચક / ઉપમાવાચક શબ્દો કહે છે.

ઉદાહરણ : રમણીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.

ઉપરના ઉદાહરણમાં 'રમણીનું મુખ' એ ઉપમેય છે. 'ચંદ્ર' એ ઉપમાન છે. 'જેવું' ઉપમાવાચક શબ્દ છે. 'સુંદર' એ સાધારણ ધર્મ છે. આ ચારેય અંગો દર્શાવ્યાં હોય ત્યારે તે પૂર્ણોપમા કહેવાય છે. જ્યારે ચારમાંથી એક, ક્યારેક બે અને ત્રણ અંગો દર્શાવાયાં ન હોય, લુપ્ત રહ્યાં હોય એટલે કે બતાવ્યાં ન હોય તો તે લુપ્તોપમા કહેવાય છે.

**ઉત્પ્રેક્ષા અલંકાર :**

ઉપમેય અને ઉપમાન સમાન હોવાની સંભાવના (કલ્પના) થતી હોય ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર થાય છે. 'જાણે', 'રખે', 'શકે', 'શું-શો' (જાણેકેના અર્થમાં) જેવા શબ્દોથી સંભાવના સૂચવાય છે. આથી એ ઉત્પ્રેક્ષાવાચક શબ્દો કહેવાય.

ઉદાહરણ : વિરાટ જાણે ખુલ્લી હથેળી, ક્ષિતિજે ઢળતી, આ ઝાલાવાડી ધરતી.

અહીં 'ઝાલાવાડી ધરતી' ઉપમેય છે અને 'વિરાટ ખુલ્લી હથેળી' એ ઉપમાન છે. ઝાલાવાડી ધરતી એ જાણે વિરાટ ખુલ્લી હથેળી હોય એવી સંભાવના અહીં કરવામાં આવી છે. એટલે ઉત્પ્રેક્ષા અલંકાર થયો. 'જાણે' એ ઉત્પ્રેક્ષાવાચક શબ્દ છે.

**રૂપક અલંકાર :**

ઉપમેય અને ઉપમાન બંને જુદાં દર્શાવવાને બદલે એક જ હોય, બંને વચ્ચે અભેદ બતાવવામાં આવે ત્યારે રૂપક અલંકરા થાય છે. આ અલંકારમાં ઉપમેય અને ઉપમાન વચ્ચે એકરૂપતા સધાતી હોવાથી તેમાં વાચકપદ હોતું નથી.

ઉદાહરણ : બપોર એક મોટું શિકારી કૂતરું છે.

અહીં 'બપોર' એ ઉપમેય છે અને 'શિકારી કૂતરું' એ ઉપમાન છે. અહીં બપોરને શિકારી કૂતરા જેવી નહીં, પણ શિકારી કૂતરું જ કહેવામાં આવેલ છે. એથી અહીં ઉપમેય અને ઉપમાન વચ્ચેની એકરૂપતા સૂચવાય છે. આમ, ઉપમેય અને ઉપમાન એ બંને એક જ હોય એ રીતે વર્ણવવામાં આવે ત્યારે રૂપક અલંકાર બને છે.

**વ્યતિરેક અલંકાર :**

વ્યતિરેકના અર્થ છે અધિકતા, ઉત્તમતા, શ્રેષ્ઠતા જ્યારે ઉપમાન કરતાં ઉપમેયને ચડિયાતું બતાવવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર બને છે. સામાન્ય રીતે ચડિયાતા ગણાતા ઉપમાનને ઉપમેય કરતાં ઊતરતું બતાવવામાં આવે છે.

ઉદાહરણ : કમળ થકી કોમળું રે બહેની ! અંગ છે એનું.

અહીં 'દીકરીના અંગ'ને 'કમળથી' પણ કોમળ કહ્યું છે. આમ ઉપમેય 'દીકરીનું અંગ' ઉપમાન 'કમળ'ના કરતાં પણ વધારે કોમળ દર્શાવાયું છે. આમ, ઉપમાન કરતાં ઉપમેયને ચડિયાતું દર્શાવવામાં આવ્યું છે, તેથી વ્યતિરેક અલંકાર થયો છે.

**અતિશયોક્તિ અલંકાર :**

જ્યારે ઉપમાનમાં ઉપમેય સમાઈ ગયેલું હોય, એટલે કે ઉપમેયનો લોપ થયેલો હોય અને એકલા ઉપમાનનો જ નિર્દેશ હોય ત્યારે અતિશયોક્તિ અલંકાર બને છે.

ઉદાહરણ : રમા ચાલતી હતી ત્યારે જમીન પર ગુલાબ પડતાં હતાં.

અહીં ગુલાબ ઉપમાન છે. ઉપમેયનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. લેખકે રમાની રાતી પાનીવાળા કોમળ પગને ગુલાબરૂપે કલ્પ્યા છે, પણ રમાના પગ (ઉપમેય)નો અહીં નિર્દેશ નથી. પગને સ્થાને સીધો ગુલાબનો ઉલ્લેખ કર્યો છે. ગુલાબ (ઉપમાન)માં પગ (ઉપમેય) સમાઈ ગયા છે. આ રીતે જ્યારે ઉપમાનમાં ઉપમેય સમાઈ ગયેલું હોય એટલે કે ઉપમેયનો લોપ થયેલો હોય અને એકલા ઉપમાનનો જ નિર્દેશ હોય ત્યારે અતિશયોક્તિ અલંકાર બને.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સ્વભાવોક્તિ અલંકાર :**

સ્વભાવોક્તિ એટલે સ્વ-ભાવ-ઉક્તિ. જ્યારે કોઈ વ્યક્તિ કે પ્રાકૃતિક દૃશ્ય, ક્રિયા, પ્રાણીનું જેવું દેખાય તેવું આબેહૂબ નજરે જોતાં હોઈએ તેવું વર્ણન કરવામાં આવે ત્યારે સ્વભાવોક્તિ અલંકાર થાય.

આ અલંકારમાં કુદરતનો દેખાવ, પશુ, મનુષ્ય વગેરેનું એ જેવાં હોય તેવું જ પણ તાદૃશ અને કલ્પનાને ઉત્તેજે એવું વર્ણન કરવામાં આવે છે.

ઉદાહરણ : ઊંચા કરી શ્રવણ, વાંકડી શીંગડીઓ,
ડોલાવતું, મધુર ઘંટડીનાદ દેતું,
આલિંગને શિશુકને પયઘૂંટ પાવા,
ગોવૃંદ શું ધસમસ્યું પૂરમાં પ્રવેશે !

ઉપરોક્ત ઉદાહરણમાં ગામમાં ઉતાવળે દાખલ થતી ગાયોના ધણનું આબેહૂબ ચિત્ર દોરાયું છે. ઊંચા કાને વાંકી શીંગડીઓ ડોલાવતી, ઘંટડીનો અવાજ કરતી, વાછરુને ધવડાવવા ઉત્સુક બની ગામમાં દોડતી આવતી ગાયોનું ગતિશીલ, રમણીય, વાસ્તવિક ચિત્ર છે તેથી સ્વભાવોક્તિ અલંકાર થયો.

**વ્યાજસ્તુતિ અલંકાર :**

વ્યાજસ્તુતિ અલંકારમાં 'વ્યાજ'નો અર્થ છે બહાનું અને 'સ્તુતિ'નો અર્થ છે વખાણ. વખાણ વડે નિંદા અને નિંદા વડે વખાણ કરવામાં આવે ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર થાય છે. આમ, વ્યાજસ્તુતિ બે રીતે થાય છે.

૧. સ્તુતિ - વખાણને બહાને નિંદા
૨. નિંદાને બહાને વખાણ

સ્તુતિને બહાને નિંદા

ઉદાહરણ : રમાને અભિનંદન ! પરીક્ષામાં એણે ડાબી બાજુથી પહેલો નંબર મેળવ્યો.

ઉપરના ઉદાહરણાં રમાને એના પહેલા નંબર એટલે માંડ માંડ પાસ થઈ છે એમ સૂચવ્યું છે.

નિંદાને બહાને વખાણ

ઉદાહરણ : રમા આળસની દુશ્મન છે.

અહીં કોઈને કોઈના દુશ્મન કહેવું એ નિંદા છે, પણ આળસની દુશ્મન એટલે મહેનતુ ઉદ્યમી છે. આ તો વખાણ છે.

**શ્લેષ અલંકાર :**

જ્યારે કાવ્યમાં કે વાક્યમાં એક શબ્દના એક કરતાં વધારે અર્થ થતા હોય અને તેને લીધે કાવ્યપંક્તિ કે વાક્યમાં એક કરતાં વધારે અર્થ થાય અને એમાંથી ચમત્કૃતિ જન્મે ત્યારે શ્લેષ અલંકાર બને છે.

ઉદાહરણ : કમલવત્ ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે.

ઉપરોક્ત ઉદાહરણમાં 'કર' શબ્દના બે અર્થ થાય છે. (૧) હાથ, (૨) કિરણ. બંને અર્થો કાવ્યમાં બરાબર બંધબેસે છે. પિતા સમાન સૂર્ય પોતાના કિરણસમા હાથ બાળકના રાતા ગાલ પર ફેરવે છે. આ રીતે જ્યારે એક શબ્દના એકથી વધુ અર્થ થાય અને એમાંથી ચમત્કૃતિ જન્મે ત્યારે એ શ્લેષ અલંકાર કહેવાય છે.

**અનન્વય અલંકાર :**

અન .. અન્વય (સંબંધ) = અનન્વય. જેને અન્ય કોઈ ઉપમાન સાથે સંબંધ-જોડાણ ન થાય તેને અનન્વય કહે છે અથવા ઉપમેયને બીજું કશું ઉપમાન આપવાને બદલે એને જ ઉપમાન તરીકે દર્શાવવામાં આવે ત્યારે અનન્વય અલંકાર કહેવાય છે.

ઉદાહરણ : શરદપૂર્ણિમા એટલે તો શરદપૂર્ણિમા જ.

અહીં ઉપમેય 'શરદપૂર્ણિમા' છે અને ઉપમાન શરદપૂર્ણિમા જ છે. તાત્પર્ય એ છે કે શરદપૂર્ણિમા એટલી બધી સુંદર છે કે એને બીજા કશા સાથે સરખાવવી કે એકરૂપ દર્શાવી શકાય એમ જ નથી. આ રીતે જ્યારે ઉપમેયને બીજું કશું ઉપમાન આપવાને બદલે એને જ ઉપમાન તરીકે દર્શાવવામાં આવે ત્યારે અનન્વય અલંકાર કહેવાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**દૃષ્ટાંત અલંકાર :**

દૃષ્ટાંત અલંકારમાં બે વાક્યો હોય છે. એક ઉપમેય વાક્ય અને બીજું ઉપમાન વાક્ય. ઉપમેય વાક્યના સમર્થનમાં ઉપમાન વાક્ય યોજાય છે. ઉપમેય, ઉપમાન અને સામાન્ય ધર્મવાળા એક વાક્યનું તેના જેવા જ બીજા વાક્યથી સમર્થન કરવામાં આવે ત્યારે દૃષ્ટાંત અલંકાર થાય છે.

ઉદાહરણ : ગોળ વિના મોળો કંસાર,<br>
માત વિના સૂનો સંસાર.

ઉપરના ઉદાહરણમાં બીજી પંક્તિ ઉપમેય વાક્ય છે અને પહેલી પંક્તિ ઉપમાન વાક્ય છે. બંનેમાં ધર્મ જુદા જુદા છે. 'માતા વિના સંસાર કેવો સૂનો લાગ છે' એ વાતને સ્પષ્ટ કરવા 'ગોળ વિના મોળો કંસાર'નું દૃષ્ટાંત આપ્યું છે અને તે દ્વારા માતા વિનાના સૂના સંસારનો વધુ સ્પષ્ટ અને સચોટ ખ્યાલ આપવામાં આવ્યો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3. ના હઠવું

**નર્મદ**

**જન્મ : ૨૪-૮-૧૮૩૩ મૃત્યુ : ૨૫-૨-૧૮૮૬**



માતા : નવદુર્ગા પિતા : લાલશંકર. વીર 'નર્મદ' તરીકે પ્રસિદ્ધ નર્મદાશંકર દવેનો જન્મ સુરત મુકામે થયો હતો. તેમણે મુંબઈમાં શિક્ષણ લીધું હતું. ગુજરાતીમાં નવી શૈલીનાં કાવ્યો વ્યાપક પ્રમાણમાં લખ્યાં, તેથી તેમને અર્વાચીન યુગના અગ્રેસર માનવામાં આવે છે. નોકરી છોડીને કલમને ખોળે માથું મૂકનાર નર્મદે સંસારસુધારો અને સાહિત્યસર્જનને જીવનમંત્ર બનાવ્યાં હતાં. નર્મદે પ્રેમ, પ્રકૃતિ, સ્વદેશભક્તિ, શૌર્ય, સમાજસુધારો વગેરે વિષય નિરૂપતાં અનેક કાવ્યો રચ્યાં છે. નર્મદની સમગ્ર કવિતા 'નર્મકવિતા' ગ્રંથમાં તથા ગદ્યનાં લખાણો 'નર્મગદ્ય'માં સંગ્રહાયાં છે. 'મારી હકીકત' તેમની આત્મકથા છે. 'નર્મકોશ' ગુજરાતી કોશસાહિત્યનો પહેલો મહત્ત્વનો ગ્રંથ છે. આ ઉપરાંત 'ડાંડિયો' નામનું સમાજસુધારનું સામયિક શરૂ કરી તેણે પત્રકારત્વમાં નવો જ ચીલો પાડ્યો હતો.

કોશ, વ્યાકરણ, પિંગળ, સંપાદન, અનુવાદ જેવાં સાહિત્યનાં અનેક ક્ષેત્રોમાં પહેલ કરનાર નર્મદને તેથી જ અર્વાચીન ગુજરાતી સાહિત્યના 'નૂતન પ્રસ્થાનકાર' ગણવામાં આવે છે.

શૌર્યગીત એ ઊર્મિગીતનો જ એક પેટાપ્રકાર છે. સામાન્ય રીતે આગળ વધતા સૈન્યને અથવા સૈનિકોને પાનો ચડાવવા, તેમનો ઉત્સાહ વધારવા જૂના સમયમાં ભાટ-ચારણો ગીતો ગાતા. એ ગીતો ગવાતાં ત્યારે બ્યૂગલો, રણભેરીઓ, નગારાં વાગતાં. ગીતનો લય અને તાલ આગેકૂચ કરતા સૈન્યના જોસ્સાને અનુરૂપ રહેતો. મુખ્યત્વે એમાં વીરતા અને બલિદાનની ભાવનાને ઉત્તેજવાનો આશય હોય.

પ્રસ્તુત કાવ્યમાં પોતાના ધ્યેયમાંથી પાછા ન હઠવા વિશેનો શૂરવીરનો અડગ નિર્ધાર જણાવ્યો છે. ગમે તેટલાં સંકટ કે મુશ્કેલી આવે તોપણ લીધેલું કાર્ય પૂર્ણ કરવાની વાત કરી છે. જે વીરપુરુષ હિંમત હારીને રણમેદાન છોડશે તેની લોકો ટીકા-નિંદા કરશે, પરંતુ હિંમતપૂર્વક, ઉત્સાહથી તે જીવનસંગ્રામમાં આગળ વધશે તો જ તે ખરા જશનો અધિકારી બનશે એ વાત આ ગીતમાં જુસ્સાભરી વાણીમાં વ્યક્ત કરી છે.

---

ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું :
વેણ કાઢ્યું કે ના લટવું ના લટવું. ટેક.
સમજીને તો પગલું મૂકવું, મૂકીને ના બીવું;
જવાય જો નહિ આગળ તોયે, ફરી ન પાછું લેવું. ડગલું.
સંકટ મોટું આવી પડતે, મોઢું ન કરવું વીલું;
કળે બળે ખૂબ લડવું પણ ના કરવું ફરવા ઊંચું. ડગલું.
જ્યાં ઊભા ત્યાં ચોંટી રહીને, વચન લેવું સબળું;
આભ પડો કે પૃથ્વી ફાટો, તોય ન કરીએ નબળું. ડગલું.
ફતેહ કરીને આગળ વધશું, અથવા અહીંયાં મરશું;
પણ લીધેલું તે પાળીશું, રે વજ્જરનું કરશું. ડગલું.
તજી હામ ને ઠામ મૂકવા, ખૂણા જે કો ખોળે;
ધિક્ કાયર તે અપજસરૂપી, ખાળકૂંડીમાં બોળે. ડગલું.
નાસી જાતાં હસે શત્રુઓ, સાથી ફિટ કહી કાઢે;
બીકણ બાયલા નામર્દો એ, નામ મળે ઉપાડે. ડગલું.
પોતાનો પસ્તાવો થાયે, જખ મારી રે ભારે;
મુઆ નહિ કાં કરી પરાક્રમ, રણે ઉઠાવ્યું જ્યારે. ડગલું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

શૂરવીર તે જસનો લોભી, હિંમતમદિરા પીએ;
ઉમંગથી તે ધસી વધે વા, ખૂબ ટકાવી રાખે. ડગલું.
ભણી ગણી જન પુખ્ત વિચારે, પાયો નાખે મજબૂત;
કો કાળે પણ જસ મોટો લે, નર્મદકેરું સાબૂત. ડગલું.

('નર્મદનું મંદિર'માંથી)

## ટિપ્પણ

**વેણ** - વચન **લટવું** - નમી પડવું **સંકટ** - મુશ્કેલી, આફત **મોઢું વીલું કરવું** - નિરાશાથી ઢીલા થવું **કળ** - યુક્તિ **ફરી ઊંચું** - મોં ફેરવી લેવાના અર્થમાં પ્રયોગ છે **સબળું** - સબળ **વજ્જર વજ** - (અહીં) કદી ન તૂટે એવું **હામ** - હિંમત **ધિક્** - (અહીં) ધિક્કાર હજો **કાયર** - ડરપોક **અપજસરૂપી** - ખુદ અપજશ જેવું (અહીં) અપયશ અપાવો **ખાળકૂંડી** - ખાળના મેલા પાણીની કૂંડી **ફિટ કહેવું** - ફટ્ કહેવું, તિરસ્કાર કરવો **જખ મારવી** - (અહીં) વ્યર્થ પ્રયત્ન કરવો **પુખ્ત** - પાકટ, પૂરા વિચારને અંતે પ્રગટેલું **સાબૂત** - નક્કર, મજબૂત

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. પોતાના ધ્યેયમાંથી પીછેહઠ નહિ કરવા અંગે કવિ શું કહે છે ?
2. હિંમત ત્યજનારા માટે કવિના શા વિચારો છે ?
3. 'ના હઠવું' કાવ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 2. નીચેની કાવ્ય પંક્તિઓ સમજાવો :**

1. "ફતેહ કરીને આગળ વધશું, અથવા અહીંયાં મરશું;
   પણ લીધેલું તે પાળીશું, રે વજ્જરનું કરશું."
2. "શૂરવીર તે જસનો લોભી, હિંમતમદિરા પીએ;
   ઉમંગથી તે ધસી વધે વા, ખૂબ ટકાવી રાખે."

**આટલું કરો**

1. નર્મદે કલમ પર જ જીવવાના લીધેલા અડગ નિર્ણય અંગેનો પ્રસંગ તમારા શિક્ષક પાસેથી જાણો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4. કલ્યાણ

**ચન્દ્રવદન મહેતા**

**જન્મ : ઈ.સ. ૧૯૦૧ મૃત્યુ ઈ.સ. ૧૯૯૧**



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાનો જન્મ સુરત મુકામે થયો હતો. તેઓ કવિ પ્રવાસી હોવા ઉપરાંત ઉત્તમ નટ, નાટ્યદિગ્દર્શક, નાટ્યસર્જક અને વિવેચક પણ હતા. નાટકના સાહિત્યસ્વરૂપ ઉપરાંત અન્ય ક્ષેત્રમાં પણ એમનું પ્રદાન છે. એમનાં 'ઈલાકાવ્યો' અને 'ગઠરિયાં' શ્રેણી અંતર્ગત લખાયેલું આત્મવૃત્તાંત વગેરે ખૂબ જાણીતાં છે. 'અખો', 'મૂંગી સ્ત્રી', 'આગગાડી', 'નર્મદ', 'પાંજરાપોળ', 'ધરાગુર્જરી' એમનાં નોંધપાત્ર નાટકો છે. સાહિત્યના મહત્ત્વના બધા જ પ્રકારોમાં તેમનું અર્પણ છે. તેમને ૧૯૩૬નો રણજિતરામ સુવર્ણચંદ્રક તથા 'નાટ્યગઠરિયાં' માટે ૧૯૭૧નો સાહિત્ય અકાદમી દિલ્હીનો ઍવોર્ડ મળ્યો હતો.

કવિઓ કથાકાવ્યમાં કોઈક વિશેષ ઘટના-પ્રસંગનું વર્ણન કરતા હોય છે. એ ઘટના-પ્રસંગ દ્વારા કોઈ વિશેષ વ્યક્તિની વીરતાથી, બલિદાનની, સમર્પણની કથા રજૂ થાય છે. સામાન્ય રીતે સમાજના હિત માટે કોઈ મહત્ત્વની કામગીરી કરતાં વીરગતિ પામેલા વીરની એ કથા હોય છે.

આપણા જૂના સાહિત્યમાં આવાં કથા કાવ્યો 'પવાડા' તરીકે ઓળખાયાં છે. 'પવાડો' શબ્દ સંસ્કૃતના 'પ્રવદ્ધ:' શબ્દ ઉપરથી આવ્યો છે. 'પવાડો' શબ્દ અને એ પ્રકારનાં કાવ્યો હિન્દી તથા મરાઠી સાહિત્યમાં પણ મળે છે. ત્યાં પણ એ વીરકથાઓ રૂપે રજૂ થયેલ છે.

પાછળથી 'પવાડો' એટલે નિંદા, ફજેતી એવા અર્થ પ્રચલિત થતાં 'પવાડો' એટલે કટાક્ષમાં કોઈની નિંદા કરતું કાવ્ય એવો અર્થ પણ થયો. એ કારણે 'પવાડા' લખાતા બંધ થયા અને પછીના સમયમાં દૂહા, સોરઠા, છંદ વગેરેમાં આવાં વીરકાવ્યો લખાવાં શરૂ થયાં. આ કાવ્ય 'ઈન્દ્રવજ્ર' છંદમાં લખાયેલું છે.

'કલ્યાણ' નામના યોદ્ધાએ દેશદાઝથી પ્રેરાઈને પોતાનું બલિદાન આપેલું એવું કથાવસ્તુ આ કથાકાવ્યના કેન્દ્રમાં છે. તેની વૃદ્ધ માતા એક સાચા સિપાઈ તરીકે કલ્યાણના વ્યક્તિત્વનું ઘડતર કરીને, કલ્યાણને પોતાના પિતા અને દાદાના માર્ગે બલિદાન આપવા તૈયાર કરે છે. કલ્યાણની માતા યુદ્ધમાં દીકરો ગુમાવવા છતાં એની શહીદી માટે હર્ષઘેલી બને છે. તે ઘટનામાં તેની માતાની દેશપ્રીતિ બતાવી છે. કલ્યાણની માતાનું ચરિત્ર પણ આ કાવ્યમાં 'વીરમાતા' તરીકે ઊપસી આવે છે. કલ્યાણની વીરગતિની સ્મૃતિમાં લોકો 'કલ્યાણ-ચોરો' ચણાવે છે. વીરતા અને દેશપ્રેમનું સરસ કથાકાવ્ય છે.

---

ઈલા ! સ્મરે છે અહીં એક વેળા,
આ ચોતરે આપણ બે રમેલાં;
દાદીજી વાતો કરતા નિરાંતે,
વ્હેલાં જમીને અહીં રોજ રાતે.
કૈં વર્ષ પ્હેલાં અહીં યુદ્ધ જામ્યાં,
ને વીર કૈં અક્ષય કીર્તિ પામ્યા;
આ ગામનો એક હીરો હણાયો;
કલ્યાણ-ચોરો અહીં આ ચણાયો.
કલ્યાણ નામે અહીંનો સિપાઈ
જે યુદ્ધમાં એક ગયો સિપાઈ
કેવી હતી અંતર દેશદાઝ;
એનો કહું હું ઈતિહાસ આજ,
એ ટેક ને શૌર્ય તણો જમાનો,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સાંખી શકે વીર ન એક ટોણો;
ના યોગ કે કાળ કંઈ વિચારે,
ને પાર ધાર્યું મનનું ઉતારે.
કલ્યાણને કેવળ વૃદ્ધ માત,
હૈયે હતી એક વિયોગવાત;
કલ્યાણ તો એકલ આશ જેની,
ચિંતા ધરે એ દિનરાત તેની.
'બચ્ચા ઊઠો !' એમ સિપાઇ-માતા
બોલીય ડંકા રણના સુણાતાં;
બેટા ઉમંગે રણમાં સિધાવો,
સિપાઇ-માતા-કૂખ આ દીપાવો;
કલ્યાણહૈયે હતી દેશદાઝ,
વ્હાલી હતી એ થકી કુળલાજ;
માતાતણાં વેણ સૂણી ઊઠ્યો એ:
ને કુળદેવી સ્મરીને નમ્યો એ :
ઓ પુણ્યશાળી મુજ માતૃભોમ.
એ દાઝ જાગો મુજ રોમરોમ;
હા દેશ મારો, મુજ દેશભક્તિ,
આ દેશ માટે મુજ સર્વશક્તિ.
કલ્યાણ-હીરો રણમાં હણાયો
પ્હેલો ધસ્યો એ જય તો ગણાયો.
કલ્યાણ તો અક્ષય કીર્તિ પામ્યો.
ને આત્મ એનો સ્વરગે વિરામ્યો.

(ચન્દ્રવદન મહેતાનાં કાવ્યોમાંથી)

## ટિપ્પણ

**અક્ષય** - નાશ ન પામે એવું, અમર **હીરો હણાયો** - વીરપુરુષ, શહીદ થયો **સાંખવું** - સહન કરવું **યોગ કે કાળ** - સંજોગ કે સમય **નિશાન** - ઊંટ ઉપરની નોબત, મોટું નગારું **નિયંતા** - નિયમમાં રાખનાર, પરમેશ્વર **સાખો** - શાખ, આબરૂ **અદા કરવું** - પાર પાડવું **શક્તિ** - (અહીં) સત્તો **ભાવિવાત** - (અહીં) ભવિષ્યમાં વાત આદર્શરૂપે કહેવાશે **શિરપેચ** - છોગાવાળો સાફો **શકુનયાળ** - શુકન માટેના કંકુ, અબીલ, ગુલાલ, ચોખા, ખારેક વગેરે સામગ્રીનો થાળ **ગામનાકું** - પાદર **જયત્મેદ** - વિજયનું રહસ્ય **કલ્યાણ-પંથે નિજ પંથ વાળ્યો** - કલ્યાણે જે માર્ગ લીધો હતો એ પોતે પણ લીધો, અવસાન પામી

## રૂઢિપ્રયોગ

**કૂખ દીપાવવી** - માતાને ગૌરવ અપાવવું
**વાળ વાંકો ન થવો** - સહેજ પણ ઈજા ન થવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ અને ઈલા એક સમયે ક્યાં રમતાં હતાં ?
2. દાદીજી કયાં અને ક્યારે વાર્તા કહેતા હતા ?
3. કલ્યાણ ચોરો શા માટે ચણાયો ?
4. કલ્યાણ નામનો સિપાઈ ક્યાં હણાયો ? તેના અંતરમાં શું હતું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

5. કલ્યાણનું વ્યક્તિત્વનું ઘડતર કોણ કરે છે ?
6. કલ્યાણ કોના માર્ગને અનુસરે છે ? શા માટે ?
7. કલ્યાણની માતા દિકરો ગુમાવવા છતાં હર્ષઘેલી શા માટે બને છે ?
8. કલ્યાણની માતા માટે કયું વિશેષણ પ્રયોજાયું છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. કવિ ભૂતકાળને વાગોળતાં શું શું યાદ કરે છે ? વર્ષો પહેલાંની કઈ ઘટનાને યાદ કરે છે ?
2. કલ્યાણ-ચોરો ચણાયો તેની પાછળ કયો ઇતિહાસ રહેલો છે ? કલ્યાણ કોણ હતો ?
3. કલ્યાણ કયાં વીરગતિ પામ્યો ? તેના હૃદયમાં શું રહેલું હતું ?
4. કલ્યાણ યુદ્ધમાં હણાવા છતાં તેની વૃદ્ધમાતા શા માટે હર્ષઘેલી બને છે ?

**પ્રશ્ન 3. નીચેની કાવ્યપંકિતઓનો ભાવાર્થ સમજાવો.**

૧. કલ્યાણહૈયે હતી દેશદાઝ, વ્હાલી હતી એ થકી કુળલાજ.
૨. કલ્યાણ તો અક્ષય કીર્તિ પામ્યો, ને આત્માએનો સ્વરગે વિરામ્યો.

**પ્રશ્ન 4. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

અક્ષય, ઉમંગ, પુણ્યશાળી, હર્ષઘેલાં, કીર્તિ

**પ્રશ્ન 5. નીચેના શબ્દો યોગ્ય શબ્દો સાથે જોડો.**

અક્ષયકીર્તિ, કુળલાજ, પુણ્યશાળી એ વિશેષણોને પોતાની, આત્મા, વીરયોદ્ધો

**પ્રશ્ન 6. નીચેની કાવ્યપંક્તિઓમાં કયો અલંકાર છે તે ઓળખી બતાવો.**

કલ્યાણ તો એકલ આશ જેની,
ચિંતા ધરે એ દિનરાત તેની.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વ્યાકરણ એકમ : ૨

## છંદ

**'કલ્યાણ તો એકલ આશ જેની**
**ચિંતા ધરે એ દિનરાત તેની.'**

આ કાવ્યપંક્તિઓ ઈન્દ્રવજ્ર છંદમાં રચાયેલી છે. એવું ભૂમિકામાં નોંધાયું છે. સામાન્ય રીતે 'પદ્ય'નો લય ગદ્ય કરતાં વધુ નિયમિત હોય છે. લયની નિયમિતતા માટે કવિઓએ શોધી કાઢ્યું કે ભાષામાં વપરાતા ધ્વનિઓનો ઉપયોગ કરી શકાય. 'ક' 'ખ' 'ગ' વગેરે વર્ણો અલગ ઉચ્ચારીએ ત્યારે ક્+અ, ખ્+અ, ગ્+અ ઉચ્ચારાય છે પણ ધારો કે વાંકી શબ્દ ઉચ્ચારીએ તો તેમાં 'વાં' અને 'કી' બંનેના ઉચ્ચારનો સમય (કાલમાન) ગાળો સરખો છે. પણ 'આંખડી' ઉચ્ચારીએ ત્યારે 'આ' અને 'ડી'ના પ્રમાણમાં 'ખ'ના ઉચ્ચારણનો સમયગાળો ઓછો છે.

આ ઉપરથી જે વર્ણો ઉચ્ચારાય તેને બે ભાગમાં વહેંચી નાખવામાં આવ્યા. જેના ઉચ્ચારણનો સમયગાળો પ્રમાણમાં ઓછો હોય. ઉચ્ચારાયેલા વર્ણને અક્ષર કહેવામાં આવે છે તેથી બે પ્રકારના અક્ષરો ગણાયા. ઉચ્ચારમાં લાંબો સમયગાળો લેતા અક્ષરો તેદીર્ઘ અથવા ગુરુ અને પ્રમાણમાં ઓછો અથવા ટૂંકો સમય ગાળો લેતા તે લઘુ અથવા હ્રસ્વ. અ,ઈ, ઉ, ઋ જેવા હ્રસ્વ સ્વરો સાથે ઉચ્ચારાતા અક્ષરોને લઘુ અને બાકીના સ્વરો સાથે ઉચ્ચારાતા તે ગુરુ. આ ગુરુની બે માત્રા અને લઘુની એક માત્રા ગણવામાં આવી.

કાવ્યપંક્તિમાં સરખા માપના નિયત સંખ્યામાં જે અક્ષરો આવે ને ખાસ લયથી, નિયમિત લયથી બોલી શકાય - ગાઈ શકાય. નિયત અથવા નક્કી કરેલી માત્રા પ્રમાણે કાવ્યપંક્તિઓ પણ નિયમિત લયવાળી હોય.

લખાણમાં લઘુ અક્ષરનું ચિહ્ન ˘ અર્ધ ચંદ્રાકાર છે અને તેનો ટૂંકમાં 'લ' તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે. એટલે કે, ક, કિ, કુ, કૃ અથવા સ, સિ, સુ, સૃ એ લઘુ અક્ષરો અથવા એક માત્રાવાળા અક્ષરો ગણાય.

આ, ઈ, ઊ, ઐ, ઓ, ઔ, અં, અઃ વગેરે ગુરુ સ્વરો છે અને એની સાથે જોડાયેલા વ્યંજનો ગુરુ બને છે. જેમ કે, કા, કી, કૂ, કૈ, કો, કૌ, કં, કઃ.

ગુરુ વર્ણનું ચિહ્ન '—' આડી લીટી છે અને તેનો ટૂંકમાં 'ગા' તરીકે નિર્દેશ કરવામાં આવે છે.

શબ્દમાં જ્યારે જોડાક્ષર હોય ત્યારે ઉચ્ચારણ દરમિયાન જોડાક્ષરના અર્ધવ્યંજનનો થડકાર આગળના વર્ણ (અક્ષર) પર આવતો હોય તો આગળનો વર્ણ લઘુ હોય તો પણ તે ગુરુ બને છે. શક્તિમાં શ લઘુ છે, પણ પાછળથી 'ક્તિ' એ સંયુક્ત વ્યંજન જોડાયેલો હોવાથી 'શ' અહીં લઘુ નહીં, પણ ગુરુ બને છે.

સામાન્ય રીતે અનુનાસિક ઉચ્ચારણવાળો અક્ષર ગુરુ બને, પરંતુ ગુજરાતી ઉચ્ચારણમાં અનુનાસિક હંમેશાં તીવ્ર હોતો નથી. ક્યારેક કોમળ પણ હોય છે ત્યારે તેની પહેલાનો અક્ષર લઘુ હોય તો તે લઘુ જ રહે છે.

વિસર્ગવાળો અક્ષર ગુરુ ગણાય છે. વિસર્ગવાળો અક્ષર લઘુ હોય તો પણ વિસર્ગનો ઉચ્ચાર કરતાં તે ગુરુ બને છે.

પંક્તિને અંતે આવતો અક્ષર લઘુ હોવા છતાં ગુરુ બને છે.

આ ઉપરાંત લઘુ-ગુરુના નિર્ણય વખતે કવિએ લીધેલી છૂટ ધ્યાનમાં રાખવી અનિવાર્ય છે.

**છંદના પ્રકાર**

(I) સંખ્યામેળ છંદ

(II) અક્ષરમેળ છંદ અથવા રૂપમેળ છંદ અથવા ગણમેળ છંદ

(III) માત્રામેળ છંદ અથવા જાતિ છંદ

(IV) લયમેળ છંદ અથવા ગેય છંદ

**અક્ષરની ગોઠવણી**

**ગણ :** અક્ષરોમાં લઘુ-ગુરુના આધારે ગણની રચના થયેલી હોય છે. દરેક ગણમાં ત્રણ અક્ષરો હોય છે.આ ત્રણ અક્ષરોના લઘુ-ગુરુની વિવિધ પ્રકારની ગોઠવણીથી જુદા જુદા ગણ બને છે. ગણની કુલ સંખ્યા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

આઠ છે. આ ગણોને યાદ રાખવા માટે એકાક્ષરી નામો ય, મ, ત, ર, જ, ભ, ન, સ એ રીતે આપવામાં આવ્યા છે.

| ગણ | બંધારણ |
|---|---|
| ય | U – – (લઘુ, ગુરૂ, ગુરૂ) |
| મ | – – – (ગુરૂ, ગુરૂ, ગુરૂ) |
| ત | – – U (ગુરૂ, ગુરૂ, લઘુ) |
| ર | – U – (ગુરૂ, લઘુ, ગુરૂ) |
| જ | U – U (લઘુ, ગુરૂ, લઘુ) |
| ભ | – U U (ગુરૂ, લઘુ, લઘુ) |
| ન | U U U (લઘુ, લઘુ, લઘુ) |
| સ | U U – (લઘુ, લઘુ, ગુરૂ) |

આ ગણોનાં માપ યાદ રાખવાનો એક સહેલો રસ્તો પણ છે.

સૂત્ર : ય મા તા રા જ ભા ન સ લ ગા

આ સૂત્ર યાદ રાખો અને જે ગણનું બંધારણ નક્કી કરવું હોય તે અક્ષરથી શરૂ કરીને ત્રણ અક્ષરો સુધીના લઘુ-ગુરુ નક્કી કરવા. જેમ કે યનું બંધારણ નક્કી કરવું હોય તો ય અક્ષરથી શરૂ કરી ત્રણ અક્ષર ગણી તે અક્ષરના લઘુ-ગુરુ લખવા ય - ય મા તા એટલે U – – આ યનું બંધારણ થયું તે જ રીતે બધાં બંધારણ બનાવીએ.

| | | | | |
|---|---|---|---|---|
| ય | ગણ | એટલે | યમાતા | U – – |
| મ | ગણ | એટલે | માતારા | – – – |
| ત | ગણ | એટલે | તારાજ | – – U |
| ર | ગણ | એટલે | રાજભા | – U – |
| જ | ગણ | એટલે | જભાન | U – U |
| ભ | ગણ | એટલે | ભાનસ | – U U |
| ન | ગણ | એટલે | નસલ | U U U |

લ એટલે લઘુ અને ગ એટલે ગુરૂ.

છેલ્લા લ અને ગા એ કોઈ ગણનાં નામ નથી. માત્ર લઘુ અને ગુરુ માટેની સંજ્ઞાઓ છે.

છંદના બંધારણમાં પણ ત્રણ ત્રણ અક્ષરના ગણ તારવતાં પાછળ એક-બે અક્ષર વધે તો એમને પણ લ અને ગા થી દર્શાવવામાં આવે છે. અહીં એક પંકિતમાં ગણ બતાવવામાં આવ્યા છે તે જોઈએ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| U– – | – – – | UUU | UU– | –UU | U – |
| ઉનાળા | નોલાંબો | દિવસ | વહતો | મંથર | ગતિ |

**ચરણ :** લઘુ, ગુરુ વર્ણોના નિયત માપ મુજબ જયારે છંદની પ્રત્યેક પંક્તિમાં વર્ણો ગોઠવાયા હોય છે ત્યારે જે માપ બને તે ચરણ, પદ કે પાદ સંજ્ઞાથી ઓળખાય છે.

છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ
દેવોના ધામના જેવું હૈયું જાણે હિમાલય

ઉપરના ઉદાહરણમાં ચાર ચરણ જોયાં.

**યતિ :** કાવ્યનું પઠન કરતાં કે ગાતાં સહજ રીતે જ્યાં અટકવું પડે કે જ્યાં વિરામ લેવાય ત્યાં આપણે વિરામ ચિહ્ન મૂકીએ છીએ. છંદમાં તેને યતિ કહેવામાં આવે છે.

જ્યાં જ્યાં યતિ આવે ત્યાં ત્યાં તેની આગળનો અક્ષર ગુરુ બને છે. અહીં ઉદાહરણમાં યતિને સ્થાને ઊભી લીટી કરવામાં આવી છે.

હા પસ્તાવો / વિપુલ ઝરણું / સ્વર્ગથી ઊતર્યું છે

**માત્રા :** માત્રા એટલે અક્ષરના ઉચ્ચારણમાં જે સમય લાગે છે તે અવધિ-સમયને માત્રા કહે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

લઘુ અક્ષરની એક માત્રા અને ગુરુ અક્ષરની બે માત્રા ગણાય છે. કેટલાક છંદોમાં પંક્તિની અક્ષર સંખ્યા કે લઘુ-ગુરુનાં સ્થાન નિશ્ચિત નથી હોતાં, પણ પંક્તિના અક્ષરોની કુલ સંખ્યા નિશ્ચિત હોય છે એવા છંદોને માત્રામેળ છંદો કહેવામાં આવે છે.

**તાલ :** માત્રામેળ છંદોમાં નિશ્ચિત અંતરે વિરામ કે ભાર આવે તેને તાલ કહેવામાં આવે છે.

**સંધિ :** માત્રામેળ છંદોમાં ગણ વ્યવસ્થા હોતી નથી, પરંતુ માત્રામેળ છંદની પંક્તિ અમુક ખંડોમાં પઠનના લય પ્રમાણે વહેંચાઈ જાય છે ત્યારે તે પ્રત્યેક ખંડના માત્રા જૂથને સંધિ કહે છે.

જ્યારે એકસરખી માત્રાઓનું જૂથ ફરી ફરી આવતું હોય તેને આવૃત્ત સંધિ કહે છે. આવૃત્ત એટલે કે માત્રામેળ છંદોમાં ‘આવર્તનો’, ‘ત્રિકલ’, ‘ચતુષ્કલ’, ‘પંચકલ’ અથવા ‘સપ્તકલ’ સંધિનાં આવર્તનો માત્રામેળ છંદમાં હોય છે.

**અક્ષરમેળ છંદ નક્કી કરવાની રીત**

જ્યારે કોઈ કાવ્યપંક્તિનો છંદ ઓળખવો હોય ત્યારે સૌથી પહેલાં તેના અક્ષરોની સંખ્યા ગણી લેવી જોઈએ.

અક્ષરની ગણતરી કર્યા પછી તેના ગણ પાડવા જોઈએ.

ગણ પારખવા માટે પંક્તિના અક્ષરોને ત્રણ-ત્રણ અક્ષરના જૂથમાં વિભાજિત કરી તેના લઘુ-ગુરુના સ્વરૂપને નક્કી કરવા જોઈએ.

તે પછી દરેક જૂથના લઘુ-ગુરુના સ્વરૂપ પ્રમાણે તેના ગણ નક્કી કરી બંધારણ જોઈ, છંદ નક્કી કરવો જોઈએ.

**માત્રામેળ છંદ નક્કી કરવાની રીત**

માત્રામેળ છંદોમાં પંક્તિની કુલ માત્રાઓ નક્કી હોય છે એટલે સૌપ્રથમ માત્રા ગણવી જોઈએ.

ત્યાર પછી આવર્તનો ચકાસી છંદ નક્કી કરવો જોઈએ.

છંદનાં બંધારણ

**શિખરિણી છંદ**

અક્ષર : ૧૭ અક્ષર

બંધારણ : ય મ ન સ ભ લ ગા

યતિ : ૬ અને ૧૨મા અક્ષરે

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| U– | – | – | – – | UUU | U | U – | –UU | U– |
| નદી | દો | ડે | સોડે | ભડભ | ડ | બળે | ડુંગર | વનો |
| ય | | મ | | ન | સ | | ભ | લગા |

**મંદાક્રાન્તા છંદ**

અક્ષર : ૧૭ અક્ષર

બંધારણ : મ ભ ન ત ત ગા ગા

યતિ : ૪ અને ૧૦મા અક્ષરે

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| – | — | – | UU U | UU | – | –U | – | –U | – | – |
| રે | પંખી | ડાં | સુખથી | ચણ | જો | ગીત | વા | કોઈ | ગા | જો |
| મ | | ભ | ન | | ત | | ત | ગા | ગા | |

**પૃથ્વી છંદ**

અક્ષર : ૧૭ અક્ષર

બંધારણ : જ સ જ સ ય લ ગા

યતિ : ૮ અને ૧૭મા અક્ષરે

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| U | –U | U | U– | U | –U | U | U– | U– | – | U– | |
| ભ | મો | ભ | રત | ખં | ડમાં | સ | કળ | ભો | મ | ખુંદી | વળી |
| જ | | સ | | જ | | સ | | ય | | | લગા |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**હરિણી છંદ**

અક્ષર : ૧૭ અક્ષર

બંધારણ : ન સ મ ર સ લ ગા

યતિ : ૮ અને ૧૭મા અક્ષરે

UUU U U– — — U– UU –U–

ઉપવ ન વિશે સાંજે જ્યા રે હવા હસતી હતી

ન સ મ ર સ લગા

**વસંતતિલકા છંદ**

અક્ષર : ૧૪ અક્ષર

બંધારણ : ત ભ જ જ ગા ગા

યતિ : ૮મા અક્ષરે

– – U –U U U –U U– U – –

ખીલી વ સંત વ ન ફૂલ ભર્યાં મ હે કે

ત ભ જ જ ગા ગા

**શાર્દૂલવિક્રીડીત છંદ**

અક્ષર : ૧૯ અક્ષર

બંધારણ : મ સ જ સ ત ત ગા

યતિ : ૧૨મા અક્ષરે

– – – U – – U– U U U – – – U – – U –

ઊગે છે સુરખી ભરી ર વિ મૃદુ હેમંત નો પૂર્વ માં

મ સ જ સ ત ત ગા

**સ્રગ્ધરા છંદ**

અક્ષર : ૨૧ અક્ષર

બંધારણ : મ ર ભ ન ય ય ય

યતિ : ૭ અને ૧૪મા અક્ષરે

– – – – U– – UU U UU U – – U– –U —

ધીમે ધી મે છટા થી કુસુ મ રજ લઈ ડો લતો વાયુ વાય

મ ર ભ ન ય ય ય

**અનુષ્ટુપ છંદ**

બંધારણ : ૮, ૮ અક્ષરનાં ચાર ચરણ, દરેક ચરણનો પાંચમો અક્ષર લઘુ અને છઠ્ઠો અક્ષર ગુરુ. પહેલા અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર ગુરુ, બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ.

U – – U–U

છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમ

U – – U–U

દેવોના ધામના જેવું, હૈયું જાણે હિમાલય

**ઈન્દ્રવજ્રા છંદ**

અક્ષર : ૧૧ અક્ષર

બંધારણ : ત ત જ ગા ગા

ત ત જ ગાગા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | | | |
|---|---|---|---|---|
| – – | U – | –UU | –U | — |
| ઊભા | રહી | અંજલિ | એક | લીધી |
| ઈલા | સ્મરે | છે અહિ | એક | વેળા |
| આચો | તરે | આપણ | બેર | મેલાં |

**ઉપેન્દ્રવજ્ર છંદ**

અક્ષર : ૧૧ અક્ષર

બંધારણ : જ ત જ ગા ગા

નોંધ : તમે જોઈ શકશો કે ઉપરના બે છંદ (ઉપેન્દ્રવજ્ર અને ઈન્દ્રવજ્ર)માં સહેજ જ તફાવત છે. ઈન્દ્રવજ્રમાં પહેલો અક્ષર ગુરુ છે અને ઉપેન્દ્રવજ્રમાં પહેલો અક્ષર લઘુ છે. બીજા બધા અક્ષરોનું માપ એકસરખું જ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| U – | U – | – | UU | –U | – – |
| દયા | હતી | ના | નહિ | કોઈ | શાસ્ત્ર |
| U – | U– | –UU | –U | – – | |
| હતી | તહીં | કેવળ | માણ | સાઈ | |
| જ | ત | જ | ગા | ગા | |

**ઉપજાતિ છંદ**

આમ તો આ કોઈ સ્વતંત્ર છંદ નથી, પણ ૧૧ અક્ષરવાળા ઈન્દ્રવજ્ર અને ઉપેન્દ્રવજ્ર બંનેની મિશ્રણવાળી રચના છે. જ્યારે એક જ કાવ્યમાં ઉપેન્દ્રવજ્ર અને ઈન્દ્રવજ્રની એક-એક પંક્તિ હોય ત્યારે તે ઉપજાતિ છંદ બને છે.

અક્ષર : ૧૧ અક્ષર

બંધારણ : જ ત જ ગા ગા, ત ત જ ગા ગા

યતિ : પંકતિને અંતે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| U–U | – | –U | U– | U | – – | |
| સજાવ | વાં | ચપ્પુ | છરી | ક | હેતો | |
| – | –U | – | –U | U | –U | – – |
| ને | તેહ | ની | પાછ | ળ | બાળ | તેનો |

**મનહર છંદ**

બંધારણ : આ સંખ્યામેળ છંદમાં બે પંક્તિઓ હોય છે. પંક્તિમાં લઘુગુરુનાં સ્થાન નિશ્ચિત નથી. બંને પંક્તિના કુલ અક્ષરોની ગણતરી લેવાય છે. બે પંક્તિમાં અક્ષર સંખ્યા ૧૬+૧૫ કુલ ૩૧ થાય. ચાર-ચાર અક્ષરોના ગણ સાતવાર અને છેલ્લે ત્રણ અક્ષર. ચરણને અંતે ગુરુ અક્ષર.

યતિ : ૯, ૧૬, ૨૪ અક્ષરે.

બગલાની ડોક વાંકી. પોપટની ચાંચ વાકી = ૧૬

કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે = ૧૫

**ચોપાઈ છંદ**

માત્રા : ૧૫ માત્રા (દરેક ચરણમાં)

તાલ : ૧, ૫, ૯, ૧૩ મી માત્રાએ. ચાર-ચાર માત્રાના ચતુષ્કલ સંધિનું ત્રણ વખત આવર્તન અને છેલ્લા બે અક્ષરો ગુરુ અને લઘુ હોય છે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ગા.લ. | | | | | |
| ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧ | |
| કાળી | ધોળી | રાતી | ગાય | = | ૧૫ | માત્રા | | |
| ૨ | ૨ | ૨ | ૨ | ૧૧૨ | ૨ | ૧ | ૧૫ | માત્રા |
| પી | એ | પા | ણી | ચરવા | જા | ય | | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**દોહરો છંદ**

માત્રા : કુલ ચાર ચરણ હોય. પહેલા અને ત્રીજા ચરણમાં ૧૩ માત્રા, ૧૧મી માત્રાએ લઘુ અક્ષર. બીજા અને ચોથા ચરણમાં ૧૧ માત્રા, છેલ્લા બે અક્ષર ગુરુ-લઘુ.

તાલ : ૧, ૫ અને ૯મી માત્રાએ.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૧૨ | ૨ | ૨૧૨ | = | ૧૩ | ૨૧૧ | ૨ | ૧૧૨૧ | = | ૧૧ |
| દીપકના | | બે | દીકરા, | | | કાજળ | ને | અજવાશ | | |
| ૨૧ | ૧૨૧ | ૨૧ | ૧૨ | = | ૧૩ | ૨૨ | ૧૨ | ૧૨૧ = | ૧૧ | |
| એક | કપૂત | કાળું | કરે, | | | બીજો | દિયે | પ્રકાશ | | |

**સવૈયા છંદ**

માત્રા : ૩૧ અથવા ૩૨

તાલ : ૧, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૫, ૨૯મી માત્રાએ અથવા ૧લી માત્રાએ પછી ચાર-ચાર માત્રાએ.

આવર્તન : ચાર ચાર માત્રાના ચતુષ્કલ સંધિનાં સાત આવર્તન. છેલ્લે બે અક્ષરો ગુરુ-લઘુ અથવા બત્રીસા સવૈયામાં છેલ્લા બે અક્ષરો ગુરુ-ગુરુ આવે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ૨૨ | ૨૧ | ૨૨૨ | ૨૨ | ૨૨ | ૧૨૨ | ૨ | = | ૩૨ |
| એકે | ભૂરી | લાલ | બીજાએ | ચડી | ટૂંકી | ચડાવી | છે. | | |

**ઝૂલણા છંદ**

માત્રા : ૩૭ માત્રા (પૂર્વાર્ધ ચરણમાં ૨૦ અને ઉત્તરાર્ધ ચરણમાં ૧૭ માત્રા)

તાલ : ૧લી માત્રાએ અને પાંચ-પાંચ માત્રાએ

આવાર્તન : પાંચ-પાંચ માત્રાનાં પંચકલ સંધિનાં સાત આવર્તન અને છેલ્લો અક્ષર ગુરુ.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૨ | ૩ | ૪ | | | | | | | |
| ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ | ૨ | ૧ | ૨ |
| જા | ગ | ને | જા | દ | વા | કૃ | ષ્ણ | ગો | વા | ળિ | યા |
| ૧૨ | ૧૨ | ૨૧ | ૨ | ૨૧ | ૨૨ | | | | | | |
| તુજ | વિના | ઘેનમાં | | કોણ | જાશે? | | | | | | |

.....

૫ ૬ ૭

**હરિગીત છંદ**

માત્રા : ૨૮ માત્રા

આવર્તન : સાત-સાત માત્રાના સપ્તકલ સંધિનાં ચાર આવર્તન. છેલ્લો અક્ષર ગુરુ.

યતિ : ૧૪ અને ૧૬ માત્રાએ.

.....

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૨૧ | ૨૨૨ | ૧૨ | ૧૧ | ૨૧ | ૨૨ | ૨ | ૧૨ |
| આ | પ્રેમ | સંસારી | તણો | તુજ | તેજ | જેવો | છે | નકી |

**કટાવ છંદ**

માત્રા અને ચરણની સંખ્યા નિશ્ચિત નહીં. એક પંક્તિમાં ચાર-ચાર માત્રાના ચતુષ્કલના ઓછામાં ઓછાં બે આવર્તનો આવે છે. એ રીતે આઠ માત્રાનો એકસંધિ બને. એમાં જરૂર હોય ત્યાં વધુ આવર્તનો ઉમેરી સળંગ પદ્યરચના માટે ઉપયોગ કરવામાં આવે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧ | ૨૧ | ૨ | ૨૧ | ૨૧ | ૨ |
| ધન્ય | ધન્ય | ઓ | ચિત્ત | મુજ | તું! |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**મહાવરો**

આપેલી કાવ્યપંક્તિઓની નીચે ચાર વિકલ્પો આપ્યા છે. કાવ્યપંક્તિ જે છંદની હોય તેની સામે ઘાટું કરો.

૧. 'કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો'
   અ. મંદાક્રાન્તા   બ. શિખરિણી
   ક. પૃથ્વી   ડ. હરિણી

૨. 'ઝૂલે ચમેલી વાયુ સંગ, ફોરે એનો મધુર ઉમંગ,
   વેલી ઝબકી સોહ્યું આભ, સુગંધ ફોરે મ્હેક્યો દામ.'
   અ. મંદાક્રાન્તા   બ. શિખરિણી
   ક. પૃથ્વી   ડ. હરિણી

૩. 'પારાવારે દુસ્તર વીચિ ઘણી તરીને'
   અ. કટાવ   બ. હરિગીત
   ક. હરિણી   ડ. દોહરો

૪. 'તુજ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહીં ચક્રો રચી.'
   અ. હરિણી   બ. હરિગીત
   ક. શાર્દૂલવિક્રીડિત   ડ. કટાવ

૫. 'પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?'
   અ. સ્રગ્ધરા   બ. ચોપાઈ
   ક. મંદાક્રાન્તા   ડ. સવૈયા


૬. દ્રવે કાયર દ્રવે શૂર, દ્રવે મેલો ને દ્રવે નુર
   દ્રવે ચોર ને દ્રવે સાહા, દ્રવે રંક ને દ્રવે રાયા
   અ. હરિગીત   બ. ચોપાઈ
   ક. મંદાક્રાન્તા   ડ. ઝૂલણા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5. ચાલ, ફરીએ



**નિરંજન ભગત**
**જન્મ : ઈ.સ. ૧૯૨૬**

નિરંજન નરહરિ ભગતનો જન્મ ઈ.સ. ૧૯૨૬માં અમદાવાદ માં થયો હતો. તેઓ અંગ્રેજી વિષયના નિવૃત્ત પ્રાધ્યાપક છે. "હું નગરનું સંતાન છું એટલું જ નહિ, હું એક ઔદ્યોગિક નગરનું સંતાન છું." એમ પોતાની ઓળખ આપે છે. પછીની ગુજરાતી કવિતામાં દેખાતી આધુનિકતાનાં ઘણાંબધાં લક્ષણો એમની કવિતામાં પ્રથમવાર સ્ફુટ થતાં દેખાય છે. 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ', '૩૩ કાવ્યો' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. છંદોલય બૃહતમાં તેમના બધાં કાવ્યો એકસાથે પ્રકાશિત થયાં છે. તેમણે મુંબઈ શહેર નિમિત્તે આધુનિક નગરસભ્યતાનું પ્રવાલદ્વીપ શીર્ષક હેઠળનાં નગરકાવ્યોમાં નિરૂપણ કર્યું છે. તેમની કવિતામાં પ્રયોગશીલતા અને પ્રશિષ્ટતાનો વિરલ સમન્વય જોવા મળે છે. સુઘડ સુગ્રથિત બાની, છંદ-લય અને પ્રાસનું ઉચિત સંમેલન, કવિકર્મની સભાનતા, શબ્દપસંદગી અને શબ્દવિન્યાસ, કલ્પનો અને પ્રતિકોનો સૂઝપૂર્વકનો ઉપયોગ તેમના એકમાત્ર કાવ્યસંગ્રહને ગુજરાતી કવિતાનો મહત્ત્વનો સંગ્રહ ગણવા પ્રેરે છે. વિવેચન, સંપાદન, અનુવાદક્ષેત્રે તેમણે નોંધપાત્ર કામ કર્યું છે.

તેમને ૧૯૪૯માં કુમારચંદ્રક, ૧૯૫૭માં નર્મદ સુવર્ણચંદ્રક, ૧૯૬૯માં રણજીતરામ સુવર્ણચંદ્રક, ૧૯૯૮માં પ્રેમાનંદ સુવર્ણચંદ્રક, ૧૯૯૯માં સાહિત્ય અકાદમી ઍવોર્ડ, ૨૦૦૦માં સચ્ચિદાનંદ અને ૨૦૦૧માં નરસિંહ મહેતા ઍવોર્ડ મળ્યા હતા.

નિરંજન ભગતના આ કાવ્યના સાહિત્ય સ્વરૂપની વાત કરીએ તો આ એક ગીતકાવ્ય છે, ગુજરાતી સાહિત્યમાં આવાં ગીતકાવ્યો સારા એવા પ્રમાણમાં સર્જાયેલાં જોવા મળે છે. સામાન્ય રીતે જે ગવાય તે ગીત. ગીત ઉપરથી જ 'ગીતા' શબ્દ બન્યો છે. ગુજરાતીમાં લોકગીત, પ્રભાતિયાં, ભજનો, વગેરે પણ ગીત-કાવ્ય જ ગણાય. ઊર્મિગીત એ થોડે અંશે ગીત કાવ્યનો જ પ્રકાર ગણી શકાય.

કવિ નર્મદ પછી ઘણા બધા કવિઓએ ગીત અને ઊર્મિગીતો લખ્યાં છે. એમાં ભક્તિ ઉપરાંત, પ્રકૃતિ અને માનવ પ્રેમની ઊર્મિઓ રજૂ થઈ. ક્યારેક પોતાનો વિષાદ અને વ્યથા પણ રજૂ થયાં.

સુગમસંગીત ગાનારા કલાકારોએ ગુજરાતમાં આવાં ગીતોને ઘેર ઘેર જાણીતાં બનાવ્યાં. નર્મદ પછી નરસિંહરાવ, નાનાલાલ, સુંદરમ, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ, અવિનાશ વ્યાસ જેવાએ ઘણાં ગીતો લખ્યાં છે.

'ચાલ ફરીએ' ગીતકાવ્યમાં કવિ નિરંજન ભગતે હૃદયના વિસ્તાર દ્વારા આ સકલ સૃષ્ટિને ચાહવાની મનીષા પ્રગટ કરી છે. આપણી આસપાસની સૃષ્ટિને કોઈ સીમા નથી. હવાની લહર આપણને ઘરની સાંકડી દીવાલોમાંથી ઊંચકીને વિશાળ જગતમાં લઈ જવાનો સંદેશ આપે છે એકલ પેટા થઈને ઘરના ખૂણામાં પડ્યા રહેવા કરતાં આ સૃષ્ટિમાં હરતા-ફરતા થઈને સૌને હૃદયના સ્નેહની લહાણી કરવાથી નિત્યનૂતન આનંદનો અનુભવ થાય છે. આથી કવિ આ હરિગીતના લયયુક્ત ગીતકાવ્યમાં સૂચવે છે કે આજકાલની દ્વિધામાં પડ્યા સિવાય જિંદગીની જે બેચાર ક્ષણો મળી છે એને આનંદથી માણી લેવી જોઈએ.

---

ચાલ ફરીએ !
માર્ગમાં જે જે મળે તેને હૃદયનું વહાલ ધરીએ !
બહારની ખુલ્લી હવા
આવે અહીં, ક્યાં લૈ જવા ?
જ્યાં પથ નવા, પંથી નવા;
એ સર્વનો સંગાથ છે તો નિત નવા કૈં તાલ કરીએ !
એકલા રહેવું પડી ?
આ સૃષ્ટિ છે ના સાંકડી !
એમાં મળી જો બે ઘડી
ગાવા વિષે, ન્હાવા વિષે; તો આજની ના કાલ કરીએ !
ચાલ ફરીએ !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણ

**વહાલ** - લાડપ્રેમ **લૈ** - લઈ જવા **પથ** - માર્ગ, રસ્તો **પંથી** - પંથ પર જનાર પ્રવાસી **સંગાથ** - સાથ **નિત** - દરરોજ **તાલ** - ખેલ, યુક્તિ **સાંકડી** - પહોળાઈમાં ઓછું, છૂટ વગરનું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ જીવન જીવવાની કઈ કળા અપનાવવાની વાત કરે છે ?
2. કવિ રસ્તે મળતી વ્યક્તિને શું શું આપવા ઈચ્છે છે ?
3. હવાની લહર આપણને કયો સંદેશ આપે છે ?
4. કવિ જિંદગીને કેવી રીતે માણી લેવાની વાત કરે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. આ કાવ્યમાં કવિ નિરંજન ભગત હૃદયના વિસ્તાર દ્વારા શું અપનાવવા માગે છે ? શા માટે ?
2. કવિ આ સકલ સૃષ્ટિને ચાહવાની મનીષા શા માટે પ્રગટ કરે છે ? આ સૃષ્ટિ કેવી છે ?
3. માણસે વિશાળ હૃદયના બનીને શું પ્રાપ્ત કરવું છે ?
4. કવિ આ કાવ્ય દ્વારા આ જગતમાં કેવી રીતે રહેવાની શિખામણ આપે છે ?

**પ્રશ્ન 3. કાવ્યપંકિતઓનો ભાવાર્થ સમજાવો.**

જ્યાં પથ નવા, પંથી નવા, એ સર્વનો સંગાથ છે તો નિત નવા કૈં તાલ કરીએ !

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

બહારની, ખુલ્લું, સાંકડું, સ્નેહ

**પ્રશ્ન 6. માંગ્યા પ્રમાણે લખો.**

સ્વચ્છ, સાંકડો, વિશાળ એ વિશેષણો આકાશ, માર્ગ અને હૃદય એ શબ્દોમાંથી યોગ્ય શબ્દને લગાડો.

**આટલું કરો**

1. નિરંજન ભગતનો 'છંદોલય' કાવ્યસંગ્રહ મેળવીને 'પારેવાં' કવિતા વાંચો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6. મળે એટલું માણ

ગીતા પરીખ
જન્મ : ઈ.સ. ૧૯૨૯



ગીતાબહેન સૂર્યકાન્ત પરીખનો જન્મ ભાવનગરમાં થયો હતો. હાલ તેઓ અમદાવાદમાં રહે છે. તેમણે 'પૂર્વી' 'ભીનાશ' વગેરે કાવ્યસંગ્રહો આપ્યા છે. પ્રકૃતિ, પ્રણય, ભક્તિ, ગૃહજીવન વગેરે વિષયના અનુવાદક્ષેત્રે પણ કામ કર્યું છે.

સાહિત્ય સ્વરૂપ તરીકે જોઈએ તો આ એક ઊર્મિગીત છે. જે ગવાય તે ગીત, ગીત ઉપરથી જ ગીતા શબ્દ બન્યો છે. ગુજરાતીમાં લોકગીત, પ્રભાતિયાં, ભજનો વગેરે પણ ગીત ગણાય છતાં 'ઊર્મિગીત' એ બધાથી જરા જુદું પડે છે. અંગ્રેજી સાહિત્યની અસરથી ત્યાં જે ગવાતું તેને મળતું 'ઊર્મિગીત' આપણે ત્યાં રચાયું. ઊર્મિ એટલે લાગણી, સંવેદન. ગ્રીક લોકો પોતાની ઊર્મિ અથવા સંવેદનને લાયર નામના તંતુવાદ્ય સાથે ગાતા એ ગીતને 'લિરિક' નામ આપેલું. એ પ્રકારની રચના પછી અંગ્રેજીમાં ટેનિસન, કીટસ, બાયરન, વર્ડ્ઝવર્થ વગેરે કવિઓએ કરી.

કવિ નર્મદ પછી આપણે ત્યાં પણ એવાં 'લિરિક' લખાયાં તેનું ગુજરાતી 'ઊર્મિગીત' થયું, એમાં ભક્તિ ઉપરાંત પ્રકૃતિ અને માનવપ્રેમની ઊર્મિઓ રજૂ થઈ. ક્યારેક પોતાના વિષાદ અને વ્યથા પણ રજૂ થયાં.

સુગમસંગીત ગાનારા કલાકારોએ ગુજરાતીમાં આવા ગીતોને ઘેરઘેર જાણીતા બનાવ્યાં. નર્મદ પછી નરસિંહરાવ, નાનાલાલ, સુંદરમ, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ, અવિનાશ વ્યાસ, જેવાએ ઘણાં ગીતો લખ્યાં છે.

આ ગીતમાં સંતોષપૂર્ણ મનોવૃત્તિ કેળવવાનો બોધ આપવામાં આવ્યો છે. ઈચ્છાઓની ઉત્પત્તિ સાગરનાં મોજાં જેવી અનંત છે. એક ઈચ્છા તૃપ્ત થાય એટલે બીજી ઉદ્‌ભવે છે. ઈચ્છાઓ સંતોષવાથી મન તૃપ્ત થઈ જતું નથી. સાચી તૃપ્તિ સંતોષવૃત્તિમાંથી જ મળે છે. જીવનમાં જે કંઈ મળે એનાથી સંતુષ્ટ રહેનાર વ્યક્તિ જ સાચું સુખ અનુભવી શકે છે. સંતોષવૃત્તિમાંથી ઉદારતા સાહજિક રીતે પ્રગટે છે. સંતોષી વ્યક્તિ જ પોતાને જે કંઈ મળે તેમાંથી બીજાને આપી શકે. આ સંદર્ભમાં, त्येन त्यक्तेन भुञ्जिथाः ત્યાગીને ભોગવી જાણ એ ઉષનિષદના બોધને પણ આ ગીતની અંતિમ પંક્તિમાં વણી લેવામાં આવ્યો છે.

---

મળે, એટલું માણ, રે મન, મળે એટલું માણ !
આતમના ઓળખનારાને દુઃખમાં સુખની લ્હાણ... રે મન.
સમદરની જલલહરી જેવી અખૂટ તૃષ્ણામાળ,
એક શમે ત્યાં અનેક જાગી બાંધે જલની જાળ;
આંતરતોષ નહીં ત્યાં મિથ્યા યત્ન તૃપ્તિના જાણ... રે મન.
ચિનગારી બસ, જ્યોત થાય એ ? પામ વૃક્ષ બીમાંય
તૃપ્ત નિમીલિત પાંપણ નીચે સહુ જગ મળ્યું લહાય;
અહમ છોડતાં મળે ભલે ને પારસમણિ કે પ્હાણ... રે મન.
રે મન, મળે એટલું માણ !
લૈ લૈ દે તે ખોબે ખોબે રતનની ખાણ... રે. મન.

## ટિપ્પણ

**માણ** - આનંદપૂર્વક ભોગવ **આતમ** આત્મા **લ્હાણ** - (અહીં) લહાવો **સમદર** - સમુદ્ર **જલલહરી** - પાણીનો તરંગ, સમુદ્રનું મોજું **અખૂટ** - આનંદ, કદીયે ખૂટે નહિ એવું **તૃષ્ણામાળ** - ઈચ્છાઓની હારમાળા **શમે** - શાંત થાય **આંતર-તોષ** - અંતરમાંથી પ્રગટતી સંતોષવૃત્તિ, આંતરિક સંતોષ **મિથ્યા** - વ્યર્થ, નકામા **યત્ન** - પ્રયત્ન **તૃપ્તિ** - સંતોષ **યાચ** - માગ **તૃપ્ત** - અસંતુષ્ટ **નિમીલિત** - બંધ **બિડાયેલી** - મીચાયેલું **સહુજગ** - આખું જગત **લહાય** - જણાય છે **અહમ** - અહંકાર **શેં** - શા માટે **પારસમણિ** - જેનો સ્પર્શ થતાં લોખંડમાંથી સોનું બની જાય એવો ચમત્કારિક મણિ **પ્હાણ** - પથ્થર **લૈ** - લઈને **રતન** - હીરો, રત્ન



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કેવા પ્રકારના દુઃખમાં પણ માનવી સુખનો અનુભવ કરે છે ?
2. તૃષ્ણા વિશે કવિ શું કહે છે ?
3. માનવીને આખું જગત મળી ગયાની લાગણી ક્યારે થાય ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. 'મળે એટલું માણ' ઊર્મિગીતમાં શો સંદેશ અપાયો છે ?
2. માનવીના મનમાં ઉદારતાની ભાવના ક્યારે જન્મે છે ?
3. દિવ્ય સંતોષ ક્યારે જન્મે છે ? સમજાવો.

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**

1. સમદરની જલલહરી જેવી અખૂટ તૃષ્ણામાળ
   એક શમે ત્યાં અનેક જાગી બાંધે જલની જાળ.
2. લૈ લૈ દે તે ખોબે ખોબે રતનની ખાણ.

**પ્રશ્ન 4. અલંકાર ઓળખાવો.**

'સમદરની જલલહરી જેવી અખૂટ તૃષ્ણામાળ' - અલંકાર ઓળખાવો.

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

અખૂટ, તૃપ્તિ, નિમીલિત, ઇચ્છા, સંતુષ્ટ

**પ્રશ્ન 6. માંગ્યા પ્રમાણે લખો.**

જલલહરી, અખૂટ, નિમીલિત, આત્મસંતોષ એ ચાર શબ્દોન નીચેના શબ્દો સાથે યોગ્ય રીતે જોડો

માનવ, પાંપણ, સંપત્તિ, સમુદ્ર

**આટલું કરો**

1. 'સંતોષી નર સદા સુખી' આ કહેવતને સાર્થક કરતું અન્ય કાવ્ય શોધી તુલના કરો.
2. સમુદ્રમાં ઉઠતા નિરંતર મોજાનું તમે પ્રત્યક્ષ જોયેલા દૃશ્યનું વર્ણન કરો.
3. સુખ દુઃખ મનમાં ન આણીએ ઘટ સાથે રે ઘડિયાં એ પંક્તિનો કેન્દ્રવર્તી વિચાર લખો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7. મળે ન મળે

શેખાદમ આબુવાલા
જન્મ : ઈ.સ. ૧૯૩૬ મૃત્યુ : ૨૦૦૮



ગઝલકવિ 'આદિલ'નું પૂરું નામ ફરીદ મહંમદ ગુલામનબી મનસુરી હતું. તેમનો જન્મ અમદાવાદ ૧૮ મે, ૧૯૩૬માં થયો હતો. તેઓ અમદાવાદ છોડી અમેરિકામાં સ્થાયી થયા હતા. ૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ ૭૨ વર્ષની વયે તેમનું મૃત્યુ થયું હતું. 'પગરવ' 'સતત' વળાંક વગેરે ગઝલસંગ્રહો તેમની પ્રયોગાત્મક ગઝલો માટે ધ્યાન ખેંચે છે. મોટેભાગે સભારંજની સ્વરૂપ ગણાયેલી ગઝલ કવિતાને આદિલે કવિતાની પ્રતિષ્ઠા આપી હતી. સરળતા, વેધકતા, પ્રવાહિતા અને ચમત્કૃતિસભર પ્રાસરચના 'આદિલ'ની ગઝલોને નવી જ કથનરીતિમાં પ્રગટ કરેલી. તેમણે કેટલાંક વ્યંજનાસભર મુક્તકો પણ આપ્યાં હતાં. 'હાથપગ' બંધાયેલા છે. જે નથી તે તેમના એબ્સર્ડ એકાંકી સંગ્રહો છે.

તેમને ૧૯૯૮માં કલાપી ઍવોર્ડ અને ઈ.સ.૨૦૦૮માં વાલી ગુજરાતી ઍવોર્ડ મળેલો હતો. આમ 'આદિલ' મનુસરી ગુજરાતી સાહિત્યના એક ઉત્તમ ગઝલકાર હતા.

ગઝલ એ અરબી-ફારસી સાહિત્યનું કડીબદ્ધ સાહિત્યસ્વરૂપ ઊર્મિકાવ્યનો એક પ્રકાર છે. સામાન્ય રીતે તેમાં પાંચથી સાત કડી હોય છે. બબ્બે પંક્તિ ધરાવતી તે દરેક કડીને 'શેર' કહે છે. ગઝલનો પ્રથમ શેર 'મત્લા' અને અંતિમ શેર 'મક્તા' કહેવાય છે. ગઝલમાં 'કાફિયા' (પ્રાસ) તથા 'રદીફ' (અનુપ્રાસ) હોય છે. સ્થાન બાબતે કાફિયા મત્લાના શેરની બંને પંક્તિમાં તથા પછીના દરેક શેરની બીજી પંક્તિમાં, રદીફ પૂર્વે સમાન માપનું ઉચ્ચારણ ધરાવતા જુદાજુદા શબ્દરૂપે આવે છે. રદીફ એ કાફિયા પછી આવતો પંક્તિભાગ છે. તે પણ મત્લાના શેરની બંને પંકિતમાં તથા પછીના દરેક શેરની બીજી પંક્તિમાં, પણ બદલાયા વગર - એક જ સ્વરૂપે - આવે છે. જોકે રદીફ વિનાની ગઝલો લખાતી રહી છે, પણ કાફિયા વગર ગઝલ રચવી અશક્ય છે. મકતામાં ગઝલકારનું 'તખલ્લુસ' (ઉપનામ) વણાયેલું હોય છે. જોકે મત્લો, મક્તા કે તે બંને વિનાની ગઝલો પણ લખાતી રહી છે. તે અરબી પિંગળશાસ્ત્ર 'અફઝ' મુજબ નિયત 'બહેર' (છંદ)માં રચાતી હોય છે. તેનો દરેક શેર વિષય કે વિચાર ભાવના નિરૂપણની દૃષ્ટિએ સ્વતંત્ર હોય છે. તો સમગ્ર ગઝલમાં વિષય, ભાવ આદિના નિરૂપણનું સાતત્ય હોય તેવી ગઝલો પણ રચાતી રહી છે. એક સમયે પ્રણય તેનો મુખ્ય વિષય હતો. હવે એવું વિષયબંધન રહ્યું નથી. તેની ભાષા બોલચાલની લઢણોવાળી, સંવાદાત્મક ઢબની, સહજ, સરળ સાંકેતિક અને સચોટ હોય છે.

પોતાના વતનને છોડવાની ક્ષણો સર્જાઈ ત્યારે આ ગઝલ જન્મી છે. આરંભમાં તેઓ કહે છે કે આ 'નદીની રેતમાં રમતું નગર મળે ન મળે' નદીની રેતમાં નગરને રમતું નગર કહેવાનું તાત્પર્ય નદીકિનારે આવેલું એમ જ કરી શકાય. આ સાથે સત્ય છે કે સંસ્કૃતિ-નગરનો ઉદ્ભવ પણ નદીને કિનારે થયો છે. સંબંધોના તાણાવાણા એ સંસ્કૃતિમાં આવી ભળ્યા છે. એટલે કે નગરનો સંદર્ભ સંબંધો સાથે વિશેષ છે. નગર પણ રમતું છે, જડ નથી, ચેતન છે. આવું નગર 'મળે ન મળે'ની વેદના કવિમાં વ્યાપી છે. આ નગર છોડ્યા પછી પાછા આવવાની શક્યતા જોતા નથી, કવિ પોતાની જાતને કહેતા લાગે છે કે શ્વાસમાં સુગંધનો દરિયો ભરી લો, હવે પછી એની આવી સુગંધ મળવાની નથી. કદાચ વતનપ્રેમને શ્વાસોશ્વાસને રમતો કરવાનો કવિનો ખ્યાલ હોય. પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો. આ નગરમાં વસતા પરિચિતોને હવે મળી શકાય તેમ નથી. તેથી તેઓને ધરાઈને જોઈ લેવા ઈચ્છે છે. આ શહેરનાં રસ્તાઓ, બારીઓ, ભીંતોને આંખમાં ભરી લઈ સ્મૃતિ તરીકે સાચવવી છે. કવિની નગરના ખૂણેખૂણા સાથે જડાયેલી આત્મીયતાનો અહીં રણકો છે. આ ગઝલના છેલ્લા શેરમાં નર્યો વતનપ્રેમ છલકાય છે. જ્યાંની હવા શ્વસી છે એને ક્યાંથી ભૂલી શકાય ? વતનની ધૂળથી માથું ભરી લેવાની ઈચ્છા છે. કારણકે આ ધૂળ ઉમ્રભર મળે ન મળે. આમ વતન પ્રત્યેના અનહદ ભાવમાંથી આ ગઝલ પ્રગટી છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે
ફરી આ દશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે
ભરીલો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.
પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો,
આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે
ભરી લો આંખમાં, રસ્તાઓ, બારીઓ, ભીંતો
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે
વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ,
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે

## ટિપ્પણ

**દશ્ય** - દેખાય તેવું **સ્મૃતિપટ** - મનપર **સુગંધ** - સારી ગંધ, ખુશ્બુ **દરિયો** - સમુદ્ર **ભીની** - ભીનું થવું, પલળવું **પરિચિતો** - ઓળખીતા **વીંટળાઈ** - ગોળ વીટવું, લપેટવું **ગલી** - સાંકડી વાટ, શેરી **કબર** - ઘોર, મડદુ દાટી ઉપર કરેલું ચણતર **સફર** - પ્રવાસ, મુસાફરી **હમસફર** - સાથેનો પ્રવાસી, સાથે મુસાફરી કરનાર **ધૂળ** - માટીનો ઝીણો ભુકો **ઉમ્રભર** - આખી જિંદગી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિને નદીની રેતમાં શું ન મળે તેની ચિંતા છે ?
2. કવિ શ્વાસમાં શું ભરી લેવાની વાત કરે છે ?
3. કવિ કોને ધરાઈને જોઈ લેવાની વાત કરે છે ?
4. કવિ આંખમાં શું શું ભરી લેવાની વાત કરે છે ?
5. કવિ પોતાના માથાને શાનાથી ભરી લેવા માગે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. નદીની રેતમાં રમતું નગર કાવ્યનું સાહિત્ય સ્વરૂપ જણાવો. કવિને કઈ કઈ બાબતોની ચિંતા સતાવે છે ?
2. 'નદીની રેતમાં રમતું નગર' એ કાવ્યમાં રેતમાં નગરને રમતું કહેવાનું તાત્પર્ય સમજાવો.
3. સુગંધનો દરિયો શ્વાસમાં ભરી લેવાનો શો અર્થ થાય ? સમજાવો.
4. કવિની સાથે રહેલી આત્મીયતાને વ્યક્ત કરવા કયા કયા શબ્દોનો ઉપયોગ કર્યો છે ?

**પ્રશ્ન 3. નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો.**

1 ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો
પછી આ માટીની ભીની અસર મળે ન મળે ?

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શ્વાસ, સુગંધ, ભીની, પરિચિત

**પ્રશ્ન 6. માંગ્યા પ્રમાણે લખો.**

મીઠી નજર, સુગંધ, અપરિચિત, ભીની માટી એ ચાર શબ્દો ફેલાઈ, વટેમાર્ગુ, ફળદ્રુપ, માતાની એ ચાર શબ્દોમાંથી યોગ્ય શબ્દને લગાડો.

**આટલું કરો**

1. 'મળે ન મળે' જેવાં વતનપ્રેમનાં અન્ય કાવ્યને શોધી તેના વિશે લખો.
2. ગ્રામ્ય અને શહેરી જીવન સંસ્કૃતિનો તફાવત લખો.
3. જનની અને જન્મભૂમિ સ્વર્ગથી અધિક છે તે સમજાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8. બેનીનું ગીત



**મોહન મઢીકર**

**જન્મ : તા. ૨૨ ડિસેમ્બર ૧૯૪૮**

જન્મસ્થળ : મઢી તા. બારડોલી, જિ. સૂરત. માતા : તુલસીબહેન પિતા : બચુભાઈ. પત્ની : ઉષાબહેન. સણોસરા ગ્રામભારતીના સ્નાતક અને ગાંધી વિદ્યાપીઠ વેડછી (દ.ગુ.)માં બી.એડ્. સંશોધન, જીવનચરિત્રનાં દસેક પુસ્તકો ઉપરાંત ત્રણ પુસ્તકોનું સંપાદન. તેમનો કાવ્યસંગ્રહ 'ભીનોસંબંધ' ખૂબ વંચાયો છે. તેમના 'વનદેવતા' પુસ્તકને ઈ.સ. ૧૯૮૫નો 'નેશનલ બુક ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા' દિલ્હીનો પ્રથમ પુરસ્કાર મળ્યો છે.

'બેનીનું ગીત' ગીતકાવ્ય છે. સાહિત્યપ્રકાર તરીકે તેનો પરિચય 'ચાલ ફરીએ' ગીતની ભૂમિકામાં અપાયો છે.

'તડકો' આ જગતમાં સર્વત્ર વ્યાપ્ત છે. સૂરજના આગમનની સાથે જનસૃષ્ટિ, પ્રકૃતિ, પશુપક્ષી અને કુદરતનાં અન્ય સજીવ નિર્જીવ તત્ત્વો પર તડકાની કેવી સર્વવ્યાપક અસર થાય છે તેનું સુંદર વર્ણન કર્યું છે. તડકાને ઈશ્વરનું વહાલ ગણી, સુગંધનો પાક અને સૂરજના સ્મિત સાથે તુલના કરે છે. તડકાના આગમનની સાથે પ્રકૃતિ કેવી જીવંત બની ઊઠે છે તેનું વર્ણન કરેલું છે. તડકો ગગનનું ગીત કહી આકાશમાં કલશોર કરી દૂર દૂર ઊડી જતાં પક્ષીઓનું વર્ણન, આપણી આંખ પણ વધારે ચેતનવંતી બની જાય છે. સૂરજના તડકાના આગમનથી અંધકાર અદૃશ્ય થઈ જાય છે. જનસૃષ્ટિ જીવંત બની જાય છે. તડકો પાકથી લહેરાતા લીલાછમ ખેતરો પર જાદુઈ અસર જન્માવે છે. તડકો જ દિવસના અસ્તિત્વનું સર્જન કરે છે. તડકાથી જ સમુદ્રનું ખારું પાણી મીઠું બની વરસાદરૂપે આ પૃથ્વી પર વરસે છે. માણસ-પશુપક્ષીને મૃત્યુ આવી શકે છે. ટૂંકમાં જીવસૃષ્ટિ નાશવંત છે જ્યારે તડકો એ કાયમી છે. તડકો જ જીવનની આશા ગણાય છે.

---

તડકો તો ઈશ્વરનું વહાલ
મારા ભાઈલા, તડકો તો ફોરમનો ફાલ.
તડકો તો સૂરજનું સ્મિત
મારા ભાઈલા, તડકો ગગનનું ગીત.
તડકો તો આપણી આ આંખ
મારા ભાઈલા, તડકો તો વાદળીની પાંખ.
તડકો તો વ્યોમ કેરી વાણી
મારા ભાઈલા, તડકો તો જગની કહાણી.
તડકો તો લીલો છમ મોલ
મારા ભાઈલા, તડકો તો કુદરતનો મેહ.
તડકો ન આજ અને કાલ
મારા ભાઈલા, તડકો સનાતન તાલ.
તડકો ન તારો - ન મારો
મારા ભાઈલા, તડકો તો આપણો સહારો.
તડકો તો આપણો આ શ્વાસ
મારા ભાઈલા, તડકો તો જીવતરની આશ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણી

**વહાલ** - સ્નેહ, પ્રેમ **ફોરમ** - સુગંધ, સુવાસ **ફાલ** - પાક **સ્મિત** - હાસ્ય **ગગન** - આકાશ **વ્યોમ** - આકાશ **કહાણી** - વાર્તા **મોલ** - પાક **કોલ** - વચન **મેહ** - વરસાદ, મેહૂલો **મુશળધાર** - જાડી ધારમાં જોરથી પડતો વરસાદ **આશ** - ઈચ્છા **સનાતન** - કાયમી, શાશ્વત **સહારો** - આશરો.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. તડકાનું આગમન ક્યારે અને ક્યાંથી થાય છે ?
2. તડકાના આગમનથી પ્રકૃતિ પર શી અસર થાય છે ?
3. તડકો કેવા રંગનો છે ? તે કોનો દેહ છે ?
4. તડકાને કોનો સહારો ગણાવ્યો છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. તડકાનો સંબંધ કોની કોની સાથે રહેલો છે ?
2. તડકાના આગમનથી કેવાં કેવાં પરિવર્તનો જોવા મળે છે ?
3. તડકાની સર્વવ્યાપકતા વિશે લખો.

**પ્રશ્ન 3. કાવ્યપંક્તિનો ભાવાર્થ લખો.**

તડકો ન તારો - ન મારો
મારા ભાઈલા, તડકો તો આપણો સહારો.

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

વહાલ, વ્યોમ, સનાતન, આધાર, શ્વાસ

**પ્રશ્ન 6. માંગ્યા પ્રમાણે લખો.**

મુશળધાર, વેરણ છેરણ, લીલી એ વિશેષણો વસ્તુ, ચોમાસાંઓ, વાડ એ શબ્દોમાંથી યોગ્ય શબ્દને જોડો.

**આટલું કરો**

1. સૂરજના તડકાનો તમે જે અનુભવ કરેલો હોય તેનું વર્ણન કરો.
2. તડકો અને તાપ એ બંને વચ્ચેનો તફાવત વર્ણવો.
3. કવિ લાભશંકર ઠાકરના 'તડકો' કાવ્યની આ કાવ્ય સાથે તુલના કરો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 9. તેજલી

**સં. રેવાબહેન તડવી**

'રાધા ગોરી ને કહાન કાળો'એ આદિવાસી લોકગીત સંગ્રહમાંથી આ લોકગીત લેવામાં આવ્યું છે. ઈ.સ. ૧૯૮૫માં છોટાઉદેપુર (ગુજરાત)નાં શ્રીમતી રેવાબહેન તડવીએ આ લોકગીત સંગ્રહનું સંપાદન અને પ્રકાશન કર્યું છે.

લોકગીત એ ગીત જ છે પણ એનો કવિ કોણ એ ખબર નથી હોતી. કોઈ અજાણી વ્યક્તિએ એની રચના કરી દીધી હોય અથવા કોઈ અજાણ સમૂહે પણ તેની રચના કરી હોય તેવું બને. કોઈને એક પંક્તિ સૂઝી, બીજાને બીજી અને એમ આખી રચના બની હોય. એ લોકોના કંઠે ગવાતી રહે અને એ રીતે સચવાયેલી રહે. એમાં સુધારા-વધારા કે ફેરફાર પણ થતા રહે.

અહીં પસંદ કરવામાં આવેલા લોકગીતનું પણ એવું જ છે. સૌરાષ્ટ્રમાં આ જ ગીત 'તેજમલ'ને નામે ગવાય છે. ત્યાં દાદો ડેલીએ બેસીને રડે છે કે 'સાત સાત દીકરીએ દાદો વાંઝિયો કહેવાણો રે' આ લોકગીતમાં દાદા ચોરે બેસીને રડે છે,

તેજલીના દાદા તો ચોરે બેસી રૂવે છે કે
"સાત સાત દીકરીએ દાદો વોંઝિયો કે'વાયો રે."

સૌરાષ્ટ્રના લોકગીતના દાદાને ચિંતા એ છે કે દીકરો નથી તેથી દળકટક આવ્યું છે વહારે કોણ ચડશે રે ? જ્યારે આ લોકગીતમાં,

'સવ લોકના દીકરા ચાકરીએ જાય રે' અને
દીકરો હોય તો ચાકરી જાય રે."નું દુઃખ છે

સૌરાષ્ટ્રના લોકગીતમાં દીકરી તેજમલ ઠાકોરિયાનો એટલે કે પુરુષનો વેશ લઈને યુદ્ધે ચડે છે અને

"તેજમલ ઠાકોરે યુદ્ધમાં પહેલો ઘા દીધો ને
સૌ સાથીડા એની પાછળ ધાયા રે
દળકટક વાળીને તેજમલ ઘરે પધાર્યાં રે
દાદે ને કાકે એને મોતીડે વધાવ્યાં રે."

જ્યારે આ લોકગીતમાં તેજલી પુરુષનો વેશ લેતી નથી. તે તો એક સ્ત્રી તરીકે જ 'ચાલો સંગાતીઓ !' (સંગાથીઓ) એમ સાથીઓને સંબોધીને ખેતરે જવાની વાત કરે છે.

આ બે લોકગીત સરખાવતાં સ્ત્રીના વ્યક્તિ તરીકેના મહત્ત્વનું, તેના સ્ત્રીત્વના ગૌરવનું આ બીજા લોકગીતમાં સ્થાપન થયેલું જોવા મળે છે. 'ચાકરી'એ જવું એટલે જીવનના સંગ્રામમાં ઝઝૂમવા જવું એ અર્થ લઈએ તો તેજલીની વીરતા પણ કંઈ કમ નથી એ સમજાશે.

બેય લોકગીત સરખાવતાં બે અલગ અલગ સમાજના જીવન વિશે પણ કેટલીક સમજ સ્પષ્ટ થાય છે. સૌરાષ્ટ્રમાં સતત ધીંગાણાં, યુદ્ધ, લડાઈ, ચડાઈ ચાલ્યા કરે છે તેથી ત્યાં પ્રજાએ સતત શસ્ત્રો વાપરવાની તાલીમ લેવી પડે. લડાઈનો પોષાક પહેરવો પડે. ઘોડેસવારી શીખવી પડે.

જ્યારે આ આદિવાસી સમાજમાં જીવનસંગ્રામ જ ઘણો કઠોર છે. બે ટંક પેટ ભરી શકાય એ જ ઘણું. ત્યાં કોટ નથી, કિલ્લા નથી, નગરો નથી, ઝાકઝમાળ નથી પણ પ્રકૃતિને ખોળે શાંત સહકારભર્યું છતાં પરિશ્રમપૂર્ણ જીવન છે. આવા જીવનમાં સ્ત્રી-પુરુષ ખભેખભા મિલાવીને કામ કરે છે. કદાચ સ્ત્રીઓ વધારે કઠોર પરિશ્રમ કરે છે. તેઓ ખેતરોમાં શ્રમ કરવા ઉપરાંત ઘરનાં કામ પણ કરે છે, બાળકોને પણ ઉછેરે છે અને કુટુંબને પણ સાચવે છે.

એવી એક તેજસ્વી આદિવાસી કન્યા તેજલીનું આ ગીત ઘણું પ્રેરક છે. સમૂહનૃત્ય સાથે ગીત ગવાય છે તેવું નોંધાયું છે.

---

સાત સાત દીકરીએ દાદા વાંઝિયો કે'વાયો
વાંઝિયો કેહવાયો રે, તેજમલ ઠાકોરિયો.
સવ લોકના દીકરા ચાકરીએ જાય રે
ચાકરીએ જાય રે, તેજમલ ઠાકોરિયો.
તેજલીના દાદા તો ચોરે બેસી રૂવે રે,
ચોરે બેસી રૂવે રે, તેજમલ ઠાકોરિયો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

દીકરો હોય તો ચાકરી જાય રે
ચાકરી જાય રે, તેજમલ ઠાકોરિયો.
ચાલો સંગાતીઓ ! ખેતરાં સૂડવા જઈએ રે
ચાલો સંગાતીઓ ! બાજરો ઓરવા જઈએ રે
ચાલો સંગાતીઓ ! કસરો નેંદવા જઈએ રે
ચાલો સંગાતીઓ ! કરવળી દેવા જઈએ રે
ચાલો સંગાતીઓ ! બાજોર ટોવા જઈએ રે
ચાલો સંગાતીઓ ! ખળાં ખરપવા જઈએ રે
ચાલો સંગાતીઓ ! બાજરો મહળવા જઈએ રે
ચાલો સંગાતીઓ ! તેજલી હારે જઈએ રે.

## ટિપ્પણ

**વૉંઝિયો** - વાંઝિયો, સંતાનહીન, બાળક વિનાનો **કે'વાયો** - કહેવાયો **સવ** - સૌ **ચાકરી** - નોકરી અથવા કામધંધે **ચોરો** - ગામના લોકો જ્યાં એકઠા થાય તે જાહેર જગ્યા **રૂવે** - રડે **ખેતરાં** - ખેતરો **સંગાતી** - સંગાથી, સાથી, ભેરુ **સૂડવા** - ખેડવા, હળથી જમીનમાં ચાસ પાડવા **ઓરવા** - વાવવા **નેંદવા** - નીંદવા, નીંદામણ કાઢવા, પાકની આજુબાજુ ઊગી નીકળેલા નકામા ઘાસ-છોડને કાઢી નાખવા **કરવળી દેવી** - ખેતરમાં ઊગેલા નાના નાના છોડની આજુબાજુની ખાલી જગ્યામાં હળ ફેરવવું જેથી એ જગ્યા પોચી થાય અને એમાંથી હવા, તડકો, પાણી છોડના મૂળ સુધી પહોંચે **બાજોર ટોવા** - ખેતરમાં અનાજ ઊગે ત્યારે પક્ષીઓ તેને ખાઈ ન જાય એટલે ખેતરમાંથી પક્ષીઓને ઊડાડવાની પ્રયુક્તિ **ખળાં ખરપવા** - ખળાં એટલે જ્યાં તૈયાર થયેલાં ડૂંડાંને સૂકવવાનાં હોય, તેમાંથી દાણા કાઢવાના હોય તે જગ્યા. ખળાં ખરપવા જવું એટલે ખળાં તૈયાર કરવા જવું **બાજરો મહળવો** - બાજરાનાં ડૂંડાંને મસળવાં જેથી તેમાંથી દાણા છૂટા પડે **તેજલી હારે** - તેજલીની સાથે.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. તેજલીના દાદાનું નામ શું છે ? એ કઈ રીતે ખબર પડી ?
2. તેજલીના દાદા ચોરે બેસીને જાહેરમાં શા માટે રડે છે ?
3. 'દીકીરો હોય તો ચાકરીએ જાય' એવું દાદા શા માટે માને છે ?
4. 'ચાલો સંગાતીઓ !' એવું સંબોધન તેજલી કરે છે એવું શા ઉપરથી કહી શકાય ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-દસ વાક્યોમાં આપો.**

1. આ લોકગીતમાં આદિવાસી સમાજવ્યવસ્થા કઈ રીતે સ્પષ્ટ થાય છે ?
2. બાજરો ખેતરમાં કઈ રીતે તૈયાર થાય છે તેની પૂરી વિગતો આપો.
3. તેજલી ખેતીકામની પૂરી જાણકાર છે એવું શા ઉપરથી કહી શકાય.
4. "આ લોકગીત સમૂહનૃત્ય સાથે ગવાતું હશે એવું એની રચના ઉપરથી કહી શકાય."
- આ વિધાનની ચર્ચા કરો.

**પ્રશ્ન 3. માંગ્યા પ્રમાણે કરો.**

આ લોકગીતમાં કઈ પંક્તિઓનાં અને સંબોધનોનાં પુનરાવર્તન થાય છે તેની યાદી બનાવો. આ પુનરાવર્તન શું સૂચવે છે ?

**આટલું કરો**

1. સૌરાષ્ટ્રી બોલીમાં લખાયેલું 'તેજમલ' ગીત મેળવીને, આ ગીત સાથે સરખાવો.
2. વર્ગમાં સમૂહનૃત્ય સાથે આ ગીત રજૂ કરો.
3. અન્ય કોઈ આદિવાસી લોકગીત મેળવીને વર્ગમાં રજૂ કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ

### અપઠિત પદ્યાંશ

અભ્યાસક્રમ ઘડનારાના મનમાં એમ છે કે તમે આટલાં વરસો કવિતા (પદ્ય) ભણ્યા, હવે તમને સ્વતંત્ર રીતે કોઈ પણ કવિતાને સમજતાં -આસ્વાદતાં-માણતાં આવડવું જોઈએ.

આ માટે કવિતા આપવા ઉપરાંત એ કવિતાને સમજવામાં કે આસ્વાદમાં ઉપયોગી થાય તેવા દિશાસૂચક પ્રશ્નો પૂછવામાં આવે. એના ઉત્તરો તમે આપો એ ઉપરથી પરીક્ષકને તમે કવિતાને કેટલી, કેવી રીતે સમજ્યા છો અને આસ્વાદી શક્યા છો એ સમજાય.

આને માટે પરીક્ષામાં તમને આઠ ગુણમાંથી ગુણ આપવામાં આવશે એટલે કવિતાને સમજવા-આસ્વાદમાં ઉપયોગી એવા આઠ પ્રશ્નો કવિતાને અંતે પુછાય તે વાજબી ગણાય.

સામાન્ય રીતે કવિતાના વિષયવસ્તુની સમજ અને તેની વિશેષતાઓનો આસ્વાદ તમે કઈ રીતે મેળવી શક્યા છો તે વિશેના પ્રશ્નો હોવાના.

આ માટેના થોડા નમૂના અહીં આપ્યા છે. એને આધારે વધુ નમૂના લઈ તમારા શિક્ષક તમને વધારે મહાવરો-અભ્યાસ કરાવશે તેવી અપેક્ષા છે.

૧

પુષ્પ તણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ ?
પૃથ્વી પરથી ઊઠે કોનો સુરભિત પુલકિત મુખરિત શ્વાસ ?
કોણ બદલતું સન્ધ્યાકાશે પલપલ નવલાં પ્રેમળ ચીર ?
કોણ ઉછળતી મોકલતું નિજ કુમળી ઊર્મિ સરવરતીર ?
અહો, ગૂંથતું કોણ પૃથ્વીને સેંથે ઝાકળ મોતીમાળ ?
તરુએ તરુએ ફળતી કોની આશા કેરી સાખ રસાળ ?
કોનાં કંકણ બાજે એકલ સરિતા કેરે સૂને ઘાટ ?
પર્વતના શિખરે સ્થિર બેસી કોણ સનાતન જોતું વાટ ?
આ સારસની જોડ વિશે ઊઠે છે કોની ઝંખનઝાળ ?
અહો ફલંગે કોણ અધીરું વાદળ વાદળ માંડી ફાળ ?
અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ ?
કાળ તણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ ?

— સુંદરમ્

#### પ્રશ્નો

1. આ કવિતાનું શીર્ષક શું આપશો ? કવિના મનમાં 'કોણ' એ કોણ છે ?
2. એ કોણ જે ઘણી બધી કામગીરી કરે છે એમાંથી સૌથી મહત્ત્વની કામગીરી કઈ છે ?
3. 'ઝાકળ મોતીમાળ', 'અંતરની એરણ પર પડતી ચેતનરૂપ હથોડી' અને 'જીવનના કૂપ' એ ત્રણ કયા અલંકારનાં ઉદાહરણ છે ?
4. 'તરુએ તરુએ' — એટલે કે 'દરેક તરુએ' અથવા 'પ્રત્યેક વૃક્ષ પર' એવો અર્થ થાય. 'તરુએ તરુએ'માં પહેલા 'તરુએ'નો દરેક અથવા પ્રત્યેક અર્થ થાય છે તેવો બીજા કયા બે શબ્દોમાં પહેલા શબ્દનો 'દરેક' અર્થ થાય છે. તે શોધીને લખો.
5. આખી કવિતામાં વપરાયેલા અંત્યાનુપ્રાસની યાદી કરો. કઈ એક કડીનો અંત્યાનુપ્રાસ બરાબર બંધબેસતો નથી ? શા માટે ?
6. કવિતામાં વપરાયેલા સમાસોની યાદી કરી તેમના વિગ્રહ કરી ઓળખાવો.
7. કવિતામાં કઈ લાગણી રજૂ થઈ છે ? એ લાગણી ઈશ્વર પ્રત્યેનો કયો ભાવ રજૂ કરે છે ?
8. આ કવિતાને પ્રકૃતિ કવિતા કહેવાય કે ભક્તિ કવિતા ? કારણ આપો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

૨

બેઠી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં,
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઉકલ્યાં આપ રૂડાં.
માડી મીઠી, સ્મિત-મધુર ને ભવ્યમૂર્તિ પિતાજી,
દાદી વાંકી રસિક કરતી ગોષ્ઠિથી બાળ રાજી.
સૂનાં સ્થાનો સજીવન થયાં, સાંભળું કંઠ જૂના,
આચારો કૈં વિવિધ ઢબના નેત્ર ઠારે સહુના.
ભાંડુ ન્હાનાં શિશુસમયનાં ખટમીઠાં સોબતીઓ,
જ્યાં ત્યાં આવી વય બદલી સંતાય, જાણે પરીઓ.
તોયે એ સૌ સ્મૃતિ છબી વિશે વ્યાપી લે ચક્ષુ ઘેરી,
ન્હાની મોટી બહુરૂપી થતી એક મૂર્તિ અનેરી.
ચોરીથી આ દિવસ સુધીમાં એવી જામી કલેજે,
કે કૌમારે પણ મુજ સરે બાળવેશે સહેજે.
બેસી ખાટે પિયરઘરમાં ઝિંદગી જોઈ સારી,
ત્યારે જાણી અનહદ ગતિ, નાથ મ્હારા, ત્હમારી.

— બ.ક.ઠાકોર

### પ્રશ્નો

1. આ કવિતાનો મુખ્ય ભાવ કયો છે તે લખો.
2. 'સૂનાં સ્થાનો સજીવન થયાં' - એવું કઈ રીતે બન્યું ?
3. બાળપણની સ્મૃતિઓમાં યુવાનીની સ્મૃતિઓ પણ કઈ રીતે ગૂંથાઈ છે ?
4. યુવાનીની સ્મૃતિઓનું વર્ણન કઈ પંક્તિથી શરૂ થાય છે ? 'મૂર્તિ કલેજે જામી' એ શબ્દો શું સૂચવે છે.
5. 'માડી મીઠી', પછી અલ્પવિરામ છે. તો તેને માટે સ્મિતમધુર વિશેષણ વાપર્યું છે એમ કહેવું યોગ્ય ગણાય ? 'સ્મિત-મધુર' 'ભવ્યમૂર્તિ' એ બે વચ્ચે કયું સંયોજક છે ? એ શું સૂચવે છે ?
6. કવિતામાં વપરાયેલા સમાસોની યાદી કરો, તેના વિગ્રહ કરી તેમને ઓળખાવો અને તે વિગ્રહ દ્વારા એ સમાસો શું સૂચવે છે તે સ્પષ્ટ કરો.
7. આ કવિતામાં એક ઉત્પ્રેક્ષા અને એક શ્લેષ અલંકાર વપરાયો છે તે શોધો અને તેમને કારણે કવિતામાં શી ચમત્કૃતિ આવે છે તે સમજાવો.
8. આ કવિતાને શીર્ષક આપો.

૩

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે
ઘરની ચીજવસ્તુઓ ગણે છે
સંભારી સંભારી મેળવે છે
સંભાળી સંભાળી ગોઠવે છે
થાળી, વાડકા, ગ્લાસ, ડીશ —
બધું બરાબર છે.
ક્યાંય કશુંય ખોવાયું નથી,
કશુંય ગયું નથી —
પણ
અચાનક કંઈક યાદ આવતાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

એ ઓરડા વચ્ચે
ઊભી રહી જાય છે
આંખોમાંથી ટપકું ટપકું થાય છે
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં ?'

— જયંત પાઠક

### પ્રશ્નો

1. કોનાં લગ્ન ઊકલી ગયાં ? 'લગન ઊકલી ગયાં' એટલે શું ?
2. લગ્નસમારંભ પૂરો થાય પછી ઘરનું મુખ્ય માણસ ઘરની ચીજવસ્તુઓ, વાસણો વગેરે શા માટે ગણે, મેળવે, ગોઠવે ?
3. આ ઘરમાંથી "કશું ય ગયું નથી" એમ છતાં બધું ગયું છે તેવું દીકરીની મા શા માટે અનુભવે છે ?
4. માના વ્યક્તિત્વનાં કયાં બે પાસાં આ કવિતામાં અનુભવાય છે ?
5. "મારી દીકરી ક્યાં ?" એ પ્રશ્નને કવિ ખારો ખારો પ્રશ્ન કેમ કહે છે ?
6. કાવ્યના પહેલા અડધા ભાગના અંતમાં 'નથી' અને પછીના અડધા ભાગના અંતમાં 'છે' બે બે વખત ભાર દઈને કહેવાયા છે તે માના જીવનમાં બધું છે' છતાં હવે કશું નથી ને કઈ રીતે રજૂ કરે છે તે સમજાવો.
7. આપણા સમાજમાં દિકરીનાં લગ્ન ન થયાં હોય તો માને શા કારણે ઉજાગરા થાય છે ?
8. ખરેખર મા માટે ઉજાગરાનો અંત આવ્યો કે શરૂઆત થઈ ? કારણ આપો.

•




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 1. ચહેરો

**તોલ્સ્તૉય**

**જન્મ : ૯-૯-૧૯૨૮ મૃત્યુ : ૨૦-૯-૧૯૧૦**



લિયો તોલ્સતોય એ રશિયાના નાગરિક હતા. તેઓ લેખક, તત્વચિંતક અને સામાજિક કાર્યકર્તા હતા. ખ્રિસ્તી અરાજકતાવાદની તેમના પર ખૂબ જ મોટી અસર થઈ હતી. જેથી તેમણે ગાંધીજી, માર્ટીન લ્યુથર કિંગ, નેલ્શન મંડેલાની જેવાં અહિંસક આંદોલનો કરેલા. તેમણે લખેલ પુસ્તકો 'War and Peace', 'Anna Karenina', 'The Death of Ivan Ilyich', 'The Kreutzer Sonata' વગેરે ખૂબ જ પ્રખ્યાત થયેલ છે.

નાનપણમાં તમે જે વાર્તાઓ દાદા-દાદી પાસે સાંભળતાં તે મોટેભાગે લોકવાર્તાઓ હતી. હવે તમે વાંચો છો, ભણો છો તેમાંની મોટાભાગની ટૂંકીવાર્તાઓ હોય છે.

શું તફાવત અથવા ફેર છે આ બે વચ્ચે ? લોકવાર્તાનાં કોઈ એક લેખક કે લેખિકા ન હતાં. ટૂંકીવાર્તા કોઈ લેખક કે લેખિકાએ ચાહીને, સમજી-વિચારીને, એને કલાત્મક બનાવવાના ઈરાદા સાથે લખી છે.

એ લોકો પણ કોઈ અસરકારક, બોધદાયક, રહસ્યમય, રસ પડે તેવો જીવનપ્રસંગ પસંદ કરે છે. પણ તેમની કહેવાની રજૂઆત અથવા કહેવાની રીત કલાત્મક હોય છે.

ટૂંકીવાર્તા એ કલાપ્રકાર અંગ્રેજી સાહિત્યમાંથી આપણે અપનાવ્યો. એમાં કલાત્મકતા લાવવા માટે માનવતાનો, સમભાવનો, હાસ્ય કે કરુણનો, ઉત્સાહ કે વીરતાનો ભાવ ખાસ કાળજીથી ચોટદાર રીતે રજૂ કરવામાં આવે. ખાસ શબ્દપ્રયોગો, અલંકારો, દૃષ્ટાંતો, સંવાદો, વર્ણનો સમજૂતીથી એને શણગારવામાં આવે. માનવજીવનના સંબંધો, તેની આશા-આકાંક્ષા, તેની સમસ્યાઓ-સિદ્ધિઓ, સ્વભાવ-લાગણીઓનું ઝીણવટથી અવલોકન કરી તેને સચોટ રીતે રજૂ કરવામાં આવે. વાર્તાના આરંભમાં પહેલા પેરેગ્રાફમાં ભીત ઉપર બંદૂક લટકતી બતાવી હોય તો એ અંત સુધીમાં ફૂટે - ને એનું રહસ્ય જાણી વાચક 'વાહ !' કહી બેસે તેવી તેની કલાત્મકતા હોય છે.

ગુજરાતીમાં ટૂંકીવાર્તાને ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, જયંત ખત્રી, માય ડિયર જયુએ નવી ઊંચાઈ આપી.

'ચહેરો' વાર્તામાં મા-દીકરાના સંબંધને કલાત્મક રીતે રજૂ કરવામાં આવ્યો છે. ઘવાયેલા સૈનિકનો પ્લાસ્ટિક સર્જરીને કારણે આખો ચહેરો બદલાઈ ગયો હતો, બિહામણો થઈ ગયો હતો. તેને કોઈ ઓળખી શકે એમ નહોતું. યુદ્ધના મેદાન પરથી તે પોતાનાં કુટુંબીજનોને મળવા ગયો ત્યાં પણ તેને મા-બાપ અને થનારી પત્ની સુદ્ધાં ઓળખી શક્યાં નહીં. તે ભારે આઘાત સાથે પાછો ફર્યો. થોડા દિવસ પછી તેની માનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે માના મને તો દીકરાને ઓળખી જ કાઢ્યો હતો તેથી તેનો કોટ ચૂમ્યો, ઊંઘ ન આવી. તેનો થેલો ધોઈ રાખ્યો. મીઠી રોટલી બનાવીને જમાડ્યો પણ બુદ્ધિ તર્ક-વિતર્ક કરતી રહી. મા દીકરાને ન ઓળખે એવું બને ? નાક, કાન, હોઠ, જગતમાં બીજું કોઈ ઓળખી શકે કે નહીં પણ માતો દીકરાને મનની આંખોથી ઓળખી જ કાઢે. 'મનોમન સાક્ષી'તે આનુંનામ. દીકરો માના સમગ્ર અસ્તિત્વનો એક અંશ હોય છે. તેને મા ન ઓળખે ? 'મા તે મા'નું આ વાર્તા એક ઉત્તમ ઉદાહરણ છે.

---

નવયુવાન સૈનિકને ઘા રુઝાયા પછી પ્લાસ્ટિક સર્જરી દ્વારા કૃત્રિમ નાક, કાન અને હોઠ લગાવવામાં આવ્યાં. પાટો ખોલ્યા પછી નર્સે એની સામે એની સૂરત દેખાડવા આયનો ધર્યો. એ પોતે તો સૈનિકની શિકલ જોતાં જ રોઈ પડી. સૈનિકે પોતાનો ચહેરો જોઈ ચૂપચાપ આયનો પાછો આપી દીધો.

સાજા-નરવા થઈ નવજવાને જનરલને વિનંતી કરી કે પોતાને લશ્કરમાં પાછો દાખલ કરવામાં આવે. 'પણ તમને લશ્કરી સેવા માટે અયોગ્ય ઠેરવવામાં આવ્યા છે', જનરલે કહ્યું.

'ચહેરો ખરાબ થઈ ગયો તેથી શું ? મારી તાકાતમાં કાંઈ ફેર નથી પડ્યો. કોઈ પણ રીતે હું ફરી ભરતી થવા ઈચ્છું છું.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નવયુવકનો આગ્રહ ને વીરતા જોઈ જનરલે સંમતિ આપી. રેજિમેંટમાં જોડાયા પહેલાં એને થોડા દિવસની રજા અપાઈ.

સૈનિક પોતાને ગામ પહોંચ્યો ત્યારે સંધ્યાકાળ થઈ ચૂક્યો હતો. ઘર નજીક આવતું ગયું તેમ તેમ આનંદને બદલે ઉદાસીનતા એને વધુ ને વધુ ઘેરી રહી હતી.

બહારથી એણે ઘરમાં ડોકિયું કર્યું. દીવાના અજવાળામાં મા પીરસી રહી હતી. પહેલાં કરતાં એ વધારે વૃદ્ધ દેખાતી હતી. એણે બારણું ખટખટાવ્યું. ‘કોણ ?’ અંદરથી અવાજ આવ્યો.

‘હું લેફ્ટેનન્ટ છું. યુદ્ધના મેદાનમાંથી આવ્યો છું.’

‘ખરેખર ? આવ બેટા, આવ !’

‘હું તમારા પુત્રનો મિત્ર છું. એણે તમને મળી આવવાનું મને કહ્યું હતું.’ પોતાને જરા સંભાળી લઈ તે બહુ ધીરા અવાજે બોલ્યો.

‘બેટા, આ તારું જ ઘર માનજે. મારો ટૉની મજામાં છે ને ?’ સૈનિક એક સ્ટૂલ પર બેઠો, જેના પર બાળપણમાં એ હમેશાં બેસતો હતો. અને પછી તો ટૉની શું ખાય છે, શું પીએ છે, તબિયત કેમ છે, વધારે મુશ્કેલી તો નથી પડતી ને, આવા અનેક પ્રશ્નો માએ અત્યંત ઉત્સુકતાથી પૂછ્યા. સૈનિક ટૉનીની કહાની સંભળાવતો રહ્યો. એની વીરતાની વાતો સાંભળીને તો માનો હરખ માતો ન હતો.

થોડી વાર પછી એના પિતા ઘરે આવ્યા. એમણે નવયુવક સાથે હાથ મિલાવ્યા પણ કાંઈ બોલ્યા નહિ. યુવકને આઘાત લાગ્યો. એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો, મનમાં બોલ્યો કે તમે પણ મને ના ઓળખ્યો ?

તેઓ બધા સાથે જ ભોજન કરવા બેઠા. મા સૈનિકના હાથ તરફ વારંવાર જોયા કરતી હતી. જાણે આ યુવક પણ એના ટૉનીની જેમ જ ચમચો પકડતો હતો અને ખાતો હતો.

માએ પાથરી આપેલી પથારીમાં એ ઊંધે મોંએ સૂઈ ગયો. પણ નીંદર એનાથી રિસાણી હતી. ‘શું મા પોતાના સંતાનને પણ ઓળખી ન શકે ?’ એ વિચાર એને ઊંઘવા દેતો ન હતો. એણે મોં વાળીને માના ખાટલા તરફ નજર નાખી તો મા પણ પાસાં ફેરવી રહી હતી. કોણ જાણે કેમ ?

સવારે ઊઠીને એણે જોયું તો માએ એનો થેલો ધોઈ નાખ્યો હતો. બૂટને પૉલિશ થઈ ગઈ હતી. આંસુને ઓગાળી જતી આંખો વડે એણે મા તરફ જોયું. મા બોલી, ‘મીઠી રોટલી ભાવશે ને ? મારા ટૉનીને એ ખૂબ ભાવતી !’

‘હા, મા, મને પણ એ ખૂબ ભાવે છે.’

‘મા, અહીં કીટો કરીને એક છોકરી હતી ને ?’

‘હા, હવે તો એ શિક્ષિકા બની ગઈ છે. મારા ટૉનીએ તને બધી જ વાત કરી લાગે છે !’

‘એને અહીં બોલાવી શકાશે ?’

માએ કીટોને ઘેર બોલાવી. એ સ્વરૂપવાન કન્યાએ હરખાતાં હરખાતાં જરા પણ સંકોચ વિના પેલા અપરિચિત યુવાનને ઉદ્દેશીને કહ્યું, ‘તમે ટૉનીનો સંદેશો લાવ્યા હશો. એને કહેજો કે હું ખૂબ યાદ કરું છું.’ આટલું કહી એ વધારે નિકટ આવી જેથી કંઈક ખાનગી વાતો એ કહી શકે. પણ એકદમ એની નજર યુવકના ચહેરા પર પડી, ને એ શૂન્યમનસ્ક બની ગઈ.

સૈનિકને સખત આઘાત લાગ્યો. એની પાસે રજાઓ તો ઘણી બાકી હતી પણ એણે નિર્ણય લઈ લીધો કે આજે જ એ ચાલ્યો જશે. નીકળતી વખતે માએ એને કહ્યું, ‘મારા ટૉનીને કહેજો કે પત્ર લખતો રહે.’ મુખ પર આનંદ પણ દિલમાં ભારોભાર વેદના સાથે એ પાછો ફર્યો. પછી થોડા દિવસ સુધી એણે ઘેર પત્ર ન લખ્યો. ત્યાં માનો પત્ર આવ્યો –

‘બેટા, કુશળ તો છે ને ? લખતાં મને શરમ આવે છે, પણ લખ્યા વિના ચેન પડે એમ નથી. અહીં એક ભાઈ તારા કુશળ સમાચાર આપવા આવેલા. ખૂબ સારો માણસ હતો. પણ એનો ચહેરો ખૂબ ભયાનક હતો. પહેલાં તો એણે કહ્યું કે હું થોડા દિવસ રહીશ, પણ પછી એકાએક એ ચાલ્યો ગયો.

‘તું ખોટું ના લગાડીશ. પણ સાચું કહું, તે રાત્રે હું ઊંઘી શકી જ નહીં. વારંવાર એવું થતું કે કે એ તું તો નથી ? તારા પિતાના ડરને કારણે હું ચૂપ રહી. એમણે કહ્યું કે એ આપણો ટૉની કઈ રીતે હોઈ શકે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કદાચ એનો ચહેરો વિકૃત થઈ ગયો હોય તોયે એમાં સંકોચ શાનો ? સૈનિક માટે તો એ ગૌરવની વાત કહેવાય કે પોતાનો સુંદર ચહેરો એ યુદ્ધને સમર્પિત કરે !

'પણ બેટા, મારું મન માનતું ન હતું. એ માણસ સૂઈ ગયો ત્યારે એના કોટને બહાર લઈ જઈ મેં ચૂમ્યો. જો એ તું હતો જ નહિ તો મારું હૃદય કેમ ધડકતું હતું ? મેં શા માટે કોટ ચૂમ્યો ? મને ઊંઘ કેમ ન આવી ? બેટા ! તું મને આ બધું જલદી સમજાવ. નહીં તો હું માનીશ કે હું પાગલ છું !'

## ટિપ્પણ

**રુઝાવું** - ઘા, ઉપર નવી ચામડી આવે તે **સૂરત** - ચહેરા **શિકલ** - મુખાકૃતિ, ચહેરો **આયનો** - અરીસો, દર્પણ **આગ્રહ** - હઠ, જીદ **સંધ્યાકાળ** - સાંજનો સમય **ઉત્સુકતા** - આતુરતા **હરખ** - આનંદ, ઉત્સાહ **આઘાત** - દુઃખ **રિસાણી** - રિસાઈ જવું તે **ઉદ્દેશ** - હેતુ **સંકોચ** - ખચકાટ **શૂન્યમનસ્ક** - શૂન્યમનવાળું **ભયાનક** - બીકવાળું, ભયવાળું **વિકૃત** - વિકારવાળું, જોવાનું ન ગમે તેવું **સમર્પિત** - સમર્પણ થયેલું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. સૈનિકે નર્સને ચૂપચાપ આયનો શા માટે આપી દીધો ?
2. સાજા નરવા નવજવાને જનરલને શી વિનંતી કરી ?
3. નવયુવાન કયાં કારણોસર પોતાના પિતા સમક્ષ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો ?
4. મા સૈનિકના હાથ તરફ વારંવાર શા માટે જોયા કરતી હતી ?
5. કીટો નામની છોકરી યુવકને જોઈને શા માટે શૂન્યમનસ્ક બની ગઈ ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-દસ વાક્યોમાં આપો.**

1. નવયુવાન સૈનિકનો લશ્કરી સેવા પ્રત્યેનો પ્રેમ જણાવો.
2. નવયુવક સૈનિકને પોતાના ગામમાં થયેલા અનુભવો જણાવો.
3. નવયુવાન સૈનિકમાં માતાનો વાત્સલ્ય પ્રેમ વિગતે જણાવો.
4. યુવકના ચહેરાને જોઈને સ્વરૂપવાન કન્યામાં આવેલું પરિવર્તન જણાવો.

**પ્રશ્ન 3. સમાનાર્થી શબ્દ લખો.**

આયનો, ઉત્સુકતા, નીંદર, રિસાવું, આઘાત

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

આગ્રહ, વીરતા, સંધ્યાકાળ, વિકૃત, વિનંતી

**પ્રશ્ન 6. સાચી જોડણી લખો.**

અપરીચિત, શુન્યમન્સક, સર્મપીત, ઉતસૂકતા, પલાસ્ટીક

**પ્રશ્ન 7. રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.**

૧. સાજા - નરવા થવું
૨. હરખ ન માવો
૩. શૂન્યમનસ્ક થવું

**આટલું કરો**

1. એક સૈનિકની આત્મકથા મેળવીને વાંચો.
2. તમારી, આજુબાજુના વિસ્તારમાં શારીરિક દૃષ્ટિએ, વિકૃત વ્યક્તિ સાથે આત્મીય વ્યવહાર કરો. તેમની સાથે માનવીય વર્તન કરો. અવાર નવાર મળતા રહો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ એકમ : ૩

### વાક્યપરિવર્તન

અ. નર્સ તો સૈનિકની શિકલ જોતાં જ રોઈ પડી

બ. નર્સથી તો સૈનિકની શિકલ જોતાં જ રડી પડાયું.

ઉપરનાં બે વાક્યો વચ્ચેનો ભેદ સમજાય છે ? વાક્ય (બ)માં 'નર્સ' ક્રિયા 'રડવું' પરનું નિયંત્રણ ગુમાવી બેઠી છે. તમે જાણો છો કે વાક્ય (અ) કર્તરિ વાક્ય છે તો વાક્ય (બ) ભાવેપ્રયોગ છે. ભાષામાં આપણે અભિવ્યક્તિની જરૂરિયાત અનુસાર વાક્ય પ્રયોજીએ છીએ. વાક્યના પ્રયોજનલક્ષી, કારકલક્ષી, રચનાલક્ષી વિવિધ પ્રકારો થાય છે. એક નજર નાખીએ.

| | | |
|---|---|---|
| પ્રયોજનલક્ષી વાક્યપ્રકાર | : | નિર્દેશાર્થ, પ્રશ્નાર્થ, આજ્ઞાર્થ, વિધ્યર્થ, ઉદ્ગારવાચક |
| કારકલક્ષી પ્રકારો | : | કર્તરિ, કર્મણિ, ભાવે, પ્રેરક |
| રચનાલક્ષી વાક્યપ્રકાર | : | સાદી વાક્યરચના, સંયુક્ત વાક્યરચના |

ઉપરાંત તમે વિધિવાક્ય અને નિષેધ વાક્યનો પણ અભ્યાસ કર્યો છે. અહીં આ પ્રકારોને આધારે વાક્યપરિવર્તન અથવા વાક્ય રૂપાંતર કરીએ.

**કર્તરિ વાક્યરચના :**

શું મા પોતાના સંતાનને પણ ઓળખી ન શકે ?

વાક્યનું કર્મણિમાં પરિવર્તન કરીએ તો –

શું માથી પોતાના સંતાનને પણ ન ઓળખી શકાય ?

આ વાક્યપરિવર્તન કરી શકો ? તો –

**નીચેની કર્તરિ વાક્યરચનાને કર્મણિ વાક્યરચનામાં ફેરવો.**

૧. એણે નિર્ણય લઈ લીધો.

૨. થોડા દિવસ સુધી એણે ઘેર પત્ર ન લખ્યો.

૩. તે રાતે હું ઊંઘી શકી જ નહીં.

૪. મેં શા માટે કોટ ચૂમ્યો ?

**ઉપરનાં કર્તરિ વાક્યોને કર્મણિમાં ફેરવ્યાં ? ચાલો, સાથે જોઈએ.**

| | કર્તરિ વાક્યરચના | કર્મણિ વાક્યરચના |
|---|---|---|
| ૧. | એણે નિર્ણય લઈ લીધો. | એનાથી નિર્ણય લઈ લેવાયો. |
| ૨. | થોડા દિવસ સુધી એણે ઘેર પત્ર ન લખ્યો. | થોડા દિવસ સુધી એનાથી ઘેર પત્ર ન લખાયો. |
| ૩. | તે રાતે હું ઊંઘી શકી જ નહીં. | તે રાતે મારાથી ઊંઘી શકાયું જ નહીં. |
| ૪. | મેં શા માટે કોટ ચૂમ્યો ? | મારાથી શા માટે કોટ ચુમાઈ ગયો. |

ઉપરનાં કર્મણિ વાક્યોમાં કર્તા ગૌણ થવા ઉપરાંત તેનાથી જે તે ક્રિયા સહજ રીતે, વિના પ્રયત્ન, જાણે મજબૂરીથી થઈ ગઈ એમ સૂચવાય છે જે વધુ સ્વાભાવિક લાગે છે.

**નીચેની કર્તરિ વાક્યરચનાને ભાવેરચનામાં ફેરવો :**

૧. ટૉની શું ખાય છે ?

૨. એ નિશ્ચિન્ત થઈ ગયો

૩. એ ઊભો થઈ ગયો.

૪. તે બહુ ધીરા અવાજે બોલ્યો

૫. તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો.

ઉપરની કર્તરિ વાક્યરચનાને ભાવેરચનામાં ફેરવી શક્યા ? નીચે ઉત્તર આપ્યા છે તેની સાથે તમારા ઉત્તર મેળવી જુઓ.

| | કર્તરિ વાક્યરચના | ભાવે વાક્યરચના |
|---|---|---|
| ૧. | ટૉની શું ખાય છે ? | ટૉનીથી શું ખવાય છે ? |
| ૨. | એ નિશ્ચિન્ત થઈ ગયો. | એનાથી નિશ્ચિન્ત થઈ જવાયું. |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | |
|---|---|---|
| ૩. | એ ઊભો થઈ ગયો. | એનાથી ઊભા થઈ જવાયું. |
| ૪. | તે બહુ ધીરા અવાજે બોલ્યો. | તેનાથી બહુ ધીરા અવાજે બોલાયું. |
| ૫. | તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો. | તેનાથી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડાયું. |

કર્મણિ અને ભાવે રચના વચ્ચેનો ભેદ સમજો ! જ્યારે ક્રિયાપદ સકર્મક હોય અને કર્તાને ગૌણ કરવામાં આવે ત્યારે કર્મણિ વાક્યરચના થાય અને જ્યારે ક્રિયાપદ અકર્મક હોય અને કર્તાને ગૌણ કરવામાં આવે ત્યારે ભાવે વાક્યરચના થાય.

પ્રેરક અને કર્તરિ વાક્યરચના વચ્ચેનો ભેદ સમજો.

નીચે પ્રેરક વાક્યો આપ્યાં છે તેને કર્તરિ વાક્યરચનામાં ફેરવો.

૧. જનરલે ઉપરી પાસે સંમતિ અપાવી.
૨. નવજવાને મિત્ર દ્વારા જનરલને વિનંતી કરાવી.
૩. એણે બારણું ખટખટાવડાવ્યું.
૪. માએ એનો થેલો ધોવડાવી નાખ્યો હતો.

| | પ્રેરક વાક્યરચના | કર્તરિ વાક્યરચના |
|---|---|---|
| ૧. | જનરલે ઉપરી પાસે સંમતિ અપાવી | જનરલે સંમતિ આપી. |
| ૨. | નવજવાને મિત્ર દ્વારા જનરલને વિનંતી કરાવી. | નવજવાને જનરલને વિનંતી કરી. |
| ૩. | એણે બારણું ખટખટાવડાવ્યું. | એણે બારણું ખટખટાવ્યું. |
| ૪. | માએ તેનો થેલો ધોવડાવી નાખ્યો હતો. | માએ તેનો થેલો ધોઈ નાખ્યો હતો. |

તમે આ જ રીતે રૂપાંતર કર્યું હતું ને ? શક્ય છે કે આ ઉત્તરો તમારા કરતાં જુદા હોય જેમકે વાક્ય ૧માં મિત્રએ જનરલને વિનંતી કરી. પણ મહત્ત્વની બાબત એ છે કે આ પરિવર્તન કરવા માટે તમે શું કર્યું ? વાક્યરચનામાંથી કર્તાપદને દૂર કર્યું, બરાબર ? તો હવે નીચેનાં કર્તરિ વાક્યો વાંચો. તમારે અન્ય કર્તા ઉમેરવાનો છે અને પ્રેરક વાક્યમાં પરિવર્તન કરવાનું છે. કરી શકશો ને ? તો –

નીચેની કર્તરિ વાક્યરચનાને પ્રેરક વાક્યોમાં ફેરવો.

૧. તમે અરજી કરો.
૨. અમે બાજુના બાંકડે બેસતાં.
૩. મેં અમેરિકામાં ઘણું ખાધું-પીધું
૪. માણસોએ વખાર ખોલી.
૫. ગાય ખેતરની બહાર નીકળી.

આમાં તમે કોઈ પણ કર્તા ઉમેરી શકો છો. તેથી આ વાક્યોનું પરિવર્તન એકથી વધુ રીતે થઈ શકે. પણ એક શક્ય ઉત્તર નીચે મુજબ જોઈ શકાય.

| | કર્તરિ વાક્યરચના | પ્રેરક વાક્યરચના |
|---|---|---|
| ૧. | તમે અરજી કરો. | તમે વિદ્યાર્થી પાસે અરજી કરાવો. |
| ૨. | અમે બાજુના બાંકડે બેસતાં | પપ્પા અમને બાજુના બાંકડે બેસાડતા. |
| ૩. | મેં અમેરિકામાં ઘણું ખાધું-પીધું. | મારા મિત્રોએ મને અમેરિકામાં ઘણું ખવડાવ્યું - પીવડાવ્યું |
| ૪. | માણસોએ વખાર ખોલી. | રાજાએ માણસો પાસે વખારો ખોલાવી. |
| ૫. | ગાય ખેતરની બહાર નીકળી | તેણે ગાયને ખેતરની બહાર કાઢી. |

નીચેનાં વિધિ વાક્યોનું નિષેધ વાક્યમાં પરિવર્તન કરો :

૧. જો કે ત્રીજા વર્ગની મુસાફરીને કારણે ફાયદો થતો.
૨. અમારે ત્યાં ઓછું પાણી વરસે છે.
૩. એમની પાસે ડૉક્ટરનું અધૂરું સરનામું છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

૪. ત્યાંનો એક ભીડભાડવાળો રસ્તો સાંકડો હતો.

૫. તમે બહાદૂર છો.

ક્યારેક નિષેધ વાક્યમાં પરિવર્તન કરતાં વાક્યનો અર્થ બદલાય છે. ક્યારેક મૂળ અર્થ સાચવીને વાક્યનું નિષેધ વાક્યમાં પરિવર્તન થાય છે. કેટલાંક ઉદાહરણ જોઈએ.

| | વિધિવાક્ય | નિષેધ વાક્ય |
|---|---|---|
| ૧. | જો કે ત્રીજા વર્ગની મુસાફરીને કારણે ફાયદો થતો. | જો કે ત્રીજા વર્ગની મુસાફરીને કારણે નુકસાન થતું નહીં. |
| ૨. | અમારે ત્યાં ઓછું પાણી વરસે છે. | અમારે ત્યાં વધારે પાણી વરસતું નથી. |
| ૩. | એમની પાસે ડૉક્ટરનું અધૂરું સરનામું છે. | એમની પાસે ડૉક્ટરનું પૂરું સરનામું નથી. |
| ૪. | ત્યાંનો એક ભીડભાડવાળો રસ્તો સાંકડો હતો. | ત્યાંનો એક ભીડભાડવાળો રસ્તો પહોળો ન હતો. |
| ૫. | તમે બહાદૂર છો. | તમે કાયર નથી. |

અહીં નિષેધ વાક્યમાં પરિવર્તન કર્યું. આ જ રીતે નિષેધમાંથી વિધિ વાક્યમાં પરિવર્તન કરશો ?

નીચેનાં નિષેધ વાક્યોનું વિધિ વાક્યમાં પરિવર્તન કરો.

૧. મારા ભારતવાસી બંધુઓ, તમે ડરપોક ન બનશો !

૨. એક વૃક્ષ કપાતું હતું તે જોઈને ત્યાંથી પસાર થતો યુવાન આગળ ન વધી શક્યો.

૩. બાપુજી જમ્યા નહીં.

૪. એ સમયે અમારી પાસે ખાસ પૈસા નહીં.

૫. પિતાજી ! આપ ચિંતા ન કરશો.

ઉપરોક્ત વાક્યોનું વિધિવાક્યમાં પરિવર્તન કર્યું ? ચાલો, ઉત્તર જોઈએ.

| | **નિષેધ વાક્ય** | **વિધિ વાક્ય** |
|---|---|---|
| ૧. | મારા ભારતવાસી બંધુઓ તમે ડરપોક ન બનશો ! | મારા ભારતવાસી બંધુઓ, તમે બહાદૂર બનજો ! |
| ૨. | એક વૃક્ષ કપાતું હતું તે જોઈને ત્યાંથી પસાર થતો યુવાન આગળ ન વધી શક્યો. | એક વૃક્ષ કપાતું હતું તે જોઈને ત્યાંથી પસાર થતો યુવાન ત્યાં જ રોકાઈ ગયો. |
| ૩. | બાપુજી જમ્યા નહીં. | બાપુજી ભૂખ્યા રહ્યા. |
| ૪. | એ સમયે અમારી પાસે ખાસ પૈસા નહીં. | એ સમયે અમારી પાસે ઓછા પૈસા હતા. |
| ૫. | પિતાજી ! આપ ચિંતા ન કરશો. | પિતાજી ! આપ નિશ્ચિંત થઈ જાવ. |

સાદી અને સંયુક્ત વાક્યરચના :

નીચેનાં વાક્યો વાંચો.

૧. હું લેફ્ટેનન્ટ છું.

૨. હું તમારા પુત્રનો મિત્ર છું.

૩. બેટા, આ તારું જ ઘર માનજે.

ઉપરનાં ત્રણે વાક્યોમાં એક એક ક્રિયાપદ છે. જે વાક્યમાં એક જ ક્રિયાપદ હોય તે સાદું વાક્ય ગણાય.

હવે નીચેનું વાક્ય વાંચો.

૧. હું લેફ્ટેનન્ટ છું અને તમારા પુત્રનો મિત્ર છું.

ઉપર એક જ વાક્ય છે પણ સમજી શકશો કે બે વાક્યોને ભેગાં કર્યાં છે તેથી બે ક્રિયાપદ છે. જ્યારે બે સ્વતંત્ર અને મુખ્ય વાક્યો અને, તેથી, કારણ કે, પણ, અથવા જેવાં સંયોજકોથી જોડાય ત્યારે તે સંયુક્ત વાક્ય બને. સાદા વાક્યોને જોડીને સંયુક્ત વાક્યમાં પરિવર્તન કરી શકાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નીચેનાં વાક્યો જોડો.

૧. સૈનિક ટૉનીની કહાની સંભળાવતો રહ્યો, મા સાંભળતી રહી.

૨. પિતાએ નવયુવક સાથે હાથ મિલાવ્યા, પિતા કંઈ બોલ્યાં નહીં.

૩. યુવકને આઘાત લાગ્યો. એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો.

તમે એમનું સંયુક્ત વાક્યમાં રૂપાંતર કર્યું ? ચાલો, ઉત્તર જોઈએ.

૧. સૈનિક ટૉનીની કહાની સંભળાવતો રહ્યો અને મા સાંભળતી રહી.

૨. પિતાએ નવયુવક સાથે હાથ મિલાવ્યા પણ કંઈ બોલ્યા નહીં.

૩. યુવકને આઘાત લાગ્યો તેથી એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો.

આ રીતે સંયુક્ત વાક્યોને સાદાં વાક્યોમાં પણ પરિવર્તિત કરી શકાય. દા.ત. એકદમ એની નજર યુવકના ચહેરા પર પડી ને એ શૂન્યમનસ્ક બની ગઈ. આ સંયુક્ત વાક્યને બે સાદાં વાક્યોમાં પરિવર્તિત કરી શકાય. એકદમ એની નજર યુવકના ચહેરા પર પડી. એ શૂન્યમનસ્ક બની ગઈ. બંને સ્વતંત્ર વાક્યો છે.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2. આંગળી ઝાલીને એને દોરજે !

**અનુવાદક : કુન્દનિકા નરોત્તમદાસ કાપડિયા ઉપનામ : સ્નેહદાન**

**જન્મ તા : ૧૯-૧-૧૯૨૭**

કુન્દનિકા કાપડિયાનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ નરોત્તમદાસ અને માતાનું નામ રંભાબહેન હતું. તેમણે બી.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે 'યાત્રિક' અને 'નવનીત' સામયિકના સંપાદક તરીકે પણ કામગીરી કરી હતી.

'સાત પગલાં આકાશમાં', 'અગનપિપાસા', 'પ્રેમનાં આંસુ' તેમના જાણીતા ગ્રંથો છે. તેમને સાહિત્ય અકાદમી દિલ્હીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે.

પરિવાર કે સમાજના સભ્ય તરીકે તમારે અન્ય સભ્યો સાથે સંબંધો બાંધવા, ટકાવવા, વિકસાવવા પત્ર લખવાનો આવે. તમારા દિલની વાત અસરકારક રીતે ચોટદાર રીતે પહોંચે તો એ સંબંધો વધુ મજબૂત, ગાઢ, લાગણીપૂર્વકના, ઉષ્માવાળા બને અને લાંબો સમય ટકે. એના ઉત્તમ નમૂના તમને ગાંધીજીના, કાકા કાલેલકરના, જવાહરલાલજીના પત્રો રૂપે મળે જ છે. તમારે તે વારંવાર વાંચવા જોઈએ.

પત્રમાં સામાન્ય રીતે પહેલા પરિચ્છેદમાં ખબર-અંતર પૂછવાની પરંપરા છે. બીજા પરિચ્છેદમાં પત્ર લખવા માટેનું પ્રયોજન સારી રીતે સ્પષ્ટ કરવામાં આવે છે. ત્રીજા પેરેગ્રાફમાં સમાપન હોય. પત્રને મથાળે જમણી બાજુના ખૂણામાં તમારું સરનામું અને અંતે ડાબી બાજુના ખૂણામાં જેને પત્ર મોકલ્યો હોય તેનું સરનામું હોય. જેને પત્ર લખો તેને યોગ્ય સંબોધન કરવું જરૂરી છે અને અંતે તમારી સહી અથવા અબકના જયભારત કે વંદન કે શુભેચ્છા હોય. ટૂંકાં વાક્યો, સરળ ભાષા છતાં તમારે જે કહેવું છે અથવા પહોંચાડવું છે તે બહુ સ્પષ્ટ રીતે પહોંચાડવાની આવડત સૌથી મહત્ત્વની બાબત છે. એ માટે અનેક પત્રો વાંચી, તમારે જાતે મહાવરો કરવો પડે. પત્ર-સાહિત્ય એ અગત્યનો સાહિત્યપ્રકાર છે.

પ્રસ્તુત પત્ર યુ.એસ.ના સોળમા પ્રમુખ એબ્રાહમ લિંકને લખ્યો હોવાની પ્રચલિત માન્યતા છે. મૂળ અંગ્રેજીમાં લખાયેલા આ પત્રનો અનુવાદ કુન્દનિકા કાપડિયાએ કર્યો છે. આ પત્ર તેમના 'ઝરૂખે દીવા' નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે.

પત્રમાં ઘરના સુરક્ષિત વિશ્વમાંથી બહારની દુનિયામાં પુત્રને જવાનું થશે ત્યારે કેવી કેવી પ્રતિકૂળતાઓ આવશે તેની વાત પિતા કહે છે. બહારના વિશ્વમાં ટકી રહેવા માટે જરૂરી શ્રદ્ધા, પ્રેમ, હિંમત પુત્રને આપવાનું પિતા જગતને કહે છે. જે જગતના અનુભવોમાંથી પરોક્ષ રીતે પ્રાપ્ત થતાં જીવનમૂલ્યોના શિક્ષણની વાત બની રહે છે. એ રીતે આ અનોખો પત્ર છે. પિતાનું લાગણીસભર, પુત્રવત્સલ ચરિત્ર સ્પર્શી જાય એ રીતે આ પત્રમાં વ્યક્ત થયું છે.

---

હે જગત, મારા પુત્રને આંગળી ઝાલીને દોરજે; આજે એણે શાળાએ જવાનો આરંભ કર્યો છે.

અત્યાર સુધી એ પોતાનો રાજા હતો. આજુબાજુનાં આંગણાંનો સરદાર હતો; વળી એની ઈચ્છાઓ સંતોષવા હું હાથવગો હતો.

પણ... હવે બધું બદલાઈ જશે. આજે સવારે એ ઘરનાં પગથિયાં ઊતરશે, હાથ હલાવશે અને મહાન સાહસનો આરંભ કરશે. એ સાહસમાં કદાચ યુદ્ધો, કરુણ ઘટનાઓ અને વેદનાઓનો પણ સમાવેશ હશે.

આ જગતમાં વસવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમત જોઈએ. એથી હે જગત, તું તેની કુમળી આંગળી પકડીને દરરોજ એને જાણવા જેવું બધું જ શીખવજે. બની શકે તો આ બધા પાઠ મૃદુતાથી શીખવજે.

એણે બધું શીખવું તો પડશે. હું જાણું છું કે દુનિયામાં બધા જ માણસો ન્યાયી નથી હોતા કે સાચા નથી હોતા. પણ એને શીખવજે કે એક બાજુ દુષ્ટ લોકો છે, તો બીજી બાજુ સંત લોકો પણ છે. પ્રપંચી રાજકારણીઓ છે, તો સેવાભાવી સજ્જનો પણ છે, જે જગતની સમતુલા જાળવી રાખે છે; અને દુશ્મનો પણ મિત્રો બને છે ખરા, ભલે તેમાં વાર લાગે.

એને એ પણ શીખવજે કે મહેનતથી કમાયેલો એક ડૉલર મફત મળેલા પાંચ ડૉલર કરતાં વધારે મૂલ્યવાન છે. હાર જીરવવાનું એને શીખવજે, પણ જીતવામાં કેવી મજા છે તે પણ એને શીખવજે. અદેખાઈથી એને અળગો રાખજે, સ્મિતનું મૂલ્ય એને સમજાવજે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પુસ્તકોની અદ્‌ભુત દુનિયાનાં એને દર્શન કરાવજે.

આકાશમાં ઊડતાં પંખીઓ, સૂર્યના પ્રકાશમાં ગુંજારવ કરતી મધમાખીઓ, લીલા ડુંગરા પર ખીલેલાં પુષ્પોનું સનાતન રહસ્ય શોધવા એને થોડોક નિરાંતનો સમય આપજે.

એને શીખવજે કે ચોરી કરીને પાસ થવા કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે.

ભલે બીજા બધા એને ખોટો કહે તોપણ એને પોતાના વિચારો પર વિશ્વાસ રાખવાનું શીખવજે. સજ્જન સાથે સજ્જન અને દુર્જન સામે અણનમ રહેતાં શીખવજે. સૌનું ભલે એ સાંભળે, પણ જે સાંભળ્યું હોય તેને વિવેકપૂર્વક સમજી જે સાચું હોય તે સ્વીકારતાં એને આવડવું જોઈએ.

બીજાઓ જ્યારે પવન પ્રમાણે પીઠ બદલે ત્યારે ટોળાંને અનુસરવાને બદલે એ એકલો પોતાને માર્ગે જઈ શકે એ માટે એને બળ આપજે.

દુ:ખ હોય ત્યારે એને હસવાનું શીખવજે, પણ રડવામાં શરમાવાપણું નથી તે પણ એને કહેજે. મીઠાશથી સાંભળવાનું કે કડવાશથી ન અકળાવાનું એને શીખવજે. આત્મા અને હૃદયનાં દ્વાર એ બંધ ન કરે તે જોજે. ટોળાંની બૂમોથી એ નમી ન પડે અને જે સાચું છે તેને માટે જીવસટોસટની લડાઈ આપતાં એ અચકાય નહીં એમ એને શીખવજે.

હે જગત, આ બધું એને મૃદુતાથી શીખવજે, પણ એને ખોટાં લાડ લડાવીશ નહીં. સુવર્ણ તો અગ્નિમાં તપીને જ શુદ્ધ બને છે.

મારી લાગણી કદાચ તને વધુ પડતી લાગે, મારી માગણી મોટી લાગે તોપણ હે જગત, તારાથી જે કાંઈ બની શકે એ બધું કરજે, કારણ કે એ મારો નાનકડો બહુ મજાનો દીકરો છે.

('ઝરૂખે દીવા'માંથી)

•

## ટિપ્પણ

**હાથવગું હોવું** - પાસે હોવું **પ્રપંચી** - કપટી **અદેખાઈ** - ઈર્ષા **અળગું રાખવું** - દૂર રાખવું **પવન પ્રમાણે પીઠ બદલવી** - અનુકૂળતા પ્રમાણે દિશા બદલવી **અનુસરવું** - પાછળ પાછળ જવું **અકળાવું** - મૂંઝાવું **અચકવું** - ખમચાવું **જીવસટોસટની લડાઈ** - (અહીં) છેલ્લા શ્વાસ સુધીની લડાઈ

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. આ પત્ર કયા પ્રસંગ નિમિત્તે લખ્યો છે ?
2. પત્ર લેખકના બાળકનું શાળામાં દાખલ થતાં પહેલાંનું વિશ્વ કેવું હતું ?
3. ઘરનાં પગથિયાં ઊતરતાં જ બાળક કેવા કેવા અનુભવો કરશે ?
4. પત્ર લેખકના મતે આ જગતના લોકો કેવા કેવા છે ?

**પ્રશ્ન 2. માંગ્યા પ્રમાણે કરો.**

1. આ પત્રમાં વ્યક્ત થતાં જીવનમૂલ્યો સવિસ્તર સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 3. પાઠને આધારે નીચે આપેલા ઉદાહરણ મુજબના વિરુદ્ધાર્થી શબ્દોનાં જોડકાં બનાવો :**

જેમ કે - મિત્રxશત્રુ ....

**પ્રશ્ન 5. નીચેના શબ્દોની જોડણી લખીને યાદ રાખો :**

શ્રદ્ધા, સજ્જન, સ્મિત, દર્શન, પ્રતિષ્ઠા, વિશ્વાસ, મીઠાશ

**આટલું કરો**

1. તમારો કે.જી. અથવા પહેલા ધોરણના પહેલા દિવસનો અનુભવ પત્ર રૂપે લખો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3. ખેડૂત રાજકુંવરી

**ભીલી લોકકથા**

લોકો દ્વારા રચાયેલી તે લોકકથા. ભીલ પ્રજા આદિવાસી પ્રજા છે. તેઓમાં વાંચવા-લખવાનું પ્રમાણ ઓછું હતું પરંતુ તેમની ભાષામાં લોકકથાઓ અને લોકગીતોનો ખજાનો છે.

લોકકથામાં પણ કોઈ અસરકારક, બોધદાયક, રહસ્યમય, રસ પડે એવો જીવનપ્રસંગ પસંદ થયેલો હોય છે પણ એની રજૂઆત સરળ અને સીધી-સાદી હોય છે.

એનો કોઈ એક લેખક હોતો નથી. એ કથા કોણે કહી, ક્યારે કહી, કોને કહી એનો કશો ઇતિહાસ આપણને ખબર હોતો નથી. પણ એ વરસોથી કહેવાતી આવતી હોય છે. એમાં થોડાઘણા ફેરફાર થયા કરતા હોય છે. આમ છતાં એમાં માનવસંબંધો, તેની આશા-આકાંક્ષા, તેની સમસ્યાઓ - સિદ્ધિઓ, સ્વભાવ-લાગણીઓ વગેરેનું ચોટદાર નિરૂપણ થયું હોય છે.

અહીં જે ભીલી લોકકથા રજૂ થઈ છે. તેનું મૂળ અંગ્રેજીમાં ભાષાંતર થયું હતું. અંગ્રેજી ઉપરથી અહીં ગુજરાતી ભાષામાં અનુવાદ કરીને એ કથા રજૂ કરવામાં આવી છે.

આ કથામાં એક રાજકુંવરીના મક્કમ મનોબળની અને દૃઢ નિર્ણયશક્તિની વાત છે. એક શક્તિશાળી રાજાની દીકરી હોવા છતાં તેને ખેડૂત થવાનો ઉત્સાહ હતો. ખેડૂત તો જગતનો તાત એટલે પિતા ગણાય. આખા જગતને તે અનાજ પૂરું પાડે છે. ગાંધીજીએ પણ લખ્યું છે કે ‘સાચું માનવજીવન તો ખેડૂતનું જ.’

આ વાર્તામાં રાજકુંવરીને ખેડૂત તરીકેનું જીવન જીવવામાં રાજા કેવી કેવી તકલીફો ઊભી કરવા ઈચ્છે છે તેનું અને રાજકુંવરી અને તેનાં મિત્રો એ તકલીફોને કઈ રીતે દૂર કરે છે તેનું રસ પડે એવું વર્ણન છે. વૈભવી જીવન જીવવા કરતાં સાદું, સરળ, પ્રકૃતિને ખોળે જીવવાનું પસંદ કરવું વધુ ઉમદા અને શાણપણભર્યું છે એવો સંદેશો આ લોકકથા આપે છે. માણસ યોગી ન બને તો કંઈ નહીં પણ કોઈને ઉપયોગી બને એ પણ મોટી વાત છે.

---

કંસારી એક શક્તિશાળી રાજાની દીકરી હતી. એ રાજકુંવરી હતી છતાં, નાનપણથી જ તેની ઈચ્છા ખેડૂત બનવાની હતી. આ વાતથી તેના પિતાને ગુસ્સો આવતો અને તે મોટી થતાં જ તેના પિતાએ તેને રાજમહેલ છોડી જવાનો હુકમ કર્યો. રાજમહેલની બહાર જિંદગી કેવી મુશ્કેલ હોય છે તેનો અનુભવ થાય તેમ હું ઈચ્છું છું. જેથી તને કંઈક સમજ આવે. તેમણે ગુસ્સાથી કહ્યું એટલે કંસારીએ નાનપણથી એકઠાં કરેલાં બી બાંધી લીધાં અને જંગલમાં રહેવા જતી રહી. તેણે ત્યાં એક નાનકડી ઝૂંપડી બાંધી અને નજીકનાં ખેતરોમાં બી વાવવાનું શરૂ કર્યું. એ સખત મહેનતનું કામ હતું પણ કંસારીને તેમાં બિલાડી, પોપટ અને કરોળિયો જેવાં ત્રણ નવાં મિત્રો મદદ કરતાં.

બિલાડી ખેતરમાંના ઉંદરોનો શિકાર કરતી. કરોળિયો ઝૂંપડીની સંભાળ રાખતો. પોપટ રાજ્યમાં જઈ ત્યાંના તાજા સમાચાર લાવતો. તેઓ બધાં સારાં દોસ્તો થયેલાં અને આનંદથી સાથે રહેતાં. થોડા સમયમાં તો રાજ્યમાં બધાં કંસારીનાં કસદાર ખેતરો વિશે વાતો કરતાં હતાં.

આ વાતોથી રાજા ગુસ્સે થઈને દેવોના રાજા ઈન્દ્ર પાસે ગયો. પોતે પોતાની દીકરીને પાઠ ભણાવવા ઈચ્છતો હતો તેથી રાજાએ ઈન્દ્રને મદદ કરવા વિનંતી કરી. ઈન્દ્રએ કહ્યું, ‘તું મારા પર બધું છોડી દે. હું દુકાળને મોકલું છું. બધો પાક સુકાઈને મરી જશે.’ પોપટે આ વાત સાંભળી લીધી અને જલદીથી કંસારીને કહી દીધી.

કંસારી અને તેના મિત્રોએ તેમના પાકને ભેજવાળા નદી કિનારે ખસેડી લીધો. જ્યારે દુકાળ પડ્યો ત્યારે રાજ્યમાંનો બધો પાક સુકાઈ ગયો પણ કંસારીનો પાક બચ્યો. ઈન્દ્રે આ જોયું અને માથું ખંજવાળ્યું. “હવે હું પૂર મોકલીશ. જે કંસારીને રોકશે. તે બોલ્યો પણ ફરીથી પોપટ ઈન્દ્રને સાંભળી ગયો. આ વખતે કંસારીએ તેના મિત્રો સાથે મળીને ડુંગરના ઢોળાવ ઉપર પોતાનો પાક વાવ્યો. જ્યારે પૂર આવ્યું ત્યારે રાજ્યનો બધો પાક ડૂબી ગયો. પણ વધારાનું પાણી ડુંગરની તળેટીમાં વહી જતાં માત્ર કંસારીનો પાક બચ્યો.

“હું હજારો ઉંદરો મોકલીશ.” ઈન્દ્રએ નક્કી કર્યું. પણ પોપટે ઈન્દ્રની યોજના વિશે બિલાડીને વાત કરી. “વાહ ! હું મારી બધી બિલાડી મિત્રોને ઉજાણી માટે બોલાવીશ.” બિલાડી બોલી. થોડી જ વારમાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ખેતરમાંના બધા ઉંદરોને બિલાડીઓ ખાઈ ગઈ. હવે ઈન્દ્ર માટે હદ આવી ગઈ. "હું પક્ષીઓ મોકલીશ. પંખીઓ સામે પાક બચી શકશે નહીં." તે બોલ્યો. પણ કરોળિયાએ તેના અન્ય કરોળિયા મિત્રોને બોલાવ્યા અને તેમણે પાકની ઉપર ચિકણી જાળ ગૂંથી દીધી. જ્યારે પંખીઓએ પાક ઉપર હુમલો કર્યો ત્યારે તેઓ ચિકણી જાળમાં ફસાઈ ગયા. ફરીથી પાક બચી ગયો.

દરમિયાન રાજા માટે મોટી સમસ્યા થઈ. દુકાળ અને પૂરે રાજ્યના બધા પાકનો નાશ કર્યો હતો. લોકો ભૂખે મરતા હતા. રાજા ઈન્દ્ર પાસે મદદ માટે ગયો. ઈન્દ્રએ કહ્યું, "તમારે મારી મદદની જરૂર નથી. તમારી દીકરી કંસારી લોકોને ખવડાવી રહી છે." તે રાજાને જંગલમાં લઈ ગયો. ત્યાં તેણે જોયું કે કંસારી અને તેનાં મિત્રો બધાંને થેલા ભરીને અનાજ આપતાં હતાં.

રાજાને પોતાના ઉપર શરમ ઉપજી અને દીકરી માટે ગૌરવ અનુભવ્યું. રાજમહેલમાં માત્ર રહેવા કરતાં બીજી ઉમદા બાબતો પણ છે. ખરૂં કે નહીં ?" ઈન્દ્રએ પૂછ્યું, રાજાએ દીકરીની માફી માગી અને તેને મહેલમાં પાછા ફરવા વિનંતી કરી. કંસારીએ પિતાને માફી આપી પણ મહેલમાં પાછી ન ગઈ. તે તેના મિત્રોની સાથે ઝૂંપડીમાં જ આનંદપૂર્વક રહી. પછીથી તે ખેડૂત-રાજકુંવરી તરીકે જાણીતી થઈ.

## ટિપ્પણ

**હુકમ** - આજ્ઞા **કસદાર** - ફળદ્રુપ, વધુ ઉત્પાદન આપે તેવું **દુકાળ** - અનાજ ઘાસ વગેરેની તંગીનો સમય **પૂર** - પાણીનું જોશબંધ આવવું, વહેવું તે **સમસ્યા** - પ્રશ્ન, કોયડો

## રૂઢિપ્રયોગ

**ગૌરવ અનુભવવો** - આનંદ થવો
**માફી માગવી** - ક્ષમા માગવી
**માથું ખંજવાળવું** - શું કરવું તે ન સમજાવું
**હદ આવી જવી** - સીમા, મર્યાદા પૂરી થવી
**શરમ ઉપજવી** - સંકોચ થવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કંસારીને નાનપણથી શું બનવાની ઈચ્છા હતી ?
2. કંસારીને તેના પિતાએ રાજમહેલ છોડી જવા હુમક શા માટે કર્યો હતો ?
3. કંસારીને ક્યાં ત્રણ મિત્રો તેના કામમાં મદદ કરતાં હતાં ?
4. કંસારીનો પિતા કઈ વાતથી ગુસ્સે થઈને દેવોના રાજા ઈન્દ્ર પાસે ગયો હતો ?
5. પોતાનો પાક સુકાઈ ન જાય તે માટે કંસારી અને તેના મિત્રોએ શું કર્યું ?
6. કંસારીએ પોતાનો પાક પૂરથી બચાવવા શું કર્યું ?
7. રાજા અને ઈન્દ્ર વચ્ચેની વાતચીતની વિગત કંસારીને પોતાના કયા મિત્ર દ્વારા જાણવા મળતી હતી ?
8. ઈન્દ્રએ મોકલેલ પક્ષીઓથી કંસારીનો પાક કેવી રીતે બચી ગયો ?
9. રાજાએ દીકરીની માફી શા માટે માંગી હતી ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના પાંચ-સાત વાક્યોમાં ઉત્તર આપો.**

1. કંસારીએ રાજમહેલ છોડ્યા બાદ કરેલ કામગીરી જણાવો.
2. કંસારી અને તેના મિત્રોની વાતોથી ગુસ્સે થયેલા રાજાએ શું કર્યું ?
3. કંસારીને પાઠ ભણાવવા માટે ઈન્દ્રએ કરેલી વિવિધ યુક્તિઓ જણાવો.
4. કંસારી આગળ ઈન્દ્રની તમામ યુક્તિઓ શા માટે નિષ્ફળ નીવડી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

5. પોતાના રાજ્યમાં દુકાળ પડતાં રાજાએ ઈન્દ્ર પાસે જઈને શું કર્યું ?
6. રાજાએ પોતાની દીકરી માટે શા માટે ગૌરવ અનુભવ્યું ?
7. કંસારીએ અંતિમ જીવન કેવી રીતે વિતાવ્યું ?

**પ્રશ્ન 3. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.**

ઈચ્છા, ગુસ્સો, ઝૂંપડી, મહેનત, કસદાર, યોજના, ગૌરવ, ખેડૂત

**પ્રશ્ન 4. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શક્તિશાળી, નાનપણ, મુશ્કેલ, તળેટી

**પ્રશ્ન 5. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

ઝુપડિ, દિકરિ, ઊજાણિ, વીનંતી

**પ્રશ્ન 6. રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.**

માથું ખંજવાળવું, ગુસ્સો આવવો, પાઠ ભણાવવો, હદ આવવી, શરમ ઉપજવી

**આટલું કરો**

1. પુસ્તકાલયમાંથી લોકકથાઓનું પુસ્તક મેળવી તેનું વાચન કરો.
2. શાળામાં પ્રાર્થના સંમેલનમાં આવી જ લોકકથા રજૂ કરો.
3. આપણે કેવા મિત્રોની સોબત કરવી જોઈએ તે વિશે વિચારો.
4. કોઈપણ પરિસ્થિતિમાં ગભરાવું જોઈએ નહીં પરંતુ આત્મવિશ્વાસથી કાર્ય આગળ ધપાવવું. એવી સમજ તમારા મિત્રોને આપો.
5. કોઈપણ કામ નાનું નથી, આવાં કામ માટે નાનમ ન અનુભવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## વાક્ય-વિશ્લેષણ

વાક્ય-વિશ્લેષણ એટલે વાક્યનું પૃથક્કરણ. વિશ્લેષણ એટલે છૂટા પાડવું. પૃથક્કરણ એટલે રચનાના ઘટકો છૂટા પાડવા. વાક્ય રચના એમ કહીએ છીએ ત્યારે એ કેટલાક ઘટકોની બનેલી રચના છે એવું આપણા મનમાં હોય છે. એ ઘટકોને શબ્દો કહેવામાં આવે છે. શબ્દોને છૂટા છૂટા પાડવાનો તો સવાલ જ નથી હોતો કારણ કે વાક્યમાં શબ્દોને છૂટા છૂટા લખવામાં આવે છે પણ એ છૂટા છૂટા લખાયેલા શબ્દોને વ્યાકરણની પરિભાષામાં શું કહેવામાં આવે છે તેનું નામકરણ એટલે વાક્ય-વિશ્લેષણ.

આપણે કેટલીક વાક્યરચનાઓ ઉદાહરણરૂપે લઈએ.

૧. કંસારી એક શક્તિશાળી રાજાની દીકરી હતી.

૨. એ રાજકુંવરી હતી છતાં નાનપણથી જ તેની ઈચ્છા ખેડૂત બનવાની હતી.

૩. આ વાતથી તેના પિતાને ગુસ્સો આવતો અને તે મોટી થતાં જ તેના પિતાએ તેને રાજમહેલ છોડી જવાો હુકમ કર્યો.

ઉપરનાં ત્રણ વાક્યોનું વિશ્લેષણ તો આપોઆપ થઈ જ ગયું છે. કારણ કે દરેક શબ્દની વચ્ચે જગ્યા છોડી છે તેથી શબ્દો છૂટા પડેલા જ છે. પણ આ છૂટા પડેલા શબ્દોની વાક્યમાં કઈ ભૂમિકા છે તે જાણવું એ વિશ્લેષણનો હેતુ છે. એ શબ્દો વાક્યમાં કઈ કામગીરી કરે છે તે જાણીએ તો તેની ભૂમિકા જાણી ગણાય.

પહેલું વાક્ય લઈએ

પહેલા વાક્યમાં 'કંસારી'એ નામ છે. તેને વિશે કશુંક કહેવાયું છે તેથી તે વિષય કહેવાય.

તેને વિશે જે કહેવાયું છે તે તેને વિશેનું કથન, વિધાન અથવા વિધેય કહેવાય. 'એક શક્તિશાળી રાજાની દિકરી હતી' એ તેને વિશેનું કથન અથવા વિધેય કહેવાય. વિધેય એટલે જે કાર્ય થયું છે તે અથવા જે કાર્ય કરવાનું છે તે.

હવે 'એક' એ સંખ્યાવાચક વિશેષણ છે. 'શક્તિશાળી' તે ગુણવાચક વિશેષણ છે. ('શક્તિ' એ નામ છે પણ તેને 'શાળી' લાગતાં 'શક્તિશાળી' વિશેષણ થયું. જેમ બુદ્ધિ, પુણ્ય જેવાં નામને 'શાળી' લાગતાં બુદ્ધિશાળી, પુણ્યશાળી વિશેષણ બને તેમ.) 'રાજા' નામ છે પણ તેને 'ની' પ્રત્ય લાગ્યો એટલે તે સંબંધવાચક વિશેષણ બન્યું. 'દીકરી' નામ છે અને 'હતી' એ કંસારીની સ્થિતિ સૂચવનાર ક્રિયાપદ છે. તેની સ્થિતિ 'દીકરી'ની હતી.

હવે બીજું વાક્ય લઈએ.

'એ'- દર્શક સર્વનામ છે. 'રાજકુંવરી' નામ છે અને 'હતી' એ 'રાજકુંવરી'ની સ્થિતિ બતાવનાર ક્રિયાપદ છે. અહીં વાક્ય પૂરું થાય છે.

'છતાં' એ પહેલા વાક્યને બીજા વાક્ય સાથે જોડે છે અથવા સંયોજે છે તેથી તેને સંયોજક કહે છે.

'નાનપણ'એ નામ છે પણ તેને 'થી' લાગતાં તે 'ઈચ્છા હતી'એ ક્રિયાનું વિશેષણ બને છે તેથી તે ક્રિયાવિશેષણ છે. 'જ'એ ભારવાચક નિપાત છે (તો, ય, જ વગેરે નિપાત ગણાય) 'તેની'એ રાજકુંવરીને બદલે, નામને બદલે આવેલો શબ્દ છે તેથી સર્વનામ છે. 'ઈચ્છા' નામ છે. ખેડૂત નામ છે. 'બનવાની હતી' – ઈરાદાપૂર્વકની ક્રિયા છે તેથી ક્રિયા બતાવનાર ક્રિયાપદ છે.

હવે ત્રીજું વાક્ય લો.

'આ'એ વાતને દર્શાવનાર 'દર્શક' સર્વનામ છે. 'વાતથી'માં 'વાત' નામ છે અને 'થી' લાગતાં 'ગુસ્સો આવતો'એ પ્રક્રિયા (સહજ રીતે કે કુદરતી રીતે થતી ક્રિયા) માટેનું કારણ છે. 'તેના' એ સંબંધવાચક વિશેષણ તરીકે વપરાયેલું સર્વનામ (સાર્વનામિક વિશેષણ) છે. 'પિતા'એ નામ છે. 'ગુસ્સો આવતો' એ પ્રક્રિયાસૂચક ક્રિયાપદ છે. (જે ક્રિયા કરનાર કોઈ ન હોય, આપો આપ કે કુદરતી રીતે થતી હોય તે પ્રક્રિયા કહેવાય. જ્યારે ક્રિયા કરનાર કોઈ હોય, ઈરાદાપૂર્વક કે જાણીને એ ક્રિયા કરે ત્યારે જ એ 'ક્રિયા' કહેવાય.) 'અને' પહેલા વાક્યને બીજા વાક્ય સાથે જોડે છે તેથી સંયોજક છે. તે સર્વનામ છે 'મોટી' વિશેષણ છે પણ અહીં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'મોટી થતાં' એ પ્રક્રિયા છે કારણ કે 'મોટા થવું' - એ કુદરતી ક્રિયા છે. 'મોટા કરવું'એ કોઈએ ઈરાદાપૂર્વક, ઈચ્છાથી કરેલી ક્રિયા હોવાથી ક્રિયા કહેવાય. 'જ' ભારવાચક નિપાત છે. 'તેના' સાર્વનામિક સંબંધક વિશેષણ છે. 'પિતાએ' નામ છે અને જાણીને ક્રિયા કરનાર વ્યક્તિ હોવાથી કર્તા છે. 'તેને' - સર્વનામ છે. 'રાજમહેલ' નામ છે. 'છોડી જવાનો' ક્રિયા છે પણ 'નો' લાગતાં 'હુકમ'નું સંબંધક વિશેષણ છે. 'હુકમ કર્યો' ક્રિયાપદ છે.

આ ત્રણે વાક્યોનું વિશ્લેષણ કરતાં વાક્યમાં શબ્દોની નીચેની ભૂમિકા સમજાઈ હશે.

નામ - તે વિષય હોઈ શકે, કર્તા હોઈ શકે, કારણ હોઈ શકે વગેરે.

વિશેષણ - તે સંખ્યાવાચક (એક) ગુણવાચક (શક્તિશાળી) સંબંધવાચક (રાજાની) વગેરે હોય.

ક્રિયાવિશેષણ - તે ક્રિયાની વિશેષતા બતાવે. (નાનપણથી)

ક્રિયાપદ - તે સ્થિતિ સૂચવે (હતી) પ્રક્રિયા સૂચવે (ગુસ્સો આવતો) ક્રિયા સૂચવે (હુકમ કર્યો)

નિપાત - તે ક્રિયા માટેનો ભાર સૂચવે

સંયોજક - તે બે સ્વતંત્ર વાક્યોને જોડે અથવા ભેગાં કરે (છતાં, અને)

સર્વનામ - નામને બદલે વપરાય, નામને દર્શાવવા પણ વપરાય (આ, તે, એ, તેને વગેરે)

આ રીતે વાક્યમાં છૂટા છૂટા લખાયેલા (પૃથક્કૃત થયેલા અથવા 'વિશ્લેષણ' પામેલા) શબ્દોની વાક્યમાં વ્યાકરણી ભૂમિકા દર્શાવવાની અને તે વ્યાકરણી ભૂમિકા ભજવતાં પદોનો વાક્યરચનામાં કયો ક્રમ હોય છે તે દર્શાવવાની કામગીરીને 'વાક્યવિશ્લેષણ' કહે છે.

સામાન્ય રીતે ગુજરાતી ભાષામાં વિષય અથવા કર્તાની ભૂમિકા ભજવતું નામ પહેલાં આવે છે અને કથન અને સ્થિતિ, પ્રક્રિયા, ક્રિયા સૂચવતું ક્રિયાપદ છેલ્લે આવે છે. દા.ત. 'કંસારી' પહેલાં આવે અને 'એક શક્તિશાળી રાજાની દીકરી હતી'એ કથન પછી આવે. 'કથન'માં 'એક શક્તિશાળી રાજાની દીકરી એવું પદ વિશેષણ હોય તો સૌથી પહેલું સંખ્યાવાચક, પછીના ક્રમે ગુણવાચક અને છેલ્લું સંબંધવાચક વિશેષણ આવે. સર્વનામ નામને બદલે આવતું હોવથી નામના સ્થાને (ક્રમમાં) આવે. 'સંયોજક' બે વાક્યની વચ્ચે આવે. જે શબ્દ ઉપર ભાર દેવાનો હોય તેના પછી 'નિપાત' આવે. દા.ત. નાનપણથી જ તેની ઈચ્છા ખેડૂત બનવાની હતી તો ભાર 'નાનપણ' પર મુકાયો ગણાય. નાનપણથી તેની ઈચ્છા ખેડૂત જ બનવાની હતી. એવું વાક્ય હોય તો 'ખેડૂત' પર ભાર ગણાય અને તો 'ખેડૂત' જ, બીજું કશું નહીં એવો અર્થ થાય.

ક્રિયાવિશેષણનું સ્થાન સામાન્ય રીતે ક્રિયાપદની તરત પહેલાં હોય છે. દા.ત. તેની ખેડૂત બનવાની ઈચ્છા નાનપણથી જ હતી. અથવા તેની ખેડૂત બનવાની નાનપણથી જ ઈચ્છા હતી પરંતુ તેને વાક્યના આરંભમાં મૂકવાનું પણ યોગ્ય મનાય છે.

વાક્યમાંથી છૂટા પડાયેલા બધા ઘટકો વાક્યરચનામાં કયા ક્રમે મુકાય છે તેની ચર્ચાને 'વાક્ય વિન્યાસ'ની ચર્ચા કહે છે. 'વિન્યાસ' એટલે ગોઠવણી, રચનામાં સ્થાન, રચનામાં જે તે પદનું આવવું અથવા બેસવું.

ટૂંકમાં 'વાક્ય વિશ્લેષણ'માં વાક્યરચનાના ઘટકોને અલગ રીતે તેમની વ્યાકરણી કામગીરી અથવા ભૂમિકા મુજબ ઓળખવા અને તેમનું રચનામાં સ્થાન નક્કી કરવું એ બે મુખ્ય બાબતોનો સમાવેશ થાય છે. તમને 'વાક્યવિશ્લેષણ' વિશેનો ૨(બે) ગુણનો પ્રશ્ન પરીક્ષામાં પૂછવામાં આવશે.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4. રેવતી - અમરો



ડૉ. સુધીર મોદી
જન્મ ૨૮ મે ૧૯૪૩

પિતા : ચીમનલાલ મોદી. માતા : વિદ્યાબેન. પત્ની : નયનાબહેન. જન્મ અમદાવાદમાં થયો હતો. અમદાવાદમાં નવરંગપુરામાં કૉમર્સ છ રસ્તા પાસે જારીવાલા પાર્કમાં દવાખાનું ધરાવે છે. ત્યાં ઈ.સ. ૧૯૭૦થી ફેમિલિ ફિઝિશિયન તરીકે પ્રેક્ટિસ કરે છે. બે વખત એ.એમ.એ. તરફથી બેસ્ટ ક્લિનિક ટ્રોફી મળી છે.

એમનાં પેશન્ટોનાં વ્યક્તિ ચિત્રો 'બારી દવાખાનાની' પુસ્તક રૂપે અને તેમની કવિતાઓ ગીતો 'વહી રહ્યાં જળ શાંત કિનારે' સંગ્રહરૂપે પ્રગટ થયાં છે. એમાં એક સંવેદનશીલ, પરગજુ, માનવતાની મહેક પ્રસરાવતા ડૉક્ટરનો પરિચય થાય છે.

પોતાને ગમી ગયેલી, પોતાના ઉપર અસર કરી ગયેલી, પોતાના જીવનને કોઈ નવો અર્થ સમજાવી ગયેલી, નવાં જીવનમૂલ્યો, જીવનદર્શન આપી ગયેલી જે વ્યક્તિઓ સાથે પોતાનો અવિસ્મરણીય પ્રસંગ કે પ્રસંગો બન્યા હોય તેવી વ્યક્તિઓનાં જે તે લક્ષણોનું શબ્દચિત્ર આપી તે વ્યક્તિને શબ્દરૂપે જીવતી રાખવાની કળા તે વ્યક્તિચિત્ર.

વ્યક્તિચિત્રની એક મુખ્ય શરત એ કે જે વ્યક્તિનું શબ્દચિત્ર લેખક આપે છે તેનો તેને અંગત પ્રત્યક્ષ અનુભવ હોય. માત્ર તેને વિશે વાંચીને, સાંભળીને, માહિતી એકઠી કરીને જો લખાણ થાય તો તે જીવનચરિત્ર અથવા જીવનચરિત્રનો અંશ બની જાય.

જે રીતે ચિત્રકાર પોતાની પાસેની પેનસિલથી, પેનથી, પીંછીથી રેખાના થોડા આકારો કેન્વાસ કે કાગળ ઉપર ઉપસાવીને કોઈ વ્યક્તિનું રેખાચિત્ર દોરે છે. તેની સાથે આ વ્યક્તિચિત્રને સરખાવી શકાય. લેખક નરી વાસ્તવિકતાની, જે કશું ખરેખર બન્યું હોય તેની જ વાત કરે. એ જે બન્યું હોય તેમાં પ્રસંગ કરતાં, લખનાર કરતાં સામેની વ્યક્તિનું જ મહત્ત્વ વધારે હોય. જો પ્રસંગનું મહત્ત્વ વધારે હોય તો પ્રસંગચિત્ર બની રહે. લખનારનું મહત્ત્વ વધારે હોય તો સ્મૃતિ ચિત્ર અથવા સ્મરણ લેખ બની રહે. પણ રજૂ થયેલા લેખમાં સામેની વ્યક્તિ કેન્દ્રમાં હોય તો જ તે વ્યક્તિચિત્ર બની રહે. શબ્દોની મદદથી, ભાષાની મદદથી તે રજૂ થયું હોવાથી તે શબ્દચિત્ર તો બને છે જ પણ વ્યક્તિનું કેન્દ્રસ્થ મહત્ત્વ હોવાથી તે વ્યક્તિચિત્ર બને છે.

ગુજરાતી સાહિત્યમાં શ્રી ઉમાશંકર જોશીની 'હૃદયમાં પડેલી છબીઓ' અને શ્રી વિનોદ ભટ્ટની 'વિનોદની નજરે' વ્યક્તિચિત્રોના જાણીતા સંગ્રહો છે.

આ વ્યક્તિચિત્ર સામાજિક રીતે ગરીબ પણ વ્યક્તિ તરીકે અમીર. પતિ-પત્નીનો પરિચય કરાવે છે. સામાજિક રીતે પહેલાં પતિનું નામ આવે અને પછી પત્નીનું. લેખકે આ યુગલમાં પત્નીનું વ્યક્તિતરીકે જે મહત્ત્વ છે તે બતાવવા પત્નીનું નામ પહેલાં લખ્યું છે. શિવ-પાર્વતી, રામ-સીતા, વિષ્ણુ-લક્ષ્મી જેમ પૂજનીય યુગલો છે તેવું આ અમરો - રેવતી પૂજનીય યુગલ છે. અમરો સત્યવક્તા છતાં મધુરભાષી છે. રેવતી સ્પષ્ટવક્તા, ઓછાબોલી અને આખાબોલી છે. પૈસાદાર હોય કે ગરીબ બધાં માણસો પાસે બીજાને આપવા માટે કશું અને કશું હોય જ છે. માત્ર તેની દાનત સારી જોઈએ એવું આ વ્યક્તિચિત્ર સ્પષ્ટ કરે છે. વાતચીત સ્વરૂપના જીવતા સંવાદો, ટૂંકાં વાક્યોમાં ચોટદાર વર્ણન અને આપણને ય બ્લડ - ડોનેશનની પ્રવૃત્તિમાં સહભાગી થવાનું મન થાય તેવો સંવેદનશીલ અંત આ વ્યક્તિચિત્રની વિશેષતા છે.

---

એક આદિવાસી કુટુંબ સાંજે દવાખાનામાં આવ્યું. ભાઈનું નામ અમરો. તેની પત્નીનું નામ રેવતી.

રેવતીના હાથમાં એક નાનું બાળક. ચીંથરામાં વીંટાળેલું. તાવથી લાલલાલ થઈ ગયેલું. જાણ્યું કે સવારથી તાવ આવ્યો છે. પણ મજૂરીએથી પાછાં આવે ત્યારે જ દવાખાને તો આવી શકે ને !

બાળકને તપાસતાં જણાયું કે શરદીને કારણે તાવથી ધગધગે છે.

આવા ગરીબ પેશન્ટ પાસેથી પૈસા ય કેમ લેવાય ? બે શીશીઓ દવાની ભરી આપી. સમજાવ્યું કે દરેક શીશીમાંથી અડધી-અડધી ચમચી દવા દિવસમાં ત્રણ વખત પીવડાવવી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અમરાએ દવાની શીશીઓ લીધી. એ ઊભો થયો પણ રેવતીબહેન ઊભાં ન થયાં.

મેં પૂછ્યું, 'બેન, દવાની સમજણ તો પડી ને !'

રેવતીબહેન કહે, ''હા સાયેબ, હમજણ તો પડી.'' પણ બેસી રહ્યાં.

મેં વળી પૂછ્યું, 'તો પછી તકલીફ શું છે ?'

તે કહે, 'સાહેબ, અમારી પૉહે ચમચી ચ્યોંથી વૉય ?'

હું તો એકદમ અવાચક થઈ ગયો. પ્લાસ્ટિકની ચમચી આપી પણ રેવતીબહેનના પ્રશ્નથી મનમાં ઊઠેલો રવરવાટ હજુ જતો ન હતો. થયું કે કેવી ભયંકર ગરીબી છે !

દરમિયાન એક પેશન્ટનો ફોન આવ્યો. એમને મેં જ મોટી હોસ્પિટલમાં જવા સૂચવ્યું હતું. ત્યાંથી ફોન હતો. પેશન્ટે ફોનમાં કહ્યું કે 'દીકરાને હોસ્પિટલમાં દાખલ તો કરી દીધો છે પણ એને તાત્કાલિક લોહી આપવું પડે એમ છે.'

મેં કહ્યું, 'એમાં તકલીફ ક્યાં છે ? તાત્કાલિક લોહીનો બાટલો ચડાવી દો.'

પેશન્ટે કહ્યું, 'એનો તો વાંધો નથી પણ બ્લડબેંકવાળા બ્લડની બોટલ સામે બ્લડ માગે છે.'

મેં કહ્યું, 'આપણા બ્લડડૉનરની યાદીમાંથી 'ઓ' નેગેટીવ લોહી ધરાવતા ડૉનરનો સંપર્ક કરીને જાણ કરું છું.'

ફોન ઉપર આ વાત ચાલતી હતી તેનું છેલ્લું વાક્ય કેબિનની બહાર નીકળતા અમરાને કાને પડ્યું.

એ રેવતીને લઈને પાછો આવ્યો. બોલ્યો, 'સાહેબ, કોને બ્લડની જરૂર છે ?'

મેં કહ્યું, 'તારે જાણીને શું કામ છે ?'

એ ઊભો ઊભો જ બોલ્યો, 'આ રેવતીનું લોહી 'ઓ' નેગેટીવ છે. અમે બંને દર ત્રણ મહિને બ્લડ આપીએ છીએ, છેલ્લા વરસથી આ બાળક નાનું હતું એટલે રેવતીનું બ્લડ લીધું નહોતું. પણ ત્રણ મહિના પહેલાં જ પાછું શરૂ કર્યું છે. અમે આવતા અઠવાડિયે ફરીથી લોહી આપવા જવાનાં જ છીએ.'

હું એકદમ ઊભો થઈ ગયો. મને થયું કે ભગવાન પણ કેવો દયાળુ છે ! સામેથી લોહી આપનાર મોકલી આપ્યું. મેં તરત પેલા પેશન્ટને ફોન જોડ્યો, 'લોહી આપનાર વ્યક્તિ મળી ગઈ છે. હું મોકલું છું. પણ લોહીના જે નિયમ પ્રમાણે પૈસા થતા હોય તે તેમને ચૂકવી દેજો.' મને એમ કે આ લોકોને કોઈએ લોહી પણ નિયમિત વેચીને પૈસા કમાઈ શકાય છે એ વાત સમજાવી હશે. મજૂરી કરવા ઉપરાંત કેટલાંક ગરીબ લોકો આવો ધંધો પણ કરતાં હોય છે તેની મને ખબર.

મેં અમરાને પેશન્ટનું નામ, હોસ્પિટલનું પાકું સરનામું લખી આપ્યું. તેણે એ ચિઠ્ઠી હાથમાં લીધી છતાં ઊભો રહ્યો.

મેં પૂછ્યું, 'કેમ, પાછું શું થયું ? એ પેશન્ટ રેવતીનું લોહી લઈને તરત પૈસા ચૂકવી દેશે.'

અમરો મારી સામે જોઈ રહ્યો હતો. રેવતી જ બોલી, 'સાયેબ, અમે લોઈ વેકતાં નહીં.'

તેની વાત સાંભળી હું થોડો શરમાયો. મેં કહ્યું, ''માફ કરજો. પણ કેટલાક લોકો આ રીતે...''

અમરો કહે, 'ખરી વાત છે. પેટનો ખાડો પૂરવા માણસ ગમે તે કરે. પણ અમને તો તમારા જેવા એક ભગવાને આ ધરમનું કામ શીખવાડ્યું.'

મને એની વાતમાં રસ પડ્યો. મેં તેના બંને હાથ આનંદથી પકડી લીધા. ખુરશીમાં બેસાડ્યો. રેવતીને પણ ખુરશી પર બેસવા કહ્યું પછી પૂછયું, 'તમે લોકો આવું સરસ માનવતાનું કામ કરો છો તેની તો ખબર જ નહીં. કહે, કોણે શીખવાડ્યું આ ?'

અમરાએ વાત માંડી, 'એમનું નામ તો મને ખબર નથી. પણ તમારા જેવા દાક્તર છે. એક વાર મારા કાકાને રિક્ષા અથડાઈ. હોસ્પિટલમાં લઈ જવા પડ્યા. ઝૂંપડપટ્ટીવાળા અડોશી-પડોશી ભેગા થઈ ગયેલા. કાકાને બહુ લોહી નીકળેલું. લોહીની જરૂર પડી. અમારી પાસે પૈસા તો ક્યાંથી હોય ? દાક્તરે સમજાવ્યું કે તમારામાં કોઈનું લોહી એમની સાથે મળતું આવે તો લઈ શકાય. લોહી આપનારને કશું નુકસાન નહીં થાય. અમારા ચાર-પાંચ જણના લોહીના નમૂના લીધા. એમાં રેવતીના લોહીનો મેળ પડી ગયો. દાક્તરે સમજાવેલું કે પાછું ત્રણ મહિનામાં તો તાજું લોહી આવી જાય એટલે લોહી આપ્યું.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મેં કુતૂહલથી પૂછ્યું, 'પછી ?'

અમરાએ આગળ ચલાવ્યું, "પછી અમને દાક્તરે સમજાવ્યું કે તમે ઈચ્છો તો દર ત્રણ-ચાર મહિને તમારું લોહી હોસ્પિટલમાં આપી શકો. ઈચ્છો તો બદલામાં પૈસા પણ મળે. પણ લોહી તો ઈશ્વરે આપણને આપેલી ભેટ છે. એને કંઈ વેચાય ? ભગવાને જેને વધુ પૈસા આપ્યા હોય તે પૈસાનું દાન કરે, મા-બાપે આપેલી મૂડીમાંથી તેમની પાછળ હોસ્પિટલ બંધાવે, શાળા બંધાવે, મંદિર બંધાવે, આપણું આ શરીર માબાપે આપેલી મૂડી છે. એમની પાછળ બીજું દાન ન થાય તો જીવતાં આપણા લોહીનું અને મરી ગયા પછી આપણા શરીરનું દાન તો કરી જ શકાય."

હવે ખોળામાં ઊંઘી ગયેલા બાળક ઉપર ચીંથરાં સરખાં કરતાં રેવતી બોલી, 'સાએબ, તારથી અમે લોહીનું દાન કરીએ સે.'

'અને અમારી ઝૂંપડપટ્ટીમાંથી ઘણાં લોકોએ નિયમિત લોહી આપવા ઉપરાંત દેહદાન માટેનાં ફોરમ પણ ભર્યાં છે' અમરાએ ઊમેર્યું.

હું એ સૌ ગરીબોની મનની અમીરીને વંદી રહ્યો. પેલા અજાણ ડૉક્ટરને પણ વંદી રહ્યો કે એમના જેવાઓને કારણે જ ગુજરાત અને અમદાવાદ બ્લડ-ડૉનેશનની પ્રવૃત્તિમાં ભારતભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

## ટિપ્પણ

**આદિવાસી** - દેશમાં આદિકાળથી વસેલું **ચીંથરાં** - ચીંદરડી, ફાટી ગયેલું કપડું કે કકડો **ધગધગવું** - ખૂબ ગરમ હોવું **પેશન્ટ** - દરદી **પોંહે** - પાસે **ચ્યોંથી વૉય ?** - ક્યાંથી હોય ? **બ્લડબૅંક** -દરદીઓ માટે લોહીનાં પેકેટ પૂરી પાડતી સંસ્થા **લોહી વેકવું** - લોહી વેચવું

## રૂઢિપ્રયોગ

**અવાચક થઈ જવું** - એકદમ બોલતાં બંધ થઈ જવું, આશ્ચર્યને કારણે મૌન થઈ જવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. બાળકને ચીંથરામાં શા માટે વીંટળ્યું હશે ? બે કારણ આપો.
2. બાળકને સવારથી તાવ આવેલો છતાં છેક સાંજે દવાખાને માબાપ કેમ લઈ ગયાં ? તમે હો તો શું કરો ?
3. ડૉક્ટરે અમરા પાસેથી દવાના પૈસા કેમ ના લીધા ?
4. રેવતીબહેન ડૉક્ટરની સામે કઈ તકલીફને કારણે બેસી રહ્યાં ?
5. રેવતીબહેનના પ્રશ્નથી ડૉક્ટરના મનમાં રવરવાટ કેમ થયો ? મનમાં રવરવાટ થાય ત્યારે શું થાય ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના પાંચ-દસ વાક્યોમાં ઉત્તર આપો.**

1. રેવતી-અમરો સામાજિક રીતે ગરીબ છે અને વ્યક્તિ તરીકે અમીર એવું શા ઉપરથી કહી શકાય ?
2. રેવતી-અમરો એ પૂજવા યોગ્ય યુગલ છે એવું શા કારણે કહી શકાય ?
3. અમરો સત્યવક્તા છતાં મધુરભાષી છે તેવાં ત્રણ ઉદાહરણ આપો.
4. રેવતી ઓછાબોલી છતાં આખાબોલી સ્પષ્ટવક્તા છે એનાં ત્રણ ઉદાહરણ આપો.
5. આ રેખાચિત્રમાંથી વાતચીત સ્વરૂપનો તમને ગમેલો એક સંવાદ નોંધી, તે શા માટે સૌથી વધુ ગમ્યો તેનાં કારણ આપો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

6. આ રેખાચિત્રમાંથી તમને પસંદ પડેલું એક વર્ણન નોંધી તે શા માટે પસંદ પડ્યું તે લંબાણથી સમજાવો.

**આટલું કરો**

1. બ્લડ-ડૉનેશનની પ્રવૃત્તિમાં સહભાગી થવાથી તમને ભવિષ્યમાં શારીરિક રીતે અંગત શા-શા લાભ થઈ શકે તે વિશે તમારા ડૉક્ટરને પૂછો.
2. તમારી પરિચિત કોઈ સેવાભાવી વ્યક્તિની મુલાકાત લઈ એ સમાજ સેવાનાં કેવાં કામ કરે છે તેની વિગતો મેળવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5. રાષ્ટ્રરોગ

યોગેન્દ્ર વ્યાસ

જન્મ : ૬ ઓક્ટોબર ૧૯૪૦, અમદાવાદમાં



માતા : પ્રમોદબહેન, પિતા : ધીરુભાઈ. પત્ની : અંજનાબહેન. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તરફથી "ગૌરવ સન્માન"થી સમ્માનિત, ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનના નિવૃત્ત ડિરેક્ટર અને ભાષાવિજ્ઞાનના ખ્યાતિપ્રાપ્ત પ્રોફેસર. એમ.એ., પીએચ.ડી, સાહિત્યરત્ન. ભાષાવિષયક પચીસેક પુસ્તકો ઉપરાંત નવલકથાઓ, વાર્તાસંગ્રહ, જીવનચરિત્ર, પ્રેરકગ્રંથો પ્રગટ કર્યા છે. તેમનાં છ પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમીનાં શ્રેષ્ઠ પુસ્તક માટેના પુરસ્કારો મળ્યા છે. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળનાં ધોરણ ૧થી ૧૨નાં પાઠ્યપુસ્તકોના સંપાદક તરીકે અને બીજીવાર વિષય સલાહકાર - સમીક્ષક તરીકે ચોવીસ ગુજરાતીનાં પાઠ્યપુસ્તકોની રચનામાં સામેલ રહ્યા. ઈંદિરા ગાંધી મુક્ત વિશ્વવિદ્યાલય અને ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના ગુજરાતી વિષયના સ્નાતક અભ્યાસક્રમો અને તેનાં સોળ પાઠ્યપુસ્તકોની રચનામાં સહભાગી રહ્યા.

'કટાક્ષિકા'ને હાસ્યનિબંધના પેટાપ્રકાર તરીકે જોઈ શકાય. હાસ્યનિબંધમાં કટાક્ષ, વ્યંગ ઉપરાંત ક્યારેક માત્ર મનોરજંનનો જ આશય હોય તેવું બની શકે. કટાક્ષિકાનો હેતુ વ્યક્તિ, પરિવાર કે સમાજની કોઈ નબળાઈને હસતાં હસતાં હળવી રીતે છતાં ચોટદાર રીતે રજૂ કરવાનો હોય છે. એમાં પાત્રો, પ્રસંગો, સંવાદો, વર્ણનો બધું જ પેલી નબળાઈને રજૂ કરવા માટે ઉપયોગમાં લેવાય. કટાક્ષિકામાં વાંકી નજરે અથવા વાંકી રીતે સીધી વાતને હૃદય સોંસરવી ઉતરી જાય તે રીતે કહેવાનો પ્રયત્ન કરવામાં આવે. વાત ખરેખર વ્યક્તિ, પરિવાર કે સમાજ માટે ઘણી ગંભીર હોય પણ એને ગંભીર રીતે રજૂ કરવા જતાં એ આટલી અસરકારક કદાચ ન પણ બને.

'કામચોરી' અથવા કામ કરવામાં 'દિલચોરી'એ વ્યક્તિ માટે જ નહીં, સમગ્ર દેશ માટે, આખા રાષ્ટ્ર માટે ઘણું નુકસાન કરનારી બાબત છે એ સૌ જાણે છે. વ્યક્તિએ દિવસમાં ઓછામાં ઓછું આઠ કલાક કામ કરવું જોઈએ એ વણલખ્યો નિયમ છે. ખેડૂતો ખેતરોમાં અને મજૂરો એમની મજૂરીની જગ્યાએ આઠ કલાકથી વધુ કામ કરે છે. ઓછામાં ઓછું આઠ કલાક તો કરે જ છે. ફેરિયાઓ, વેપારીઓ, ગૃહિણીઓ સુદ્ધાં દિવસમાં કુલ આઠ કલાકથી વધુ કામ કરતાં હોય છે. જ્યારે જાહેર કચેરીઓમાં (ઓફિસોમાં) અને અન્યત્ર ટેબલ ઉપર બેઠાં બેઠાં કામ કરનારા ભાગ્યે આઠ કલાક કામ કરે છે. મોટાભાગના તો માંડ ત્રણ-ચાર કલાક કામ કરે છે. અધિકારીઓ પોતાની જવાબદારી સમજીને રોજના દસથી ચૌદ કલાક કામ કરતા જોવામાં આવ્યા છે. સૌનું કામ તે કોઈનું નહીં એવી માનસિકતા લગભગ બધે જ જોવા મળે છે. આ માનસિકતા ઉપર કટાક્ષ કરતી આ 'કટાક્ષિકા' લેખકના ગુજ.સાહિત્ય અકાદમી પુરસ્કૃત "ચાલો, થોડું હસી લઈએ" - પુસ્તકમાંથી લેવામાં આવી છે. પરદેશમાં પ્રજાજનો કેટલું બધું કામ કરીને પોતાના દેશને ઊંચો લાવવાનો પ્રયત્ન કરે છે તેનાં વખાણ કરનારા પોતાને થોડું પણ વધારે કામ કરવાનું આવે ત્યારે કેવા આઘાપાછા થઈ જાય છે તે આ કટાક્ષિકામાં બતાવ્યું છે.

---

થોડા દિવસ પહેલાં મારા ટેબલની બાજુના ટેબલ ઉપર બેઠાં બેઠાં ત્રણેક યુવાન મિત્રો ઉત્સાહપૂર્વક ચર્ચા ચલાવી રહ્યા હતા.

'આપણે કોઈ દિવસ ઊંચા જ નહીં આવવાના.' એક યુવક ઊંચા અવાજે બોલી રહ્યો હતો.

મને તો જોકે ઊંચું જોવાનોય સમય નહોતો પણ આટલું ઊંચું બોલાયેલું કાન સાંભળ્યા વિના રહી શક્યા નહીં.

'જાપાનમાં તો લોકો શું કામ કરે છે !' બીજા યુવકે કદાચ ઉત્સાહમાં આવી જઈ એથીય ઊંચા અવાજે કહ્યું.

'અને અમેરિકામાં પણ.' ત્રીજાએ પોતે જાણે હમણાં જ અમેરિકાથી પાછો ફર્યો હોય તેવી ખાતરીથી કહ્યું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'ત્યાં તો કામ કરો નહીં તો જાવ ક્યાં ? તરત ફાયર કરી દે.' એ પહેલો હતો કે બીજો એ કાનને ખબર ના પડી. પણ શો ફેર પડે છે ?

ત્યાં તો પટાવાળો આવ્યો. મારા ટેબલ પર દસેક પાનાં મૂકી બોલ્યો, 'આજે જ ટ્રાન્સલેસન કરવાનું અંરજણલી.'

મારી પાસે ત્રણેક કલાકનું કામ તો હતું જ. મેં તરત જ બાજુના ટેબલ ઉપરથી પેલા યુવકોને બોલાવ્યા. 'કિશોર, તમે ત્રણે જણા લાગી જાવ.'

'હા સાહેબ.' કિશોરે પેલાં પાનાં હાથમાં લીધાં.

'પણ સાહેબ, પહેલાં અમે ચા પી આવીએ.' બીજાએ સૂચવ્યું. ત્રણે જણા ચા પીવા ઊપડી ગયા.

પંદરેક મિનિટ પછી કિશોર એકલો પાછો આવ્યો. મેં પૂછ્યું, 'શું થયું ?'

'ધવલ આજે સવારે નવ વાગ્યાનો આવેલો - જમ્યા વિના. એટલે એ નીકળી ગયો.' કિશોરે કહ્યું.

'કેન્ટિનમાં નાસ્તો તો મળે છે.' હું કહેવા જતો હતો પણ માંડી વાળીને પૂછ્યું, 'અને પેલો શરદ ?'

'એની આજે કંઈ તબિયત ઠીક નહોતી. એટલે એય ચાલ્યો ગયો.' કિશોરે જવાબ આપ્યો.

'કંઈ નહીં, તું જામી જા.' મેં કિશોરને સૂચવ્યું.

'એકલો ?' કિશોરના મોંમાંથી નીકળી ગયું.

'આટલું પતાવીને હું તારી સાથે જોડાઈ જાઉં છું.' મેં એને હિંમત બંધાવી.

'પણ સર, ચાર તો થયા.' એ રડમસ અવાજે બોલ્યો.

'હજુ તો ચાર જ થયા છે ને ?' નવેક સુધીમાં તો પતાવી દઈશું.' મેં કિશોરનો ઉત્સાહ વધાર્યો.

આવેલાં પાનાં, કોશ અને કોરાં પાનાં લઈ કિશોર બેઠો.

સાતેક વાગે મારું કામ પતાવી હું કિશોરના ટેબલ ઉપર ગયો. દસેક કિલોમીટર ચાલી આવ્યો હોય એટલો થાક એના મોં પર દેખાતો હતો. એણે અનેક ચેકાચેકી સાથે ત્રણેક પાનાનું ટ્રાન્સલેસન કર્યું હતું.

'ચાલ, અડધાં પાનાં મને આપી દે.' કહીં મેં પાંચ પાનાં એની પાસેથી લઈ લીધાં. આઠેક વાગે કિશોર આવ્યો, 'સર, આ પાંચ પાનાં. હવે હું જઉં ? પાછું નવ વાગે આપણી કલબના કાર્યક્રમમાં પહોંચવાનું છે.'

'ત્યાં તો મારેય પહોંચવાનું છે. હું એને કહેવા જતો હતો પણ લાગ્યું કે એ કોમ્યુનિકેટ થાય એમ જ નહોતું. મેં માત્ર ડોકું હલાવ્યું. હા કે ના એવો કશો અર્થ એમાંથી નીકળી શકે એમ નહોતો.'

'થેન્કયૂ સર !' કહી જાણે અજગરના મોંમાંથી છૂટ્યો હોય એમ કિશોર ચાલ્યો ગયો.

એ ગયો અને તરત ફોનની ઘંટડી રણકી. સામેથી શ્રીમતીજીનો અવાજ રણક્યો. 'નવ વાગે જગજીતસિંગનાં ભજનોમાં કલબમાં જવાનું છે ને ?'

'ઠીક યાદ કરાવ્યું. તું જમીને તૈયાર થઈ રહે. હું ગાડી મોકલું છું. મારું લંચ બૉક્સ લઈને તું ઑફિસે જ આવી જા. અહીંથી સીધા નીકળી જઈશું.' કહી, કશું લાંબું સાંભળવું ન પડે માટે, ફોન મૂકી દીધો.

ડ્રાઈવરને ઘેર જવાની સૂચના આપી હું કામમાં ગૂંથાયો. પોણા નવે પાંચે પાનાંનો અનુવાદ પૂરો કરવાની તૈયારીમાં હતો ત્યાં પરફ્યુમની સુગંધ ઑફિસમાં પ્રવેશી. આમે મને એની થોડી ઘણી એલર્જી ખરી. બે-ચાર છીંકો આવી એનું અનુસંધાન સાધતો અવાજ આવ્યો. 'હજુ ઢસરડો ચાલુ છે ?' ટેબલ ઉપર લંચ બૉક્સ મુકાયું. બસ પાંચ મિનિટ, કહી મેં ડોકુંય ઊંચું કર્યા વિના મારું કામ પૂરું કર્યું. પટાવાળાને બોલાવી દસે પાનાં કમ્પોઝમાં મોકલાવી સૂચના આપી, કાલે સવારે મને પ્રૂફ વાંચવા આપજો. ઝડપથી જેમ તેમ ખાઈ સવા નવે નીકળ્યાં.

જગજીતનો કાર્યક્રમ હજુ શરૂ થયો ન હતો. કિશોર, શરદ અને ધવલ કુટુંબ સાથે ત્યાં હાજર હતા. કદાચ ભક્તિગીતો સાંભળવાથી તબિયત ઠીક થઈ જતી હશે.

કિશોરે ટ્રાન્સલેસન કરેલાં પાંચે પાનામાં જોડણીની ઓછી પણ વ્યાકરણની ઘણી ભૂલો હતી. એ સુધારતાં બીજે દિવસે મને દોઢ કલાક થયો. થયું કે એને બદલે મેં જ આ લેસન કર્યું હોત તો બીજું કંઈ નહીં પણ એની મહેનત તો બચાવી શકાત. વળી પાછા બપોરે એ ત્રણે મિત્રો મારી બાજુના ટેબલ ઉપર ગપાટા મારતા સંભળાયા. 'પણ અમેરિકામાં કામચોરી જરાય ન ચાલે.' કદાચ ધવલનો જ અવાજ હતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સાચી વાત. ત્યાં તો તરત ફાયર કરે. ભારતમાં એ શક્ય જ નથી ને ? રીયલ ડેમોક્રસી ! એટલે તો એ રાષ્ટ્રરોગ છે. મેલિરિયા, ટાઈફોઈડ, એઈડ્સ, હાર્ટએટેક કરતાં પણ વધારે ભયંકર. આ રોગમાં તો માણસ મરે ય નહીં અને પોતાની જગ્યા કે ખુરશી ખાલી કરે ય નહીં. એ લોકોને કહેવાની ઈચ્છા થઈ આવી. પણ માત્ર નિદાન કરવાથી શું ? મારી પાસે એનો ઉપચાર તો છે જ નહીં, એવો વિચાર આવતાં જ ચૂપ રહ્યો.

## ટિપ્પણ

**ટ્રાન્સલેસન** - અનુવાદ **અંરજણલી** - અર્જન્ટલી, તાત્કાલિક **રડમસ અવાજ** - માંડ માંડ મોમાંથી નીકળતો હોય તેવો ધીમો અવાજ **કલબ** - મનોરંજન માટે અથવા રમવા-મળવા-જમવા ભેગું થતું મંડળને તેનું સ્થળ **કોમ્યુનિકેટ** - વાત પહોંચવી, અવગમન સધાવું **જગજીતસિંગ** - સુપ્રસિદ્ધ સ્વર્ગસ્થ ભજન તથા ગઝલગાયક **લંચ-બૉક્સ** - જમવાનો ડબ્બો **પરફ્યુમ** - અત્તર જેવું સુગંધી દ્રવ્ય **એલર્જી** - કશાક ખાસ પદાર્થથી થતી વિશેષ શારીરિક તકલીફ **રીયલ ડેમોક્રસી** - સાચી લોકશાહી

## રૂઢિપ્રયોગ

**ઊંચા આવવું** - સમૃદ્ધ થવું, ગરીબીમાંથી બહાર નીકળવું **ઊંચા અવાજે બોલવું** - મોટા અવાજે બોલવું **ઊંચું જોવાનો સમય મળવો** - કામમાંથી થોડો પણ નવરાશનો સમય મળવો **ઊંચું બોલાયેલું** - મોટેથી બોલાયેલું **ફાયર કરી દેવું** - કાઢી મૂકવું, નોકરીમાંથી બરતરફ કરવું **ગપાટા મારવા** - આડીઅવળી બિનજરૂરી વાતો કરવી.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કામ ન કરે તેવા કામચોરને તરત નોકરીમાંથી કાઢી મૂકે એવો નિયમ કયા કયા દેશોમાં છે ?
2. 'આપણે કોઈ દિવસ ઊંચા જ નહીં આવવાના'માં 'આપણે' એટલે કોણ ?
3. ધવલ અને શરદ વહેલા શા કારણે નીકળી ગયા ?
4. 'એકલો ?' એવું કિશોરના મોંમાંથી શા કારણે નીકળી ગયું ?
5. 'કદાચ ભક્તિ ગીતો સાંભળવાથી તબિયત ઠીક થઈ જતી હશે' એવું લેખક શા માટે કહે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના પાંચથી દસ વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખક અને પેલા ત્રણ યુવક કઈ કામગીરી ઑફિસમાં કરતા હશે ? એમ કહેવા માટે તમારાં કારણો આપો.
2. 'અમે ચા પી આવીએ' એવું બીજાએ શા માટે સૂચવ્યું હશે ?
3. કિશોરે કામને વેઠ ઉતારતો હોય એમ કામ કર્યું તેમ લાગે છે ? ત્રણ કારણો આપો.
4. લેખકનાં પત્ની લેખકની નોકરી અથવા કામગીરીને શેની સાથે ઓળખાવે છે ? એ રીતે ઓળખાવવા પાછળ એમનો અનુભવ કેવો હશે ?
5. જગજીતસિંગના કાર્યક્રમમાં પેલા ત્રણે સમયસર હાજર થયા હતા તે શું સૂચવે છે ?

**પ્રશ્ન 3. માંગ્યા પ્રમાણે કરો.**

1. કામચોરીને લેખક મેલેરિયા, એઈડ્સ, હાર્ટએટેક વગેરે કરતાં પણ વધારે ભયંકર રાષ્ટ્રરોગ તરીકે ઓળખાવે છે તેનું કારણ આપી, કામચોરી કરતાં પણ વધારે ભયંકર બીજો કયો રાષ્ટ્રરોગ તમને ભારતમાં ફેલાયેલો દેખાય છે ? ચર્ચા કરો.

**પ્રશ્ન 4. નીચેનાં વાક્યોમાં કયો અલંકાર વપરાયો છે તે કહો.**

1. દસેક કિલોમીટર ચાલી આવ્યો હોય એટલો થાક એના મોં પર દેખાતો હતો.
2. જાણે અજગરના મોંમાંથી છૂટ્યો હોય એમ કિશોર ચાલ્યો ગયો.
3. ત્યાં પરફ્યુમની સુગંધ ઑફિસમાં પ્રવેશી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રશ્ન 5. નીચેના શબ્દસમૂહ માટે કયો એક શબ્દ વપરાય છે તે કહો.**

1. મનોરંજન અથવા રમવા-મળવા-જમવા ભેગું થતું મંડળ અને તેનું સ્થળ.
2. સંવેદન, ભાવ, વિચાર વગેરેને એક ભાષામાંથી બીજી ભાષામાં ઉતારવાં તે.
3. કશાક ખાસ પદાર્થથી થતી શારીરિક તકલીફ.

**આટલું કરો**

1. તમે નિશાળમાં ભણવા ઉપરાંત ઘરમાં લેસન કરવામાં, ઘરનાં બીજાં કામ કરવામાં કેટલો સમય ફાળવો છો તેની એક મહિના સુધી રોજની નોંધ તૈયાર કરો.
2. તમારા પરિવારમાં સૌથી વધુ કામચોર તરીકે કોણ પ્રખ્યાત છે અને શા કારણે તે વિશે વીસેક વાક્ય જેટલો લાંબો પત્ર તમારા મિત્રને લખો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ એકમ : ૫

### શબ્દસમૂહ માટે એક શબ્દ

તમને આ પાઠના સ્વાધ્યાયમાં પ્રશ્ન ૫. પુછાયો છે. તેનો જવાબ તમે કઈ રીતે શોધ્યો ? તમે 'ટિપ્પણ'ની મદદ લીધી હશે. 'ટિપ્પણ'માં કલબ, અનુવાદ, એલર્જીના અર્થ આપ્યા છે. આમ તો 'જમવાનો ડબ્બો'એ પણ શબ્દસમૂહ થયો કારણ કે એમાં બે શબ્દો છે એને માટે અંગ્રેજીમાં 'બૉક્સ ફોર ધ લંચ' એવા પણ શબ્દો છે કે જે ઘણા શબ્દોના સમૂહ માટે એક શબ્દરૂપે ઉપયોગમાં લેવાય. આ પાઠમાં જ 'રાષ્ટ્રરોગ' શબ્દ વપરાયો છે. તમે તરત કહેશો કે 'રાષ્ટ્રની પ્રજાને વળગેલા રોગ'એ ચાર શબ્દોના સમૂહ માટે 'રાષ્ટ્રરોગ' એક શબ્દ છે. તમે મધ્યમપદ-લોપી અથવા બહુવ્રીહિ કે દ્વિગુ સમાસ વિશે જાણો જ છો. (ધોરણ ૧૦ (દસ)માં તમે એ ભણી ગયા છો) 'ઈશ્વરની ભક્તિ માટે અથવા ઈશ્વરની ભક્તિરૂપે ગવાતાં ગીતો' તે ભક્તિગીતો. - આમ આખા શબ્દસમૂહ માટે એક શબ્દ વાપરવાની પરંપરા દરેક ભાષામાં હોય છે.

આ પરંપરાનો લાભ એ થાય કે ઘણી વ્યાખ્યાઓ, સમજૂતીઓ, વિવરણો અનેક શબ્દોથી કરવાને બદલે એક જ શબ્દથી આપણે કરી શકીએ.

'આંગળી ઝાલીને એને દોરજે' પાઠમાં તમે અદેખાઈ એટલે ઈર્ષા, પ્રપંચી એટલે કપટી, અકળાવું એટલે ચિડાવું એવું ભણી ગયાં છો. પણ તમારે ખરેખર જાણવું છે કે 'અદેખાઈ' એ કેવી લાગણી છે અને 'ઈર્ષા'એ કેવી લાગણી છે ? બંને લાગણી છે એ કબૂલ. પણ પોતાના કરતાં બીજા પાસે કશુંક વધારે હોય તે સહન ન થાય તેવી લાગણી તે અદેખાઈ. જ્યારે બીજાને પોતાના કરતાં કોઈ પણ બાબતમાં ચડિયાતો સમજીને તે નીચો પડે અથવા તેનું કંઈ ખરાબ થાય તેવી લાગણી તે ઈર્ષા. તમને થશે કે 'અદેખાઈ'એ કેટલા મોટા શબ્દસમૂહ માટે વપરાયેલો એક શબ્દ છે. 'પ્રપંચી' એટલે 'સામાને લલચાવીને પોતાને ફાયદો થાય એમ કરનાર' જ્યારે 'કપટી' એટલે પોતાને ફાયદો થાય કે ન થાય પણ સામાને નુકસાન થાય તેવું કાવતરું ગોઠવનાર' - પ્રપંચી અને કપટી બંને સામાને નુકસાન તો કરે જ (એટલું સરખાપણું ખરું) પરંતુ એક તે પોતાના ફાયદા માટે કરે, બીજા તો ફાયદો ન હોય તો ય કરે. એટલે તમારા પાઠમાં 'પ્રપંચી રાજકારણીઓ' અનુવાદ છે તે કેટલો યોગ્ય છે તે સમજાશે. 'રાજકારણી'ઓ 'કપટી' નથી હોતા - એ લોકો પોતાનો ફાયદો તો જુએ જ. પોતાને ફાયદો ન હોય તો સામાને નુકસાન ન કરાય એટલી વ્યવહારબુદ્ધિ એમનામાં હોય. 'અકળાવું' અને 'ચિડાવું' બંને માં મૂંઝવણભરી સ્થિતિ તો હોય જ પણ એકમાં મનમાંને મનમાં સમસમી રહેવાનું થાય જ્યારે બીજામાં એ સ્થિતિ માટે નારાજગી, ગુસ્સો, તોછડાઈ બહાર આવી જાય.

લગભગ આ ઉપરથી સમજાય કે સમજવા માટે અર્થ તરીકે પર્યાય બરાબર છે પરંતુ લગભગ દરેક શબ્દ અનેક શબ્દોના સમૂહનો બનેલો હોય છે.

રૂઢિને ચુસ્તપણે વળગી રહેનાર, ગુણ કરે તેવું, શબને ઓઢાડવા વપરાતું કાપડ, ખેતરમાં ભાથું લઈને જનારી ખેડૂત સ્ત્રી, ધીરધારનો ધંધો કરનાર, કોઈ પણ પક્ષમાં ન ભળે તે, દહીં વલોવવાની ક્રિયા, આકાશ અને પૃથ્વી મળતાં દેખાય તે સ્થાન, એક જ વર્ગમાં સાથે ભણનાર, મીઠું પકવવાની ક્યારી કે જમીન, ઇચ્છા અનુસાર બધું આપનાર વૃક્ષ જેવા ઘણા શબ્દસમૂહો માટે કયો એક શબ્દ વાપરી શકાય તે કહી શકશો.


●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6. મીનુ



રાજેન્દ્ર પટેલ
જન્મ : ૨૦ ઑગસ્ટ ૧૯૫૮ અમદાવાદમાં

પિતા : ભોગીલાલ પટેલ માતા : લક્ષ્મીબહેન પત્ની : દક્ષાબહેન. એમ.એસસી., હાલ ફાર્માસ્યુટીકલનો વ્યવસાય કરે છે.

એમણે ત્રણ વાર્તા સંગ્રહ "જૂઈની સુગંધ", "અધૂરી શોધ" અને "અકબંધ આકાશ" પ્રગટ કર્યા છે. છ કાવ્યસંગ્રહ "કોષમાં સૂર્યોદય", "શ્રી પુરાંત જણસે", "કબૂતર, પતંગ અને દર્પણ", "એક શોધ પર્વ", "બાપુજીની છત્રી" અને "વાસ્તુપર્વ"નું સર્જન કર્યું છે. વિવેચનમાં ત્રણ પુસ્તકો "અવગાહન", "અવગત" અને "મરતિ ચાહિ ના આમિ" તેમના નામે છે.

"સાંપ્રત ગુજરાતી કવિતા : ૧૯૮૫ થી ૨૦૧૦"નું વિશિષ્ટ સંપાદન કાર્ય, સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા પ્રકાશિત થયું છે.

એમના વાર્તાસંગ્રહ "જૂઈની સુગંધ" અને કાવ્ય સંગ્રહ "શ્રી પુરાંત જણસે"ને ગુજરાત સાહિત્ય અકાદમીનો પ્રથમ પુરસ્કાર અને "અવગાહન" વિવેચન સંગ્રહને તૃતીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

હાલ, ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ, માતૃભાષા અભિયાનના ટ્રસ્ટી અને ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના કાર્યાધ્યક્ષ છે. "વાંચે ગુજરાત" અભિયાનમાં માનદ્ સહમંત્રી તરીકે સેવાઓ આપી છે. તેમણે "પુસ્તક પરબ" પ્રકલ્પનો સૌ પ્રથમ વિચાર ગુજરાત અને ગુજરાતીઓને આપ્યો છે.

ટૂંકીવાર્તાના સાહિત્યપ્રકાર વિશે તમે જાણો છો. એમાં પ્રસંગો, પાત્રો, સંવાદો, વર્ણનો એ રીતે ગોઠવાય કે લેખકનું કથયિત્વ અથવા હેતુ તમારા હૃદય સોંસરાં ઊતરી જાય. વાર્તા પૂરી થાય પછી ય તમારા મનમાંથી વાર્તા ખસે નહીં, કદાચ આગળ પણ ચાલે.

અહીં માણસ અને પશુના સ્નેહસંબંધની વાત છે. લેખક આ વાર્તાના નાયક છે અને છતાં વાર્તાનું શીર્ષક 'મીનુ' છે. ગુજરાતીમાં બિલાડીને 'મિની' અથવા 'મીનુ' કહે છે. તે પરિવારની સભ્ય બની જાય છે. દીકરીની સખી અને પપ્પા-મમ્મીની દીકરી બની જાય છે. એના જતાં, બાપુજી જતાં જેવો ખાલીપો કુટુંબે અનુભવેલો એવો જ ખાલીપો કુટુંબ અનુભવે છે. મીનુ એક પશુ હોવા છતાં સ્નેહસંબંધ એ શું છે એ વાત આ પરિવારને શીખવી જાય છે. સરળ ભાષામાં પ્રસંગો ધીમે ધીમે રજૂ થતા જાય છે અને લેખકનો એટલે કે ઘરના મોભી પપ્પાનો, માયાનો એટલે કે મમ્મીનો, શૈલીનો એટલે કે દીકરીનો અને લેખકનાં બાનો પરિચય થતો જાય છે. સૌથી વધારે અસરકારક રીતે મીનુનો એ બધાં સાથેનો સ્નેહસંબંધ ધીમેધીમે ખૂલતો જાય છે. મીનુના જતાં એ સ્નેહસંબંધની તીવ્રતાની પરાકાષ્ટાનો લેખક અને તેમના પરિવારની જેમ જ, વાચકો પણ અનુભવ કરે છે. અલબત્ત, એ અનુભવ પીડાકારક હોવા છતાં એમાંથી આ જગતનાં બધાં પશુ-પંખીઓ અને પદાર્થોને સુદ્ધાં ચાહવાનો જે બોધપાઠ મળે છે એ અમૂલ્ય છે.

મીનુ પરિવારમાં પ્રવેશી અને પરિવારમાંથી વિદાય થઈ એ બે બિંદુઓની વચ્ચે એક પશુ અને સમગ્ર પરિવાર વચ્ચેનો સંવેદનાત્મક ભાવાત્મક સંબંધ લેખકે ગૂંથ્યો છે. એટલે વાર્તાની ગૂંથણી પણ અત્યંત સરળ છે. લેખકે બહુ ભાવુક અને તેથી હૃદયસ્પર્શી પ્રસંગો ચૂંટીને એવી રીતે રજૂ કર્યા છે કે એક આખા પરિવારને આપણી નજર સામે જીવતો અનુભવી શકીએ. આ કારણે પાત્રો તો આપણી સાથે જ જીવતાં હોય તેવું અનુભવાય છે પણ મીનુનું પાત્ર પણ જીવંત બને છે. તેની ખાસિયતો બહુ ઝીણવટથી રજૂ થઈ છે. સંવાદો ઓછા છે પણ જરૂરી છે. વર્ણનો સાદાં છે છતાં ચિત્રો દોરી શકાય તેવાં છે. લોકો ઘરમાંથી વિદાય થયેલા સ્વજનનો ફોટો રાખે છે, આ પરિવારમાં મીનુનો ફોટો છે અને જેની શોધ લેખકને કરવી બાકી છે તેની શોધ અચાનક વાચકથી થઈ જાય છે. જગતનાં સૌ પ્રાણીઓ સાથે સ્વજન જેવો સ્નેહભાવ એ જ સાચું જીવન. એવી વાચકની શોધ સાથે વાર્તા પૂરી થાય છે - કદાચ નવેસરથી આરંભાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ચોક્કસ યાદ નથી પહેલીવાર મીનુ ક્યારે આવી હતી. લગભગ બાપુજીના મૃત્યુ પછી પંદરેક દિવસમાં પહેલીવાર ડોકાઈ હતી. હું મારા મુંડન કરેલા માથામાં બા જોડે તેલ ઘસાવતો હતો. ત્યાં બિલાડીનું બચ્ચું મ્યાઉં કરીને પ્રવેશ્યું. ટબુકડું, કાબરચીતરું, ભોળું. એનું મોં ઊંચું કરી તગતગતી પાણીદાર આંખે જોવા લાગ્યું. મેં એને બૂચકાર્યું. એ પગને ઘસાઈ સાથે ચાલ્યું ત્યારે એના સ્પર્શે એકાએક મારામાં વહાલપનો વંટોળ જગાવ્યો. એને દૂધ આપ્યું. દૂધ પી પંજો ચાટતું તડકામાં બેઠું બેઠું મારી સામે વહાલું વહાલું જોતું રહ્યું. કોણ જાણે એ રાત્રે બાપુજીના ગયા પછી પહેલીવાર આંખો છલકાઈ ઊઠી. ઊંઘ આવી નહીં. બાપુજીના સ્મરણોમાં ખોવાઈ ગયો, ત્યાં બારીમાંથી પાછું મ્યાઉં કરતું અંદર આવ્યું. પગને અડીને બેઠું. મેં હળવેથી પંપાળ્યું. એ અચાનક સહેજ કૂદી મારા ખોળામાં નિરાંતે બેસી ગયું. દીકરી નાની હતી ત્યારે આમ જ ખોળામાં સૂઈ જતી. એ પળો જાણે ફરીથી આવી હોય એવું વહાલ ઊભરાઈ આવ્યું. તેનું નામ મીનુ ક્યારે પડી ગયું તેની પણ ખબર નથી.

પછી તો દીકરી શૈલી મીનુ પાછળ ઘેલી થઈ. સવાર પડે ને બારણું ખૂલતાં પહેલો પ્રવેશ એનો થતો. બધાં પાછળ ફર્યા કરે. મ્યાઉં મ્યાઉં કર્યા કરે. દૂધ આપીએ પછી શાંત થાય. સાંજે ઑફિસથી ઘરે આવું ત્યારે દરવાજા વચ્ચે ઊભી રહી આળસ મરડે, મ્યાઉં કરે. વહાલ કરીએ ત્યારે જંપે. નહીંતર પાછળ પાછળ ફરે. ઊભો રહું તો પગની ગોળ ગોળ ઘસાઈને ચાલે. એનું અડકવું ભીતરના ભોગળ ખોલી દે. મહિનામાં એ આખા ઘરમાં હેવાઈ થઈ ગઈ. સવારે મોડી આવતી ત્યારે એને વઢ પડવા લાગી : ‘કેમ મીનું, ક્યાં રખડવા ગઈ’તી ? ખબર નથી પડતી ?’ એટલે ડાહીડમરી થઈ જાણે વઢ સાંભળવી પડે, એમ સ્વીકારી ચૂપચાપ પગલૂછણિયા પર બેસી વહાલી નજરે તાક્યા કરે. એની નજરમાં અમારો આખો પરિવાર સમાવા લાગ્યો. ધીરેધીરે એ લગભગ અમારા કંપાઉન્ડમાં જ રહેવા લાગી. થોડીક વાર આસપાસના ઘરોમાં રખડી આવે. રાત અમારે ત્યાં કાઢે. બાપુજી પાછળ બાર દિવસ તો સ્વજનો ઘરે રહ્યાં પણ એમના ગયા પછી જે ખાલીપો આવ્યો તે મીનુએ ભરી દીધો. બાને પણ હવે મીનુ ગમવા લાગી. એટલે સુધી કે હું ઑફિસ જવા નીકળું એટલે બા કહે :

‘મીનુને મળીને જાઓ, પછી મ્યાઉં મ્યાઉં કરી અમારું માથું ખાઈ જશે.’

એક દિવસ સાંજના સહેજ અંધારું હતું. અમે બહારથી ઘરે આવ્યાં. હજુ ઝાંપામાં ઊભાં હતાં ત્યાં મીનુ અમને જોઈ સામેના ઘરેથી દોડતી આવી. પણ રોડ ઉપર પૂરપાટ જતી કાર નીચે અડફટમાં આવી ગઈ. એક દર્દનાક ચીસ પાડતી ફંગોળાઈને સામેના ઘરના કંપાઉન્ડમાં ભરાઈ ગઈ. કંપાઉન્ડમાં પડેલા જૂના ઍરકુલર પાછળ એ દેખાઈ. બૅટરી લઈ અજવાળું કર્યું. એ ઘવાયેલી દશામાં હતી. મોં-નાકમાંથી લોહી દદડી રહ્યું હતું. ભયાનક કણસતી હતી. ધ્રૂજતી હતી. ધીરે ધીરે ભાન ગુમાવતી જતી હતી. પાણી છાંટ્યું તો વધુ કણસી ઊઠી. પાછળના બેઉ પગ કઢંગી રીતે વાંકા વળી ગયેલા, શું કરવું તેની વિમાસણમાં પડ્યાં. આવી જ વિમાસણ બાપુજી છેલ્લે એકાએક માંદા પડ્યા ત્યારે થઈ હતી. મેં પત્ની માયાને ગાડી બહાર કાઢવા અને દીકરી શૈલીને પશુના ડૉક્ટરને ફોન કરવાનું કહ્યું. એક કોથળા ઉપર જાળવીને મૂકી. એ હજી કણસતી હતી. કોથળાની ઝોળી કરી. કાર પાછળની સીટમાં બેઠો. ખોળામાં બે પગ પહોળા કરી ઝૂલમાં એને ગોઠવી. જોકે એણે અડધુંપડધું ભાન ગુમાવી દીધું હતું.

ડૉક્ટરને ત્યાં સ્ટ્રેચર ઉપર મૂકી ત્યારે એ મરણતોલ હતી. ડૉક્ટરે તપાસી કહ્યું : ‘પાછલા બેય પગમાં પેરેલિસિસ છે, પાળેલી છે ?’ સાંભળી અમે મૂંઝાયાં. ડૉક્ટર કહે : ‘પશુ દવાખાને મૂકી આવો, બે-ત્રણ દિવસમાં મરી જશે.’ અમે મક્કમ રહી ઈલાજ કરવા કહ્યું. એમણે પાંચ ઇન્જેકશન આપ્યાં. મેં એને પકડી હતી એટલે ઇન્જેકશનની વેદના સહન ન થતાં, જોરથી ચિત્કારી અને બચકું ભરવા જેવું કર્યું. ડૉક્ટરે ચેતવ્યા : ‘તમે સાચવજો. કરડશે તો તમારે ય ઇન્જેકશન લેવાં પડશે.’

રાત પડી ગઈ હતી. પશુના દવાખાને જવાને બદલે ઘરે આવ્યાં. એનું જડબું તૂટી ગયેલું હતું. દૂધ મૂક્યું. મોં ના માંડ્યું. લોચો થઈ પડી રહી. માળિયામાંથી ટી.વી.નું ખાલી બોક્સ કાઢ્યું. બૉક્સની ત્રણે બાજુ મોટાં એક એક કાણાં પાડયાં. કંપાઉન્ડમાં ઠંડો પવન ના લાગે, કાગડા હેરાન ન કરે માટે એક બાજુ ઓઠામાં ખોખું ગોઠવ્યું. અંદર બધું બરોબર કરી કંતાનનો કોથળો મૂક્યો. શૈલીથી ના સહેવાયું. એણે જૂની ચાદર ગોઠવી મીનુનો બેડરૂમ બનાવ્યો. અંદર મીનુને સુવાડી ત્યારે બધાંની આંખો ભીની હતી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

એ રાતે કોઈ સૂતું નહીં. વારેવારે મીનુની ખબર કાઢવામાં સવાર પડી. મીનુ હજુ ચેતવનંત ન હતી. શૈલીએ માતાજીના ફોટા સામે અગરબત્તી પેટાવી રાખેલી. પ્રાર્થના વરસાવી. હું ઑફિસ ગયો,પણ ચેન પડે નહીં, ફોન કરી વારે ઘડી મીનુની ખબર કાઢવાનું મન થાય. ન રહેવાતાં ઘરે આવી ફરીથી દૂધ આપવા પ્રયત્ન કર્યો. એ થોડી ખસી, સહેજ ઘસડાઈ બૉક્સમાંથી બહાર નીકળવા મથી. મેં બૉક્સનું ઢાંકણ ખોલી કાઢ્યું. એ ઘસડાઈ આગળના બે પગના જોરે ક્યારામાં જઈ, આગળના પગે થોડું ખોદ્યું. પછી બાથરૂમ-સંડાસ ગઈ. પગ વડે રેતી વાળવાનું ફાવ્યું નહીં એટલે જમીન પર મોં ઘસી માટી વાળવા મહેનત કરી. એની આંખમાં પાણીનો રેલો આવી ગયો. મહા મુસીબતે પાછી બૉક્સમાં આવી. પહેલીવાર દૂધમાં મોં નાંખ્યું. પીવાયું નહીં. હજુ સુધી એનો અસલ અવાજ નીકળ્યો ન હતો. ઘર આખું ઉદાસ. પ્રાર્થનારત. કૅસેટમાં ભજન વગાડીએ. રેકી માસ્ટર બહેનને બોલાવી રેકીની સારવાર પણ અપાવી. ત્યાં કોઈએ સલાહ આપી, બાફેલું ઈંડું આપો. ઈંડું લેવા નીકળ્યા. બેચાર જગાએ ઈંડાં ન મળ્યાં, અંતે અડધા કલાકે ઈંડાની શોધ પૂરી થઈ. ઘરે આવી, મિત્ર પાસેથી અધકચરું બાફવાની રીત જાણી લીધી. મીનુ સહેજ હલી. સહેજ મોં લંબાવ્યું. સહેજ જીભ કાઢીને અડધા બફાયેલા ઈંડાને ચાટ્યું. પછી ધીરે ધીરે થોડું થોડું કરી ખાઈ ગઈ. એ બાપુજીના વિષાદ પછીનો અમારા ઘરનો પહેલો ઉલ્લાસભર્યો દિવસ હતો.

મીનુ - મીનુ - મીનુ... શૈલીને સ્કૂલમાં મિત્રો પણ પૂછે, ‘મીનુને કેમ છે ?’ મિત્રનો ફોન આવે, ‘મીનુને કેમ છે ?’ દીકરીને ખોટું લાગ્યું : ‘પપ્પા, તમે બીમાર પડો છો તો કેટલા બધા લોકો ખબર કાઢવા આવે છે ને મીનુ આટલી બધી બીમાર છે તો કોઈ નથી આવતું.’

ત્રીજા દિવસે પશુના દવાખાને લઈ ગયા, ગાડીમાં પાછળ બૉક્સમાં મૂકીને. ત્યાં ડૉક્ટરે ફરીથી ઈન્જેકશન આપ્યાં. ઈન્જેકશનનો આખો કોર્સ કરવો પડે એમ હતો. દરરોજ ફાવે નહીં, એટલે ડૉક્ટરને ઘરનું સરનામું આપી, આખો કોર્સ પૂરો કરવા કહ્યું. ડૉક્ટર પૂછે, ‘પાળેલી છે ?’ અમે કહ્યું, ‘ના.’ તો કહે ‘અહીં મૂકી જાઓ.’

પશુના દવાખાનાનું વાતાવરણ જોઈ એક મિનિટથી વધુ ન રહેવા દેવાની ચીમકી દીકરી તરફથી મળી ગઈ. મીનુને લઈ પાછા ઘરે આવ્યા. આસપાસના લોકો ટોળે વળ્યા. કહે, મૂકીને આવ્યા હોત તો ! છેવટે બે પગે ઢસડાતી મીનુને સાજી કરવાનું અમે બીડું ઝડપ્યું.

એક દિવસ ઑફિસમાં ખાસ મીટિંગ ચાલતી હતી. ઑપરેટરને કોઈ પણ ફોન ન આપવાની સૂચના આપી હતી. ઘરેથી ઉપરાઉપરી ત્રણ-ચાર ફોન આવ્યા. ઑપરેટરને લાગ્યું કોઈ અગત્યનું કામ હશે, એણે ડરતાં ડરતાં મને ફોન આપ્યો. ફોન પર શૈલીએ વધામણી આપી : ‘પપ્પા, મીનુ સીડીનાં બે પગથિયાં ચડી ગઈ.’ એ સાંભળી થયેલો આનંદ તો ભાઈ કેવળ આનંદ જ હતો — બીજું કશું નહીં. દીકરીએ વર્ષો પહેલાં અધ્ધરપધ્ધર દસ ડગલાં ભર્યાં હતાં એનો રોમાંચ મનમાં ઝબકી ગયો.

ઘરમાં કશું નવું રંધાય, ગળ્યું કે તીખું, મીનુને પહેલુ મળે. એક દિવસ શૈલીને ભણવામાં મમ્મીની વઢ પડી તો સાંજે ફરિયાદ મળી કે, પપ્પા, અમારે જ આખો દિવસ ભણભણ કરવાનું, આ મીનુ ભણતી નથી, એને કોઈ કંઈ કહેતું નથી.’ એ ધારે ત્યાં ફરે. બાના મંદિર પાસે, ફ્રીઝ પાસે ડ્રોઅર, વૉડ્રોબ, બાથરૂમ, નાના સ્ટડીરૂમ - ગમે ત્યાં ગમે ત્યારે એ જાય. બિનધાસ્ત કોઈની પણ સાડાબારી રાખ્યા વગર બેસે. બધા હાથ જોડી વીનવે : ‘મીનુ, હેરાન ના કર, દીદી જોડે જા. દીદી કહે, મીનુ, પ્લીઝ મારે લેસન છે, મમ્મી જોડે જા. મમ્મી રસોડામાં બરાડે, ‘જા પપ્પા જોડે, અહીં નહીં, મને તકલીફ પડે છે.’ હું પેપર વાંચવામાં મગ્ન હોઉં, કહું : ‘મીનુ, હમણાં નહીં, બા જોડે જા.’ બા કહે : ‘ચૂપ રહેવું હોય તો બેસ, નહીં તો ખસ.’ મીનુ ગૂંચવાય. પછી કંટાળીને બારીના છજામાં બેઠી બેઠી માયાને રસોડામાં કામ કરતી જોયા કરે ને બગાસાં ખાય. બધાં ટાળતાં ટાળી દે પછી જીવ બાળે, મીનુ જોડે રમવા ઝઘડો થાય.

એકવાર મારા મિત્ર, દીકરી અને પત્ની સાથે આવેલા. મીનુ તોફાને ચડેલી. પગલૂછણિયા નીચે ઘૂસી. એક બારણેથી આવી, બીજા બારણે દોડતી નીકળી. સોફા પર ચડી કૂદકા માર્યા. મિત્ર કહે, ‘આ તો બિલાડી છે કે વાંદરી?’ બધાં તોફાન નાના બાળક જેવાં. કશુંક તૂટે એટલે બહેન બા જાણે બિચારાં થઈ એક ખૂણામાં લપાઈ જાય. ઘરમાં વાતાવરણ શાંત હોય ત્યારે સમજી લેવાનું મીનુનું પરાક્રમ અને માયાની વઢ બે ફરી વળ્યાં હશે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અમારા કરિયાણાવાળા કાકા કહે, 'સાહેબ હમણાં હમણાં સાબુનો વપરાશ વધી ગયો લાગે છે.' મીનુને અડ્યા વગર ચાલે નહીં. પત્નીનો વટહુકમ, અડ્યા એટલે સાબુથી હાથ ધોવા જ પડે. જમતાં પહેલાં તો બે-ત્રણ વાર. એટલે સાબુનો ખૂડદો. એન્ટિસેપ્ટિક લિક્વીડ સોપ લઈ આવ્યાં - મહેમાનો માટે.

મીનુ ને શૈલી વચ્ચે પાકી દોસ્તી જામી. શૈલી હોય ત્યાં સુધી મીનુ અમને ગણકારે નહીં. તેને વાંચવાનું હોય એટલે અમે પહેરો રાખીએ. એ મીનુને રમાડે છે કે વાંચે છે ? ઘણીવાર મીનુને બળજબરીથી નીચે લાવી એના બેડરૂમમાં મૂકી આવું.

સવારના કૂણા તડકામાં માટીમાં આળોટતી મીનુને જોઈ શૈશવ યાદ આવી જાય. મારી દીકરી તો એના ફોટા રાખે. પરીક્ષા આપવા જાય ત્યારે ખાસ ફોટો જોડે લઈ જાય. શૈલીની દરેકે દરેક બહેનપણી મીનુને ઓળખે. આખો વર્ગ મીનુની વાત જાણે. દરરોજ વર્ગમાં બધા સામે મીનુનાં પરાક્રમોની જાહેરાત થાય. શૈલી તો મીનુને સ્કૂલે લઈ જવાના નુસખા યોજે, પણ મારી ખબરદારી બધી યોજના પર પાણી ફેરવે. મીનુ કલાકો સુધી તેની પાસે બેસી રહે. એ વાંચતી હોય તે સાંભળ્યા કરે. જાણે એનું લેસન મોઢે લેતી હોય. એ દરેક વાત મીનુને કહે, ગમતી - ન ગમતી. મીનુ જાણે બધુંયે સમજતી હોય એમ મ્યાઉં કરી, આખું શરીર ઊંચું , ટટ્ટાર કરી સંમતિ આપે. શૈલી ને મીનુ સાથે હોય ત્યારે કોણ વધુ વહાલું કહેવું મુશ્કેલ બની જાય.

અમારા કરિયાણાવાળાએ જાણ કરી, બેબીબહેન આજકાલ ચૉકલેટ્સ અને બિસ્કિટ્સ ખૂબ લઈ જાય છે. તપાસ કરતાં ખબર પડી, મીનુને બંને વસ્તુ અતિ પ્રિય. મીનુની તબિયત બગડશે એવું સમજાવી ઓછી કરાવી. મીનુ શાક-રોટલી, દાળ-ભાત ના ખાય. બસ દૂધ, ઘી, બિસ્કિટ, આઈસ્ક્રીમ, ચૉકલેટ ભાવે. દીકરીના ટ્યુશનના શિક્ષકોએ રાવ કરી, તેનું ભણવાનું નબળું થતું જાય છે. સ્કૂલના પ્રગતિપત્રકમાં પણ કુલ માર્ક્સનો ગ્રાફ નીચો ઊતર્યો. પણ અમારા ઘરમાં ને હૈયામાં મીનુનો ગ્રાફ ઊંચો ને ઊંચો થતો હતો.

અચાનક એક દિવસ મીનુ માંદી પડી, ઊલટીઓ પર ઊલટીઓ થઈ. શૈલી ગુસ્સે થઈ, 'ભાન નથી પડતું. આખી ને આખી ખિસકોલી ખાઈ જાય છે !' તે દિવસે મોડી રાતે ઘરે આવ્યાં ત્યારે મીનુ ન હતી. અડધી રાતે શોધ આદરી. ખૂણેખાંચરે તપાસ કરી. પણ એ ન મળી તે ન જ મળી.

મીનુ આજે હવે અમારા મનમાં સ્થાયી થઈ ગઈ છે. જગતભરની બધી વસ્તુ એના જેવી વહાલી લાગે છે. સાથે એ બધી વસ્તુઓથી ક્યારેક તો છૂટવાનું છે, એ ઘટના સતત યાદ રહે છે. લખવાના ટેબલ ઉપરના સોફ્ટ બોર્ડ ઉપર ફોટામાં મીનુ બેઠી બેઠી, મને લખતો કાયમ જોઈ રહે છે. અડપલાં કરતી નથી. કદાચ એટલે જ કશુંક ખૂટે છે. શું ખૂટે છે ? એની શોધ જ હવે અમને જિવાડશે.

## ટિપ્પણ

**મૃત્યુ** - અવસાન, મરણ **તગતગતી** - ચળકતી, ધ્યાન ખેંચે તેવી તેજસ્વી **ખાલીપો** - ખાલીપણું, શૂન્યાવકાશ **ઍરકુલર** - હવાને ઠંડી કરવા માટેનું પાણી ભરેલું યંત્ર **લોહી દદડવું** - લોહીનો રેલો ચાલવો, લોહી ટપકવું **કણસી ઊઠવું** - પીડાથી ઊંકારા થવા **વિમાસણ** - શું કરવું તેની મૂંઝવણ **પેરેલિસિસ** - લકવો **ચિત્કારી** - બરાડી, ચીસ પાડી **જડબું** - દાઢીથી બે ય કાન સુધીનો હાડકાંવાળો ભાગ **રેકી માસ્ટર** - ધ્યાનથી મનના તરંગો થકી દરદીની પીડા ઓછી થાય તેવું કરનાર વ્યક્તિ **ખૂડદો** - વિનાશ **શૈશવ** - નાનપણ **સોફ્ટબોર્ડ** - ફોટા લગાડવા માટેનું બોર્ડ

## રૂઢિપ્રયોગ

**આંખો છલકાઈ ઊઠવી** - આંખોમાં આંસુ ઉભરાવા **વહાલપનો વંટોળ જગાડવો** - અતિ વહાલ ઊભરાઈ આવવું **ભીતરના ભોગળ ખોલી દેવા** - અંતરમાં પ્રકાશ થવો. કશાકનું જ્ઞાન થવું, ખૂબ આનંદનો અનુભવ થવો **હેવાઈ થઈ ગઈ** - પરિચિત થઈ ગઈ, જાણીતી થઈ ગઈ **ખાલીપો આવવો** - ખાલીપણું આવવું **મોં માંડવું** - ખાવા માટેની તૈયારી બતાવવી. **ચીમકી મળી જવી** - ધમકી મળી જવી **બીડું ઝડપવું** - અઘરું કામ કરવાનો સંકલ્પ કરવો **વધામણી આપવી** - શુભસમાચાર આપવા, ખૂશ ખબર કહેવા **માથું ખાઈ જવું** - બોલી બોલીને હેરાન કરવું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખકે મુંડન શા માટે કરાવ્યું છે ?
2. લેખકની દીકરી શૈલી મીનુ પાછળ શા કારણે ઘેલી થઈ ?
3. મીનુનું અડકવું લેખકના ભીતરના ભોગળ શા માટે ખોલી દે છે ?
4. ડૉક્ટરે મીનુને પશુ દવાખાને મૂકી આવવાની સલાહ શા માટે આપી ?
5. 'આ તો બિલાડી છે કે વાંદરી ?' એવો પ્રશ્ન લેખકના મિત્રે શા માટે પૂછ્યો ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના પાંચ-સાત વાક્યોમાં ઉત્તર આપો.**

1. બાપુજીના મૃત્યુને અને મીનુના આગમનને લેખક શા માટે જોડે છે ? બાપુજીની માંદગી અને મીનુના અકસ્માતને લેખક શા માટે સાંકળે છે ?
2. મીનુ લેખકને દીકરી જેટલી જ વહાલી હતી એવું કયા કયા પ્રસંગો પરથી સમજાય છે ?
3. મીનુનો બેડરૂમ બાપ-દીકરીએ મળીને કઈ રીતે તૈયાર કર્યો ? એ દ્વારા મીનુ સાથેનો તેમનો સ્નેહસંબંધ કઈ રીતે વ્યક્ત થાય છે ?
4. લેખકનો પરિવાર ચુસ્ત શાકાહારી હતો એવું કયા કયા પ્રસંગે જણાય છે ?
5. લેખકના પરિવારમાં સાબુનો વપરાશ શા માટે વધી ગયો હતો ?
6. શૈલીએ માતાજીના ફોટા સામે અગરબત્તી પ્રગટાવી રાખેલી તે વિશે તમારો અભિપ્રાય આપો.

**પ્રશ્ન 3. મીનુના અકસ્માતવાળો પ્રસંગ, દરેક વાક્યને તમારી રીતે તમારા શબ્દોમાં ફેરવીને ફરીથી લખો.**

**પ્રશ્ન 4. મીનુએ ઘરમાંથી વિદાય લીધી પણ લેખકના પરિવારના મનમાં સ્થાયી થઈ ગઈ તેથી પરિવારને શો લાભ થયો તે લંબાણથી સમજાવો.**

**પ્રશ્ન 5. નીચેના સમાસોનો વિગ્રહ કરીને ઓળખાવો.**

પગલૂછણિયું, ઍરકુલર, મોં-નાક, અધકચરું, પ્રાર્થનારત, પ્રગતિપત્રક

**પ્રશ્ન 6. વાર્તામાંથી ઓછામાં ઓછા વીસ અંગ્રેજી શબ્દો શોધી કાઢો.**

**આટલું કરો**

1. તમારા મહોલ્લા કે સોસાયટીમાં રખડતા કૂતરાની દિનચર્યા વીસ વાક્યોમાં લખો.
2. તમારા કોઈ પરિચિતે બિલાડી, કૂતરું, ગાય, ભેંસ કે કોઈ પણ પશુ પાળ્યું હોય તો તેની કેવી કાળજી લે છે તે વિશે વીસ વાક્યો લખો.
3. પશુદવાખાનાની મુલાકાત લો.

•




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7. એક સમયનું જેસલમેર

**કેશવરામ કાશીરામ શાસ્ત્રી**

**જન્મ : ૨૮/૦૭/૧૯૦૫**



કેશવરામ કાશીરામ શાસ્ત્રીનો જન્મ જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં થયો હતો. તેઓએ ૧૯૨૨માં મેટ્રિક્યુલેશન મુંબઈ યુનિવર્સિટીમાંથી પાસ કરેલ. ત્યારબાદ તેમણે કાવ્ય, સંસ્કૃત, ભાષા અને વ્યાકરણનો અભ્યાસ કરેલો. તેમણે ઈ.સ. ૧૯૨૫માં માંગરોળની કોરોનેશન હાઈસ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક તરીકે વ્યવસાય શરૂ કરેલ હતો. ૧૯૩૬માં તેઓએ સહતંત્રી તરીકે પ્રજાબંધુ સાપ્તાહિકમાં કાર્ય કર્યું હતું. તેઓએ બી.ડી.હયુમન્સ કોલેજમાં સંસ્કૃત અને ગુજરાતીના અધ્યાપક તરીકે પણ કાર્ય કર્યું હતું. તેઓ વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાના એક નેતા હતા. તેઓએ ભારતીય સંસ્કારધામના કુલપતિ તરીકે પણ ફરજ બજાવેલી હતી. તેઓના માર્ગદર્શન હેઠળ ૧૯ જેટલા વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ હતી. તેમણે ૨૪૦ થી વધારે પુસ્તકો અને ૧૫૦૦ થી વધારે સંશોધન પેપર ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં લખેલાં. તેઓને ૧૯૬૬માં અખિલ ભારતીય સંસ્કૃત સંમેલન તરફથી વિદ્યાવાચસ્પતિની અને ભારતી પરિષદ પ્રયાગ તરફથી 'મહા મહિમોપાધ્યાય' ની પદવી મળી હતી. ઈ.સ. ૧૯૭૬માં તેઓને ભારત સરકાર તરફથી પદ્મશ્રીના એવોર્ડથી નવાજવામાં આવેલ હતા.

લલિતનિબંધની જેમ પ્રવાસનિબંધ પણ અંગત નિબંધ હોય છે. પ્રવાસનિબંધને લલિતનિબંધનો પેટાપ્રકાર ગણી શકાય.

અંગતનિબંધ જ્યારે પ્રવાસનિબંધ રૂપે આવે ત્યારે લેખક પોતે કરેલા પ્રવાસને પોતાની નજરે રજૂ કરે છે. એમાં તેનાં અંગત નિરીક્ષણો, અનુભવો અને અભિપ્રાયો સાદી અથવા ક્યારેક શણગારાયેલી કાવ્યમય ભાષામાં રજૂ થાય છે.

એમાં પ્રવાસ કેન્દ્રમાં હોય છે એટલો જ લેખક કેન્દ્રમાં હોય છે. આ કારણે લેખક પોતે વાંચેલી કવિતાઓ, નવલકથાઓ, વાર્તાઓ, અન્ય લેખકોનાં આ જ પ્રવાસ વિશેનાં વર્ણનો વગેરે પણ યાદ આવે તે એમાં અવતરણો રૂપે રજૂ કરે. આ કારણે પોતે જેનાથી પરિચિત નથી એવો વાચક એ બધું વાંચતાં રોમાંચ પણ અનુભવે અથવા ક્યારેક કંટાળો પણ અનુભવે.

પ્રવાસનિબંધો ઘણીવાર માહિતીપ્રધાન નિબંધ પણ બની જતા હોય છે. સામાન્ય રીતે એવા માહિતીપ્રધાન પ્રવાસનિબંધોને સાહિત્યિક નિબંધો ગણવામાં આવતા નથી. આ જ કારણે વિદ્યાર્થીઓએ લખેલા નિબંધો માહિતીપ્રધાન નિબંધ બની જતાં સાહિત્યિક નિબંધ બનતા નથી.

ગુજરાતી સાહિત્યમાં શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી ભોળાભાઈ પટેલ અને શ્રીમતી પ્રીતિ સેન ગુપ્તા પ્રવાસનિબંધો માટે જાણીતાં છે.

'એક સમયનું જેસલમેર' એ એક સંશોધક વિદ્વાનની કલમે લખાયેલો પ્રવાસનિબંધ છે. જેસલમેરમાં પૂરા પાંચ માસ સંશોધક તરીકે રહેલા લેખકે એ સમયના જેસલમેરનો ઐતિહાસિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને સાંપ્રત પરિચય આપ્યો છે.

નિબંધ વાંચતાં સમજાશે કે જેવી જેની દૃષ્ટિ તેવી તેની સૃષ્ટિ. એક સંશોધક વિદ્વાન એક નગરમાં શું શું અવલોકે છે અને કઈ રીતે તેને મૂલવે છે એ જાણવું રસપ્રદ અને બોધપ્રદ બની શકે. તમે પણ આવી નજરે તમારા નગરને અથવા તમારા ગામને અવલોકી શકો અને તેને વિશે લખી શકો. આ વરસે તમે પોતાના નગર માટેના પ્રેમની કવિતા પણ ભણ્યાં છો. એ કારણે તમારો નગરપ્રેમ પણ તમારા વર્ણનમાં રજૂ થઈ શકે.

---

ઘણાં વર્ષો પહેલાંના પ્રવાસની વાત છે. તા ૩૦-૧૧-૪૨ની વહેલી સવારે નીકળી સ્વ. મુનિશ્રી જિનવિજયજીની મંડળી સાથે જેસલમેરના ગ્રંથભંડારોની મુલાકાત લેવાને માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (પછીથી ગુજરાત વિદ્યાસભા) તરફથી જવાનો યોગ મળ્યો ત્યારે ૩૦-૪-૪૩ સુધીના પૂરા પાંચ માસ ત્યાં ગાળવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જેસલમેર પ્રાચીન ઐતિહાસિક શહેર છે. રેતીમાં દટાયેલા શહેરને ખોદી કાઢવામાં આવે અને જેવો અવશેષાત્મક ખંડિયેરોનો દેખાવ હોય તેવો આ શહેરનો દેખાવ ઊંચા ભાગો ઉપરથી અનુભવાય છે. અર્ધાથી થોડેરો દક્ષિણ દિશા તરફનો ભાગ રેતીમાં દટાયેલો છે. રેતી દિન દિન વધતી આવે છે. રહેણીકરણી વગેરે પણ ૧૮ મી અને ૧૯ મી સદીના હિંદનો કાંઈક ખ્યાલ આપે એવી છે. તા. ૪ થી ડિસેમ્બરના દિવસે સૌથી પ્રથમ કિલ્લા ઉપરનાં મંદિરોનાં ભોંયરાં જોવા ગયા હતા. માર્ગમાં નીચે જ કેટલાય ઉપાશ્રય જોવામાં આવ્યા. ત્યાંના ઉપાશ્રયોની એક લાક્ષણિકતા એ છે કે દરેકના બારણા ઉપરના ભાગમાં પથ્થરનું તોરણ અને એની બંને બાજુ એક એક હાથી. આ નિશાનીથી એ ઉપાશ્રય છે એમ પહેલી જ નજરે જોઈ શકાય. આવા ઉપાશ્રયોને પ્રાયઃ એક જ બારણું હોય છે. બારણામાં પ્રવેશ કરતાં મકાનની ચારે દીવાલોએ ગૅલેરી હોય છે ને મધ્યમાં ખુલ્લો ચોક હોય છે. બરોબર સામી બાજુએ ગોખલો યા નાનું દેરાસર હોય છે, જ્યાં કોઈ પણ એક તીર્થંકરની મૂર્તિ હોય છે. ક્વચિત્ આવો ગોખલો કે મંદિર હોતું પણ નથી. જે ઉપાશ્રયમાં ઉપરના માળ હતા ત્યાં પ્રાયઃ સર્વત્ર પ્રવેશ કરતાં ડાબા હાથ ઉપર જ સીડી માલૂમ પડી છે, જે સીધી ન જતાં થોડાં પગથિયાં ચડી જમણા હાથે વળાંક લઈ ઉપર તરફ જાય. ઉપરના ભાગમાં કવચિત્ એક તો ક્વચિત્ બે ઓરડા હોય. પ્રાયઃ જે ઉપાશ્રયોમાં યતિઓ રહેતા ત્યાં આવી યોજના માલૂમ પડી. યતિઓનાં પગલાં નીચેના ભાગમાં દીવાલોમાં ગોખલા સામાન્ય જણાયા. લોદ્રવાજીમાંના ઉપાશ્રયોમાં પણ આ જ પ્રકાર જોયો.

સૂર્યપ્રોલથી આશરે ૩૦૦-૪૦૦ ફૂટ ચડતાં હવાપ્રોલ આવે છે, જે સ્થાને બારે માસ હવા આવ્યા જ કરે છે એવી રચના છે. રાજમહેલની બરોબર નીચે આ ભાગ આવ્યો છે. એની ઉપર જ રાજ્યનું નગારખાનું આવેલું છે. કિલ્લાની દીવાલ ગણેશપ્રોલથી જ છે. જેસલમેરનો કિલ્લો કાંઈક વિશિષ્ટ છે. હકીકતે શંકુ-આકારે આવેલા એક પહાડને ત્રણે બાજુથી બાંધી લેવામાં આવ્યો છે, જેનો આકાર માથા સહિત ગરદનના ખાંચા નીચે વધુ પાછળ પડતો વાંસો અને છાતીનો ત્રાંસ લેતો સીધો એવો લાગે.

એ પહાડની ઉપત્યકાનો અત્યારે ૨૫-૩૦ ફૂટનો બાંધો પથ્થરથી બાંધી એના ઉપર ઢાળ પડતી કાંકરી માટી વગેરે છે, જેની ઉપર ગોળ બુરજોવાળી કિલ્લાની દીવાલ આવેલી છે. આ દીવાલ ઉપર હરી ફરી શકાય એટલી જગ્યા છોડી એવી જ ગોળ બુરજોવાળી બીજી દીવાલ લેવામાં આવેલી છે. આ ઉપરના બુરજો કેટલીક વાર મકાનોના ભાગરૂપ જ હોય છે. દરેકમાં ગોખ હોય છે એ એની નિશાનીરૂપ છે.વચ્ચેના બુરજો તો પોલા અને સ્વતંત્ર હોય છે.

કિલ્લામાં લગભગ ૩૦૦૦ માણસ વસી શકે એટલી જ વ્યવસ્થા-મકાનો છે. રાજમહેલ ઉપરાંત દેરાસરો, લક્ષ્મીનારાયણનું મંદિર, આદિનારાયણનું મંદિર અને રાજ્યની અધિષ્ઠાત્રી દેવીનું સ્થાન આવેલાં છે. અગાઉ કિલ્લાઓ ઉપર ઉપાશ્રયો પણ હતા,આજે એક પણ નથી. વસ્તી કિલ્લા ઉપર મુખ્યત્વે પુષ્કરણા બ્રાહ્મણોની છે, બીજા રાજ-નોકરો પણ રહે છે. મુખ્ય કચેરીઓ ઘોડાર વગેરે રાજમહેલમાં જ છે. પૂર્વે ઓસવાળો અને મેશ્રીઓની પણ મોટી વસ્તી કિલ્લા ઉપર હતી, પણ હાલ નથી.

સૌથી પ્રથમ તો અમો દેરાસરમાં જ ગયેલા. ત્યાંના શ્રીપાર્શ્વનાથના મંદિરમાં પ્રવેશ કરતાં જ એક ભવ્ય તોરણ જોયું. ત્યાંથી પ્રવેશ કરી, મંદિર જોઈ બાજુના ચંદ્રપ્રભજીના મંદિર નીચેના જ્ઞાનભંડારના ભોંયરાની મુલાકાત લીધી હતી. આ મંદિરો તેમજ રાજમહેલનું નિરીક્ષણ તો અમે અમદાવાદ તરફ સોંઢ્યા એ અગાઉ તા. ૨૭ મી એપ્રિલે જ કર્યું. દેરાસરો જેસલમેરીય પથ્થરોથી બાંધવામાં આવેલાં છે અને ૫૦૦ વર્ષ જેટલાં તો પ્રાચીન છે જ. આ મંદિરોનું શિલ્પ આબુનાં મંદિરોની પદ્ધતિનું છે. બહુ મોટાં નહિ એવાં મંદિરસ્થાપત્યનો સારો નમૂનો આ પૂરો પાડે છે. શ્રી અષ્ટાપદજીનું મંદિર આ બધાંથી જૂદું તરી આવે છે. એની ફરતી દીવાલમાં અનેક મૂર્તિઓ છે. એઓમાંની નૃત્યની લગભગ ૧૨ જેટલી મૂર્તિ કલાનો ઉત્તમ નમૂનો છે. નાટ્યશાસ્ત્રને અનુસરી તૈયાર કરવામાં આવેલી આ મૂર્તિઓની સુરેખતા આશ્ચર્યમુગ્ધ કરે એવી છે. આ મંદિરનું શિખર વિશિષ્ટ પ્રકારનું છે. પર્વતના અનેક કૂટોનો દેખાવ આપતું આ શિખર એના શિલ્પથી ઓર દીપી ઊઠે છે.

કિલ્લામાં આવેલું શ્રીલક્ષ્મીનારાયણજીનું મંદિર રાજમંદિરના પશ્ચિમ ભાગમાં આવેલું છે. આ મંદિર જૂનું છે. મૂર્તિઓ પણ જૂની છે. બીજાં મંદિર નવાં છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રાજમહેલ જૂની પદ્ધતિના ઘર જેવો છે. ખંડમાં ખંડ, ખંડમાં ખંડ એવા પ્રકારનો છે. એમાં શિલ્પ-સ્થાપત્ય ગોખ-ઝરૂખા બારીઓમાં જેસલમેરીય કલાનો આછો ખ્યાલ આવે છે. પ્રાયઃ કેટલુંક કામ નવુ ંછે. અખેસિંહ ગજસિંહ અને શાલિવાહનસિંહની બેઠકના ઓરડા વિશેષ આકર્ષક છે. બાજુમાં બે બારી જૈપુરી સ્થાપત્યકલાના નમૂના છે. ત્રણ ચાર મકાનોને એક કરી કરવામાં આવેલા આ રાજમહેલમાં સં. ૧૫૧૨ નો નવ લીટીનો નાનો એક શિલાલેખ જોવામાં આવ્યો, જે નીચે મુજબ છે :

(१) श्रीगणेशाय नमः ॥ (२) स्वस्त श्रीनृपविक्रमादित्य (३) संवत १५१२ वर्षे माघ मा (४) से शुक्ल पक्षे पंचम्यां ति (५) थौ महाराज राउल श्रीदे (६) वीदासजीविजयराज्ये (७) अमरकोट पाडे ने ईट आ (८) णी भीति करावी शुभं भव (९) तु कल्याणमस्तु ॥श्री॥

ભાષા જોવાથી જણાશે કે ગુજરાતી પ્રકારની છે.

આ મહેલમાં દક્ષિણ બાજુ આવેલો મોતીમહેલ બીજાં સ્થાપત્યોની સરખામણીએ કલાની દૃષ્ટિએ કાંઈક ઠીક છે.

('પથિક' - ૧૯૮૭ ના માર્ચના અંકમાંથી)

## ટિપ્પણ

**યોગ** - સમય, અવસર, તક **તાડપત્ર** - તાડનું પાન **પથિક** - રાહદાર, મુસાફરી, રસ્તે ચાલનાર **અવશેષાત્મક** - અવેશેષોવાળું **ઉપાશ્રય** - આશ્રયસ્થાન **ગૅલેરી** - છજું **ક્વચિત** - કદાચ, ક્યારેક **યતિ** - જૈન સાધુ, સંન્યાસી **પૂર્વાભિમુખ** - પૂર્વ દિશાના મોં વાળી **હાથીખાનું** - હાથીઓને રાખવાની જગ્યા **વાંસો** - બરડો, પીઠ **ઉપત્યકા** - તળેટીની નીચાણની જમીન **બાંધો** - બંધારણ, કાઠું **બુરજ** - કિલ્લાના મથાળા પર તોપ ગોઠવવા કાઢેલી અગાશી જેવી જગ્યા **સોંઢ્યા** - વળવું **જીર્ણોદ્ધાર**- જીર્ણ થયેલાને સમરાવવું તે **પ્રતિમા** - મૂર્તિ

## રૂઢિપ્રયોગ

**દીપી ઊઠવું** - શોભી ઊઠવું

**આશ્ચર્યમુગ્ધ થવું** - નવાઈ પામવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. જેસલમેરની રહેણીકરણી કઈ સદીના હિંદનો ખ્યાલ આપે છે ?
2. જેસલમેરના ઉપાશ્રયોની લાક્ષણિકતા જણાવો.
3. જેસલમેરના ઉપાશ્રયો કયા ઉપાશ્રય સમાન હતા ?
4. જેસલમેરના કિલ્લામાં કયાં ક્યાં મંદિરો આવેલાં છે ?
5. જેસલમેરમાં આવેલાં દેરાસરમાં કયું એક મંદિર આવેલું છે ?
6. જેસલમેરમાં આવેલાં કયાં બે મંદિરોનું સ્થાપત્ય ઉત્તમ છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તાર આપો.**

1. જેસલમેરનું પ્રાચીન ઔતિહાસિક મહત્ત્વ જણાવો.
2. જેસલમેરમાં આવેલાં કેટલાંક ઉપાશ્રયોની લાક્ષણિકતાઓ જણાવો.
3. જેસલમેર કિલ્લામાં ચારેય દિશાઓમાં આવેલી વિશિષ્ટતાઓ જણાવો.
4. સૂર્યપ્રોલથી ઊંચે આવેલ હવાપ્રોલની વિશિષ્ટતા જણાવો.
5. જેસલમેર કિલ્લાની અંદર આવેલ મકાનો અને મંદિરો વિશે ચર્ચા કરો.
6. લેખકે જેસલમેરમાં આવેલાં દેરાસરોની લીધેલ મુલાકાત વિશે જણાવો.
7. જેસલમેર કિલ્લાની ભૌતિક બાબતો જણાવી તેની ચર્ચા કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રશ્ન 3. રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

1. દીપી ઊઠવું
2. આશ્ચર્યમુગ્ધ કરે તેવું

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દો લખો.**

ખંડિયેર, યતિ, સ્થાનક, પ્રતિમા, ઉપાશ્રય

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

પૂર્વાભિમુખ, વ્યવસ્થા, પ્રાચીન, આકર્ષક, વિશિષ્ટ

**પ્રશ્ન 6. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

અયતીણસિક, નીરીક્ષણ, નિશાની

**પ્રશ્ન 7. નીચેના સમાસ ઓળખાવો**

ગ્રંથભંડાર, વિદ્યાસભા, રાજમહેલ

**આટલું કરો**

1. ભારતના નકશામાં આવેલ રાજસ્થાન રાજ્યમાં જેસલમેર વિસ્તાર શોધો.
2. શાળા અથવા તો કુટુંબની વ્યક્તિઓ સાથે જેસલમેરની મુલાકાત લો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## 8. 'સપ્તરંગી ઈન્દ્રધનુષ' ('મારે ચાંદો જોઈએ'માંથી)

**સુરેન્દ્ર વર્મા અનુવાદક : શર્મિષ્ઠા પટેલ**

દિલ્હી સાહિત્ય અકાદમીનો ઈ.સ. ૧૯૯૬નો પુરસ્કાર મેળવનાર નવલકથા 'મારે ચાંદો જોઈએ' (મુઝે ચાંદ ચાહિએ)ના લેખક શ્રી સુરેન્દ્ર વર્મા (૭-૯-૧૯૪૧) હિન્દીના પ્રસિદ્ધ નાટ્યકાર, નવલકથાકાર અને વાર્તાકાર છે. ભાષાવિજ્ઞાનમાં અનુસ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરનાર સુરેન્દ્ર વર્માના નાટક અને ફિલ્મજગત મનગમતા વિષયો છે. તેમનાં પંદરથી પણ વધારે પુસ્તકો પ્રગટ થયાં છે. 'તીન નાટક' ભારતીય જ્ઞાનપીઠ દિલ્હી દ્વારા ૧૯૭૨માં પ્રકાશિત થયું હતું જેમાં 'સેતુબંધ', 'નાયક', 'ખલનાયક', 'વિદૂષક' તથા 'દ્રોપદી'નો સમાવેશ થાય છે. બીજાં નાટકોમાં 'સૂર્યકી અંતિમ કિરણસે સૂર્યકી પહલી કિરણ તક' (૧૯૮૧), 'આઠવાં સર્ગ' (૧૯૭૫), 'છોટે સૈયદ બડે સૈયદ' (૧૯૮૧), 'કૈદ-એ-હયાત' (૧૯૯૩) ઉપરાંત એકાંકીઓમાં 'શનિવાર કો દો બજે', 'વે નાક સે બોલતે હૈં', 'હરી ઘાસ પર ઘંટે ભર', 'મરણોપરાંત', 'નીંદ ક્યૂં રાત ભર નહીં આતી', 'હિંડોલ ઈંગુર' વગેરે છે. વાર્તાસંગ્રહો- 'કિતના સુંદર જોડા' તથા 'પ્યાર કી બાતેં' - વ્યંગ્ય રચના 'જહાં બારિશ ન હો' અને રૂપાંતર 'બિલ્લી ચલી પહન કર જૂતે' ઉપરાંત રાષ્ટ્ર નિર્માણ વિષયક લેખ 'રાષ્ટ્ર નિર્માણ કી ચુનૌતી'નો સમાવેશ થાય છે. સુરેન્દ્ર વર્માને સંગીત નાટક એકેડમીનો ૧૯૯૩ના વર્ષનો ઍવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ કરનાર શ્રીમતી શર્મિષ્ઠા પટેલ ૨૩ નવેમ્બર ૧૯૫૫માં અમદાવાદમાં જન્મ્યાં હતાં. ગુજરાતી અને ભાષાવિજ્ઞાનમાં અનુસ્નાતકની ઉપાધિ ધરાવનાર તેમણે લાઈબ્રેરી અને ઈન્ફર્મેશન સાયન્સમાં પણ અનુસ્નાતક ઉપાધિ મેળવી હતી. સંગીત, નૃત્ય, ચિત્ર ઉપરાંત રાઈફલ શુટિંગ અને ઘોડેસવારીમાં પણ તેમણે નામના મેળવી હતી. ડી ડી ગિરનાર (દૂરદર્શન, અમદાવાદ)નાં ગ્રંથપાલ તરીકે તેમણે પચીસ વરસ સેવાઓ આપી હતી અને ટીવી નાટકોમાં વિવિધ ભૂમિકા ભજવી હતી. 'ભારતીય સમાજ મેં નારી કા સ્થાન', 'કોકોચ', 'આરડીબીએમએસ સોફટવેર' એમની પુરસ્કૃત રચનાઓ છે. યુરોપ-અમેરિકાના પ્રવાસોનો બહોળો અનુભવ ધરાવે છે.

નવલકથાને અંગ્રેજીમાં નેરેટિવ-કથનાત્મક સાહિત્યપ્રકાર કહે છે. એ કહેવાય એ રીતે લખાય છે. વાચક એ વાંચતો હોય છતાં સાંભળતો હોય, દશ્યો-પાત્રો-પ્રસંગો-સંવાદો બધું જોતો-સાંભળતો હોય તેવો અનુભવ કરે છે. અનેક કુટુંબો અને કુટુંબોના સભ્યોના પરસ્પરના સંબંધો એ સૌનું ભાવજગત અને વિચારજગત, એમના સમાજની પરંપરા અને પ્રવાહો એ બધું જ ગતિશીલ - જીવંત ચિત્રો રૂપે આવે છે. વાચકની આંખ, કાન, મન, હૃદય જેવી વિવિધ ઈન્દ્રિયોને થતો સીધો અનુભવ શાબ્દિક પ્રક્રિયારૂપે રજૂ થાય છે. એમાં સમાજદર્શન અને જીવનદર્શન રજૂ થાય છે. વાસ્તવમાં નવલકથા પૂરી થાય પછી વાચકના મનમાં એક નવી જ કથા આગળ ચાલે છે. ઐતિહાસિક સામાજિક અને જાનપદી એવી ત્રણ પ્રકારની નવલકથાઓ લખાય છે. ગુજરાતીમાં ગોવર્ધનરામ, મુનશી, પન્નાલાલ, દર્શક, ધ્રુવ ભટ્ટ નોંધપાત્ર નવલકથાકારો છે.

'મારે ચાંદો જોઈએ' નવલકથાની નાયિકા વર્ષાને ઘરમાં બધાં સિલબિલ કહે છે. સત્તર-અઢારની ઉંમરમાં એણે પરિવારના સંઘર્ષો અને સમાજની રૂઢિઓનો સામનો કરવાનો આવ્યો છે. રૂઢિચુસ્ત પરિવાર-સમાજમાં ઉછરી હોવા છતાં તેની અધ્યાપિકા કત્યાલની પ્રેરણાથી એ પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વને સ્થાપવાનો ભગીરથ પુરુષાર્થ કરે છે. આ પુરુષાર્થ તેને દેશભરમાં નામના મેળવનાર સ્ત્રી તરીકે કેવી રીતે ટોચે પહોંચાડે છે તેની છસો પાનામાં રજૂ થયેલી આ નવલકથાનું બીજું પ્રકરણ અહીં અભ્યાસ માટે મૂકવામાં આવ્યું છે. ઘરમાં તિરસ્કૃત અને બીકણ સ્વભાવની સંકોચશીલ છતાં સમજદાર છોકરી તરીકેનું તેનું ચિત્ર આ પ્રકરણમાં રજૂ થયું છે. 'પોતે કંઈક કરી શકે એમ છે' એવા આત્મવિશ્વાસનું બી પણ આ પ્રકરણમાં જ રોપાય છે. સૌને માટે એ પ્રેરણારૂપ બને એવું છે.''

---

નવું સત્ર શરૂ થતાં જુલાઈમાં જ વર્ષા વશિષ્ઠે ફી ભરી દીધી હતી. હવે ફી વગરનો બીજો મહિનો શરૂ થઈ ચૂક્યો હતો. એ ભૂતકાળના અનુભવો પરથી જાણતી હતી કે જેમ જેમ સમય પસાર થતો જશે, એક સામટી ફી ભરવાની શક્યતા વધુ ઓછી થતી જશે.

ગયા મહિને અનેક જાતની જરૂરતો એક સામટી આવી પડી હતી. મહાદેવભાઈએ પીલીભીતમાં નવી સાઈકલ ખરીદી હતી, એટલે તેઓ ત્રણ મહિના માટે કંઈ પણ મોકલવાને અસમર્થ હતા. સ્વાભાવિક રીતે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જ સીમંતિની બહેન ગાયત્રીના સાસરે હવે સાડી, મીઠાઈ-ફળ, તેમજ ચાંદીની વાડકીનાં શુકન તો મોકલવાં જ પડે એમ હતું. કિશોર ગરમ કોટ માટે મનપસંદ ચોકડીવાળા કાપડનોજ આગ્રહ રાખતો આખો દિવસ તલસતો રહ્યો. છતાં તકલીફ તો એ હતી કે એની એંશી રૂપિયાની આ આભ જેવડી માંગ પૂરી તો ન જ થઈ શકી કેમકે ટ્વીડની એ ખાસ ડિઝાઈન તો 'કંચન બંધુ'માંજ ઉપલબ્ધ હતી, 'હરિરામ એવં સંતતિ'માં નહીં, જયાં જૂના શિક્ષક હોવાને નાતે પિતાનું ઉછીનું ઉધારું ચાલતું હતું. સાંજ થતાં વર્ષાએ જ લાડ લડાવતાં ચૂપ કરાવવો પડ્યો હતો. જે કામ ઘરનાં લોકો આખો દિવસ જે નહોતાં કરી શક્યાં, એ વર્ષાએ એક જ મિનિટમાં સરસ રીતે પતાવી દીધું. અભિનયક્ષમ દસ લીટીઓના સંવાદનું અંતિમ વાક્ય બોલીને ("ભાઈ, આપણે ગરીબ છીએ") એણે એવી કાતરતાથી કિશોરના વાળમાં હાથ પસવાર્યો. (એ જ ક્ષણથી કિશોરના મનમાં બહેન સાથેની ઉત્તમ કક્ષાની પરસ્પરની સમજણ વિકસવા લાગી). એણે વર્ષાના આખી બાંયના પુલોવર જાતે ગૂંથી આપવાના પ્રસ્તાવને સ્વીકારતાં પોતાના ધરણાને કોલ્ડ સ્ટોરેજમાં ખસેડી દીધું (૫૪, સુલતાનગંજમાં આ કોલ્ડ સ્ટોરેજનો વિસ્તાર ઘણો જ વિશાળ હતો. કયારેક ક્યારેક વર્ષાને એ મકાન કરતાં પણ વિશાળ લાગતો હતો.)

વર્ષાને ખબર હતી, મોટી બહેનના લગ્નનું દેવું પતાવવામાં પિતાને ઘણો જ સમય લાગશે. એમની ખાંસી વધી ગઈ હતી છતાં પણ ડૉક્ટર પાસે નહોતા જતા, જાણે કે વીસ-પચીસ રૂપિયા બચાવીને બધું સરખું કરી દેવાના હોય !

'ગુડ મૉર્નિંગ !' લૉબીમાંથી પસાર થતાં મિસ કત્યાલે થોડા સ્મિત સાથે વર્ષાના અભિવાદનને સ્વીકાર્યું.

કલાસમાં વર્ષા થોડી થોડી વારે, છાનુંછપનું ગહન દૃષ્ટિ વડે એમને નિહાળી લેતી. એમણે વર્ષાના સંકુચિત સંસારની નવી જ ક્ષિતિજો ખોલી હતી, સાહિત્યનો અભ્યાસ એટલો અર્થસભર હતો, જેનો કોર્સના પઠન સાથે એટલો જ સંબંધ હતો જેટલો પોતાની સૌન્દર્યદષ્ટિને સમૃદ્ધ કરવાનો. ('સૌન્દર્યદષ્ટિ', 'ભાવજગત', 'જીવનસૌંદર્ય', 'અનુભૂતિ' તથા 'અસ્તિત્વ' જેવા ક્રાંતિકારી શબ્દો વર્ષાની પોતાની શબ્દાવલિમાં એમના જ સૌજન્ય થકી પ્રવેશ્યા હતા.) 'ગુલાબને કોઈપણ નામ આપો, એની મીઠી સુગંધ તો એ જ રહેવાની, 'ડેન્માર્ક શહેરમાં કેટલુંક ઘણું ખરાબ છે' અને 'ટકવાનું છે કે નથી ટકવાનું એ જ મોટો પ્રશ્ન છે', ('ટકશે કે નહીં એ જ મોટો પ્રશ્ન છે') જેવી પ્રસિદ્ધ પંક્તિઓ એમના સુંદર હોઠો વડે સાંભળતાં વખતે વર્ષા રોમાંચિત થઈ ઊઠી હતી, એને પહેલી જ વખત આ પ્રકારની 'અનુભૂતિ' થઈ હતી કે જીવન ઉત્તેજક અને સુંદર પણ હોઈ શકે છે ! (પણ શી રીતે ? શું કરીને ?) પણ કેમ કરીને ? કઈ રીતે ? ઉદાસીનતામાં ગરકાવ થતાં જઈને એણે વિચાર્યું હતું, હું પોતાને યશોદા કહું, ચાહે વર્ષા કહું, પણ મારે તો કાયમ સિલબિલ જ બનીને જ રહેવું પડશે.

અંગ્રેજીના વર્ગમાં વ્યાખ્યાન દરમિયાન અચાનક જ એનું નીચે નમેલું માથું ઊંચું થયું તો નજર સીધી મિસ કત્યાલ સાથે ટકરાઈ.. પાંપણો પર નાનકડું અશ્રુબિંદુ અટવાયેલું જોયું. મિસ કત્યાલે તરત જ નજર ફેરવી લીધી ને વાત ચાલુ રાખી. મળી દષ્ટો દષ્ટની ગૂઢતા અને (રહસ્ય) એનો ભેદ એ બે જણ સુધી જ સીમિત રહ્યો.

બપોર પછી જયારે તે વિદ્યાર્થીઓના કોમનરૂમમાં હતી ત્યારે પટવાળાએ આવીને કહ્યું, "મેડમ કત્યાલ સાહેબ તમને બોલાવે છે - બંગલા પર."

ધબકતા હૈયે વર્ષા થોડોક વખત તો વિચારમાં પડી ગઈ. એની હથેળીઓ પણ પ્રસ્વેદથી ભીની ભીની થઈ ગઈ – એનાથી વળી કઈ ભૂલ થઈ ગઈ ?!

બંગલાનો ગેટ ખૂલ્લો જ રાખેલો હતો. માળી ખુરપીથી કયારીઓના ઘાસનું નિંદામણ કરતો દેખાયો. લોનમાં પાણીની પાઈપ ખૂલ્લી હતી ને ધીમું ખળ-ખળ પાણી વહી રહ્યું હતું.

લાલ કૉંક્રિટવાળી પગદંડી પર તે ધીમા પગલે આગળ વધી અને વરંડાના પગથિયાં ચઢવા લાગી.

બારણા પર રંગીન મોટા પડદા લટકતા હતા.

"અંદર આવતી રહે વર્ષા !" અવાજ આવ્યો.

તે અંદર પહોંચી ગઈ.

મિસ કત્યાલ સામેના સોફામાં બેઠાં હતાં, સામે નોટબૂકનું બંડલ. એમણે પોતાની સામે સોફા તરફ ઈશારો કર્યો. તે થોડીક ચોંકીને ગભરાતાં ગભરાતાં બેસી ગઈ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બેઠક સાદી પણ આકર્ષક હતી. ફર્નિચર પણ આછું અને આરામદાયક. ઓરડામાં વાપરેલા રંગો પણ આંખોને ઠંડક આપનારા હતા. ભીંત પર તૈલીચિત્રો લાગેલાં હતાં. આવી કલાકૃતિઓ એણે શાહજહાંપુરમાં નહોતી જોઈ. (ત્યારે તો વર્ષાનો 'લેન્ડસ્કેપ' વિષેનો અભિગમ જ સ્પષ્ટ નહોતો.) ખૂણામાં સ્વયંસંચાલિત રૅકોર્ડ પ્લેયરમાં છ રૅકોર્ડ મૂકેલી હતી (ત્યારે તો ૭૮ આર.પી.એમ.ની પણ એને કયાં ખબર જ હતી !) જોત-જોતામાં 'અભી તો મૈં જવાન હૂં'નું ગીત પૂરું થતાંની સાથે જ રૅકોર્ડ નીચે ખસી ગઈ હતી અને વળી અભિનવ વાદ્યો સાથે 'હાર્ડ ડેઝ નાઈટ'ના સૂર રેલાવા લાગ્યા. વર્ષા તો છક જ થઈ ગઈ ને ફરતી થાળી તરફ એકીટશે જોઈ રહી. (૫૪, સુલ્તાનગંજમાં તો રેડિયો પણ નહોતો, હજુ હમણાં જ થોડાં વર્ષો પહેલાં સુધી તો વર્ષા રવિવારની સવારે બાળકોનો કાર્યક્રમ સાંભળવા પડોશમાં જ્યોતિને ત્યાં જતી હતી. મહાદેવભાઈની નોકરી શરૂ થયા પછી એક વર્ષે ઘરમાં 'વીજળીયુગ'નાં પગરણ થયાં હતાં !) આ તો કેવી રંગીન દુનિયા છે ! વર્ષાનું હૈયું થોડું રોમાંચિત થઈ ઊઠ્યું.

'મિસિસ સંપતે મને તારો લેખ બતાવ્યો હતો.' મિસ કત્યાલે એના તરફ દૃષ્ટિ કરી.

હા, બે અઠવાડિયા પહેલાં જ કલાસમાં લખવાનું કહેવામાં આવ્યું હતું, "ભવિષ્યમાં હું શું બનવા ઈચ્છું છું."

મિસ કત્યાલ મૃદુ હસ્યાં, "મોટેભાગે જ્યાં લોકો મુખ્યમંત્રી, ટાટા કે રવિશંકર બનવા માંગતા હોય છે ત્યાં તારી મહત્ત્વાકાંક્ષા નાવિન્યસભર અને અનન્ય હતી."

વર્ષા શરમાઈ ગઈ. ચિત્તવૃત્તિની ઉદાસ મનોદશામાં નિરર્થક, નકામું ને અડસટ્ટે જ લખી માર્યું હતું - અગડં બગડં ચિતરી માર્યું હતું. 'મારું ચાલે તો આભને ઊંબરે રચાતું સાત રંગોનું નાનકડું મેઘધનુષ્ય બની રહું', 'આશ્રમમાં શકુન્તલાની પ્રિય સખી વનજ્યોત્સના બનું', 'ચંદ્રમાને જોઈને ખીલી ઊઠતી કુમુદિની બની રહું' - પરંતુ આ પ્રદેશને લાયક જ (એવી તો બીકણ છું કે ઉત્તરપ્રદેશની છું !) ઓશિયાળી - શરમાળ એવી મધ્યમવર્ગીય કન્યા હોય તો એની મહત્ત્વાકાંક્ષાનું અંતિમ બિંદુ તો ત્યાં સુધી જ પહોંચી શકવાનું કે કોઈ લોઅર ડિવિઝનલ કલાર્ક એના હાથની વરમાળા પહેરે અને થોડોક કરિયાવર મળવા છતાં અનિષ્ટ ઘટના ના ઘટે...'

કામવાળી ચાની ટ્રે લઈને મૂકી ગઈ. મિસ કત્યાલે બે પ્યાલામાં ચા રેડતાં કહ્યું, 'અહીં જુનિયર સ્કુલનાં બે બાળકો છે - ભાઈ બહેન. સાતમા અને આઠમા ધોરણમાં. ગામમાં એમની જાગીર છે. રોજ એક કલાક એમને ટ્યૂશન આપવાનું ગમશે ? - પૈસા આપશે મહિને દોઢસો રૂપિયા...!'

વર્ષાનું હૈયું ધબકારો ચૂકી ગયું જાણે.. લાગ્યું કે હમણાં જ કોઈક રક્તવાહિની ફાટી જશે ને ગરમ ગરમ લોહીનો લાલ ફુવારો છૂટશે. નિર્મમ કાળા અંધકારમાં તે વળી અજવાળાનાં આવાં કમાડ ક્યાંથી ખૂલે ?!

મિસ કત્યાલ પાસેથી પ્યાલો પકડવા જતાં એની આંગળીઓ કંપતી હતી.

એમણે ચાનો ઘૂંટ ભરતાં પૂછ્યું, 'ખાંડ બરાબર છે ને ?'

એણે હા પાડતાં ફકત ડોકું હલાવ્યું.

'ચારેક વાગે તો કૉલેજ ખાલી થઈ જાય છે તો ત્યાં છોકરીઓના 'કોમન રૂમ'માં જ ભણાવી શકાશે. હું પટાવાળાને કહી દઈશ.' એના તરફ જોઈ બોલ્યાં, 'બરાબર છે ?'

'જી !' એ કૃતજ્ઞતાપૂર્વક બોલી.

'કાલથી શરૂ કરીશું ?!' તેઓ મૃદુ હસ્યાં. એણે પણ સ્મિત વેરતાં કહ્યું, 'ચોક્કસ' !

વર્ષાનો એક એક દિવસ એવી રીતે પસાર થયો કે એટલી ભયંકર અને તીવ્ર ઉત્કંઠા સાથે તો રામગિરી પર પત્નીના વિરહથી ઝૂરતા હેમમાલી નામના યક્ષે પણ નહિ વિતાવ્યો હોય. કેલેન્ડરનું એક એક તારીખિયું ફાડતાં એ એવી રીતે જોઈ રહેતી કે જેમ 'રઘુવંશ'માં લંકાથી પાછા ફરેલા હનુમાને સીતા સાથે થયેલી મુલાકાતના ફળસ્વરૂપ એમણે આપેલી ચૂડામણિ રામ નિહાળતા રહેતા હતા.

એણે ઘરમાં આ બાબતની ચર્ચા જ નહોતી કરી. એમ વિચાર્યું કે મહીનો પૂરો થાય પછી નવી નકોર નોટો બતાવી બધાંને ચકિત કરી દઈશ.

પરંતુ બજારમાં જનાર્દનરાય ફરી પાછા શર્માજીને મળી ગયા. તેમણે આ સઘળી વાત શર્માજીને જણાવી દીધી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'સિલબિલ !' આ વખતે શર્માજીના અવાજમાં ઉગ્રતા નહોતી. પરંતુ પરિસ્થિતિને સમજવાની વ્યગ્રતા હતી.

રાતના નવ વાગવામાં હતા. તેઓ પોતે ટ્યૂશન ભણાવીને આવ્યા હતા.

સિલબિલ ચૂલા પાસે બેઠાં બેઠાં રોટલીઓ બનાવતી હતી. ભાઈ - બહેન જમતાં હતાં. મા સામેની ભીંતને ટેકે બેઠાં બેઠાં દીવા માટેની દીવેટો બનાવી રહી હતી.

સિલબિલે અવાજ પારખી લીધો.

'શું ?' એણે સહજતાથી પૂછ્યું.

'તેં ટ્યૂશન શરૂ કરી દીધું છે ?' પિતા રસોડાના બારણા પાસે આવી ઊભા.

બધાંની આંખો સિલબિલ તરફ જઈ અટકી. તાપથી એનો ચહેરો રતુંબડો થઈ ગયો હતો. કપાળ પર બે-ત્રણ લટો ચોંટી ગઈ હતી.

'હા.' એણે ફૂલકા રોટલી લઈ ઘી ચોપડી કિશોરની થાળીમાં મૂકી દીધી.

તેઓ એક પૈસાદાર વેપારીની દીકરીને - જે સિલબિલ જેવડી જ હતી - ભણાવીને આવ્યા હતા અને બંનેની વિપરીત જીવનદશાને લીધે ક્ષણભર હચમચી ઊઠ્યા હતા. કવિ કુલદીપકની પંક્તિ એમને યાદ આવી - 'વૃક્ષ પોતાને માથે બધો તાપ સહી લે છે, પણ પોતાની છાયા દ્વારા બીજાંને બચાવે છે.' હું મારી દીકરીને જ નથી બચાવી શકતો, એમણે ઊંડો નિઃસાસો નાંખતાં વિચાર્યું.

સિલબિલે પિતા તરફ જોયું. તેઓ સવારના નિકળેલા અત્યારે પાછા ફર્યા હતા.. ચહેરા પર ઉંમરનો (અને જીવનનો) થાક વર્તાતો હતો. પોતાની ખરાબ મનોદશા અને પિતાના મતવૈભિન્ય છતાં એનું હૈયું થોડું દ્રવી ઊઠ્યું'' બે પૈસા વધુ આવશે તો ઘરમાં મદદરૂપ જ થશે.' એણે નરમાશથી કહ્યું -

મા એ ઊંડો નિઃસાસો નાંખ્યો. આજનો આ મુદ્દો પણ એના અધિકાર-ક્ષેત્રની બહારનો હતો.

કિશોરની નજર ફરી પાછી થાળી પર આવી ગઈ. એણે તો મનમાં ને મનમાં જ નાની દીદીને મૂઠી ઊંચેરી પ્રસ્થાપિત કરી દીધી. ફક્ત એક ઝલ્લી જ રહી જે વારા ફરતી બહેન અને બાપને જોયા કરતી હતી.

''લોકો શું કહેશે ?'' આ એક લાચાર પિતાનો આર્તનાદ હતો જે પાંગળો હોવા છતાં પણ દીકરીની સામે ટકી રહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

સિલબિલની નજર પિતાની છત્રી અને થેલા પર થતી થતી એમના ચહેરા પર આવી અટકી. જો બાળકો ના હોત તો એ કહી દેત, મેં બે મહિનાથી ફી નથી ભરી. લોકો એનો બંદોબસ્ત કરશે ? પણ એટલું જ કહ્યું, ''આ એવી કોઈ વાત નથી કે જેની સાથે લોકોને કંઈ લેવા દેવા હોય.''

થોડીક વાર મૌન રહી ઊંડો નિઃસાસો નાંખતાં પિતા બોલ્યા, ''છતાં પણ આ અકરણીય છે.'' (નકારાત્મક 'અ'થી શરૂ થનારા શબ્દો પિતાને વિશેષ પ્રિય હતા... ખાસ કરીને સિલબિલના સંદર્ભમાં ! 'અનુચિત', 'અશોભનીય' અને 'અવાંછનીય' જેવી પદાવલિઓ 'જય જગદીશ હરે'ની આરતીની માફક સવાર સાંજ ઘરમાં ગૂંજતી જ રહેતી હતી. શબ્દનો અર્થવિસ્તાર કેવી રીતે કરવો એ સિલબિલ દાદા પાસેથી જ સમજી હતી. એમનું જો ચાલે તો ડાહી છોકરી માટે શ્વાસ લેવા સિવાયનું બધું જ 'અકરણીય' હોત.)

એણે પણ પિતાની જેમ જ ઊંડો નિઃસાસો નાંખ્યો.

જેમ દેવઊઠી અગિયારસે ભગવાન વિષ્ણુના શેષ શૈયા પરથી ઊઠતાંની સાથે જ યક્ષના શાપની કમકમાટીભરી અવધિ સમાપ્ત થઈ ગઈ હતી, એવી જ રીતે જેમ તેમ કરતાં એ દિવસ પણ આવી ગયો, જેની વર્ષા કાગડોળે રાહ જોઈ રહી હતી. અનિરુદ્ધે પોતાના દફતરમાંથી કવર કાઢીને એને આપ્યું જાણે અમૃતફળ. વર્ષાએ દિવસનો એ કલાક કેવી રીતે પસાર કર્યો એ તો એનું મન જ જાણે છે.

બાળકોના ગયા પછી એ બાજુના ટૉયલેટમાં ગઈ અને અંદરથી સ્ટોપર ચડાવી દીધી. કવર ખોલ્યું, તો આંગળીઓ થોડી પ્રસ્વેદી ઊઠી.

.. દસ દસની પંદર નોટો હતી.. નવી કડકડતી, ક્લિપ કરેલી. એણે આંખો બંધ કરી ચહેરો નીચે ઝુકાવી અને કાગળ અને છપાણની સુગંધ શ્વાસમાં ભરી લીધી.

આ કુટુંબની સાત પેઢીમાં કમાણી કરનારી તે પહેલી સ્ત્રી હતી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણ

**સીમંતિની** - જેને બાળક આવવાનું છે તેવી સ્ત્રી **કાતરતા** - ઉદ્વેગ, ઉદાસીનતા,આર્દ્રતા **ધરણા** - એક પ્રકારનો હઠાગ્રહ અથવા સત્યાગ્રહ **સંકુચિત સંસાર** - સીમિત જગત **કોર્સ** - અભ્યાસક્રમ **અનુભૂતિ** - અનુભવ **સૌન્દર્ય** - સુંદરતા **ગૂઢ** - ન સમજી શકાય તેવું **રહસ્ય** - જે જાણવાની ઉત્કંઠા રહે તેવું **પ્રસ્વેદ** - પરસેવો **ખૂરપી** - જમીન ગોડવાનું ઊંડે સુધી છીછરું ખોદવાનું સાધન **બંડલ** - બાંધેલી થપ્પી **તૈલચિત્ર** - તેલિયા રંગોથી બનાવેલું ચિત્ર **લૅન્ડસ્કેપ** - કુદરતી દશ્યોનું ચિત્ર **સ્વયંસંચાલિત** - ઓટોમેટિક, પોતાની જાતે બંધ થાય તેવું **નિરર્થક** - અર્થ વિનાનું **અડસટ્ટે** - અંદાજે **અગડં બગડં** - મન ફાવે તેવું, ન સમજાય તેવું **કુમુદિની** - ચાંદની **ઓશિયાળી** - બીજા ઉપર આધારિત **રક્તવાહિની** -લોહીની આવન-જાવન માટેની નસ **વ્યગ્રતા** - અકળામણ **મતવૈભિન્ય** - મતનું જુદા જુદા હોવું, અલગ હોવું **અકરણીય** - ન કરવા યોગ્ય કામ

## રૂઢિપ્રયોગ

**તલસતા રહેવું** - અધિરાઈથી વાટ જોવી **ઉછીનું ઉધારું ચાલવું** - ઉધારથી, પૈસા ચૂકવ્યા વિના (જે મહિનાને અંતે કે દિવાળી ઉપર ચુકવાય) માલ-ચીજ-વસ્તુ લઈ જવા માટેનું ખાતું અથવા ચોપડો **હાથ પસવારવો** - હાથ ફેરવવો **નિંદામણ કરવું** - ઊગી ગયેલો નકામો કચરો -ઘાસ-છોડ દૂર કરવાં **છક થઈ જવું** - નવાઈ પામવું **વીજળીયુગનાં પગરણ થવાં** - ઘરમાં વીજળી આવવી **દૃષ્ટિ કરવી** - જોવું **કાગ ડોળે રાહ જોવી** - ખૂબ ઉત્સુકતાથી વાટ જોવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. જેમ જેમ સમય પસાર થશે, એક સામટી ફી ભરવાની શક્યતા વધુ ઓછી થતી જશે એવું વર્ષા ભૂતકાળના કયા અનુભવે જાણતી હતી ?
2. વર્ષાના પિતા શર્માજીની ખાંસી શા કારણે વધી ગઈ હતી ?
3. વર્ષાની પાંપણો પર નાનકડું અશ્રુબિંદુ શા કારણે આવી ગયું હતું ?
4. થોડાં વરસો પહેલાં વર્ષા રેડિયો સાંભળવા પડોશમાં જ્યોતિને ત્યાં શા કારણે જતી હતી ?
5. વર્ષાનું હૈયું જાણે ધબકારો શા કારણે ચૂકી ગયું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના પાંચ-દસ વાક્યોમાં ઉત્તર આપો.**

1. વર્ષાનો કૉલેજમાં ફી ભર્યા વિનાનો બીજો મહિનો શા કારણે શરૂ થયો હતો ?
2. વર્ષાએ કિશોરની જીદને કઈ રીતે શાંત કરી ?
3. કલાસમાં વર્ષા મિસ કત્યાલને શા કારણે છાનું-છાનું નિહાળી લેતી ?
4. મિસ કત્યાલ એકલાં જ રહેતાં હતાં એવું શા ઉપરથી કહી શકાય ?
5. મિસ કત્યાલ શિક્ષક તરીકે કેવાં ગણાય ?

**પ્રશ્ન 3. સિબબિલ અથવા વર્ષાનું 'ભવિષ્યમાં હું શું બનવા ઈચ્છું છું ?' લખાણ મિસિસ સંપતને શા કારણે મિસ કત્યાલને બતાવવા જેવું લાગ્યું હશે ?**

**પ્રશ્ન 4. વર્ષાની મહત્ત્વાકાંક્ષા વિશે તમારો અભિપ્રાય વિગતે જણાવો.**

**પ્રશ્ન 5. શર્માજીને પોતાની દીકરી ટ્યૂશન કરે તે કેમ 'અકરણીય' - ન કરવા યોગ્ય જણાય છે ?**

**પ્રશ્ન 6. પ્રકરણનો અંત શા કારણે હૃદયસ્પર્શી બન્યો છે તેનાં ત્રણ કારણ આપો.**

**પ્રશ્ન 7. નીચેના વાક્યોમાંના અલંકાર ઓળખાવો.**

1. એની એંશી રૂપિયાની આભ જેવડી માંગ પૂરી તો ન જ થઈ શકી.
2. વીજળીયુગનાં પગરણ થયાં હતાં.
3. અનિરુદ્ધે પોતાના દફતરમાંથી કવર કાઢીને આપ્યું, જાણે અમૃતફળ !

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ એકમ : ૬

### અનુવાદ

આ પાઠ્યપુસ્તકમાં કુલ ચાર કૃતિઓ અન્ય ભાષામાંથી અનુવાદ કરીને આપવામાં આવેલી છે. 'ચહેરો' અને 'આંગળી ઝાલીને' એ બે રચનાનો અંગ્રેજીમાંથી અને 'સપ્તરંગી ઈન્દ્રધનુષ' તથા 'આપણી આશાઓનાં બીજ' એ બે રચનાનો હિન્દીમાંથી અનુવાદ કર્યો છે. અનુવાદ એ શાસ્ત્ર પણ છે અને કલા પણ. શાસ્ત્ર એટલા માટે કે અનુવાદકનો બે ય ભાષા ઉપર સારો એવો કાબૂ જરૂરી ગણાય. બે ય ભાષાનાં વ્યાકરણોના નિયમોની અને વપરાતા શબ્દોના સંદર્ભોની જાણકારી પણ જરૂરી ગણાય.

'સપ્તરંગી ઈન્દ્રધનુષ' પ્રકરણ જે નવલકથામાંથી લેવામાં આવ્યું છે તે 'મારે ચાંદો જોઈએ'નો અનુવાદ ઈ.સ. ૨૦૦૩માં થયો હતો અને સાહિત્ય અકાદમીએ જાણીતા પ્રોફેસરો પાસે ચકાસાવીને પ્રગટ કર્યો હતો. આ પાઠ્યપુસ્તકમાં એમાંના બીજા પ્રકરણનો સમાવેશ કરતી વખતે શ્રીમતી શર્મિષ્ઠાબહેન પટેલ ફરીથી એ જોઈ ગયાં. તેમણે જ ઘણા ફેરફારો-સુધારા કરી આપ્યા. એને સમજવા માટે આપણે નમૂનાનાં ચાર વાક્યો જોઈએ.

૧. 'કિશોર ગર્મ કોટ કે લિયે ચૌખાને કે મનપસંદ કપડે કા આગ્રહ કરતે હુએ દિનભર સિસકતા રહા થા.'
"કિશોર ગરમ કોટ માટે ચોકડીવાળા મનપસંદ કાપડની માગણી કરતાં કરતાં આખો દિવસ ડૂસકાં ભરતો રહ્યો." (૨૦૦૩નો અનુવાદ)
"કિશોર ગરમ કોટ માટે મનપસંદ ચોકડીવાળા કાપડનો જ આગ્રહ રાખતો આખો દિવસ તલસતો રહ્યો." (૨૦૧૬ના અંતમાં કરેલો અનુવાદ)
"કિશોર ગરમ કોટ માટે મનપસંદ ચોકડીવાળા કાપડની હઠ પકડીને દિવસભર ડૂસકે ચડેલો રહ્યો." (સૂચિત અનુવાદ)

૨. 'યહ અવાંતર હૈ કિ અસ્સી રુપયે કી યહ ગગનચુંબી માંગ ફિર ભી પૂરી નહીં હો પાઈ.'
"મોટામાં મોટી મુશ્કેલી એ હતી કે એંશી રૂપિયાની આ ગગનચુંબી માંગ તોય પૂરી તો ના જ થઈ શકી." (૨૦૦૩નો અનુવાદ)
"છતાંય તકલીફ તો એ હતી કે એની એંશી રૂપિયાની આ આભ જેવડી માંગ પૂરી તો ન જ થઈ શકી." (૨૦૧૬ના અંતમાં કરેલો અનુવાદ)
"એ વાત જુદી છે કે તો પણ એંશી રૂપિયાની આ આભઊંચી માગ પૂરી તો ન જ થઈ શકી." (સૂચિત અનુવાદ)

૩. "શામ ઢલે વર્ષા કો હી દુલાર કે સાથ કિશોર કો ચૂપ કરાના પડા થા"
"સાંજ પડ્યે વર્ષાએ જ કિશોરને વહાલથી છાનો રાખવો પડ્યો હતો." (૨૦૦૩નો અનુવાદ)
"સાંજ થતાં વર્ષાએ જ લાડ લડાવતાં કિશોરને ચૂપ કરાવવો પડ્યો હતો." (૨૦૧૬ના અંતમાં કરેલો અનુવાદ)
"ઢળતી સાંજે વર્ષાએ જ હેત વરસાવી કિશોરને છાનો રાખવો પડેલો." (સૂચિત અનુવાદ)

૪. "જો કામ ઘરવાલે દિનભર મેં નહીં કર પાયે, વહ વર્ષા ને એક મિનિટ મેં સંપન્ન કર દિયા."
"જે કામ ઘરવાળાં આખા દિવસમાં ન કરી શક્યાં તે વર્ષાએ એક જ મિનિટમાં પતાવ્યું." (૨૦૦૩નો અનુવાદ)
"જે કામ ઘરનાં લોકો આખો દિવસ જે નહોતાં કરી શક્યાં, એ વર્ષાએ એક જ મિનિટમાં સરસ રીતે પતાવી દીધું" (૨૦૧૬ના અંતમાં (૨૮મી ડિસેમ્બરે) કરેલો અનુવાદ)
"જે કામ પરિવાર જનો દિવસ આખામાં જ નહોતાં કરી શક્યાં, એ વર્ષાએ એક મિનિટમાં જ સંપૂર્ણ કરી લીધું." (સૂચિત અનુવાદ)

અનુવાદની ખૂબીઓને સમજવા માટે આ ચારે વાક્યોના ત્રણે ત્રણ અનુવાદ તપાસવા જોઈએ.

હિન્દીમાં 'ચૌખાને કા મનપસંદ કપડા'માં 'ચૌખાને કા'એ સંબંધવાચક વિશેષણ પહેલાં મૂકાયું છે. એટલે અનુવાદકે પહેલી વાર 'ચોકડીવાળા'ને 'મનપસંદ'ની પહેલાં મૂક્યું છે. પણ તેર વરસ પછી ગુજરાતી ભાષાની વ્યવસ્થાના નિયમો બરાબર સમજાતાં 'ચોકડીવાળું કાપડ' એ શબ્દો સાવ નજીક હોવા જોઈએ તેનો ખ્યાલ આવ્યો છે તેથી 'મનપસંદ ચોકડીવાળા કાપડ' ('કાપડ' મનપસંદ નથી, માત્ર 'ચોકડીવાળું કાપડ' હોય તે જ મનપસંદ છે) એમ ક્રમ બદલ્યો. 'આગ્રહ કરતે હુએ'નું પહેલાં 'માંગણી કરતાં કરતાં' અને પછી 'આગ્રહ રાખતો' એમ કર્યું છે પણ અહીં 'આગ્રહ' નો અર્થ 'જીદ' અથવા 'હઠ' થાય. જીદ કેટલીક વાર સમજપૂર્વકની પણ હોય જ્યારે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'હઠ' તો 'બાળહઠ' તેથી 'હઠ પકડી'ને ડૂસકે ચડેલો રહ્યો.' વધારે યોગ્ય ગણાય. 'ડૂસકે ચડેલો રહ્યો'ને બદલે તળ ગુજરાતીમાં તો 'ડસડસતો રહ્યો' પણ વાપરી શકાય કારણ કે એ દ્વારા એ બધાનું ધ્યાન ખેંચીને સહાનુભૂતિ પણ ઈચ્છતો હતો.

બીજા વાક્યમાં 'યહ અવાંતર હૈ' નો ગુજરાતીમાં 'એ વાત જુદી છે કે' બંધબેસે તેવો અનુવાદ છે. લેખકના મનમાં પણ એ જ ભાવ છે. હિન્દી વાક્યમાં 'ફિર ભી'નું મહત્ત્વ ઘણું છે તેથી જ 'તો પણ'ને અગ્રતાક્રમ આપવામાં આવ્યો. 'આભઊંચી'ની યોગ્યતા પણ નોંધી શકાય.

ત્રીજા વાક્યમાં 'સાંજ પડ્યે /થતાં' ને બદલે 'ઢળતી સાંજે' બિલકુલ ગુજરાતી લાગે છે અને વર્ષા હોવાથી દુલાર કે સાથનું 'હેત વરસાવી' વધારે વાજબી જણાય છે.

ચોથા વાક્યમાં 'ઘરવાળા'એ અનુવાદ કદાચ ગેરસમજ ઊભી કરી શકે. 'ઘરવાળાં' એટલે શર્માજીના પત્ની એવો અર્થ પણ કોઈ લઈ બેસે. એના કરતાં 'પરિવારજનો' વધુ શિષ્ટ ગણાય. એ જ રીતે 'સંપન્ન કર દિયા'નું 'પતાવી દીધું' જરા કમને, અણગમાથી કામ કર્યું હોય તેવો અર્થ પણ પહોંચાડે. તેથી 'સંપૂર્ણ કરી લીધું.' વિશે વિચાર કરવા જેવો છે. 'લીધું' થી એ કામ પોતાના સંતોષ માટે કર્યું હોય તેવો અર્થ ઉમેરાય છે.

આ ચારે વાક્યોના અનુવાદની ચર્ચા ઉપરથી તમને સમજાયું હશે કે અનુવાદ કરતી વખતે મુખ્ય બે બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

પહેલી બાબત તો છે યોગ્ય, બંધબેસતો અર્થ વ્યક્ત કરે અથવા રજૂ કરે તેવા શબ્દની પસંદગી. એની સાથે વિભક્તિના પ્રત્યય, અર્થ, અવસ્થા, કાળના પ્રત્યય વગેરેનો પણ ચોકસાઈથી ખ્યાલ રખાવો જોઈએ.

બીજી બાબત છે યોગ્ય પદક્રમની. વાક્યમાં પદક્રમ બહુ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અથવા ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરતી વખતે તો તેની ખાસ જ કાળજી રાખવી જોઈએ.

બેએક અંગ્રેજી વાક્યનો અનુવાદ તપાસીને આ વાતની ખાતરી કરીએ.

બે વાક્યો "ચહેરો" વાર્તામાંથી લઈએ.

"But you are declared unfit for the 'military services.'- told the general."

આ વાક્યનો અનુવાદકે નીચે પ્રમાણે અનુવાદ કર્યો છે.

"પણ તમને લશ્કરી સેવા માટે અયોગ્ય ઠેરવવામાં આવ્યા છે." જનરલે કહ્યું.

હવે fit ના ગુજરાતીમાં "લાયક, યોગ્ય, ઉચિત, સક્ષમ, બરાબર, સજ્જ, તૈયાર, તંદુરસ્ત, સમર્થ, કાર્યક્ષમ, શક્તિમાન" એવા એવા અર્થ થાય છે. unfit એટલે fit નહીં તેવા.

'અયોગ્ય' અનુવાદમાં 'યોગ્ય' એટલે લાયક એવો અર્થ પણ થઈ શકે. સૈનિકની કોઈ ગૅર લાયકાત છે નહીં. માત્ર તેને લશ્કરી એવા માટે unfit જાહેર કર્યો છે. અહીં અક્ષમ, બિનકાર્યક્ષમ કે અશક્તિમાન જેવો કોઈ વિકલ્પ પસંદ કરીએ તો ? કદાચ 'અશક્તિમાન' વધારે બંધબેસે છે. વળી 'ઠેરવવામાં આવ્યા છે'ને બદલે 'જાહેર કરાયા છે' એ અનુવાદની યોગ્યતા વિશે પણ વિચારવું જોઈએ.

પદક્રમનો વિચાર કરીએ તો 'તમને'એ સર્વનામને પાછળ લઈ જવામાં આવે તો સૈનિકને ઓછું ખરાબ લાગે તેવો સંભવ છે. પણ લશ્કરી સેવા માટે તમને અશક્તિમાન જાહેર કરાયા છે. એવો અનુવાદ વધુ બંધબેસે છે.

બીજું વાક્ય જોઈએ

"In the morning he saw that his mother had washed his bag."

અનુવાદકે તેનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે.

"સવારે ઊઠીને એણે જોયું તો માએ એનો થેલો ધોઈ નાખ્યો હતો." ગુજરાતીઓ 'સવારમાં' નહીં 'સવારે' ઊઠે છે. એટલે 'સવારે' યોગ્ય છે. .. નું તેની માએ કરવાની જરૂર નથી કારણ કે 'માએ' એવું લખાય તે એ જ સૂચવે કે 'તેની માએ'નો અર્થ થાય. પણ 'ધોઈ નાખ્યો હતો'ને બદલે 'ધોઈ રાખ્યો હતો' એવો અનુવાદ કરીએ તો કેવું ? બરાબર વિચાર કરીને નક્કી કરજો. 'ધોઈ નાખવું' એ ગુજરાતી ભાષાનો એક ખાસ રૂઢિપ્રયોગ છે એ તો તમે જાણતાં જ હશો.

આમ અનુવાદ કરતી વખતે થોડી ઝીણીઝીણી બાબતની કાળજી રાખવામાં આવે તો અનુવાદને ચાર ચાંદ લાગી શકે.

તમારે તો પરીક્ષામાં માત્ર બે ગુણ માટે જ અનુવાદના શાસ્ત્ર કે કલાનો મહાવરો કરવાનો છે પણ આવો મહાવરો તમને તમારી ભાષાનો વપરાશ વધુ અસરકારક બનાવતા જરૂર કરી શકે.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 9. પેટ

**જ્યોતીન્દ્ર દવે**

**જન્મ :૨૨/૧૦/૧૯૦૧ મૃત્યુ : ૧૧/૦૯/૧૯૮૦**



જ્યોતીન્દ્ર હરિશંકર દવેનો જન્મ સુરતમાં થયો હતો. તેઓએ એમ.એ. સુધીનો અભ્યાસ કરેલ હતો. ઈ.સ. ૧૯૪૪માં 'રંગતરંગ' માટે નર્મદચંદ્રક એનાયત થયો હતો. ઈ.સ. ૧૯૬૬માં ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા. ઈ.સ. ૧૯૪૧માં તેઓને રણજિતરામ ચંદ્રક એનાયત કરાયો હતો. તેઓએ 'રંગતરંગ ૧-૬, પાનનાં બીડાં, મારી નોંધપોથી, જ્યોતીન્દ્ર તરંગ (૧૯૭૬), જ્યોતીન્દ્ર હાસ્ય લેખો (૧૯૭૬) જેવા નિબંધો, અમે બધાં જેવી નવલકથા, અબ્રાહમ લિંકન, ભિક્ષુ અખંડાનંદ જેવાં જીવનચરિત્ર અને સામાજિક ઉત્ક્રાંતિ જેવા લેખોનું લેખન કરેલ હતું.

લલિત નિબંધને આપણે અંગતનિબંધ પણ કહી શકીએ. એમાં અંગત ગમા-અણગમા, અભિપ્રાયો, અનુભવો આવી શકે. એમાં ભાષા ચમત્કૃતિપૂર્ણ-નાવીન્યસભર હોય.

આવા લલિતનિબંધનો લખનાર 'હું' એટલે કે લેખક કોઈ વિષય વિશે પોતાના અભિપ્રાયો, અંગત ગમા-અણગામા, અભિપ્રાયો, અનુભવો આપી શકે. એમાં ભાષા ચમત્કૃતિપૂર્ણ - નાવીન્યસભર હોય.

આવા લલિતનિબંધનો લખનાર 'હું' એટલે કે લેખક કોઈ વિષય વિશે પોતાના અભિપ્રાયો, અંગત ગમા-અણગમા, અંગત માન્યતાઓ કટાક્ષરૂપે, જે હોવું જોઈએ તેનાથી ઊંધું હોવું જોઈએ એવું પૂરવાર કરતો કરતો રજૂ કરે. વાચકને હસાવતાં હસાવતાં તેની (એટલે કે વાચકની) મૂર્ખામીનું ભાન પણ કરાવે ત્યારે તે હાસ્યનિબંધ બને.

આમ હાસ્યનિબંધ એ લલિત નિબંધનો એક પેટાપ્રકાર ગણાય. એને ઘણા હળવા નિબંધ તરીકે પણ ઓળખાવે છે.

આવા પ્રકારના નિબંધ દ્વારા લેખક ઘણીવાર તો પોતાની અને એ રીતે માણસમાત્રની મૂર્ખામી ઉપર હસતો હોય છે. એની કુટેવો, દુર્ગુણો, ખામીઓ, ખોટી માન્યતાઓ, કુરિવાજો, અભિમાન, સમાજવિરોધી વર્તન વગેરે વિશે એ હસતાં હસતાં વાચકને સભાન કરે છે.

હાસ્ય નિબંધો મનોરંજન ઉપરાંત મોટેભાગે સમાજસુધારાનું અથવા વ્યક્તિસુધારનું કામ કરે છે.

આ નિબંધમાં લેખક આપણને 'પેટ' વિશે સભાન કરે છે. શરીરનાં બધા અંગોમાં પેટનું મહત્ત્વ આપણને મન સૌથી વધુ હોય છે. આનું કારણ આપણી સ્વાદવૃત્તિ અને આપણું ખાઉધરાપણું છે એ આપણા ધ્યાનમાં આવતું નથી. જેમ મિતભાષી (ઓછું બોલનાર) માણસ સુખી થાય છે તેમ મિતભુક્ (ઓછું જમનાર, ઓછું ભોગવનાર) માણસ સુખી થાય છે. એવું અનુભવી માણસોએ કહ્યું છે. ભૂખને કારણે મરનારની સંખ્યા કરતાં વધારે પડતું ખાઈને મરનારની સંખ્યા આ જગતમાં વધારે છે તેવું જાણકારો કહે છે. લેખકને સમજાવવું છે કે પેટની ભૂખ જ નહીં પણ માણસના મનની ભૂખ પણ તેને અકરાંતિયો બનાવે છે. પણ જેમ જેમ વધુ પડતું ખાનાર પોતાની તબિયત બગાડે છે તેમ ગમે તે વસ્તુને વધુ પડતી ભોગવનાર અથવા વાપરનાર પણ પોતાના જીવનને બગાડે છે. માણસે પોતાની જ નહીં, બીજાની ભૂખનો વિચાર કરતાં પણ શીખવું જોઈએ. હસતાં-હસાવતાં કહેવાયેલી આ બધી ઘણી અગત્યની બાબતોને જીવનમાં ઉતારીએ તો જ 'સર્વનું કલ્યાણ થાય અને સર્વ જીવો સુખ-ચેનથી જીવી શકે.'

---

એક સાપ્તાહિકના તંત્રીને હું એમને ઘેર મળવા ગયો હતો. ભોજનાદિકથી પરવારી એઓ આડા પડ્યા હતા - આડા નહિ, પણ ચત્તા. સ્થૂળતાને લીધે આડા પડવું એમને માટે અશક્ય હતું. સૂતાં સૂતાં જ એમણે આવકાર દઈ મને સામે, જમીન પર બેસવા કહ્યું. હું બેઠો ને આશ્ચર્યમુગ્ધ નયને પ્રચંડ વિસ્તારમાં પથરાયેલું એમનું શરીર જોઈ રહ્યો, પણ પેટની વિપુલતા આગળ, સૂર્યકિરણ આગળ દીપકની જ્યોતિ પેઠે, એમના શરીરની વિપુલતા ઢંકાઈ જતી હતી. એમના પેટનો ઘેરાવો ને ઉઠાવ એવો અદ્‌ભુત હતો કે તેના આગળ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

એમનું મોઢું પણ મારાથી જોઈ શકાતું નહિ ! એઓ બોલતા તે પણ જાણે એમનું પેટ બોલતું હોય એમ મને લાગતું. એકે ખાડા વિનાનું, ભરાવદાર, તસતસતું, ઊપસેલું ને ચારે બાજુએ ગોળાકૃતિમાં વિલસતું ને વિકસતું એવું એમનું પેટ એમના શરીરનું મુખ્ય આકર્ષક અંગ જ ન હતું, પણ એક માત્ર અંગ હતું. પેટ એ એમના શરીરનો ભાગ નહિ, પણ એમનું શરીર તે એમના પેટનો પેટાભાગ હોય એમ મને લાગ્યું. 'શરીર ખાતર પેટ નથી, પણ પેટ ખાતર શરીર છે.' એ સૂત્રનો સદેહે અવતાર થયો હોય, એવા દેખાતા હતા. હું કંઈ કામસર એમની પાસે ગયો હતો, પણ દમયંતી પાસે દૂતકાર્ય કરવા ગયેલો હંસ જેમ એનું રૂપ જોઈ ચકિત થઈ દૂતત્વ ભૂલી ગયો તેમ હું પણ એમનું પેટ જોઈ ચકિત બની મારું કાર્ય ભૂલી ગયો અને થોડી આડીઅવળી વાતો કરી. 'પેટ અને માનવજીવનમાં તેનું સ્થાન' એ વિષે વિચાર કરતો ઘેર આવ્યો.

એ તંત્રીના વિશાળ ઉદર સાથે સરખાવાય એવાં પેટ મેં બહુ જ ઓછાં જોયાં છે.

અને આ અનન્યસાધારણ પેટની વાત બાજુએ રાખું, તોયે મારું પેટ સામાન્ય પેટો કરતાં પણ પ્રમાણમાં ઘણું નાનું છે. આમ છતાં હું જ્યારે જ્યારે મારા પેટ વિષે વિચાર કરું છું, ત્યારે ત્યારે હું એને ઉદ્દેશીને સગર્વ કહું છું :

'મારા નાનકડા પેટ ! તું બીજાં પેટો પેઠે આગળ ધસી આવી લોકોનું ધ્યાન ખેંચતું નથી. તારું અલ્પત્વ નિહાળી તું શરમાઈને સંકોચાઈ જાય છે. વિપુલ વિસ્તારમાં વૃદ્ધિ પામી મારા સર્વ અવયવોમાં મોખરે આવવાનું માન તેં નથી મેળવ્યું. ભોજન સમયે મને અચાનક આવી ચડેલો જોઈ તારી અલ્પતાના કારણે મારા મિત્રો મને જમવા બેસી જવાનો આગ્રહ કરતાં અચકાતા નથી. તારી અંદર રહેલા જઠરાગ્નિની ક્ષીણતા ભોજનશૂરાના ઉપહાસનું પાત્ર બની છે; પરંતુ આ સર્વ છતાં તારે નિરાશ થવાનું કારણ નથી. મારા જીવનમાં તારું સ્થાન અનન્ય છે. તારે ખાતર મેં જેટલું કર્યું છે, તેટલું બીજા કોઈ ખાતર કર્યું નથી ને કરીશ પણ નહિ. તારે ખાતર મેં ઉજાગરા કર્યા છે, તારે ખાતર મેં આદર્યાં અધૂરાં મૂકી શય્યાનું સેવન કર્યું છે. તારે ખાતર મેં મૂર્ખોની ખુશામત કરી છે. તેં પ્રસન્ન થઈને મને સુખના ઉચ્ચતમ શિખરે પહોંચાડ્યો છે. તેં ક્રૂર થઈને મને દુઃખની ગહનતમ ગર્તામાં ધકેલ્યો છે. મહાભારત માટે કહેવાય છે તેમ તારે માટે પણ હું કહી શકું કે, 'જે દુનિયામાં છે તે સર્વ આમાં છે. જે આનામાં નથી તે ક્યાંય નથી.' કોઈ સહૃદય વાચકે નહિ જાણ્યો હોય એટલો રસાસ્વાદ તેં માણ્યો છે. કોઈ કબાટમાં નહિ સમાઈ હોય એટલી દવાઓને તેં તારામાં સમાવી છે. 'ફેંકી દેવી પડશે' કરી કેટલીયે ગટરમાં પધરાવવાની ખાદ્ય વસ્તુઓને તારામાં પધરાવવાનો આગ્રહ થતાં તે ગટરોની ગહનતા ને ઊંડાણને ભુલાવી દીધાં છે. આકાશના અગાધ ઊંડાણમાં કેટલાયે પદાર્થો સમાઈ જાય છે, તેમ તારા પોલાણમાં પણ શું શું સમાઈ ગયું છે તેની કલ્પના પણ કરી શકાય એમ નથી.

'અગ્નિ, વાયુ, પૃથ્વી, આકાશ ને જળ એ પાંચે મહાભૂતોને તેં એક સાથે આશ્રય આપ્યો છે. તારા જઠરાગ્નિની ઝાળ આગળ દાવાનળની પ્રબળતા ઝંખવાઈ જાય છે. તારા વાયુના ગડગડાટ ને ઉત્પાત આગળ વંટોળિયાનાં તોફાન બાળકની રમત જેવાં લાગે છે. પાર્થિવ પદાર્થના તારા મોહને તેની વપરાશથી થયેલા તારા વિકાસને લક્ષમાં લેતાં તારા ગોળા આગળ પૃથ્વીનો ગોળો, ભૂરા કોળા આગળ નારંગી પેઠે, તુચ્છ ભાસે છે. કદીયે ન પૂરી શકાય એવું તારું આકાશ – પોલાણ જોતાં સૂર્યચંદ્ર - તારકાદિથી ભરાઈ ગયેલું આકાશ, ખુલ્લા મેદાન આગળ ખીચોખીચ ભરાઈ ગયેલી મુંબઈની ચાલી પેઠે, દયાપાત્ર દીસે છે. પાણી, દૂધ, કૉફી ને ખાસ કરીને ચાની તેં તારામાં સમાવેલી નદીઓ આગળ ભૂતલ પરની સમસ્ત નદીઓ વિસાત વગરની લાગે છે. તું તો એક ને અદ્વિતીય છે. અજોડ ને અવિભાજ્ય છે.'

જેવું 'પિંડે તેવું બ્રહ્માંડે', એ ન્યાયે મારી માફક સકળ માનવકુળમાં અરે ! પ્રાણીજાતમાં પેટ જ પ્રાધાન્ય ભોગવે છે. પ્રાણીની પ્રત્યેક પ્રવૃત્તિ પોતાના પેટના પરિતોષને અર્થે જ હોય છે.

જમેલાનું જગત ભૂખ્યા આદમીના જગત કરતાં જુદું જ હોય છે. જેનું પેટ પૂર્ણ સંતોષ પામ્યું હોય, તે મનુષ્યમાં દયા, માયા, ન્યાય, પરમાર્થવૃત્તિ, આત્મબલિદાનની ભાવના વગેરે ઊંચા નૈતિક ગુણોનો વિકાસ થાય છે. પહેલું માણસનું પેટ વિશાળ થાય છે. પછી જ એની દૃષ્ટિ વિશાળ થાય છે; પ્રથમ પેટ સંતોષાય છે, પછી જ આત્મા ને હૃદયને સંતોષ થાય છે; પહેલાં પેટનો પોકાર શાંત પડે છે, પછી જ બીજો પોકાર કરવો સૂઝે છે. દુનિયામાં જેટલાં પાપ થાય છે, તેમાંનાં મોટા ભાગનાં કારણ અતૃપ્ત પેટ જ હોય છે. .. ભૂખ્યો માણસ કયું પાપ નથી કરતો ? એમ કહ્યું તે યથાર્થ જ છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'પેટની વેઠ', 'પેટમાં વાત રાખવી', 'પેટનું પાણી હાલતું નથી', 'મોટા પેટવાળો', 'પેટે પાટા બાંધવા', 'પાપી પેટ' ઇત્યાદિ ભિન્ન ભિન્ન અર્થમાં વપરાતા શબ્દપ્રયોગો પણ પેટના મહત્ત્વનાં જ સૂચક છે.

પેટ એ સર્વ મનુષ્યનો સાધારણ ભાજક છે. એ મોટામાં મોટા અને નાનામાં નાનાને એક પદવીએ આણે છે. ચોર જ્યારે કોર્ટમાં બચાવ કરતાં કહે છે કે, 'સાહેબ, પેટ ખાતર આવું કરવું પડ્યું !' ત્યારે ન્યાયાધીશ ભલે એ કહેતો ન હોય પણ સમજતો તો હશે જ કે, એને પણ પેટ ખાતર જ સજા - ક્વચિત્ પોતાના કરતાં અનેકધા ઉત્તમ એવા મનુષ્યને પણ સજા કરવી પડે છે. આમ, ચોર અને ન્યાયાધીશ, શેઠ અને નોકર, સ્ત્રી અને પુરુષ બધાં વચ્ચે પેટ સામાન્ય છે. અને એ સામાન્ય વસ્તુથી પ્રેરાઈ મનુષ્યો અને પ્રાણીઓ અસામાન્ય કાર્ય કરી રહ્યાં છે.

સંકલ્પ, વિકલ્પ, વિચાર, અનુમાન, તુલના ઇત્યાદિ માનસિક ગુણો; પ્રેમ, ધિક્કાર, સ્નેહ, હર્ષ શોક, ઇત્યાદિ હૃદયના ભાવો અને ખુદ અંતરાત્મા એ સર્વ પેટને અધીન છે. મગજ ન હોય તો ચાલે, હૃદય શુષ્ક થઈ ગયું હોય તો વાંધો નહીં, આત્મા ઊંઘતો જ રહે તોય હરકત નહિ, પણ પેટની સ્વસ્થતા વિના કોઈથી કંઈ પણ થઈ શકે નહિ. આમ આધિદૈવિક અને આધ્યાત્મિક પ્રશ્નો તે પેટના જ પ્રશ્નો છે. પેટના પ્રશ્નોનો નિકાલ થઈ જાય, તો જગતમાં મનુષ્ય કૃતકૃત્ય થઈ જાય ને બ્રહ્મત્વ પ્રાપ્ત કરી લે. પછી જગતમાં એને કંઈ પણ કરવાનું બાકી ન રહે.

પરંતુ પેટના પ્રશ્નોનો ઉકેલ લાવવો ઘણો જ કઠિન છે. એ પ્રશ્નો તો બે જ છે : સ્થૂળ દૃષ્ટિએ વૈદ્યકીય પરિભાષામાં, લોકો કાં તો કબજિયાતથી પીડાય છે : કે કાં તો સંગ્રહણીથી. અને એ બે રોગોમાંથી જ અનેક રોગોનું ઝુંડ જન્મે છે. આર્થિક દૃષ્ટિએ જગતમાં બે જ મુખ્ય પ્રશ્નો છે : પેટ સંતોષાય તે ઉપરાંત ખાનારાઓનો, ને પેટને સંતોષવાનો જન્મસિદ્ધ હક્ક અને ઈચ્છા છતાં પેટ સંતોષવા પૂરતું ન મેળવી શકનારાઓનો. ઉપલા વર્ગના મનુષ્યો અપચાના ને દ્રવ્યતિશયના રોગથી પીડાય છે. નીચલા વર્ગના ભૂખમરાથી અને નિર્ધનતાથી પીડાઈ રહ્યા છે. આ બેમાંથી જ અનિષ્ટોની પરંપરા ઉદ્ભવે છે. એના ઉપાયો વૈદ્યો ને ચિંતકો ખોળી રહ્યા છે, પણ એ રોગ અસાધ્ય છે. બેક બે પૂરવાની યોજના સરકારે ઘડી, પણ બધાંનાં પેટ પૂરવાની યોજના ઘડી શકાતી નથી. દરિયો પૂરવો સહેલો છે, પેટ પૂરવાં મુશ્કેલ છે. જગતમાં ઊંડામાં ઊંડો ખાડો એ પેટનો ખાડો છે, એમ એક વિચારકે કહ્યું છે તે સત્ય છે.

## ટિપ્પણ

**સ્થૂળતા** - જડ, જાડુ **આશ્ચર્યમુગ્ધ** - નવાઈ પામે તેવું **પ્રચંડ** - કદાવર **વિપુલતા** - વિશાળતા, વિશાળ **વિલસતું** - ચળકતું **દૂતકાર્ય** - સંદેશો પહોંચાડવાનું કાર્ય **ચકિત** - નવાઈ, છક થવું **દૂતત્વ** - સંદેશો પહોંચાડનાર **ઉદર** - પેટ **અલ્પત્વ** - નાનું, નાજુક **ક્ષીણતા** - નબળાઈ **ઉપહાસ** - મશ્કરી, ઠેકડી **ખુશામત** - પોતાના સ્વાર્થ માટે કરવામાં આવતાં વખાણ **રસાસ્વાદ** - રસ ચાખવો, રસનો આસ્વાદ **પાર્થિવ** - પૃથ્વીનું બનેલું, ભૌતિક **તુચ્છ** - તિરસ્કાર **વિસાત** - કિંમત, મૂલ્ય **અદ્વિતીય** - અજોડ, અનન્ય **અજોડ** - જેની જોડ ન હોય તેવું **પ્રાધાન્ય** - મુખ્ય, મુખ્યત્વ **પરિતોષ** - સંતોષ **અનુમાન** - ઇત્યાદિ **ઇત્યાદિ** - વગેરે **શુષ્ક** - રસ વિનાનું, રસહીન, સૂકું

## રૂઢિપ્રયોગ

**પેટમાં વાત રાખવી** - વાતને ખાનગી રાખવી, વાતને ગુપ્ત રાખવી
**પેટનું પાણી ન હાલવું** - કંઈ પણ અસર ન થવી
**મોટા પેટવાળા** - ઉદાર
**પેટે પાટા બાંધવા** - ઘણી મુશ્કેલીઓ વેઠીને
**પાપી પેટ હોવું** - પેટને કારણે માણસ પાપ કરે, ખાવા માટે માણસ પાપ કરે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખક કોને મળવા ગયા હતા ?
2. તંત્રીનું કયા કારણોસર આડા પડવું અશક્ય હતું ?
3. મારા જીવનમાં તારું સ્થાન અનન્ય છે. 'તારે ખાતર મેં જેટલું કર્યું છે તેટલું બીજા કોઈ માટે કર્યું નથી અને કરીશ પણ નહિ.' આ વિધાન લેખકે કોને ઉદ્દેશીને કહ્યું છે ?
4. પેટમાં કયાં પાંચ મહાભૂતોને આશ્રય આપ્યો છે ?
5. જેનું પેટ પૂર્ણ સંતોષ પામ્યું હોય તેવી વ્યક્તિમાં કયા ગુણોનો વિકાસ થાય છે ?
6. દુનિયામાં જેટલાં પાપ થાય છે તેઓના મોટા ભાગનું કારણ કયું છે ?
7. પેટના પ્રશ્નોના નિકાલ થઈ જાય તો કઈ બાબતો પ્રાપ્ત કરી શકાય ?
8. ઉપલા વર્ગના લોકો કઈ બાબતથી પિડાઈ રહ્યા છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના પાંચ-સાત વાક્યોમાં ઉત્તર આપો.**

1. સાપ્તાહિકના તંત્રીને મળતાં લેખકને થયેલો અનુભવ જણાવો.
2. લેખકે પેટ વિશે કરેલું વર્ણન તમારા શબ્દોમાં લખો.
3. લેખક પેટને શા માટે નિરાશ ન થવાનું જણાવે છે ?
4. લેખકે પોતાના પેટને કેવાં આશ્વાસનરૂપી વિધાનો આપી તેનાં કાર્યોની પ્રશંસા કરી છે ?
5. લેખકે પેટને આપેલ ઉપમાઓ જણાવો.
6. "પ્રથમ પેટ સંતોષાય પછી જ આત્મા અને હૃદય સંતોષાય" આ વિધાન સ્પષ્ટ કરો.

**પ્રશ્ન 3. નીચેનાં વિધાનો સમજાવો.**

1. શરીર ખાતર પેટ નથી, પણ પેટ ખાતર શરીર છે.
2. અગ્નિ, વાયુ, પૃથ્વી, આકાશ ને જળ એ પાંચે મહાભૂતોને તેં એક સાથે આશ્રય આપ્યો છે.
3. જેવું 'પિંડે તેવું બ્રહ્માંડે'
4. ભૂખ્યો માણસ કયું પાપ નથી કરતો ?
5. દરિયો પૂરવો સહેલો છે, પેટ પૂરવાં મુશ્કેલ છે ?

**પ્રશ્ન 4. ઉપલા વર્ગના અને નીચલા વર્ગના મનુષ્યોના પિડાવાનાં કારણો જણાવી તેમાંથી ઉદ્ભવતી બાબતો જણાવો.**

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

આવકાર, સંકોચાવું, ભૂતલ, આકર્ષક, અલ્પતા, લઘુતમ, ખુશામત, તુચ્છ, ક્વચિત, સ્નેહ, શુષ્ક, નિર્ધન

**પ્રશ્ન 7. આ પાઠમાં પેટને ધ્યાનમાં રાખી વપરાયેલા કેટલાક શબ્દપ્રયોગો શોધીને લખો.**

**આટલું કરો**

1. તમારા પેટની સ્વસ્થતા માટે તમે કઈ બાબતો ધ્યાનમાં રાખશો.
2. 'ઊંડામાં ઊંડો ખાડો તે પેટનો ખાડો છે' આ અંગે દશ વાક્યો લખો.
3. જેનું પેટ સ્વસ્થ તે શારીરિક રીતે સ્વસ્થ આ અંગે તમારું મંતવ્ય જણાવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 10. ભગવાને મોબાઈલ માર્યો

**સંકલિત**

'ભગવાને મોબાઈલ માર્યો' એ બારમા ધોરણનાં વિદ્યાર્થીઓને નજર સામે રાખીને સંપાદકોએ તૈયાર કરેલું કાલ્પનિક એકાંકી છે.

એકાંકી ટૂંકા અથવા થોડા સમયમાં ભજવી શકાય. નાનપણમાં તમે રામલીલા, ભવાઈ, શેરી નાટક અથવા નાટક જોયાં હશે. અઢી-ત્રણ હજાર વર્ષથી નાટકો લખાય-ભજવાય છે. એ ભજવાય છે તેથી એ દૃશ્ય-શ્રાવ્ય કલા ગણાય.

નાટકમાં અનેક અંકો-દૃશ્યો હોય. તે લાંબુ હોય. ક્યારેક તો અડધી રાત સુધી ચાલે.

પણ ભાગદોડના આ યુગમાં સમય કોને છે ? તેથી એકાંકી લખાય છે. તેમાં વાર્તાની જેમ એક રહસ્યમય, બોધદાયક, રસ પડે તેવા જીવનપ્રસંગને પાત્રોના સંવાદો રૂપે રજૂ કરવામાં આવે છે. એમાં લેખક પડદા પાછળ હોય છે. તખ્તા ઉપર લેખકવતી પાત્રો આવે છે. પાત્રો પોતાના સંવાદો થકી પ્રસંગને રજૂ કરે છે. એ સંવાદો-પ્રસંગો લેખકના ભાવને, વિચારને, જીવનદર્શનને ચોટદાર રીતે રજૂ કરે છે. ક્યારેક તેમાં કાવ્યપંક્તિઓ, ગઝલના શેર વગેરે પણ રજૂ થાય છે.

એકાંકીનું સૌથી મહત્ત્વનું લક્ષણ તેની અભિનયક્ષમતા અથવા અભિનેયતા ગણાય. લેખકે પ્રસંગોને અનુરૂપ સંવાદો એ રીતે ગોઠવેલા હોય છે કે સ્ટેજ ઉપરનાં પાત્રો એ સંવાદો બોલતી વખતે વાચિક એટલે કે ભાષા-વાણીના અભિનયને ઉત્તમ રીતે રજૂ કરી શકે. સાથે સાથે એ સંવાદો બોલતી વખતે આંગિક એટલે કે શરીરના અવયવોના હલનચલનના અને મોં તથા આંખોના ભાવોને રજૂ કરી શકે.

ગુજરાતી સાહિત્યમાં બટુભાઈ ઉમરવાડિયાથી લઈ ચંદ્રવદન મહેતા, જયંતી દલાલ, લાભશંકર ઠાકર વગેરે જાણીતા એકાંકીકાર છે.

અહીં રજૂ થયેલા એકાંકીમાં માત્ર ત્રણ જ પાત્રો છે. એમાં માત્ર અનન્યાનું પાત્ર જ સ્ટેજ ઉપર છે. ભગવાન અને શુચિનાં પાત્રો મોબાઈલ પર વાત કરે છે એટલે એમનો માત્ર અવાજ જ સંભળાય છે. એક જ પાત્ર અનન્યા. પલંગ ઉપર ઓઢીને સૂતી હોય અને મોબાઈલ ઉપર (પહેલાં ઊંઘતાં ઊંઘતાં ભગવાન સાથે, અને પછી સફાળી જાગીને શુચિ સાથે) વાતો કરતી હોય એવું આખા નાટક દરમિયાન બતાવવું જરા વિશેષ આવડત માગી લે છે.

આજકાલ બધાંને પોતાનો મોબાઈલ રાખવો જરૂરી લાગે છે. એ ઉપયોગી સાધન છે. એમાં બે મત નથી પરંતુ શાળા-કૉલેજમાં ભણતાં જ નહીં, બધાં માણસોએ તેનો બહુ સમજપૂર્વક વિવેકથી ઉપયોગ કરવો જોઈએ એ વાત આ એકાંકીમાં દર્શાવી છે. માત્ર મોબાઈલનો જ નહીં પણ જગતનાં બધાં સાધનો અને પદાર્થોનો સમજી-વિચારી વિવેકપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. નહીં તો બને છે એવું કે એ સાધનો અને પદાર્થો તમારો ઉપયોગ કરવા માંડે છે.

તમને સૌ વિદ્યાર્થીઓને ખબર જ હોય કે મોબાઈલ તમારો ઘણો બધો સમય ખાઈ જાય છે પણ આ એકાંકીમાં ભગવાન કહે છે એમ, 'જાણતાં છતાં અજાણ' હોવાને કારણે તમે એ આદતમાંથી છૂટી શકતાં નથી. આપણે એ પણ જાણીએ છીએ કે પ્રામાણિકતા રાખવી, નીતિ-નિયમ પ્રમાણે નિયમિત જીવવું એ સુખી થવાનો રાજમાર્ગ છે. પરંતુ એવું જાણવા છતાં લોભ-લાલચને વશ થઈ સુખી થવાના રાજમાર્ગને છોડી દઈએ છીએ. એનું નામ જ 'જાગતાં છતાં ઊંઘતાં હોવું'. આ એકાંકી તમને એવી 'જાગતાં છતાં ઊંઘતાં હોવાની' ઊંઘમાંથી જાગતાં કરે એવી શુભેચ્છા.

---

(વહેલી સવારે હજુ તો પાંચેક વાગ્યા હશે ને મોબાઈલની ઘંટડી રણકી. ટ્રીન, ટ્રીન, ટ્રીનટ્રીન, ટ્રીનટ્રીન, ટ્રીનટ્રીન - અનન્યાએ પડખું ફરીને અડધી ઊંઘમાં અડધું જાગતાં - કદાચ તો ભર ઊંઘમાં જ ઓશિકા નીચેથી મોબાઈલ લીધો. 'અત્યારના પહોરમાં કોણ છે ?' બબડતાં બબડતાં ઓફની લાલ સ્વિચ દબાવી મોબાઈલ ફોન કાને લગાડ્યો.)

અનન્યા : 'હેલો, કોણ ?'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ભગવાન : એ તો હું ભગવાન.

અનન્યા : તમે વહેલા ઊઠો ભગવાનભાઈ એ બરાબર પણ આટલું વહેલું શું છે ? તમે ભલે ઊઠ્યા પણ અમને તો ઊંઘવા દો. ભગવાનભાઈ !

ભગવાન : ભગવાનભાઈ નહીં, માત્ર ભગવાન. ને હું તો ઊંઘતો જ નથી પછી ઊઠવાની વાત કેવી ?

અનન્યા : માત્ર ભગવાન ? હું તો કોઈ ભગવાનને ઓળખતી નથી.

ભગવાન : તમારી માણસોની આ જ તો તકલીફ છે. રોજ પૂજા કરો, મંદિરે જાવ, કથા સાંભળો, પણ ભગાવન સામે મળે તો ય ઓળખો નહીં.તું બા - દાદા સાથે જેની રોજ પૂજા કરે છે તે ભગવાન છું હું.

અનન્યા : ઓહ, સૉરી, સૉરી. પણ ભગવાન તમે આટલી વહેલી સવારે મોબાઈલ કેમ માર્યો ?

ભગવાન : તને આખો દિવસ ઘડીની ય નવરાશ મળતી નથી. એટલે થયું કે વહેલી સવારે જ થોડી વાત કરી લઉં.

અનન્યા : (બગાસુ ખાતાં) હાં, બોલો શું છે ?

ભગવાન : આમ તો કંઈ નથી. પણ તેં આ મોબાઈલ લીધો એ ગમ્યું. એ બહાને તારી સાથે વાત થઈ.

અનન્યા : તમને ગમ્યું ? મમ્મી તો ના જ પાડતી હતી. અને બા-દાદા પણ થોડાં નારાજ છે. પણ મેં એવી જીદ કરી કે આખરે પપ્પા ઝૂકી ગયા.

ભગવાન : પપ્પાની તું લાડકી ખરી ને !

અનન્યા : મમ્મી કહે કે બારમા ધોરણની પરીક્ષા માથે આવે છે તો આટલું વરસ ખમી જા. ને દાદા કહે, આ વાત તારે કાને નાખવાની અમારી ફરજ.

ભગવાન : મમ્મીની વાત નાખી દેવા જેવી નહોતી.

અનન્યા : તમે ય શું ? આખા ક્લાસમાં બધા પાસે મોબાઈલ છે. મારી કેટલીક બહેનપણીઓ તો ત્રણ ચાર વરસથી મોબાઈલ રાખે છે.

ભગવાન : બધાં ખાડામાં પડે એટલે આપણે ય પડવું એવું ઓછું છે ?

અનન્યા : ના. પણ તમે જ કહો હવે સત્તરમે વરસે તો મોબાઈલ જોઈએ ને !

ભગવાન : એનો આધાર ઉંમર કરતાં જરૂર પર વધારે છે.

અનન્યા : ખરી વાત. બહેનપણીઓ સાથે જુદા જુદા વિષયોની નોટ્સની આપ-લે કરવા, વાતચીત કરવા, ઈમરજન્સી હોય ત્યારે અને પૈસાની આપલે કરવા એની જરૂર ખરી કે નહીં ?

ભગવાન : પણ તું તો સેલ્ફી લેવા માટે, વોટ્સએપનાં ઉપયોગ માટે, ગીતો સાંભળવા માટે એનો વધુ ઉપયોગ કરે છે. તને ખબર છે સેલ્ફી લેવાના ચક્કરમાં તમારા જગતમાંથી રોજ ડઝનબંધ માણસો મારે ત્યાં આવી પહોંચે છે. મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરીને સેંકડો માણસો બહેરા અને અર્ધપાગલ થઈ જાય છે. તારાં જેવાં નિશાળિયાં ગીતો સાંભળી સાંભળીને મનોરંજન મેળવે પણ પછી પરીક્ષામાં કંઈ ઉકાળી શકતાં નથી. તને આ બધી ખબર છે ?

અનન્યા : જી. મને આ બધી ખબર છે.

ભગવાન : અને છતાં તું સેલ્ફી લેવામાં, ગીતો સાંભળવામાં, વૉટસ-એપ ઉપર અને બહેનપણીઓ સાથે ટોળટપ્પા કરવામાં રોજના બે ત્રણ કલાક બગાડે છે.

અનન્યા : એ તો આ મોબાઈલ જરા નવો નવો છે ને એટલે.

ભગવાન : ના, એવું નથી. પછી એ આદત પડી જશે. એ વ્યસન થઈ જશે એટલે એ છૂટવું અઘરું છે. આ ઉંમરે તો તારું બધું ધ્યાન ભણવામાં જ હોવું જોઈએ.

અનન્યા : જી જી. તમારી વાત સો એ સો ટકા સાચી છે. હવે હું જરા ધ્યાન રાખીશ.

ભગવાન : બરાબર ધ્યાન રાખજે. ચાલ બીજું શું ચાલે છે તે કહે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અનન્યા : બીજું બધું તો ટનાટન ચાલે છે. પણ બારમાને કારણે જરા ચિંતા વધુ રહે છે ને એમાંય આ મમ્મી...

ભગવાન : કેમ ? મમ્મી બહુ ટકટક કરે છે !

અનન્યા : ટકટક તો નહીં પણ જ્યારે હોય ત્યારે બસ ભણવાની જ વાત.

ભગવાન : તું મમ્મીની જગ્યાએ હોય તો તું શું કરે ? દરેક મમ્મીને પોતાની દીકરીના ભણવાની ચિંતા તો થાય જ. ને તું કહેતી હોય તો મમ્મીનો સ્વભાવ બદલી નાખું ને તું કહેતી હોય તો મમ્મી જ...

અનન્યા : ના ના, મારી મમ્મી તો બહુ સારી છે. એવી મમ્મી તો થાય નહીં.

ભગવાન : એ તો તને પ્રોત્સાહન આપે છે. પણ તારે પપ્પાનો, દાદાનો, બાનો કે તારા નાના ભઈલુનો સ્વભાવ બદલવો હોય તો...

અનન્યા : હા, એ ઠીક છે, મારો નાનો ભઈલુ મારા બહુ વાદ કરે છે. એને તો હજુ આઠમામાં છે ને મોબાઈલ લેવા છે. એનો સ્વભાવ જરા...

ભગવાન : બોલ, તું કહે તેવો તેનો સ્વભાવ કરી નાખું.

અનન્યા : (વિચારીને) આમ તો બહુ પ્રેમાળ છે, મારા કરતાંય હોશિયાર છે.. ના, ના જેવો છે એવો જ સારો છે.

ભગવાન : જો બેટા, એક વાત સમજી લે. મેં બધાને તેમની યોગ્યતા અથવા લાયકાત પ્રમાણે જ બધું આપ્યું છે. સ્વભાવ, ગુણો-અવગુણો, સગાંસંબંધીઓ, પૈસા, સુખ-સગવડો બધું જ.

અનન્યા : અને સુખ-દુઃખ પણ ?

ભગવાન : મેં તો માત્ર સંજોગો અને પરિસ્થિતિઓ આપી છે. તમે એ સંજોગો અને પરિસ્થિતિઓમાં સુખ પણ મેળવી શકો, દુઃખ પણ. બધું તમારા હાથમાં છે.

અનન્યા : એ કેવી રીતે ?

ભગવાન : કોઈ પણ પરિસ્થિતિમાં ખરાબ પાસાં હોય તેમ સારાં પાસાં પણ હોવાનાં. તમે તેનાં સારાં પાસાં જુઓ તો સુખી અને ખરાબ જુઓ તો દુઃખી.

અનન્યા : માંદગી કે રોગ હોય એમાં શું સુખ હોય ?

ભગવાન : સમજો કે તમારા શરીરમાંથી ઝેર કાઢવા માટે, તમને તમારી જીવનપદ્ધતિ કે જીવવાની રીત વિશે, રહેણીકરણી વિશે ફરીથી વિચાર કરીને બધું નવેસરથી ગોઠવવા માટે એ આવે છે.

અનન્યા : અને ધારો કે કોઈ પરીક્ષામાં નાપાસ થાય તો ?

ભગવાન : દરેકે પોતે જેવું કર્યું હોય તેવું પરિણામ આવે. હું એમાં કંઈ કરી શકું નહીં.

અનન્યા : હા, અમારે ભણવામાં એવું આવતું ‘બોયા બીજ બબુલ કા આમ કહાઁ સે ખાય ?’

ભગવાન : બિલકુલ સાચું. કેરી ખાવી હોય તો આંબો જ વાવવો પડે.

અનન્યા : તો હું ખૂબ મહેનત કરું તો ? ડૉક્ટર બની શકું ?

ભગવાન : હા. આખરે ડૉક્ટર ઑફ ફિલોસોફી તો બની જ શકે. પણ અગત્યનું એ છે કે શું બની શકું એવો વિચાર કરવાથી કંઈ લાભ નથી.હું શું કરી શકું ? કઈ રીતે ઉત્તમ કરી શકું, દિલ દઈને. મારી બધી શક્તિ લગાવીને કરી શકું એ જ અગત્યનું છે. એમ કરવાથી સહજ રીતે જે કંઈ કામગીરી આવે તે ઉત્તમ રીતે કરવાથી એમાંથી આનંદ મળશે.

અનન્યા : મારા દાદા પણ એવું જ કહે છે. પણ ભગવાન, મારા આ બારમાનાં પરિણામ વિશે મને કહો ને !એની બહુ ચિંતા થાય છે.

ભગવાન : એ ચિંતા જ છોડી દે. તારી પૂરી તાકાત લગાવી દે.

અનન્યા : એ તો હું કરીશ જ.

ભગવાન : અને તારો પૂરો સમય એ માટે આપ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અનન્યા : એ વાત પણ સાચી

ભગવાન : પણ એમાં તારો મોબાઈલ તને નડશે નહીં ? તારો ઘણો બધો સમય તો તારો મોબાઈલ ખાઈ જશે.

અનન્યા : એ તો મને સૂઝ્યું જ નહીં.

ભગવાન : તમારું માણસોનું આ જ દુઃખ, જાણતાં છતાં અજાણ રહો. જાગતાં છતાં ઊંઘતાં રહો.

અનન્યા : જાગતાં છતાં ઊંઘતાં ? કંઈ બરાબર સમજાયું નહીં.

ભગવાન : લે બોલ, અત્યારે તું જાગે છે કે ઊંઘે છે ?

અનન્યા : જાગું જ છું વળી. જાગતી ન હોઉં તો તમારી સાથે વાત કઈ રીતે થઈ શકે ?
(મોબાઈલની ઘંટડી વાગે છે. આ વખતે એ વધુ લાંબો સમય વાગે છે. અનન્યા ઊઠીને મોાબાઈલની ઑનની લીલી સ્વીચ દબાવી મોબાઈલ કાને લગાડે છે.)

શુચિ : હાશ, આ વખતે બહેન બાએ ફોન કટ ના કર્યો. ઊંઘે છે કે જાગે છે ?

અનન્યા : જાગું જ છું વળી, હમણાં સુધી તો ભગવાન સાથે વાતચીત ચાલતી હતી.

શુચિ : ભગવાન સાથે ? ઊંઘમાં હતી કે શું ? મેં વીસ-પચીસ મિનિટ પહેલાં તને ઊઠાડવા મોબાઈલ કર્યો ત્યારે તો તેં તરત કટ કરી નાંખ્યો.

અનન્યા : કટ કરી નાંખ્યો ? હોય નહીં ?

શુચિ : હોય નહીં શું ? એમ જ છે, મને થયું કે પાંચ વાગે તેં વાંચવા માટે ઊઠાડવાનું કહ્યું હતું તો થયું તને મોબાઈલથી જ ઊઠાડું.

અનન્યા : પછી ?

શુચિ : પછી શું ? મેં રિંગ મારીને તરત તેં કાપી નાંખ્યો.

અનન્યા : પણ ત્યારે તો ભગવાને મોબાઈલ મારેલો ! એમની સાથે મેં વાત પણ કરી.

શુચિ : ઊંઘમાં જ કરી હશે, ભગવાને તને સપનામાં મોબાઈલ માર્યો હશે.

અનન્યા : સપનામાં ? ભગવાને સપનામાં વાતો કરી ? બધી બહુ ગડબડ થઈ. આ મોબાઈલની જ મોકાણ.

શુચિ : સારું તો હવે પથારીમાંથી ઊઠ. હાથ-મોં ધો ને વાંચવા બેસ. આ વરસે તારી બારમાની પરીક્ષા છે એ યાદ રાખ.

અનન્યા : વાત તો સાચી. ચાલો ત્યારે, ઊઠું પરવારું ને વાંચવા બેસું. બા...ય..

## ટિપ્પણ

**નવરાશ** - વધારાનો સમય, ફુરસદ **પ્રોત્સાહન** - આગળ વધવા માટે મહેનત કરવા માટેની પ્રેરણા **ડૉક્ટર ઑફ ફિલોસોફી** - કોઈ વિષયમાં માસ્ટર ડિગ્રી મેળવ્યા પછી કોઈ વિષય ઉપર સંશોધન કરીને, તે વિશે થિસિસ લખીને મેળવાતી પદવી **બોયા** - વાવ્યું **બબુલ** - બાવળ

## રૂઢિપ્રયોગ

**મોબાઈલ મારવો** - મોબાઈલ કરવો, મોબાઈલથી વાતચીત કરવી **જીદ સામે ઝૂકી જવું** - જીદ માની લેવી **વાત કાને નાખવી** - વાત જણાવવી **ખાડામાં પડવું** - જાતે નુકસાન થાય તેમ કરવું **ટકટક કરવી** - કચકચ કરવી **તાકાત લગાવી દેવી** - પૂરી શક્તિથી કામ કરવું **ફોન કટ કરવો** - ફોન બંધ કરવો **ફોન કાપી નાંખવો** - ફોન બંધ કરવો **રિંગ મારવી** - મોબાઈલ પર વાત કરવા માટે તેનો નંબર જોડવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. અનન્યા મોબાઈલની ઓફની લાલ સ્વિચ દબાવી મોબાઈલ કાને લગાડે છે એનું કારણ આપો. એ વખતે ખરેખર તેને કોણે મોબાઈલ માર્યો હતો ?
2. ભગવાન શા માટે ઊંઘતા જ નથી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

3. મમ્મી અનન્યાને મોબાઈલ લેવાની શા માટે ના પાડતી હતી ?
4. અનન્યાની જે બહેનપણીઓ ત્રણ-ચાર વરસથી મોબાઈલ વાપરે છે તેઓએ કયા ધોરણોથી મોબાઈલ વાપરવા શરૂ કર્યા હશે ?
5. મમ્મી અનન્યાને જ્યારે-ત્યારે ભણવાની વાત શા માટે કરે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. ભગવાને બતાવેલી 'માણસ'ની મુખ્ય બે તકલીફો કઈ કઈ છે ? એને કારણે માણસના જીવનમાં શી તકલીફ પડે છે ?
2. મોબાઈલના મુખ્ય ઉપયોગ કયા છે ? એના કયા પ્રકારના ઉપયોગ સામે ભગવાન ચેતવણી આપે છે ?
3. માણસે પોતાની યોગ્યતા અથવા લાયકાત શા માટે વધારવી જરૂરી છે ?
4. જીવનમાં શું બનવું છે તેનાં સપનાં જોવા કરતાં, શું કરવું છે તેનાં સપનાં જોવાથી શો લાભ થાય ?

**પ્રશ્ન 3. "માણસ જાગવા છતાં ઊંઘે છે" એવું તમારા કિસ્સામાં બન્યું હોય તેવો એક પ્રસંગ લખો.**

**પ્રશ્ન 4. "ધર્મ શું છે તે હું જાણું છું. પણ તેનો અમલ કરી શકતો નથી." એવું દુર્યોધને કહ્યું હતું તે વાત તેના જીવનના કોઈ એક પ્રસંગને વર્ણવીને સમજાવો.**

**પ્રશ્ન 5. એકાંકીમાં વપરાયેલા ગમે તે પાંચ રૂઢિપ્રયોગનો એકાંકીમાં ન હોય તેવાં વાક્યો જાતે બનાવીને તેમાં ઉપયોગ કરો.**

**આટલું કરો**

1. ભગવાન સપનામાં આવ્યા હોય તેવી કલ્પના જેમાં હોય તેવું કોઈ કાવ્ય કે વાર્તા મેળવીને વાંચો.
2. આ એકાંકી વર્ગમાં ભજવો.
3. તમારી કોઈ માગણી વિશે ભગવાનને સંબોધીને પત્ર લખો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 11. આપણી આશાઓનાં બીજ

રાજેન્દ્રસિંહ
જન્મ : ૬ ઑગસ્ટ, ૧૯૫૯
અનુવાદ : દીપક દોશી

રાજેન્દ્રસિંહનો જન્મ ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લાના ધૌલામાં થયો હતો. માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ભારતીય ઋષિકુળ આયુર્વેદિક મહાવિદ્યાલય બડૌત, બાગપતમાં શિક્ષણ મેળવ્યું હતું. શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ઈ.સ. ૧૯૮૦માં રાષ્ટ્રીય સ્વયં સેવકસંઘમાં નોકરી શરૂ કરી. રાજસ્થાનમાં તેઓએ (તરુણ) યુવા શિક્ષણની જવાબદારી સંભાળી હતી. તેઓએ વિશ્વમાં પાણીના પ્રશ્નો અને પાણીની કાળજી રાખવા અંગે સમજ આપી છે. ઈ.સ. ૧૯૭૫માં 'સ્ટોકહોમ વોટર' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઈ.સ. ૨૦૦૧માં રમન મેગસેસે એવોર્ડ પણ મળેલ હતો.

અંગ્રેજી નિબંધની અસર નીચે ગુજરાતીમાં પણ નિબંધ લખવા શરૂ થયા. કોઇ વિષય વિશે પોતાના વિચારો, અનુભવો, માહિતી, સંવેદનો, વગેરેને તેમના મહત્ત્વ અનુસાર વ્યવસ્થિત ક્રમમાં ગોઠવીને લખાતું લખાણ તે નિબંધ. અંગ્રેજીમાં essay નો અર્થ થાય પ્રયાસ અથવા પ્રયત્ન. નિબંધનો અર્થ થાય સારી રીતે ગોઠવાયેલું લખાણ. કોઈપણ વિષય વિશે નિબંધ લખી શકાય. એમાં તે વિષય વિશેની માહિતી, લખનારના વિચારો, અનુભવો વગેરે હોઈ શકે. એ વિષયનું વર્ણન ચિત્રાત્મક રીતે, પૃથક્કરણાત્મક રીતે, ભાવાત્મક રીતે, તુલનાત્મક રીતે એમ વિવિધ રૂપે હોઈ શકે. એમાં એકસૂત્રતા અને આંતરવિરોધનો અભાવ હોય અને મહત્ત્વની વાતોની ક્રમબદ્ધતા હોય તે અત્યંત જરૂરી ગણાય.

વિચારપ્રધાન અથવા માહિતીપ્રધાન નિબંધમાં વાંચનારને ઉપયોગી એવી પ્રમાણભૂત અથવા અનુભવ આધારિત માહિતી હોય છે. એ માહિતીને મુદ્દાસર એટલે કે તેનાં વિવિધ પાસાંને તેમના મહત્ત્વના ક્રમ અનુસાર ગોઠવી શકાય છે. તેમાં જાણકારી ઉપરાંત અભિપ્રાયો પણ હોય. વાચકને આવા નિબંધથી જ્ઞાનલાભ થાય અને તેની માહિતી અને વિચારશક્તિ વધે છે.

'આપણી આશાઓનાં બીજ' એ નિબંધને કોઈ આત્મકથાઅંશ કહી શકે. પરંતુ એમાંની માહિતી, અનુભવ ને અભિપ્રાયો નિબંધની રીતે રજૂ થયા છે. માત્ર રાજસ્થાનમાં જ નહીં, આપણા આખા દેશમાં અને વિશ્વભરમાં પેયજલ અને ઉપયોગી થઈ શકે એવા પાણીની અછત છે. ભૂગોળમાં આપણે ભણીએ છીએ કે આ પૃથ્વી ઉપર એક ભાગ જમીન અને ત્રણ ભાગ પાણી છે. એમાંનું મોટાભાગનું પાણી દરિયામાં છે અને ઉપયોગી નથી. પણ કુદરતે એ પાણીને વાદળામાં ફેરવીને દર વરસે આ પૃથ્વી ઉપર વરસાવવાની વ્યવસ્થા ગોઠવી છે. આ વ્યવસ્થા યુગોથી ચાલે છે પણ આપણે એ વ્યવસ્થા ખોરવાય એવું જીવન જીવીએ છીએ. જંગલો કાપીએ છીએ, નવાં વૃક્ષો જરૂર મુજબ ઊગાડતા નથી, કોલસા, પેટ્રોલ, ડીઝલ, લાકડાં વગેરે બાળીને વાતાવરણને બગાડીએ છીએ - ગરમ કરીએ છીએ. વરસાદ ઓછો થતો જાય છે અને આપણે પાણી વધુ વાપરીએ છીએ, કહોને કે વેડફીએ છીએ. 'આમદાની અઠન્ની, ખરચા રૂપૈયા' જેવો ઘાટ થયો છે.

આ વૈશ્વિક સમસ્યાના ઉકેલ માટે ઘણા માણસો મથે છે. આપણે પાણી પીએ છીએ પણ પાણીને જાણતા નથી. અનુપમ મિશ્ર નામના એક ગાંધીવાદી પર્યાવરણવિદે 'આજ ભી ખરે હૈં તાલાબ' નામનું સોએક પાનાનું પુસ્તક લખ્યું છે. ઈ.સ. ૧૯૯૩માં પ્રગટ થયેલા આ પુસ્તકમાં તેમણે લખ્યું છે કે અંગ્રેજો આવ્યા તે પહેલાં ભારતભરમાં અગિયાર લાખ કરતાં વધારે તળાવ હતાં. એકલા દિલ્હી શહેરમાં જ આઠસો ઉપરાંત તળાવ હતાં. શ્રી રાજેન્દ્રસિંહના આ નિબંધમાં તમને પાણીનું મૂલ્ય અને સાથે સ્વાવલંબનનું મૂલ્ય સમજાવાયું છે. સાચું ભણતર પદવીઓ મેળવવાથી મળતું નથી, સમજણ કેળવાય ત્યારે પ્રાપ્ત થાય છે એ વાત તમને આ નિબંધ સમજાવશે.

---

ઈ.સ. ૧૯૮૪માં ભારત સરકારની નોકરી છોડી હું રાજસ્થાન ગયો ત્યારે મારા મનમાં હતું કે હું જે ભણ્યો છું તેને ધરતી ઉપર ઉતારું. જેથી મારા ગામના લોકો ભણીગણીને સક્ષમ બને. પણ મેં જોયું કે ગામ તો ઉજ્જડ જેવાં થઈ ગયાં હતાં. પાણીની અછતને લીધે ખેતી નહોતી, પશુપાલન નહોતું. યુવાવર્ગ વ્યવસ્થા અર્થે બહાર જતો રહ્યો હતો. માત્ર થોડાં વૃદ્ધો, બાળકો અને સ્ત્રીઓ બચ્યાં હતાં. મેં બાળકોને શિક્ષણ અને વૃદ્ધોને દવા આપવાના કામથી શરૂઆત કરી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કામ શરૂ કર્યાના સાત મહિના થઈ ગયા હતા. એક દિવસ માનુકાકા આવ્યા. આમ તો તેઓ દરરોજ મારી પાસે આવતા, પણ આજે બહુ ગુસ્સામાં હતા. કહે : "રાજેન્દ્ર, તું દેખાય છે ખૂબ ડાહ્યો પણ નકામાં કામો કર છે." મને સમજાયું નહીં તેથી પૂછ્યું, "કાકા, કયું નકામું કામ કરું છું ?" ત્યારે તેમણે કહ્યું. "આ તારા શિક્ષણનું અને દવાનું. આ તો કમાણીનાં કામો છે. જેને બાળકોને ભણાવવાં છે તેઓ ભલે શહેરમાં જાય અને જેને જીવવું છે તેઓ નાણાં ચૂકવી દવા કરાવે. પણ આપણને પાણીનું કેટલું મોટું સંકટ છે ! કેટલે દૂરથી આપણે પાણી લાવવું પડે છે ! આવી પીડામાં જીવીને પણ શું શક્કરવાર !"

"કાકા, તો મારે શું કરવું ?" મેં પૂછ્યું.

"દર વર્ષે વાદળાં પાણી લઈને આવે છે અને એ પાણી પાછું આકાશમાં ઊડી જાય છે. તું એ પાણીને ધરતીમાં ઉતારી ધરતીનું પેટ પાણીથી ભર."

"પણ કાકા, એ કામ મને આવડતું નથી. કોઈ પણ શાળા ધરતીનું પેટ પાણીથી કઈ રીતે ભરવું તે શીખવતી નથી." "એ તને હું શીખવી દઈશ." માનુકાકાએ પ્રસન્નતાપૂર્વક કહ્યું. પરંતુ જે વ્યક્તિ પોતાને ભણેલગણેલ માને છે એના મનમાં વૃદ્ધવયસ્કો માટે ખાસ આદર નથી હોતો. મારા મનમાં પણ એવું જ હતું. તેથી મેં કહ્યું, "તું મને શીખવાડે એના કરતાં તું પોતે કેમ નથી કરતો." મારી આ વાત સાંભળીને એની આંખોમાં આંસુ ઊભરાયાં. "મારા કરવાથી આ ન થાય. ગામમાં હવે પ્રજાનાં સામુદાયિક કામો વિશે કોઈ વિચારતું જ નથી ! કોઈ સામુદાયિક કામ થતું જ નથી."

"તો મારા કહેવાથી શા માટે કરે ?"

"તારા કહેવાથી કામ થશે કારણ કે તું કોઈનો કોઈ સગો નથી. અને જે કોઈનો ન હોય તે બધાનો હોય !"

"કાકા, પણ હું એ કરી શકીશ ?"

"હા, તું એ જરૂર કરી શકીશ."

તમને સાચી વાત કરું ? મને ભણાવવા માનુકાકા પાસે માત્ર ત્રણ શબ્દ હતાઃ ધરતી, ધરતીનું પેટ અને પેટાળમાં પડેલા સળ એટલે કે પોલાણ. જો એ પેટાળના સળમાં પાણી સંઘરાઈ જાય તો ધરતીનું પેટ પાણીથી ભરાઈ જશે. મિત્રો, એમણે ત્રણ દિવસમાં મને ૨૫ સૂકા કૂવાઓમાં ઉતાર્યો. નીચે ઊતરીને એમણે બતાડ્યું કે જો અહીં પેટાળમાં સળ છે. અહીં પાણી સચવાઈ જાય તો સૂરજ પાણી ચોરી નહીં શકે.

તમે જાણો છો કે રાજસ્થાન જેવા મરુસ્થલમાં આમ પણ વરસાદ ઓછો આવે છે. ક્યારેક આવે તોય સૂરજ એવો તપે કે એની લાલઘૂમ આંખોથી તરત ઊડી જાય. તો આ કાકાએ મને ૨૫ કૂવાઓમાં ઉતારીને મારી પીએચ.ડી. પૂરી કરી દીધી. એમણે કહ્યું, જા, તારું ભણતર પૂરું થઈ ગયું. હવે પાણીનું કામ કર. પછી તો પાછલાં ૩૧ વર્ષમાં ત્યાંની સાત નદીઓ અમે સજીવન કરી. હું વાદળોનાં ટીપાં ધરતીના પેટમાં ઉતારતો ગયો, ધરતીનું પેટ ભરાતું ગયું એટલે નદીઓ વહેવા લાગી.

તમે જાણો જ છો કે આઝાદી પહેલાં આપણે ત્યાં દુકાળ પડતો એના કરતાં દસ ગણી વધુ જમીન આજે વેરાન બની છે. ત્યારે જેટલાં પૂર આવતાં હતાં એના કરતાં આઠ ગણી જમીન ઉપર પૂર વધુ આવે છે. અને છેલ્લાં બે વર્ષથી તો પહાડો ઉપર પણ પૂર આવવા માંડ્યાં છે. કારણ કે વર્તમાન શિક્ષણે આપણને શીખવ્યું છે કે આપણી અંદર જે મૂળ જ્ઞાન ભર્યું છે એને ભૂલી જાઓ. જ્યારે આપણે આપણા મૂળ જ્ઞાનને, તત્ત્વજ્ઞાનને ભૂલી જઈએ છીએ ત્યારે જીવનમાં વિકૃતિઓ પ્રવેશે છે. જે અંતતોગત્વા આપણને વિનાશના રસ્તે ઊભા કરી દે છે.

આવા વિપરીત સંજોગોમાં આપણી પાસે એવું કયું જ્ઞાન છે જે આપણને સાચે રસ્તે લઈ જઈ શકે ? બુનિયાદી તાલીમ જેવાં એક-બે નામ લઈ શકાય. આઝાદી મળ્યા બાદ એ પ્રયોગ રૂપે શરૂ થયેલી પદ્ધતિઓ છે. તેમ છતાં હું કોઈ પણ પદ્ધતિના નામ વગર એટલું કહી શકું કે હજી આજે પણ આ દેશમાં અને દુનિયામાં મોટી સંખ્યામાં એવા લોકો છે જે પોતાની જરૂરિયાત પૂરતું જ પ્રકૃતિ પાસેથી લે છે અને જેટલું પ્રકૃતિ પાસેથી લે છે એને સાદર પરત કરવાનો ભાવ એમના મનમાં હોય છે. એ સામુદાયિક સંપદા ઉપર અતિક્રમણ નથી કરતા, ન પોતાના અભ્યાસના ગુમાનમાં કોઈનું શોષણ કરે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પ્રકૃતિની વિટંબણાઓનું પ્રાકૃતિક રીતે નિરાકરણ થાય એ તરફની વૃત્તિ વધી રહી છે. હું હમણાં લંડન ગયો હતો. પ્રિન્સ ચાર્લ્સે બોલાવ્યો હતો. તમે સૂકી નદીઓને વહેતી કરી છે. અહીંની બધી નદીઓ સૂકાઈ રહી છે. પછી જ્યારે વરસાદ વરસે છે ત્યારે અચાનક પૂર આવી જાય છે. આને કઈ રીતે રોકવું ? મેં કહ્યું કે તમારા એન્જિનિયરોને બોલાવો અને કહો કે જ્યાં પાણી વરસે છે, એને ત્યાં જ રોકી રાખો જેથી પાણી જમીનની ભીતર ચાલ્યું જશે. પછી જ્યાં પૂર આવશે ત્યાં ધીમે ધીમે આવશે તેમ જ મર્યાદામાં આવશે અને અટકી જશે... પણ આ જ વાત હું બિહારમાં છેલ્લાં સાત વર્ષથી કહી રહ્યો છું છતાં આજ સુધી એક પણ જગ્યાએ જળસંચયન અને ભૂમિસંચયનનું માળખું નથી બન્યું !

હવે આપણે જો સાચા શિક્ષણની શરૂઆત કરવી હશે તો આપણે આપણી પ્રકૃતિ સાથે આપણી ખેતીનો સંબંધ સમજવો પડશે. કૃષિમાંથી વધુ ઉત્પાદન લેવાનો મોહ છોડી દઈએ. વધુ ઉત્પાદન માટે ખેતીને આપણે ઝેર પિવડાવીએ છીએ. ઝેર પિવડાવાને બદલે આપણે એને અમૃત પિવડાવીએ. આ અમૃત એટલે વાદળોમાંથી વરસતાં વર્ષાબિંદુ. આ ઉપરાંત હવે પછીની પેઢીમાં શ્રમનિષ્ઠા, ઉદ્યમ કરીને જ આહાર લેવાની ટેવ પાડવાનું શિક્ષણ આપો. ૨૧મી સદીમાં આપણી સામે સૌથી મોટો પડકાર છે શિક્ષણનું બજારીકરણ. આજે આવાં બજાર ખાનગી વિશ્વવિદ્યાલયો બની રહ્યાં છે. આવાં વિશ્વવિદ્યાલયોને અટકાવી ન શકાય તો ઓછામાં ઓછું એના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીએ. એ સંવાદ દ્વારા એમને પ્રકૃતિના જતન, જીવનનાં સંવર્ધન, શ્રમનિષ્ઠ જીવન તરફ લઈ જઈ શકીએ કે નહિ ? જો એમ નહિ થાય તો આ બજારો આપણું સર્વસ્વ ઓહિયાં કરી જવા તૈયાર બેઠાં છે.

હું મારો અનુભવ કહું. જ્યારે અમારી એક નદી અલવારી જીવતી થઈ તો સૌ પ્રથમ ત્યાં રાજસ્થાન સરકાર પહોંચી ગઈ. શા માટે ? પૈસા કમાવવા માટે. એ નદીની માછલીઓ માટે એમણે ઠેકા આપી દીધા. આ ઠેકેદાર જેવા નદીકિનારે પહોંચ્યા કે નદીની બંને તરફ લોકો એકઠા થઈ ગયા. એમણે પોતાની સમજશક્તિથી, ભણતરથી,મહેનતથી નદીને જીવતી કરી હતી. એમણે ઠેકેદારને કહ્યું કે આ નદી પણ અમારી છે, આ પાણી નહોતું ત્યારે સરકાર ક્યાં ગઈ'તી ? હવે જ્યારે નદીમાં પાણી આવ્યું તો સરકાર ક્યાંથી આવી ગઈ ? આ ઠેકાના પટા તમે સરકારને પાછા આપી દો. મિત્રો, એમણે સંગઠિત થઈ, જે ૧૮ પટા નદી માટે આપવામાં આવ્યા હતા એને રદ કરાવ્યા. આ પટા રદ કરવાની શક્તિ એમનામાં ક્યાંથી આવી ? કારણ કે આ કાર્યમાં એમનું પોતાનું યોગદાન હતું. જ્યારે તમે કંઈક સર્જો છો તો શક્તિ આપોઆપ આવે છે. રચનાત્મક કાર્ય દ્વારા શિક્ષણ અને શિક્ષણ દ્વારા રચનાત્મકતા એ બંનેનો ગાઢ સંબંધ છે.

પટા રદ કરાવ્યા બાદ પણ તેઓ જંપીને ન બેઠા. એમણે વિચાર્યું કે આજની આ ભણેલી-ગણેલી નવી પેઢીએ એ દિવસો જોયા નથી જ્યારે નદીમાં પાણી નહોતું. હવે પાણી આવી ગયું છે તો શેરડી વાવીશું. એને માટે આખી નદીના તટપ્રદેશનું એક સંઘટન બનાવવાનું વિચાર્યું. ઉદ્ગમથી લઈને ઠેઠ સંગમ સુધીના બંને તટનાં ગામોની એક સંસદ બનાવી. એનું નામ રાખ્યું. અલવારી સંસદ. આ સંસદ વર્ષમાં બે વાર ૬ દિવસ માટે મળે છે. એમાં પોતાના પરસ્પરના વિવાદો ઉકેલે છે. વિવાદ કેવા હોય ? જે જમીનમાં શેરડી રોપવાનું બંધ કરાવ્યું છે ત્યાં કોઈએ એકાદ વીઘા જમીન ઉપર શેરડી વાવી દીધી છે તો શું કરવું ? કારણ કે નદીમાં વધુ પાણી નથી. આ ગંગા-તટ પ્રદેશની સાત નદીઓ છે. ગંગા નથી. રાજસ્થાની જમીન ઉપર છે. અત્યાર સુધી સૂકી અને જળહીન. હવે થોડું પાણી આવ્યું છે. પણ આ જે નવા છોકરા છે તેઓ એમાંથી સપાટાભેર વધુમાં વધુ પાણી કાઢવાની પેરવીમાં છે. એમને ધીરજ જેવું કાંઈ નથી. જો કે આખરે આપણાં જ સંતાનો છે, એમને વધુ રોકીશું તો ગરબડ વધશે. સામે બળવો પોકારશે. એટલે પોતાનાં સંતાનોને યોગ્ય માર્ગદર્શન મળે તે માટે ભણાવવાની જુદી તરકીબ શોધવી પડશે. ખેડૂતોએ એમાંથી ઉપાય શોધી કાઢ્યો. એક વીઘામાં શેરડી રોપવાથી ઘણું પાણી વપરાય. એટલે ચાર વીઘાં ચણામાં ઓછું પાણી વપરાય. જો એક પાક વધુ પાણીવાળો કર્યો તો બીજો પાક ઓછાં પાણીવાળો લો.

દૂરંદષ્ટિના અભાવે જ પ્રકૃતિની સર્વ સમસ્યાઓ ઊભી થાય છે. આજે આપણે જોઈએ છીએ કે ભારતમાં એકેય નદી બચી નથી. બધી નદીઓ નાળાં બની ગઈ છે. શહેરની બધી ગંદકી સીધી નદીઓમાં ઠલવાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પહેલાં એવું નહોતું. નદીઓનું નિયોજન બરાબર હતું. બનારસમાં ત્રિકુંડી વ્યવસ્થા હતી. એમાં આગળના તળાવમાં ગંદું પાણી એકઠું થતું. એમાંથી નીતરીને એ બીજા તળાવમાં અને પછી ત્રીજા તળાવમાં પાણી આવતું. આમ શુદ્ધ થયેલું પાણી ગંગાજીમાં જતું હતું. પણ ૧૯૩૨માં અહીંના કમિશ્નર હોકિંગ્સે બ્રિટિશ સરકારના નિર્દેશાનુસાર આ વ્યવસ્થા બંધ કરી દીધી. એમણે ખૂબ ચાલાકીથી એક લાઈનનો ઓર્ડર બહાર પાડ્યો કે બનારસને સુંદર બનાવવા માટે નાળાનું પાણી સીધું ગંગાજીમાં છોડવામાં આવે. રાજઘાટના લોખંડના પુલ પાસે છોડવામાં આવતું નાળાનું પાણી આજે પણ જોઈ શકાય છે. માલવિયાજીને આ વાતની ખબર પડી ત્યારે તેઓ પોતાના કેટલાક અધ્યાપકો સાથે હોંકિગ્સને મળ્યા. હોકિંગ્સે કહ્યું કે તમે નક્કી કરી લો, તમારે ગંગા જોઈએ છે કે સુંદર બનારસ. અમારી સરકારે બનારસને સુંદર બનાવવા વીસ લાખ રૂપિયા મોકલાવ્યા છે. એ દિવસોમાં વીસ લાખ ખૂબ મોટી રકમ ગણાતી. આ સાંભળીને સાથેના અધ્યાપકોએ કહ્યું કે આટલા રૂપિયા આવ્યા છે એનો ઉપયોગ પહેલાં થાય તો સારું. પછી પાણી રોકવું હશે તો રોકી લઈશું ! માલવિયાજી સાથીઓની આ વાત સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. તો આ છે આધુનિક શિક્ષણ, જે વધુ લાંબું જોઈ શકતું નથી.

પણ જે ભારતીય સમજ છે, દૃષ્ટિ છે, એમાં જેની પાસેથી કંઈ લીધું હોય એના પ્રત્યે એક કૃતજ્ઞતાનો ભાવ હોય છે. આ આભાર-ભાવને લીધે જ માત્ર ભારતમાં નદીઓને, ધરતીને, ગાયને માતા કહે છે. કારણ કે એની પાસેથી આપણે સતત લીધા કર્યું છે. એમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ આપણા શિક્ષણનો મૂળમંત્ર છે.

મને શ્રદ્ધા છે કે હજી પણ અનેક આશાઓ આપણી આસપાસ છે. આપણા દેશની ધરતી મોજૂદ છે. આ આશાઓને એકસાથે ગૂંથીને ૨૧મી સદીમાં આપણને જે પ્રકારના શિક્ષણની આવશ્યકતા છે એ પ્રકારના શિક્ષણ માટે સક્રિય બનીએ. એને માટે સૌથી વધુ અગત્યનું છે કે પ્રકૃતિ સાથે આપણે સંવાદ શરૂ કરીએ. હવે આપણે આપણી ધરતી, નદી, ઝાડ-પાન, ગાય સાથે વાતચીત નથી કરતા. એની જરૂર છે. પોતાના સમાજ સાથે પણ સંવાદ સાધીએ. એમાંથી જ આપણી કેટલીક આશાઓનાં બીજ ઊગી નીકળશે. અને આ બીજ આપણને આગળ લઈ જશે. હું એવાં સેંકડો ઉદાહરણ તમારી સમક્ષ મૂકી શકું જેમાં લોકોએ પોતાની ધરતી સાથે, પ્રકૃતિ સાથે વાતચીત કરવાની શરૂઆત કરી. ત્યાં સ્વરાજ્ય કઈ રીતે આવ્યું, ત્યાં સ્વાવલંબન કઈ રીતે આવ્યું, ત્યાં સ્વદેશપ્રેમ કઈ રીતે જાગૃત થયો ? એમણે પોતાનાં જંગલ સાથે, જમીન સાથે, વરસાદ સાથે વાત કરી. વરસાદનાં ટીપાં સાચવીને જ્યાં સંઘરવાનાં હતાં ત્યાં સંઘર્યાં. જ્યારે અનિવાર્ય હતું ત્યારે એનો યોગ્ય માત્રામાં ઉપયોગ કર્યો. એ પણ પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે નહીં પણ સામૂહિક રીતે. ગ્રામસભાઓએ સાથે મળીને ખાતર-પાણી-બિયારણ પોતાના હાથે નિર્માણ કર્યું. એ પછી તો ન મને ડૉક્ટર માટે બહાર જવાની જરૂર પડી, ન બજારમાંથી સામાન લાવવાની. ગામમાં એને લીધે સ્વાવલંબન આવ્યું. આ જ બુનિયાદી શિક્ષણ છે.

•

## ટિપ્પણ

**ઉજ્જડ** - વેરાન **શક્કરવાર** - ફાયદો **સળ** - ગેડ **મરુસ્થલ** - મરુભૂમિ **પર્યાપ્ત** - પૂરતા પ્રમાણમાં **પ્રાકૃતિક** - કુદરતી, પ્રકૃતિમાંથી મળેલ **ઉપભોક્તા** - ઉપયોગ કરનાર **સંચય** - એકત્ર કરવું, સંગ્રહ **વિસ્થાપન** - સ્થાપના **વિકૃતિ** - વિકાર **અંતતોગત્વા** - છેલ્લે **અતિક્રમણ** - હુમલો કરવો, ઓળંગી જવું **વિટંબણા** - મુશ્કેલી, સંતાપ **ઉદ્યમ** - પરિશ્રમ, મહેનત **રચનાત્મક** - નવું રચવાનું હોય તેવું **ઉદ્ગમ** - શરૂઆત, ઉદ્ભવસ્થાન **સંગમ** - અંતિમસ્થાન. અહીં નદીના દરિયામાં ભળી જવાની જગ્યા **તરકીબ** - યુક્તિ, પ્રયાસ **દૂરંદેષ્ટિ** - ખૂબ આગળનું જોનારા **સ્તબ્ધ** - આશ્ચર્યચકિત થવું **કૃતજ્ઞતા** - કોઈનો ઉપકાર માનવાની વૃત્તિ **મોજૂદ** - હયાત, હાજર **સ્વાવલંબન** - સ્વાશ્રય, પોતાના પર આધાર રાખવો તે

## રૂઢિપ્રયોગ

**આંખમાં આંસુ ઊભરાવાં** - ખુબ દુઃખ થવું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખક રાજસ્થાન ગયા ત્યારે તેમના મનમાં શું હતું ?
2. પાણીની અછતને કારણે ગામની સ્થિતિ કેવી જણાઈ ?
3. એક દિવસ લેખકને માનુકાકાએ શું કહ્યું ?
4. લેખકને માનુકાકાએ કયું કામ સોંપ્યું ?
5. લેખકને ભણાવવા માટે માનુકાકા પાસે કયા ત્રણ શબ્દો હતા ?
6. આપણા જીવનમાં વિકૃતિઓ ક્યારે પ્રવેશે છે ?
7. સાચા શિક્ષણની શરૂઆત કરવા માટે કયો સંબંધ સમજવો પડશે ?
8. લેખકની દૃષ્ટિએ ૨૧મી સદીનો સૌથી મોટો પડકાર જણાવો.
9. ખેડૂતોએ પાણીની અછતના કારણે કયા પાકો લેવાની તરકીબ શોધી ?
10. કયાં કારણોસર આજે પ્રકૃતિની સર્વ સમસ્યાઓ ઊભી થાય છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર પાંચ-સાત વાક્યોમાં આપો.**

1. લેખકને પોતાના ગામમાં પાણીની તંગીને કારણે શું જોવા મળ્યું ? ત્યાં તેમણે શાની શરૂઆત કરી હતી ?
2. શિક્ષણ અને વૃદ્ધોને દવા આપવાના કાર્ય સાથે માનુકાકાએ લેખકને ગુસ્સામાં શું કહ્યું ?
3. રાજસ્થાનની મરુભૂમિમાં પાણી અંગેના લેખકને થયેલા પ્રત્યક્ષ અનુભવો જણાવો.
4. આઝાદી પહેલાં અને આઝાદી પછી આવેલાં પ્રાકૃતિક પરિવર્તનો જણાવી તેનાં કારણો ટૂંકમાં જણાવો.
5. લેખકની લંડનમાં પાણીના સંચયન અંગે પ્રિન્સ ચાર્લ્સ સાથેની ચર્ચા રજૂ કરો.
6. લેખકે પ્રકૃતિ સાથે આપણી ખેતીનો સંબંધ કેવી રીતે જોડવાની વાત કરી છે ? શા માટે ?
7. 'રચનાત્મક કાર્ય દ્વારા શિક્ષણ' અને 'શિક્ષણ દ્વારા રચનાત્મક કાર્ય' બંને વચ્ચેનો સંબંધ સમજાવો.
8. રાજસ્થાનના ખેડૂતોએ ઓછા પાણીના કારણે ખેતી ક્ષેત્રે શોધેલા ઉપાયો જણાવો.
9. દૂરંદષ્ટિના અભાવે પ્રકૃતિની સર્વ સમસ્યાઓ પેદા થાય છે - સમજાવો.
10. કયાં કારણોસર ભારતમાં લોકો નદીઓ અને ગાયને માતા કહે છે ?
11. 'આપણી આશાઓનાં બીજ' દ્વારા લેખક આપણને શું સંદેશો આપે છે ?

**પ્રશ્ન 3. સમાનાર્થી શબ્દો લખો.**

ઉજ્જડ, વ્યવસાય, સંકટ, સળ, નિરાકરણ, વિસ્થાપન, અચાનક, ઉદ્યમ

**પ્રશ્ન 4. વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

સજીવ, ખાનગી, રચનાત્મક, વ્યવસ્થા, આધુનિક, સ્વાવલંબી, નિર્માણ, પ્રાકૃતિક

**પ્રશ્ન 5. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

વિશ્વવીધાલય, એન્જીનીયર, પાકુતીક

**પ્રશ્ન 6. નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપો.**

આંખોમાં આંસુ ઊભરાવવાં, ઓહિયાં કરી જવું, ઠેકા આપવા

**પ્રશ્ન 7. સંધિ છોડો**

ઉજ્જડ, દુરુપયોગ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### આટલું કરો

1. 'જળ એ જીવન છે' પ્રાર્થના સંમેલનમાં રજૂ કરો.
2. આપણા જીવનમાં પાણીનું મહત્ત્વ સમજો અને અન્યને સમજાવો.
3. વરસાદનું પાણી, નદીઓના વહી જતાં પાણીને રોકવા અને તેના ઉપયોગ માટેના ઉપાયો વિચારો.
4. સ્વ.શ્રી અનુપમ મિશ્રનાં ૧. "આજ ભી ખરે હૈં તાલાબ" અને ૨. "રાજસ્થાન કી રજતબૂંદે" પુસ્તકો મેળવીને વાંચો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ લેખન એકમ : ૨

### નિબંધ

નિબંધ કેવી રીતે લખાય તે વિશે દસમા ધોરણમાં વિગતે શીખ્યાં હતાં. હવે બારમા ધોરણમાં થોડી વધારે ચોકસાઈ અને ઝીણવટ રાખો એ જરૂરી ગણાય. એ માટે નીચેનાં સૂચનો યાદ રાખો.

1. જે વિષય વિશે તમે વાંચ્યું હોય, માહિતગાર હો તેવો જ વિષય પસંદ કરો.
2. જે વિષય પસંદ કર્યો છે એમાં આવી શકે એવી તે વિષયની બધી મહત્ત્વની બાબતોની યાદી બનાવો. એ યાદી બે વાર વાંચો. એમાં રહી ગયેલી કોઈ મહત્ત્વની બાબત યાદ આવે તો ઉમેરો. કોઈ ઓછી મહત્ત્વની નોંધાઈ ગયેલી બાબત કાઢી નાખો.
3. જે મહત્ત્વની બાબતોની યાદી તમારી પાસે છે તે તમે પસંદ કરેલા નિબંધના મુદ્દાઓ બનશે. એ મુદ્દાઓને તર્કપૂણ ક્રમમાં ગોઠવો. એ ક્રમ તર્કપૂર્ણ શા માટે છે તે વિશે બે મિનિટ વિચારો. તેમાં ફેરફાર કરી શકો.
4. તમે પસંદ કરેલા દરેક મુદ્દાના સમર્થન માટે અથવા પુષ્ટિ માટે કોઈ કાવ્યપંક્તિ કે જાણીતા લેખકનું વાક્ય યાદ આવે તો નોંધો. દરેક મુદ્દા માટે એક વાક્ય કે કાવ્યપંક્તિ નોંધી શકાય તો ઉત્તમ.
5. પસંદ કરેલા, નક્કી થયેલા મુદ્દાઓ સિવાય બીજું કશુંય તમારા લખાણમાં ન પ્રવેશે તેની કાળજી રાખો નહીં તો વિષયની બહાર જવાનો, વિષયાંતરનો ખતરો રહેશે.
6. બધા મુદ્દાઓને બને તેટલા ટૂંકાણમાં, ટૂંકાં-સરળ વાક્યોમાં રજૂ કરો.
7. તમે ન જાણતા હો પણ ક્યાંક સાંભળ્યા હોય અને તમને ગમી ગયા હોય તેવા શબ્દો વાપરવાથી દૂર રહો. અટપટા કે અઘરા શબ્દો ન વાપરો.
8. ખંડનાત્મક અથવા ટીકાત્મક લખાણથી દૂર રહો. પરસ્પર વિરોધી લાગે તેવા વિચારો લખાણમાં ન આવી જાય તેની કાળજી રાખો.
9. દરેક મુદ્દાને અલગ પેરેગ્રાફમાં રજૂ કરો. મુદ્દાઓની અને વિચારોની ભેળસેળ ન થઈ જાય તેની કાળજી રાખો.

આટલું ધ્યાનમાં રાખીને તમે ચિંતનાત્મક, વિચારપ્રધાન, માહિતીપ્રધાન, ઘટનાપ્રધાન (પ્રવાસ નિબંધ જેવા) કે આત્મકથનાત્મક નિબંધ લખો. જુદા જુદા વિષયો ઉપર જાતે નિબંધ લખવા, તે જ વિષય ઉપર મિત્રોએ લખેલા નિબંધો સાથે તેને સરખાવવા, એ સરખામણીને આધારે પોતાની વિશેષતાઓ અને મર્યાદાઓ સમજવી, પોતાની વિશેષતાઓ વધુ અને વધુ કેળવવી અને મર્યાદાઓ દૂર કરવી - એ સારા નિબંધ લખતા થવા માટે અત્યંત જરૂરી છે. આ માટે તમારા પ્રશ્નપત્રમાં ૧૦(દસ) ગુણ ફાળવવામાં આવ્યા છે. તેથી પણ આનું મહત્ત્વ તમને સમજાશે.

## લેખન એકમ : ૩

### વિચારવિસ્તાર

સામાન્ય રીતે કોઈ એક સારગર્ભ, ચિંતનગર્ભ, અર્થગર્ભ એવી કાવ્યપંક્તિ કે ગદ્યપંક્તિ આપવામાં આવે છે અને તેમાંના વિચારને વિસ્તારીને રજૂ કરવાનો હોય છે.

સૌથી પહેલાં તો એ પંક્તિ અથવા લીટીનો અર્થ બરાબર સમજી લેવો જોઈએ. એમાંથી જે સાદોસીધો અર્થ સમજાતો હોય તે તમારા શબ્દોમાં લખવાનો પ્રયત્ન કરવો. એ સાદાસીધા અર્થ દ્વારા જીવનની કોઈ મોટી વાત, જીવનનું કોઈ અગત્યનું રહસ્ય સૂચવવાનો એ પંક્તિમાં આશય હોય છે. એ સીધાસાદા અર્થ પાછળ શેનું સૂચન છે તેનું વિવરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આ સૂચનાની સાથે સુસંગત તેવાં દૃષ્ટાંતો અથવા ઉદહારણો તમને યાદ આવે તે એની પુષ્ટિરૂપે તમારે રજૂ કરવાં જોઈએ. એ ઉદાહરણો અને દાખલા, દલીલો એકપછી એક ક્રમમાં રજૂ થાય, પંક્તિમાંથી સૂચવાતા વિચારને ક્રમશઃ વધુ સ્પષ્ટ કરતાં હોય તે રીતે રજૂ થાય તો એ વધારે અસરકારક બની શકે.

આ રજૂઆત માટે તમે જે ભાષાનો ઉપયોગ કરવાનાં હોય તે વિશે પણ તમારે સભાન રહેવું જોઈએ. લખવાની શરૂઆત કરો તે પહેલાં આપેલી પંક્તિમાંનો ઉપરછલ્લો દેખાતો સીધોસાદો અર્થ અને એ દ્વારા થતું સૂચન મુદ્દારૂપે લખો. એ મુદ્દાને તમારે વિસ્તારવાનો છે તો તે માટે કરી શકાય તેવી દલીલો અને વર્ણનોના



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મુદ્દાઓની નોંધ કરો. એ મુદ્દાઓની પુષ્ટિ માટે તમે જે ઉદાહરણો કે દૃષ્ટાંતો આપવાના છો તેની નોંધ કરો અને છેલ્લે તમે આ બધું જે ભાષાસામગ્રીની મદદથી રજૂ કરવા ધારો છો તે શબ્દો, સમાસો, રૂઢિપ્રયોગો, કહેવતોની પણ નોંધ કરો.

આ નોંધ, જેને તમારા લેખન માટેની કાચી સામગ્રી કહી શકાય તેને તૈયાર થઈ ગયા પછી જ લખવાની શરૂઆત કરો.

•

સમગ્ર માનવજાતના અનુભવના સારરૂપે કહેવત આવતી હોય છે. ઘણીવાર તો કોઈ એવી ચોટદાર કાવ્યપંક્તિ પણ કહેવતનું રૂપ લઈ લે. કહેવતમાં રજૂ થયેલો વિચાર જ્યારે વિસ્તારવાનો હોય ત્યારે એ વિચાર કયા અનુભવમાંથી આવ્યો તે પણ બતાવી શકો તો ઉત્તમ. એ કહેવત સાથે જોડાયેલી બીજી કહેવત પણ નોંધી શકો તો વધુ ઉત્તમ. અહીં એક નમૂનો લઈએ.

**મા તે મા**

'અનન્ય' અલંકારનું આ ઉત્તમ દૃષ્ટાંત છે. મા માટે બીજું કયું ઉપમાન આપી શકાય ? માની સરખામણી બીજી કઈ વસ્તુ સાથે થઈ શકે ?

જો કે કવિ બોટાદકરે, 'મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ, એથી મીઠી તે મોરી માત રે.' એમ વ્યતિરેક અલંકાર વાપરીને ઉપમાન (જેની સરખામણી કરી છે) મધુ અને મેહુલા કરતાં પણ મા વધુ મીઠી હોવાની વાત કરી છે. મધ કરતાં મીઠું કંઈ હોય ? કવિએ માને-માની વહાલપને મધ કરતાં પણ મીઠી કહી છે.

પણ આ કરતાંય જ્યારે 'મા તે મા' એમ કહેવાય ત્યારે માનું સ્થાન આ જગતમાં કોઈથી કે કશાથી લઈ શકાય નહીં એમ સૂચવાય છે. બાળક પણ બોલતાં શીખે ત્યારે પહેલો શબ્દ કયો બોલે છે ? 'બાળક બોલે અક્ષર પહલો, બા, બા, બા' જગતની બધી ભાષાઓ બોલતાં બાળકો માની ઓળખ માટે સૌ પ્રથમ સરળ હોય તેવો શબ્દ બોલે છે. એક કવિએ લખ્યું છે કે, 'દુનિયાની દરેક ભાષામાં એક શબ્દ એવો છે કે, 'ઈશ્વરને સૃષ્ટિ સર્જવાનું મન થયું અને એણે પહેલવહેલી સરજી મા.' મા તો ઈશ્વરનું પ્રતિનિધિત્વ કરે છે કારણ કે આ અદ્ભુત સૃષ્ટિના સર્જનનું તે નિમિત્ત બને છે. માની મમતા જેવી મમતા, એના જેવી હૂંફ, એના જેવું વાત્સલ્ય અને સમર્પણ આ જગતમાં અન્યત્ર ક્યાં મળી શકે ? માંદું બાળક પડે ને દૂબળી મા થાય ! પીડા બાળકને થાય અને આંખમાં આંસુ આવે માની. એટલે તો ગુજરાતી ભાષામાં બા અને બાપા શબ્દો વપરાય છે. બા કરતાં જે પા ભાગનો, એક ચતુર્થાંશ ભાગનો પ્રેમ કરી શકે, કાળજી અને ચીવટ રાખી શકે, ચિંતા અને ચિંતન કરી શકે, ઉછેરમાં સહભાગી થઈ શકે તે બાપા. માટે જ 'મા તે મા.'

હવે બે કાવ્યપંક્તિનાં ઉદાહરણ લઈએ.

•

**ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું મસ્તક હાથ :**

ઈશ્વરે બીજાં પ્રાણીઓને જે ત્રણ વસ્તુ નથી આપી તે માણસને આપી છે. હૈયું આપ્યું છે જેથી એ સુખ-દુઃખ, આનંદ-શોક અને સમસંવેદન અનુભવી શકે. મસ્તક આપ્યું જેનાથી તે વિચારી શકે. આયોજન કરી શકે, સારું નરસું સમજી શકે. હાથ આપ્યા જેનાથી તે અનેક કામો કરી શકે. આ ત્રણ અંગોની મદદથી તેણે સમાજને વિકસાવ્યો, પ્રગતિ કરી. હૈયું હોવાને કારણે તે બીજાનાં દુઃખસુખ પણ સમજી શકે છે અને તેથી અનેક કલાઓને જન્મ આપી શકે છે. સંગીત, સાહિત્ય, નૃત્ય, શિલ્પ, સ્થાપત્ય જેવી કલાઓ તેના હૈયામાં ધબકતી સર્જકતાની સાક્ષી પૂરે છે. તો મસ્તકમાં આવેલા મગજથી તેણે વિજ્ઞાનને અને યંત્રવિદ્યાને વિકસાવી. ભૌતિક અને આર્થિક વિકાસ જ નહીં પણ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વિકાસ પણ મગજની નિપજ છે. મગજને કારણે જ તે જ્ઞાનવાન બન્યો. અને હાથે તો કમાલ કરી. કલા અને વિજ્ઞાનની મદદથી જે કંઈ માનવે સર્જ્યું તે હાથની જ કમાલ છે.

ટોલ્સટોયની એક વાર્તા જાણીતી છે. એક ગરીબ માણસે તેને કહ્યું, 'હું ખૂબ ગરીબ છું. મારી પાસે કંઈ નથી' ટોલ્સટોય કહ્યું, 'હું એક વેપારીને ઓળખું છું. તે તારા બે હાથ પચીસ હજારમાં ખરીદી લેશે.' પેલા ગરીબને તરત ભાન થયું કે આ હાથ પચીસ હજાર તો શું, પચીસ લાખ પેદા કરવા માટે સમર્થ છે. એટલે કવિ કહે છે કે ઈશ્વરે ત્રણ વાનાં આપીને મારા પર બહુ મોટો ઉપકાર કર્યો છે. હવે એ વરદાન માગવાનું કહે તો પણ આ ત્રણ કરતાં તો વધુ હું શું મેળવી શકવાનો છું ? એટલે જ સંતોષપૂર્વક કહે છે કે 'બહુ દઈ દીધું નાથ !' જા ચોથું નથી માગવું.

•

**બાથ ભરી ભેટ્યા થકી કરીએ નહિ વિશ્વાસ**

મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા પછીનો પ્રસંગ છે. બધા કૌરવો મૃત્યુ પામ્યા હતા. પાંડવો જીવતા હતા. તેઓ પોતાના કાકા ધૃતરાષ્ટ્રને પગે લાગવા ગયા. ધૃતરાષ્ટ્રને પોતાના સોએ પુત્રોનો વધ થયો હતો તેથી ઘણું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

દુઃખ હતું. એ ઉપરાંત ભીમે ગદાયુદ્ધમાં દુર્યોધનને નિયમવિરુદ્ધ સાથળ ઉપર ગદા મારીને હણ્યો હતો તે માટે ભયંકર ગુસ્સો પણ હતો. પાંડવો પગે લાગ્યા પછી અંધ ધૃતરાષ્ટ્રએ પૂછ્યું. 'ભીમ ક્યો છે ? મારે એને ભેટવું છે. 'કૃષ્ણએ સમયસૂચકતા વાપરી ભીમને બદલે ભીમનું પૂતળું ધૃતરાષ્ટ્રની સામે મૂક્યું. ધૃતરાષ્ટ્ર એને એટલું બળ કરીને ભેટ્યા કે લોખંડના પૂતળાના ચૂરેચૂરા થઈ ગયા અને ધૃતરાષ્ટ્ર મૂર્છિત થઈ ગયા.

આવો જ બીજો પ્રસંગ શિવાજી અને અફઝલખાનનો છે. એ લોકો ભેટ્યા અને પોતાની આંગળીઓ પર પહેરેલા વાઘનખથી શિવાજીએ તેની પીઠ ચીરી નાખીને તેને યમસદન પહોંચાડ્યો.

આ બંને પ્રસંગો સૂચવે છે કે કોઈ બાથ ભરીને ભેટે તો તેનો વિશ્વાસ ન કરવો. આપણા મૃત્યુનું કારણ પણ થઈ શકે. પ્રેમ માત્ર દેખાડો જ હોય. અહીં કવિએ સૂડીનું ઉદાહરણ આપ્યું છે. સૂડી પોતાના બે હાથ પહોળા કરી, ફોકળ એટલે કે સોપારીને બાથમાં લે છે અને બીજી મિનિટે તેના બે કકડા કરી નાખે છે. દુશ્મનો પણ ધૃતરાષ્ટ્ર, શિવાજી કે સૂડીની જેમ જ પ્રેમનો દેખાડો કરીને આપણને ભ્રમમાં રાખીને આપણો વિનાશ કરી શકે એમ કવિએ અહીં સૂચવ્યું છે.

ઉપરના વિચારવિસ્તાર ફરી ફરીને વાંચો. કઈ રીતે મૂળ વિચારના મુદ્દાઓનો વિસ્તાર કર્યો છે તે બરાબર સમજો. કઈ રીતે ભાષાસામગ્રીનો ઉપયોગ કરીને પોતે વિસ્તારેલા મુદ્દાઓ નિરૂપ્યા છે તેનું મનન કરો અને પછી તમારી મેળે આ જ પદ્ધતિએ નીચેના જેવી થોડી પદ્ય પંક્તિઓ અને ગદ્ય પંક્તિઓનો વિચાર વિસ્તાર કરો :

(૧) સુખ સમયમાં છકી નવ જવું દુઃખમાં ન હિંમત હારવી.

(૨) સત્ય એ જ પરમેશ્વર છે.

(૩) તારી હાક સૂણી કોઈ ના'વે તો તું એકલો જાને રે.

(૪) સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.

(૫) જીવવા નહિ તો મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું દે !

(૬) તને નમું, પથ્થરને ય હું નમું, શ્રદ્ધા તણું આસન જ્યાં નમું ત્યહીં.

•



Downloaded from https:// www.studiestoday.com